# પ્રવચન પરિક્કમ્મા

## ભાગ - ૨



મુનિ દેવરત્નસાગર



વેરશી બાપા

# 25 મી સાલગિરિ...
# જિનાલય નિર્માણની યાદગિરિ



પ્રસંગની શોભા 'વિશ્વ'માં ગવાશે.

'અનંત ગુણો'ની છાબ ભરાશે.

વીર-ગૌતમના માર્ગની શાન વધશે.

'ગુણ'સામ્રાજ્યનું ઉદ્યાન સર્જાશે.





ભાણબાઇ માં

સંઘમાતા ભાણબાઇ

ધન્ય છે માતુ શ્રી ભાણબાઇ માતાને ધન્ય જીવન બનાવ્યુ અને શણગાર્યુ.

જીવનની શતાબ્દિના શરણાઇના વાંજિત્રનાદે નમિનાથ દેવ પ્રાસાદની ૨૫મી સાલગિરિ ચમકાવી દીધી, તમારી ઉદારતાને લાખ લાખ નમન.

કચ્છ કંઠી, અબડાસા, માકપટ તમામ ગામોને જાતે કંકોત્રી સમર્પિત કરી મિઠાઇ બોકસનું વિતરણ કરી બધાને ખારૂઆ સુધી સાધનોની ગોઠવણ કરી ભાવોમાં પૂર ઉમટતા આખા વાગડ પંથકના તમામ સંઘોને નિમંત્રણ આપી સમગ્ર કચ્છનું સજજનશાળી સ્વામિવાત્સલ્ય દીપાવ્યું છે.

તમારા પરિવાર તરફથી આ પ્રવચન-પરિકમ્માના ભાગ-૧,૨ પ્રકાશિત થઇ રહ્યા છે.

વંદન આપને...
વંદન આપના સુકૃતોને..
વંદન આપના પરિવારને...

।। શ્રી ખારૂઆમંડણ નમિનાથાય નમઃ ।।
।। ગિરનાર કચ્છી ભવનના રાજાધિરાજ મુનિસુવ્રત સ્વામિ ને નમઃ ।।
।। શ્રી કોટ મંડણ શ્રી શાંતિનાથાય નમઃ।।

# પ્રવચન પરિક્રમ્મા

## ભાગ-૨

આલેખન : સંકલન
જૈન શાસનના જવાહીર, સાહિત્યસર્જક
અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી
મહારાજાના શિષ્ય
આગમાભ્યાસી પૂ. ગણિશ્રી મહોદયસાગરજી મ.ના શિષ્ય
મુનિ દેવરત્નસાગર

૧૦૦

શ્રુતજ્ઞાન પ્રસારણ નિધિ ટ્રસ્ટ
C/o C. A. તલક ગાલા,
૩૦૧/ લક્ષ્મી નિવાસ કો.ઓ.સો. લી.
પ્રભાત કોલોની, રોડ નં.-૬,
સાંતાક્રુઝ (ઈસ્ટ) મુંબઇ - ૪૦૦૦૫૫.
ફોન : ૯૮૬૭૦૬૩૦૯૯
મૂલ્ય ૫૦/-રૂા.

# ગુરુ વંદના

- એમનું સ્મરણ અમારું પ્રાથમિક માંગલિક છે. એમની દિવ્યકૃપા એ અમારું આશ્વાસન છે. અમારું મસ્તક એમના ઉપકારના ઋણથી નમી ગયું છે. એમનું પીઠબળ એ અમારી શક્તિ બન્યું છે એવા

**કચ્છી હૃદયસમ્રાટ, અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી.**
**ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા**

- ગુરુ પરંપરામાં પ્રાપ્ત થયેલા ગચ્છાધિપતિ પદને શોભાવે છે. સળંગ ૪૬/૪૬ વર્ષથી અખંડપણે વરસીતપ આરાધી રહ્યા છે એવા

**તપસ્વી સમ્રાટ, અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી**
**ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા**

- સમય પ્રદાન કરવામાં જેઓએ હંમેશાં સમયનું દાન કર્યું છે. જેમના માર્ગદર્શનને સદૈવ આત્મીયતાનો અનુભવ કરાવ્યો છે એવા

**સંઘવત્સલ, પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ**

- અધ્યાત્મગગનના તલસ્પર્શી પંખી, સહજ આનંદની અગોચર દિશામાં સતત ગતિશીલ છે. અંતમુખતા તરફનો લક્ષ છે એવા

**આગમાભ્યાસી ગુરુદેવ ગણિશ્રી મહોદયસાગરજી મ.**

- મારા ગુરુબાંધવ મુનિશ્રી **ધર્મરત્નસાગરજી મ.**, મુનિશ્રી **અભ્યુદયસાગરજી મ.**, મુનિશ્રી **પરમાનંદસાગરજી મ.** એમની કરુણા કેમ ભુલાય?
- જેમના સંગાથે અદ્‌ભૂત સફળતાનું પગેરું મળ્યું છે
એવા વિનિત શિષ્યો
**મુનિશ્રી તીર્થરત્નસાગરજી મ.**
**મુનિશ્રી દેવરક્ષિતસાગરજી મ.**
**મુનિશ્રી તત્વરક્ષિતસાગરજી મ.**
**મુનિશ્રી મેઘરક્ષિતસાગરજી મ.**
**મુનિશ્રી ચૈત્યરક્ષિતસાગરજી મ. નૂતન મુનિશ્રી...**
સહુના ઉપકારોમાંથી ઋણમુક્ત થવા યત્કિંચિત પણ બળ મળે એ ભાવના.

ગુરુ 'ગુણ' ચરણરજ
**–મુનિ દેવરત્નસાગર**

# વંદો પાઠક-યશોવિજયજી મહારાજા

તીર્થંકરોની વાણી આગમોમાં પથરાયેલી છે. સાધનાના ક્રમિક ગુણસંપદાથી વણાયેલ જ્ઞાનસારા ભલે આગમગ્રંથ સર્જાયેલ નવનીત છે. દીવાળીના શુભ દિને અનેક રહસ્યો સહિત હિતવચનોનો પરમાર્થ દર્શાવતા આ ગ્રંથું લેખન પૂર્ણ થયું. ૩૫૦ વર્ષ પૂર્વે આ સર્જાયુ. ઉપાધ્યાયજી મહારાજની અમર કૃતિ છે. જગતગુરુ હીરસૂરીશ્વરજી મહારાજના વિશાળ શ્રમણવૃંદમાં જ્ઞાન શિરોમણી સ્વરૂપે ઝગમગતા સિતારા હતા. ભલું થજો જિનશાસનનું કે જેમાં આવા મહાત્મા મળ્યા. જીવનકાળ દરમ્યાન ૩૫૦થી સંસ્કૃત-પ્રાકૃત, માલવી અને ગુર્જર ભાષાના ગ્રંથો લખ્યા, પ્રભુ પ્રીતિ પણ અનેરી સ્તવન ચોવિશી, ઢાળિયા, સમકિત બોલની સજ્ઝાયો-સીમંધર સ્વામીની આરઝૂમાં ભક્ત હૃદયની સંવેદના નિખરે છે.

માતા શારદાએ ગંગાના કાંઠે દર્શન આપી વરદાન દીધા. કાશીના પંડિતોએ 'ન્યાયવિશારદ'થી નવાજ્યા એવા યશોવિજયજીએ સાર શબ્દ પાછળ લાગે તેવા ગ્રંથો દા.ત. જ્ઞાનસાર, અધ્યાત્મસાર. રહસ્ય શબ્દ પાછળ લાગે તેવા કંઇક ગ્રંથો સર્જન કર્યા છે. દા.ત. ઉપદેશ રહસ્ય, પ્રમાણ રહસ્ય, ભાષા રહસ્ય. પરીક્ષા અથવા પ્રદીપ પાછળ લાગે તેવા ગ્રંથો... શતક શબ્દ લાગે તેવા ગ્રંથો....

શ્લોકોની સંખ્યા ઉપરના ગ્રંથોનું સર્જન કરી જિનશાસનના શ્રુતવૈભવને લીલુંછમ બનાવી ગયા. એમના પછી અદ્ભુત શાસ્ત્રજ્ઞાન ધરાવનારા કોઇ થયા નથી. હાલમાં ક્યાંક દીવા ટમટમે છે.

આ જ્ઞાનસારમાં ૩૨ અષ્ટકો છે. ભારતભરમાં શ્રમણો દ્વારા ચાતુર્માસિક પ્રવચનો જે માં આ ગ્રંથને પસંદગીનું પાત્ર બનાવે છે. ચિંતન-મનનપૂર્વકનું વાંચન સાધના કાજે પ્રબળ પ્રેરણા આપશે. જીવનની વિશુદ્ધિ કાજે કેટલાક ચૂંટેલા શ્લોકો પણ લાભકારી થાય એમ છે.

શ્રમણો માટે તો આ ચિત્રાવેલી છે. સ્વાદિષ્ટ ખાન-પાન ચિત્તાકર્ષક વસ્ત્ર પાત્ર ઉપકરણ મનોરંજનવાળા મકાન, ભક્તગણ આકર્ષણમાં લપાઇ ન જાય તેમ માતાની જેમ મીઠી શિખામણ આ ગ્રંથ દ્વારા મળે છે.

ગુસ્સો, માન-સન્માનની ભૂખ, હાસ્ય, કુતુહલવૃત્તિ, વસ્ત્રાદિની ટાપટીપ નિંદા વિકથાના દોષો, પુદ્ગલા જગતના સાધનોમાં ફસાયેલા આત્માનું સફળ ઓપરેશન કરે છે.

ડભોઇ નગરે લોઢણ પાર્શ્વનાથના ચરણમાં આ શ્રુતમૂર્તિએ વિદાય લીધી.

ગ્રંથ અને ગ્રંથકારને ત્રિવિધે વંદન.

# પરમ શ્રદ્ધેય ગુણસાગરસૂરિરાજનું જીવનદર્શન

વિ.સ. ૧૯૯૯ મહા સુદ-૨ના દિવસે અચલગચ્છાધિરાજ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજાની જીવન કુંડળીના ગ્રહોએ બાર ખાનાઓમાં એવી પક્કડ જમાવી હતી કે આજે ૧૦૦-૧૦૦ વર્ષ પછીય એ યુગપુરૂષનો પ્રભાવ હજી વધતો જ હોય એવો અનુભવ થાય છે. દિવંગત થયા પછી વરસો વીતે તેમ યાદ ધૂંધળી થતી હોય છે. વર્ચસ્વ ભૂંસાતું હોય છે. કાળનો, ભસ્મગ્રહ તો પરચો બતાવે જ છે. આ પુણ્ય પુરૂષની યાદ અને એમનું વર્ચસ્વ તો કાળને પછાડી રહ્યું છે. વરસો જેમ વીતે છે તેમ પ્રભાવ ઘેરો બને છે. આ પુરુષને વિદાય થવાને ૨૭ વર્ષ વીત્યા. ગુરુ વિરહના દિવસોમાં ગુરુનું કરુણામૃત વરસતું રહ્યું છે. એમની મહત્તા, આજેય ગવાતી રહી છે. આ મહા પુરુષે ખોટ સાલવા દીધી નથી. જેમણે દિલથી યાદ કર્યા હોય તેમને જીવંત અનુભવવા મળી છે. એક વિચારકના શબ્દો યાદ આવી જાય છે 'મહાપુરુષો જીવતા હોય છે ત્યારે એમને મળવાનો સમય અનંત બની જાય છે. જીવંતથી છૂટા પડી શકાય પણ દિવંગતથી છૂટા નથી પડાતું. એમના સ્મરણનો સહવાસ સદાનો સાથી બનીને આપણાં એકાંતને ઉજમાળ બનાવ્યા કરે છે.

ઘણીવાર કટોકટી આવી છે. મારગ સૂઝયો નથી આ પરમ પુરુષને યાદ કરી આંખો મીંચી રાખી છે. પ્રાર્થનાના ભાવથી, આરઝૂની અરજથી અંતર ભરી દીધું તે સાથે જ કટોકટીનો સામનો કરવાનું માર્ગદર્શન મળ્યું છે. પીછેહઠ કરવી પડી નથી. ખાલીપો લાગે ત્યારે એમના જ શબ્દોનું અર્થઘટન કાનમાં ગુંજ્યા કરે છે. જાતની નબળાઇઓએ માથું ઉંચક્યું છે ત્યારે આજ મહાપુરુષે આપેલા સંસ્કારો કામે લાગ્યા છે. સમગ્ર કચ્છ અને ગચ્છના ગગનમાં ધર્મલાભ ગૂંજી રહ્યો છે. એ મહાપુરુષનો પુરુષાર્થ છે. આવાસ યોજનાની ઇંટ કહો કે ઇમારત કહો એ આ મહાપુરુષની દૂરંદેશી હતી. આજે સચ્ચાઇનો છાંયડો જાળવી શકવામાં આ યુગપુરુષની કૃપા-કરુણા જ સધિયારો દઇ રહ્યું છે. આજે એ સહકાર એમની યાદમાંથી મળી રહ્યો છે. આ મહાપુરુષના ખોળે જીવનભર રહેવાનું હતું. આજે તો માત્ર યાદનો આનંદ લઇ શકાય છે. એમને તો ભવોભવના સાથીદાર બનાવી દેવા છે. પ્રારંભના પાંચ વરસ એમના સહવાસમાં શ્વાસ લીધા. આજે ૨૭ વરસથી માત્ર યાદથી

તરબોળ બનવાનું ચાલુ છે. એમની સરળતા, સાદગી પ્રિયતા, નિખાલસતા, નિર્મળતા એક એક દશ્યો આજે દેખાય છે. પ્રચંડ પુરુષાર્થનો જીવનમંત્ર આજે સમજાય છે.

એ મહાપુરુષનો પ્રત્યક્ષ સંગ કરનારા આ ધરાતલ પર હજી ૩૦/૩૫ વર્ષ સુધી મળી આવશે. એમનું પ્રત્યક્ષ સાનિધ્ય માણનારાઓ હવે આગામી સો વર્ષમાં કોઇ નહિ બચે. બચશે માત્ર એમના દ્વારા સર્જન થયેલા સુકૃતો. ૨૦૦ ગ્રંથોના સર્જન હોય કે ૭૨ જિનાલય જેવા વિરાટ તીર્થો હોય, ૨૫૦ થી અધિક શ્રમણ-શ્રમણીના મુખે 'અમે ગુણસાગરસૂરિના સમુદાયના...' એ હૃદયગુંજનથી જીવંત રહેશે. એમના નામને, પ્રભાવને વધુ પ્રાણવાન બનાવવાનો પ્રામાણિક પરિશ્રમ કરવા જેવો છે.

જિંદગી તો દાયકે દાયકે આગળ વધવાની છે. એક દિવસ અમારા એ દાયકાઓ પૂરા થઇ જવાના છે. એમના જેવી સાધનાનું સત્વ નથી. એવી આરાધનાનું બળ પણ નથી. એમના જેવી સમજ અને ગીતાર્થતા નથી. ગંભીરતાનું અંશ પણ ડોકાતો નથી. ભાવનાઓમાં ઉણપ છે. ઉંચા અધ્યવસાયોની ઉડાન નથી ખારા ટોપરા જેવી લાગણીઓની અભિવ્યક્તિમાંય સડેલા સ્વાર્થની દુર્ગંધ છે ત્યારે એમના જેવી અંતિમ સમયની સજ્જતા કેવી રીતે આવશે એ મૂંઝવે છે. અમારા આતમરામમાં ગુણોનો વૈભવ આવશે કે કેમ?

અમારા જીવનના થોડા વરસો સાહેબજી સાથે વીત્યા છે. અમારું નામ આપની સાથે જોડાયું છે એટલો હરખ આજે વર્તાય છે.

ભાદરવા વદિ અમાસની અંધારી રાત્રિમાં આટલું અમારા માટે પ્રકાશના કિરણો સમાન છે.

ભગવાનનું શાસન દુનિયાના જીવોને સંસારથી બચાવનારું અમોઘ આલંબન છે. મહાપુરુષે શાસનની જવાબદારી પોતાના ખભે ઉપાડીને આપણી પર બહુ મોટો ઉપકાર કર્યો છે. એ ઉપકારોનું ઋણ કદિ વાળી શકવાના નથી. અલવિદાની ૨૭મી પુનિત તિથિએ સાચી ગુરુભક્તિ ઋણમુક્તિ રૂપ ફરજ બનાવી શકીએ એટલી જાગૃતિ આવે એ જ ભાવના. આ જ્ઞાનસારનું સંકલન આપની જ શક્તિથી શક્ય બન્યું છે. મારું કશું જ નથી.....

## સંક્ષિપ્ત સાર

❖ **અગિયારમું અષ્ટક છે નિર્લેપતાનું.**

ભલે આખો સંસાર પાપોથી-કર્મોથી લેપાય, જ્ઞાનસિદ્ધ પુરુષ ન લેપાય. આવો જ આત્મા નિ:સ્પૃહ બની શકે; માટે

❖ **બારમું અષ્ટક છે નિ:સ્પૃહતાનું.**

નિ:સ્પૃહી મહાત્માને આ જગત તૃણ સમાન! ન કોઇ ભય કે ન કોઇ ઇચ્છા! પછી એને બોલવાનું જ શું હોય? પછી એને સંકલ્પ-વિકલ્પો પણ શાના હોય? આવો આત્મા મૌન પાળી શકે, માટે

❖ **તેરમું અષ્ટક છે મૌનનું.**

નહીં બોલવારૂપ મૌન તો એકેન્દ્રિયો પણ પાળે! આ તો વિચારોનું મૌન! અશુભ-અપવિત્ર વિચારોનું મૌન પાળવાનું. આવું મૌન જે પાળી શકે તે જ આત્મા વિદ્યાસંપન્ન બની શકે, માટે

❖ **ચૌદમું અષ્ટક છે વિદ્યાનું.**

અવિદ્યાનો ત્યાગ અને વિદ્યાનો સ્વીકાર કરતો આત્મા, આત્માને જ સદા અવિનાશી જુએ છે. આવો આત્મા વિવેક સંપન્ન બને છે, માટે

❖ **પંદરમું અષ્ટક છે વિવેકનું.**

દૂધ અને પાણીની જેમ મળેલાં કર્મ અને જીવને મુનિરૂપ રાજહંસ ભિન્ન કરે છે! આવો ભેદજ્ઞાની આત્મા મધ્યસ્થ બને છે, માટે

❖ **સોળમું અષ્ટક છે મધ્યસ્થતાનું.**

કુતર્કનો ત્યાગ, રાગ-દ્વેષનો ત્યાગ અને અંતરાત્મભાવમાં રમણતા આવી એટલે મધ્યસ્થ બન્યો, આવો આત્મા નિર્ભય હોય માટે

❖ **સત્તરમું અષ્ટક છે નિર્ભયતાનું.**

ભયની ભ્રાન્તિ નહીં! જે આત્મસ્વભાવના અદ્વૈતમાં લીન બની ગયો તે નિર્ભયતાના આનંદને અનુભવે ચે. તેને સ્વપ્રશંસા કરવી ન ગમે, માટે

❖ **અઢારમું અષ્ટક છે અનાત્મશંસાનું.**

ગુણોથી જે પૂર્ણ છે એટલે સંતુષ્ટ છે, એને પોતાની પ્રશંસા કરવી ગમે જ નહીં. પોતાની પ્રશંસા સાંભળવાની એને ઇચ્છા જ ન હોય. જ્ઞાનાનન્દની મસ્તીમાં પરપર્યાયનો ઉત્કર્ષ શું કરવાનો! આને તત્ત્વદૃષ્ટિ મળે, માટે

❖ **ઓગણીસમું અષ્ટક છે તત્ત્વદૃષ્ટિનું.**

તત્ત્વદૃષ્ટિ રૂપીને ન જુએ, અરૂપીને જુએ! અરૂપીને જોઇને તેમાં મગ્ન થાય. આવો આત્મા સર્વ સમૃદ્ધિને પોતાનામાં જ જુએ, માટે

❖ **વીસમું અષ્ટક છે સર્વસમૃદ્ધિનું.**

ઇન્દ્રની, ચક્રવર્તીની, શેષનાગની, મહાદેવની, કૃષ્ણની-બધાની સમૃદ્ધિ... વૈભવ એને પોતાના આત્મામાં દેખાય! આવું આત્મદર્શન નિરંતર ટકી રહે તે માટે મુનિ કર્મવિપાકનું ચિંતન કરે. માટે

# ભાગ-૨ ના ૧૦ અષ્ટકો

૧. નિર્લેપાષ્ટકમ
૨. નિસ્પૃહતા અષ્ટક
૩. મૌનાષ્ટકમ
૪. વિદ્યાષ્ટકમ
૧૫. વિવેક અષ્ટક
૧૬. માધ્યસ્થ અષ્ટક
૧૭. નિર્ભય અષ્ટક
૧૮. અત્તાત્મ પ્રશંસા અષ્ટક
૧૯. તત્ત્વદૃષ્ટિ અષ્ટક
૨૦. સર્વ સમુદ્રિ અષ્ટક

११

# निर्लेपाष्टकम्

संसारे निवसन् स्वार्थ-सज्जः कज्जलवेश्मनि ।
लिप्यते निखिलो लोको, ज्ञानसिद्धो न लिप्यते ॥१॥

(१) कज्जलवेश्मनि-કાજળના ઘર રૂપ संसारे-સંસારમાં निवसन्-રહેતા (અને) स्वार्थसज्जः-સ્વાર્થમાં તત્પર निखिलः-સમસ્ત लोक-લોક लिप्यते-(કર્મથી) લેપાય છે. (પણ) ज्ञानसिद्धः-જ્ઞાનથી સિદ્ધ પુરુષ लिप्यते-લેપાતો न-નથી

(૧) રાગ-દ્વેષાદિ રૂપ કાજળના ઘર સમાન સંસારમાં રહેતા અને પોતાના ધન સ્વજનાદિ વિગેરે સ્વાર્થમાં તત્પર જગતના બધા જીવો કર્મથી લેપાય છે, પણ જ્ઞાનસિદ્ધ= હેયોપાદેયના યથાર્થ બોધથી પોતાના આત્મામાં જ લીન રહેનાર પુરૂષ લેપાતો નથી.[1]

नाहं पुद्गलभावानां, कर्ता कारयिताऽपि च ।
नानुमन्तापि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम्? ॥२॥

(२) अहं-હું पुद्गलभावानां-પૌદ્ગલિક ભાવોનો कर्ता-કરનાર च-અને कारयिता-કરાવનાર अपि-પણ च-તથા अनुमन्ता-અનુમોદના કરનાર अपि-પણ न-નથી इति-એ પ્રમાણે आत्मज्ञानवान्-આત્માના જ્ઞાનવાળો कथं-કેમ लिप्यते?-લેપાય?

(૨) શુદ્ધ આત્મા હું પુદ્ગલના કર્મ, શરીર વગેરે ભાવોનો કરનાર, કરાવનાર અને અનુમોદના કરનાર નથી એ પ્રમાણે સમભાવવાળા આત્મજ્ઞાની કર્મથી કેમ લેપાય?

આત્મ કર્તા છે કે નહિ? છે તો કયા ભાવોનો કર્તા છે? એ વિષે જુદા

---

૧ અ.ઉપ. અ. ૨. ગા. ૩૫થી ૩૯.

જુદા નયની જુદી જુદી માન્યતા છે. આથી આપણે અહીં જુદા જુદા નયોની આત્માના કર્તૃત્વ સંબંધી કેવી માન્યતા છે તે વિચારી લઈએ, જેથી આ શ્લોકનો અને આ ગ્રંથમાં આવતા બીજા પણ આવા ભાવના શ્લોકોનો ભાવ સમજાઈ જાય.

શુદ્ધ દ્રવ્યાર્થિક નયની કે શુદ્ધનિશ્ચયનય (શુદ્ધ નિશ્ચયનય સ્વરૂપ સંગ્રહનય)ની દૃષ્ટિએ આત્મા કોઈ જ ભાવોનો કર્તા નથી. આ નયની દૃષ્ટિએ આત્મા પોતાના શુદ્ધ ભાવોનો પણ કર્તા નથી. આ નય આત્મા પોતાના શુદ્ધ ભાવોનો પણ કર્તા નથી. આ નય આત્માને કૂટસ્થ નિત્ય માને છે. (પ્રસ્તુતમાં કૂટસ્થ નિત્ય એટલે સ્વભાવની ઉત્પત્તિથી રહિત) આથી તેમાં શુદ્ધ સ્વભાવની ઉત્પતિ જ થતી નથી. જેની ઉત્પતિ જ ન હોય તેનો ઉત્પાદક પણ કયાંથી હોય? આ નયની દૃષ્ટિએ આત્મા તદ્દન ઉદાસીનની જેમ રહે છે. તે કશુંય કરવાની પ્રવૃત્તિ કરતો નથી. એટલે જેમ આકાશ તદ્દન ઉદાસીન હોવાથી કર્મથી લેપાતું નથી તેમ આત્મા પણ ઉદાસીન હોવાથી કર્મથી લેપાતો નથી. આ નયની દૃષ્ટિએ દરેક આત્મા સદૈવ શુદ્ધ સ્વભાવરૂપ જ છે. આત્મા અને શુદ્ધ સ્વભાવ એ એક જ વસ્તુ છે, દીપક અને તેની જ્યોતિ એક જ છે તેમ.

*પ્રશ્ન :* જો આત્મા કંઈ જ કરતો નથી તો જાણવાની ક્રિયા કરે કે નહિ?

*ઉત્તર :* આત્માને નવું ઉત્પન્ન કરવાની દૃષ્ટિએ નિષ્ક્રિય કહ્યો છે, નહિ કે જાણવાની દૃષ્ટિએ. જાણવામાં કંઈ નવું ઉત્પન્ન કરવાનું હોતું નથી. જેમ દીવો પ્રકાશ્યા કરે છે, પણ કશું નવું કરતો નથી, તેમ જ્ઞાનસ્વરૂપ આત્મા સહજ ભાવે જાણ્યા કરે છે, પણ કશું નવું કરતો નથી. આથી આત્મા અકર્તા છે.

*પ્રશ્ન :* આત્મા ભલે પરભાવનો કર્તા ન હોય, પણ સ્વશુદ્ધભાવનો કર્તા કેમ નહિ?

*ઉત્તર :* જો આત્મા સ્વભાવનો કર્તા હોય તો જે ક્ષણે તેણે સ્વભાવ ઉત્પન્ન કર્યો તેની પૂર્વક્ષણોમાં તેમાં સ્વભાવ ન હતો એ સિદ્ધ થાય છે. કારણકે હોય તો ઉત્પન્ન કરવાની શી જરૂર? પૂર્વક્ષણોમાં સ્વભાવ વિનાનો તો આત્મા જડ બની જાય. પછી ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં જડ બનેલો

તે ચેતન બને જ નહિ. આ આપત્તિને નિવારવા શુદ્ધ નિશ્ચયનય આત્માને સ્વભાવનો પણ કર્તા માનતો નથી. આમ, શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ આત્મા શુદ્ધ સ્વભાવનો કર્તા નથી, કિંતુ માત્ર શુદ્ધ સ્વભાવ ધારણ કરનારો છે.

શુદ્ધપર્યાય (શબ્દ) નયથી આત્મા શુદ્ધ સ્વભાવનો કર્તા છે. એ નયનું કહેવું છે કે દરેક દ્રવ્ય પોતપોતાના ભાવોનો કર્તા છે, પણ પરદ્રવ્યના ભાવોનો કર્તા નથી. જો એક દ્રવ્ય પરદ્રવ્યના ભાવોનો કર્તા બને તો તે પરદ્રવ્યમય બની જાય. હવે એવો નિયમ છે કે જે દ્રવ્ય અન્યદ્રવ્યમય બની જાય તે દ્રવ્યનો નાશ થઈ જાય. આથી જો આત્મા પુદ્ગલના ભાવોનો કર્તા બને તો તેનો નાશ થવાની આપત્તિ આવે. માટે આત્મા પુદ્ગલાદિ ભાવોનો કર્તા નથી, કિંતુ માત્ર પોતાના શુદ્ધ ભાવોનો કર્તા છે. શુદ્ધ નય પર્યાયાર્થિક નય હોવાથી શુદ્ધ ક્ષણોના પર્યાયોને આશ્રયીને વિચાર કરે છે. પર્યાય તો પ્રતિક્ષણ ઉત્પાદ-વિનાશશીલ છે. આથી આત્મા પ્રતિક્ષણ પોતાના શુદ્ધ ભાવોનો કર્તા છે. પ્રસ્તુત શ્લોકમાં આ નયની દૃષ્ટિએ આત્માને પરભાવોનો અકર્તા કહ્યો છે.

ઋજુસૂત્ર નયથી આત્મા રાગાદિક વિભાવોનો પણ કર્તા છે. તેનું કહેવું છે કે, આત્મા સ્વયં જયારે જયારે જે જે ભાવને પરિણમાવે છે, ત્યારે ત્યારે તે તે ભાવોનો કર્તા આત્મા કહેવાય. આમ ઋજુસૂત્ર નય આત્મામાં પોતાના જ ભાવોનું કર્તૃત્વ સ્વીકારે છે, પણ પૌદ્ગલિક ભાવોનું કર્તૃત્વ સ્વીકારતો નથી.

*પ્રશ્ન :* આત્મામાં પૌદ્ગલિક ભાવોનું કર્તૃત્વ સ્વીકારવામાં આવે તો શી આપત્તિ આવે?

*ઉત્તર :* જો આત્માને પોતાના અને પરના ભાવોનો કર્તા માનવામાં આવે તો એક જ આત્મા બે ક્રિયા (એક સ્વભાવોને કરવાની અને બીજી પરભાવોને કરવાની) થવાની આપત્તિ આવે. જિનેશ્વર દેવોને એક જ દ્રવ્યમાં બે ક્રિયા સંમત નથી.

*પ્રશ્ન :* જો આત્મા પર પૌદ્ગલિક ભાવોનો કર્તા નથી તો કર્મનો પણ કર્તા નથી એ સિદ્ધ થયું. કારણકે કર્મ પુદ્ગલ છે. હવે જો આત્મા કર્મનો કર્તા નથી તો આત્માને કર્મબંધ કેમ થાય છે?

*ઉત્તર :* સંસાર અવસ્થામાં આત્મા પોતાના રાગાદિ અશુદ્ધ ભાવોને

કરે છે. આત્માના આ અશુદ્ધ ભાવોને નિમિત્ત માત્ર કરીને પુદ્ગલો સ્વયં જ્ઞાનાવરણાદિ કર્મ રૂપે પરિણમે છે. (૧) જેમ લોહચુંબક પાસે રહેલું લોઢું (લોહચુંબક આકર્ષણની ક્રિયા ન કરતો હોવા છતાં) સ્વયમેવ ખેંચાઈને લોહચુંબકને વળગે છે તેમ (આત્મા પુદ્ગલોને ખેંચવાની ક્રિયા કરતો ન હોવા છતાં) રાગાદિભાવોથી કાર્મણવર્ગણાના પુદ્ગલો સ્વયમેવ ખેંચાઈને આત્માને વળગે છે. (૨) જેમ તેલથી ચીકણા શરીરવાળાને ઊડતી ધૂળ સ્વયં ચોંટે છે, તેમ રાગ-દ્વેષથી ચીકણા બનેલા આત્માને સ્વયં કર્મરૂપ રજ ચોંટે છે. આમ, ઋજુસૂત્ર નયની દૃષ્ટિએ આત્મા સ્વ-અશુદ્ધભાવોનો કર્તા છે, પણ આદિ પૌદ્ગલિક ભાવોનો કર્તા નથી.

*પ્રશ્ન :* જો આત્મા પોતાના જ રાગાદિ ભાવોનો કર્તા છે તો તેને કર્મનો કર્તા કેમ કહેવામાં આવે છે?

*ઉત્તર :* જેમ વાદળ પાણી જ વરસાવે છે, છતાં ધાન્ય વરસાવનારું કહેવાય છે, કારણ કે પાણીથી ધાન્ય પાકે છે, તેમ આત્માએ કરેલા રાગાદિ ભાવોથી અવશ્ય કાર્મણવર્ગણાના પુદ્ગલો ખેંચાઈને આત્માને વળગે છે અને જ્ઞાનાવરણીયાદિ કર્મ રૂપે પરિણમે છે. આથી કારણમાં કાર્યના ઉપચારથી (વ્યવહારથી) આત્મા કર્મનો કર્તા કહેવાય છે. પરમાર્થથી તો આત્મા રાગાદિ ભાવોનો જ કર્તા છે.

નૈગમ અને વ્યવહાર નય ઉપચારને - વ્યવહારને માને છે. આથી એ બે નયોની દૃષ્ટિએ તો આત્મા કર્મનો પણ કર્તા છે. આ બે નયો આત્માને કર્મનો પણ કર્તા માનવામાં બે યુક્તિ બતાવે છે. (૧) આત્માએ કરેલા રાગાદિ અશુદ્ધ ભાવોનું સુખ-દુઃખાદિ ફળ કાલાંતરે આવે છે. આથી રાગાદિ રૂપ કારણ અને સુખ-દુઃખાદિ રૂપ ફળની વચ્ચેના કાળમાં એવો કોઈ વ્યાપાર માનવો જોઈએ, કે જે ફળપર્યંત રહીને સુખ-દુઃખાદિ ફળ પ્રત્યે રાગાદિકની પૂર્વવૃત્તિના રૂપ કારણતાને જાળવી રાખે. એ વ્યાપાર તે જ કર્મ. આત્મા પ્રથમ રાગાદિ ઉત્પન્ન કરે, પછી કર્મ ઉત્પન્ન કરે. એ કર્મ દ્વારા આત્મા સુખ-દુઃખાદિ ફળ પામે. હવે બીજી યુક્તિ. (૨) આત્મામાં રાગાદિ ભાવો અને કર્મરૂપ પુદ્ગલ પર્યાયો ક્ષીર-નીરની જેમ એકમેક થઈને રહેલા છે. આથી આ રાગાદિ ભાવો છે કે આ કર્મ પુદ્ગલના પર્યાયો છે એવો ભેદ પાડવો મુશ્કેલ છે. એટલે જો આત્મા રાગાદિનો કર્તા હોય તો કર્મનો પણ કર્તા કેમ ન કહેવાય? આમ, રાગાદિની જેમ કર્મનું પણ કર્તૃત્વ આત્મામાં

માનવું જોઈએ એવું નૈગમ વ્યવહાર નયોનું મંતવ્ય છે.

**लिप्यते पुद्‌गलस्कन्धो, न लिप्ये पुद्‌गलैरहम् ।**
**चित्रव्योमाञ्जनेनेव, ध्यायन्निति न लिप्यते ॥३॥**

(૩) पुदगलैः-પુદ્‌ગલોથી पुद्‌गलस्कन्ध-પુદ્‌ગલોનો સ્કંધ लिप्यते-લેપાય છે (પણ)अहं-હું लिप्ये-લેપાતો न-નથી इव -જેમ अञ्जनेन-અંજનથી चित्रव्योम-વિચિત્ર આકાશ (લેપાતું નથી તેમ) इति- આ પ્રમાણે ध्यायन्- ધ્યાન કરતો આત્મા लिप्यते- લેપાતો न- નથી.

(૩) પુદ્‌ગલનો સ્કંધ પુદ્‌ગલો વડે લેપાય છે પણ હું પુદ્‌ગલોથી લેપાતો નથી, જેમ ચિત્રામણવાળું-વિવિધ રંગવાળું આકાશ અંજનથી=કૃષ્ણ[૧] રંગના દ્રવ્યથી લેપાતું નથી તેમ. આ પ્રમાણે ધ્યાન કરતો આત્મા કર્મોથી લેપાતો નથી.

કર્મો એટલે કાર્મણ શરીર. રાગાદિના યોગ કાર્મણવર્ગણાના પુદ્‌ગલો કર્મ રૂપે બને છે, એટલે કે કાર્મણ શરીર સાથે મળી જાય છે. કાર્મણ શરીર પણ પુદ્‌ગલરૂપ જ છે. આથી કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોથી કાર્મણ શરીર રૂપ પુદ્‌ગલ લેપાય છે. આમાં આત્માને લેપાવાની વાત જ કયાં આવી? અલબત્ત, કાર્મણ શરીરનો આત્મા સાથે સંબંધ થાય છે, પણ તેટલા માત્રથી આત્મા લેપાય છે એમ કેમ કહેવાય? જેમ અનેક પ્રકારના (ઈંદ્રધનુષ વગેરે) રંગોનો આકાશ સાથે સંબંધ થાય છે, પણ આકાશ એ રંગોથી થોડું જ લેપાય છે? કાર્મણવર્ગણા રૂપ પુદ્‌ગલોનો આત્મા સાથે સંયોગ સંબંધ છે, નહિ કે તાદાત્મ્ય સંબંધ.

નિશ્ચયનયની દૃષ્ટિએ આત્મા કર્મોથી કયારેય લેપાયો જ નથી, શુદ્ધ જ છે. જેમ કાળા કે લાલ રંગના કાગળની ઉપાધિથી= સંબંધથી શ્વેત સ્ફટિક કાળું કે લાલ દેખાતા છતાં તે રંગથી અશુદ્ધ બનતું નથી= નિર્મલ જ રહે છે, તેમ કર્મના સંબંધથી (સંયોગથી) આત્મા રાગી કે દ્વેષી દેખાતો હોવા છતાં પરમાર્થથી શુદ્ધ જ છે. રાગાદિથી અને કર્મોથી રહિત છે.

---

૧ ઉપલક્ષણથી કોઈ પણ રંગના દ્રવ્યથી.

**लिप्तताज्ञानसम्पात-प्रतिधाताय केवलम् ।**
**निर्लेपज्ञानमग्नस्य, क्रिया सर्वोपयुज्यते ॥४॥**

(૪) निर्लेपज्ञानमग्नस्य-(આત્મા નિર્લેપ છે એ પ્રમાણે) નિર્લેપ જ્ઞાનની ધારાએ આરૂઢને सर्वा क्रिया-બધી આવશ્યકાદિ ક્રિયાઓ केवलम्- કેવલ सम्पात प्रतिघाताय- (આત્મા કર્મથી લિપ્ત છે એવા) લિપ્તપણાના જ્ઞાનના (सम्पात=) આગમનને (प्रतिघाताय=) રોકવા માટે उपयुज्यते-ઉપયોગી થાય છે.

(૪) *પ્રશ્ન :* આત્મા નિર્લેપ છે એવી જ્ઞાન ધારામાં ચઢેલા ઉચ્ચ કક્ષાના યોગીઓ કર્મથી બંધાતા નથી. આથી આવા યોગીઓને બાહ્ય આવશ્યકાદિ ક્રિયાઓની શી જરૂર છે? એ ક્રિયાઓ તો ચિત્તશુદ્ધિ દ્વારા કર્મબંધથી અટકવા માટે છે. નિર્લેપ જ્ઞાનમાં મગ્ન યોગીઓ તો ચિત્તશુદ્ધિ થવાથી નિર્લેપ જ્ઞાનના યોગે જ કર્મબંધથી અટકી ગયા છે, પછી એમને એ ક્રિયાઓની શી જરૂર?

*ઉત્તર :* (અહીંથી ચોથી ગાથાનો અર્થ શરૂ થાય છે.) આત્મા નિર્લેપ છે એવી જ્ઞાનધારામાં વર્તતા યોગીને આવશ્યકાદિ સર્વ ક્રિયાઓ કેવળ लिप्तताज्ञान... લિપ્તપણાના જ્ઞાનના સંપાતનું= આગમનનું નિવારણ કરવા ઉપયોગી છે. અર્થાત્ નિર્લેપ જ્ઞાનમગ્ન યોગી અશુભ નિમિત્ત પામીને આત્મા કર્મથી લેપાયેલો છે એવા જ્ઞાન દ્વારા સંસારમગ્ન ન બને -પરભાવમાં ન આવી જાય એ માટે એને શુભ નિમિત્ત-આલંબન રૂપ આવશ્યકાદિ ક્રિયાઓ ઉપયોગી છે, બાકી કર્મબંધથી અટકવા એ ક્રિયાઓ ઉપયોગી નથી. આવશ્યકાદિ ક્રિયાઓ અલિપ્તપણાના જ્ઞાનને ટકાવી રાખીને લિપ્તપણાનું જ્ઞાન આવવા દેતી નથી. આથી જ ધ્યાનારૂઢને પણ આવશ્યકાદિ ક્રિયા તેવા પ્રકારની ચિત્તશુદ્ધિ દ્વારા આત્મધ્યાનની ધારાથી પડતા બચાવવા માટે જ આલંબન કહી છે. અધ્યાત્મની આવી ઉચ્ચ કક્ષાએ પહોંચેલા સાધકને એ જે કક્ષામાં છે તે કક્ષાથી પતન થવાનો સંભવ હોવાથી પતન ન થાય એટલા માટે પોતાની કક્ષા મુજબ ક્રિયાની જરૂર છે એવો આ શ્લોકનો ભાવ છે.

तपःश्रुतादिना मत्तः, क्रियावानपि लिप्यते ।
भावनाज्ञानसम्पन्नो, निष्क्रियोऽपि न लिप्यते ॥५॥

(૫) तपः-श्रुत-आदिना-તપ અને શ્રુત વગેરેથી मत्तः-અભિમાનવાળો क्रियावान्-ક્રિયાવાળો હોય अपि- તો પણ लिप्यते -લેપાય છે भावनाज्ञानसम्पन्नः- ભાવનાજ્ઞાનવાળો निष्क्रियः- ક્રિયા રહિત હોય अपि- તો પણ लिप्यते- લેપાતો न- નથી.

(૫) તપ, શ્રુત આદિથી અભિમાનવાળો આવશ્યકાદિ ક્રિયાઓ કરતો હોય તો પણ કર્મથી લેપાય છે. જયારે[1] ભાવના જ્ઞાનવાળો ક્રિયારહિત હોય તો પણ કર્મથી લેપાતો નથી.[2]

अलिप्तो निश्चयेनात्मा, लिप्तश्च व्यवहारतः ।
शुद्धयत्यलिप्तया ज्ञानी, क्रियावान् लिप्तया दृशा ॥६॥

(૬) निश्चयेन- નિશ્ચયનયથી आत्मा- જીવ अलिप्तः- કર્મથી બંધાયેલ નથી च- અને व्यवहारतः- વ્યવહાર નયથી लिप्तः- કર્મથી બંધાયેલો છે. ज्ञानी- જ્ઞાનવાળો अलिप्तया- અલિપ્ત દૃષ્ટિથી અને क्रियावान्- ક્રિયાવાળો लिप्तया- લિપ્ત દૃષ્ટિથી शुद्धयति- શુદ્ધ થાય છે.

(૬) નિશ્ચયનયથી આત્મા કર્મથી લેપાયેલો નથી, વ્યવહારનયથી લેપાયેલો છે. જ્ઞાનયોગી શુદ્ધ ધ્યાનથી અલિપ્ત દૃષ્ટિએ શુદ્ધ થાય છે. ક્રિયાવાળો લિપ્ત દૃષ્ટિથી શુદ્ધ થાય છે.

અહીં બે પ્રકારના સાધકોની વાત કરી છે. આ બે સાધકોમાં એક છે જ્ઞાનયોગી અને બીજા છે કર્મયોગી. વ્યવહાર નયથી આત્મા કર્મથી લેપાયેલો છે. માટે અલિપ્ત બનવા આવશ્યકાદિ ક્રિયાઓની જરૂર છે એવી સમજપૂર્વક જિનવચનાનુસાર ક્રિયાઓમાં રક્ત બનીને ચિત્ત શુદ્ધિ પ્રાપ્ત કર્યા પછી નિશ્ચયધર્મને જ આત્મામાં ભાવિત કરનાર (નિશ્ચયથી હું અલિપ્ત છું એવી જ્ઞાન ધારામાં મગ્ન) સાધક જ્ઞાનયોગી છે. આવા જ્ઞાનયોગીને શુદ્ધ થવા માટે આવશ્યકાદિ ક્રિયાઓનું ખાસ પ્રયોજન રહેતું નથી. તે (મુખ્યતયા)

---

૧ પ્રસ્તુત ગ્રંથમાં પાંચમા જ્ઞાન અષ્ટકના બીજા શ્લોકમાં ભાવના-જ્ઞાનનું વર્ણન આવી ગયું છે.

૨. સૂયગડાંગ અધ્ય. ૧૨. ગા. ૧૫.

પોતાના જ્ઞાનયોગથી શુદ્ધ બને છે.

જેઓ હજી વ્યવહારદશામાં જ છે, ક્રિયાઓથી હજી વિશિષ્ટ ચિત્તશુદ્ધિ પામ્યા નથી તેઓ કર્મયોગી છે. તેમને શુદ્ધ થવા માટે આવશ્યકાદિ ક્રિયાઓ અત્યંત જરૂરી છે. તેઓ આત્મા કર્મથી લેપાયેલો છે એવી સમજથી કર્મલેપને દૂર કરવા જિન વચનાનુસારે આવશ્યકાદિ ક્રિયાઓનો અભ્યાસ કરતાં કરતાં ચિત્તશુદ્ધિ પ્રાપ્ત કરે છે. પછી તેઓ કર્મયોગી મટીને જ્ઞાનયોગી બની જાય છે, અને (મુખ્યતયા) જ્ઞાનથી શુદ્ધ થાય છે. આમ પ્રથમ કર્મયોગ (ક્રિયા કે વ્યવહાર)ની જરૂર છે. કર્મયોગી ચિત્તની શુદ્ધિ થયા પછી જ્ઞાનયોગ (નિશ્ચય)ની જરૂર છે.

**ज्ञानाक्रियासमावेशः सहैवोन्मीलने द्वयोः ।**
**भूमिकाभेदतस्त्वत्र, भवेदैकैकमुख्यता ॥७॥**

(૭) द्वयोः- બંને દષ્ટિનો सह- સાથે एव- જ उन्मीलने- વિકાસ થતાં ज्ञानक्रियासमावेशः- જ્ઞાન-ક્રિયાની એકતા થાય છે तु- અને भूमिकाभेदतः- ગુણસ્થાનક રૂપ અવસ્થાના ભેદથી अत्र- જ્ઞાન ક્રિયામાં एक एक मुख्यता- એક એકનું મુખ્યપણું भवेत्- હોય છે.

(૭) ઉપરના વિષયનો સાર એ આવ્યો કે શુદ્ધિ માટે બંને યોગની જરૂર છે. હવે આપણે આમાં જરા ઊંડા ઉતરીએ. સૂક્ષ્મદષ્ટિથી જોતા એ બંને યોગ સાથે હોય છે. હા, એ બંનેમાં ગૌણતા પ્રધાનતા અવશ્ય હોય છે. ઉપર કહ્યું તેમ પ્રથમ કર્મયોગ હોય છે. પણ કર્મયોગ વખતે જ્ઞાનયોગ ન જ હોય એમ નહિ, કિંતુ ગૌણ રૂપ હોય છે. કર્મયોગ પ્રધાન રૂપે હોય છે. કર્મયોગ સિદ્ધ થયા પછી જ્ઞાનયોગ હોય છે. જ્ઞાનયોગ દશામાં કર્મયોગ ગૌણ રૂપે હોય છે, અને જ્ઞાનયોગ મુખ્યરૂપે હોય છે. આ જ વાત અહીં (સાતમા શ્લોકમાં) કહે છે—

વ્યવહાર અને નિશ્ચય (ક્રિયા અને જ્ઞાન) એ બંને દષ્ટિનો એકી સાથે (એક જ કાળે) વિકાસ થતાં જ્ઞાન અને ક્રિયાનો સમાવેશ = એકતા હોય છે. હા, ગુણસ્થાનક રૂપ ભૂમિકાના ભેદથી અહીં (જ્ઞાન-ક્રિયામાં) એક એકની મુખ્યતા જરૂર હોય છે. ધ્યાન (જ્ઞાન) દશામાં જ્ઞાનની મુખ્યતા એ વ્યવહારમાં ક્રિયાની મુખ્યતા હોય છે.

**सज्ञानं यदनुष्ठानं, न लिप्तं दोषपङ्कतः ।**
**शुद्धबुद्धस्वभावाय, तस्मै भगवते नमः ॥८॥**

(૮) सज्ञानं- જ્ઞાનસહિત (यस्यानुष्ठानं=) यदनुष्ठान જેનું ક્રિયા રૂપ અનુષ્ઠાન दोषपङ्कतः- દોષરૂપ કાદવથી लिप्तं- લેપાયેલું न- નથી (એવા) शुद्ध- શુદ્ધ बुद्ध- ટંકોત્કીર્ણ જ્ઞાનરૂપ स्वभावाय- સ્વભાવવાળા तस्मै- તે भगवते- ભગવંતને नमः- નમસ્કાર હો.

(૮) જેનું જ્ઞાનપૂર્વક અનુષ્ઠાન (ક્રિયા) દોષ રૂપ કચરાથી લેપાયેલું નથી તે નિર્મલ જ્ઞાનમય સ્વભાવવાળા ભગવંતને નમસ્કાર હો.[1]

અનાદિકાળથી આપણે પરદ્રવ્યને ઓળખી, સાચવી તેમાં જ રહ્યા છીએ. મોહરાજા બધાને આ જ કાર્ય બધાને કરાવે છે. હવે જિનાજ્ઞાથી આપણે આપણી જાતને ઓળખવાની છે.... સાચવવાની છે.... અને આપણામાં જ રહેવાનું છે. ઔદાયિક ભાવની ઝંઝીરમાંથી વહેલી તકે બહાર નીકળી ક્ષયોપશમ ભાવની પાલખીમાં બેસી ક્ષાયિક ભાવને પામવાની અંતર્યાત્રા આરંભવાની છે.

૧ આ અષ્ટકના વિશેષ બોધ માટે અધ્યાત્મસારના (યોગસ્વરૂપ અધિકારમાં) ૪૯૬થી ૫૨૦ વગેરે તથા (આત્મનિશ્ચય અધિકારના) ૭૫૮થી ૭૯૯ વગેરે શ્લોકો જોવા. શા.સમુ. ગા. ૬૮૧થી ૬૯૧.

# ભૂલ અને ભ્રમણાનું પરિમાર્જન

- *આપણા તમામ સુખ અને દુઃખની આધારશિલા છે એક માત્ર તાદાત્મક ભાવ.*
- *અતિથિનો ઘર પ્રવેશ આમંત્રણ વગર શક્ય છે પણ આપણા પોતાના રાગ-દ્વેષ વિના આપણા આત્મા પર આપણને કર્મો ચોંટે એ વાત સર્વથા અશક્ય છે.*
- *વિતરાગ બનવાની વાત પછી કરજો, પહેલા તો ઘી અને તેલ જેવા ચીકણા રાગ-દ્વેષને પાણી જેવા પાતળા બનાવી દેવા કટિબધ્ધ બની જવા જેવું છે.*
- *બેફામ વહી જતું પાણી જો ગામને ડૂબાડી દે છે તો બેફામ બોલાતી વાણી કુટુંબને તારાજ કરી દે છે.*
- *કષાયના સ્થાનમાં જે કષાય ન કરે એની કષાય મુક્તિ અને કર્મમુક્તિ બંને નજીક છે.*
- *સંસારના સંબંધોની ઈમારત ભય અને સ્વાર્થના થાંભલા પર ઊભી છે.*
- *દાનમાં સંપત્તિ જરૂર ઓછી કરો પણ સાથે સાથે મૂર્છા ઓછી થાય એ અંગે સાવધ તો રહો.*
- *કેટલાક માણસો ઘરમાં દાખલ થાય છે ત્યારે 'હાશ'નો અનુભવ કરે તો કેટલાક માણસો ઘરમાંથી બહાર જાય છે ત્યારે કુટુંબ 'હાશ'નો અનુભવ કરે છે.*

---

કાજળના ઘર જેવા સંસારમાં રહેતો સ્વાર્થમાં તત્પર (જીવ) સમસ્ત લોક, કર્મથી લેપાય છે પણ જ્ઞાન વડે પરિપૂર્ણ જીવ લેપાતો નથી.

સંસાર એટલે કાજળની કોટડી! જયાં સ્પર્શ કરો ત્યાં કાજળ! પગ પણ કાળા થાય અને હાથ પણ કાળા થાય. જયાં સુધી એ કોટડીમાં રહો ત્યાં સુધી કાળા જ બન્યા રહેવાનું. એ કાજળ કોટડીમાં રહેનારા સહુ જીવો પોતપોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માટે સાવધાન છે! સ્વાર્થની સાધનામાં તેમને ભાન જ નથી કે તેઓ કાળા ભૂત જેવા બની ગયા છે! એ તો તેઓ અરીસામાં

પોતાનું રૂપ જુએ તો સમજાય. પરંતુ અરીસામાં પોતાનું રૂપ જોવાની તેમને ફુરસદ જ ક્યાં છે? એ તો બીજાનાં રૂપ જોવામાં પડ્યા છે! એ પણ સ્વાર્થની દષ્ટિએ જુએ છે. સ્વાર્થરહિત દષ્ટિથી બીજાનાં રૂપ જુએ તો તેઓ એક ક્ષણમાં ગભરાઈ જાય અને એમનો સંગ ત્યજી દઈને એ કાજળ કોટડીમાંથી બહાર નીકળી જાય.

સંસારના કયા ક્ષેત્રમાં જીવ કર્મોના કાજળથી નથી લેપાતો. શબ્દ-રૂપ રસ-ગંધ અને સ્પર્શનાં સુખોની પાછળ દોડવામાં... ભટકવામાં 'હું કર્મ કાજળથી લેપાઈ રહ્યો છું' એવું ભાન ન હોય, પરંતુ તે લેપાય છે જરૂર. પ્રતિ સમય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય, નામ, ગોત્ર અને વેદનીય આ સાત કર્મોથી જીવ લેપાયા કરે છે.

કર્મથી લેપાય કોણ?

જેની આગળ કર્મની સ્નિગ્ધતા છે, તેના પર ધૂળ ચોંટે છે. રસ્તા પર ચાલતા ધૂળ ઉડે છે. જેની પાસે કર્મની સ્નિગ્ધતા નથી તેની પર ધૂળ પડે પણ ચોંટતી નથી. જીવનમાં જે રાગ- દ્વેષ છે તેના માટે ત્રણ વિકલ્પ કહ્યા છે. (૧) પાણીની ભીનાશ (૨) તેલની ચીકાશ (૩) ઘીની ચીકાશ. રસ્તા પર ચાલતા ધૂળ ઉડે છે. પાણીની ભિનાશવાળા કપડા પર ધૂળ લેપાતી નથી. તેલવાળા ચીકાશ કપડા પર ધૂળ ચોંટી જાય છે. જયારે ઘી વાળા કપડા પર ધૂળ બરાબર લેપાઈ જાય છે. પાણીની ભીનાશ ધૂળને કંટ્રોલમાં રાખે છે. તેલ-ઘીની ચીકાશ કંટ્રોલ બહારની વસ્તુ છે.

આપણે કર્મથી ખરડાવા માગીએ છીએ કે લેપાવા માંગીએ છીએ?

રાગ-દ્વેષવાળા જીવોને કર્મથી ખરડાતા વાર નથી લાગતી. ભૂલનું પરિમાર્જન કરવું ખૂબ સહેલું છે પણ ભ્રમણાનું પરિમાર્જન થવું મુશ્કેલ છે. સાચા સુખ દુઃખનું ફળ સમજાય તો જ તાદશભાવ અનુભવાય. આપણા તમામ સુખ અને દુઃખની આધારશિલા એ માત્ર તાદાત્મક ભાવ. પાણીનો ઘડો આખો ભરેલો હોય ત્યારે ભાર લાગે. પણ તેમાંથી થોડું પાણી પી લીધા પછી તેનું વજન ઓછું લાગે છે. વજન કોનું હતું બન્ને વખત? પહેલા રહેલા ભરેલા ઘડાના પાણીનું વજન શરીર ઉપાડતું હતું અને પછી એ ઘડામાંનું પાણી પી લીધા પછી પણ વજન શરીર જ ઉપાડે છે છતાં વજન ઓછું લાગવાનું કારણ શું? ઘડામાં રહેલું પાણી શરીર સાથે નથી. પેટમાં ગયેલું પાણી શરીર સાથે છે. આ છે તાદાત્મક ભાવ.

તાદાત્મક ભાવ એટલે શું?

સાંકળ જેટલી લાંબી તેટલા ડિસ્ટર્બ વધુ. સાંકળ લાંબી સારી કે ટૂંકી?

ધંધામાં ખોટ ગઈ તેને માટે દુઃખ થતું નથી પણ પોતાના ધંધામાં ખોટ ગઈ તેનું દુઃખ વધારે છે. કારણ કે 'પોતાના' માં Attachment છે.

દરેકમાં તાદાત્મક ભાવ હોય તો કોઈ દુઃખ દુઃખ નથી. સુખ દુઃખની આધારશિલા છે તાદાત્મક ભાવ. શરીરમાં વેદના છે માટે દુઃર્ધ્યાન નથી થતું પણ શરીર સાથે તાદાત્મક ભાવ છે માટે દુઃર્ધ્યાન છે.

તો શું ચતુર્ગતિમય સંસારમાં રહેવું પડે ત્યાં સુધી કર્મના કાજળથી લેપાયા જ કરવાનું? એવો કોઈ ઉપાય નથી કે રહેવા છતાં લેપ ન લાગે?

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ કહે છે : જ્ઞાનસિદ્ધ આત્મા કાજળની કોટડી સમા સંસારમાં વસવા છતાં લેપાતો નથી. કમલપત્ર પર જેમ જલબિંદુઓ ટકી શકતાં નથી... જલબિંદુથી કમલપત્ર જેમ લેપાતું નથી તેમ આત્મા પણ કર્મ-કાજળથી લેપાતો નથી. પણ એ આત્માને જ્ઞાનરસાયણથી ભાવિત કરી દેવો જોઈએ.

શેઠની દુકાનમાં નોકર હતો. ૨૫ વરસ નોકરીના પૂરા થતાં એ રીટાયર્ડ થવાનો હતો. તે દિવસે સફાઈ કરતા દિવાલ પર લાગેલી ઘડિયાળ તૂટી પડી. આ ઘડીયાળ તૂટીને ખરાબ થયાનો વિચાર શેઠને જણાવીશ એવું નોકરે મનમાં નક્કી કર્યું. શેઠ તે દિવસે વહેલા આવ્યા. નોકરે ગાડીનો દરવાજો ઉઘાડ્યો કે શેઠે તરત તેના હાથમાં એક કવર મૂક્યું. એ ઘડીયાળ તૂટવાના સમાચાર આપવા મોઢું ખોલે તેનાથી પહેલાં જ શેઠે કહ્યું. "પહેલા વાંચી લે પછી બીજી વાત." અંદર પોતાની નાનકડી રૂમમાં જઈ કાગળ વાંચ્યો. એ ચોધાર આંસુએ રડી પડ્યો. એમાં લખ્યું હતું, "તારી નોકરીના ૨૫ વરસ પૂરા થાય છે અને તું રીટાયર્ડ થાય છે એટલે દિવાલ ઉપરની ઘડીયાળ તને ભેટ રૂપે આપું છું."

ઘડીયાળ તૂટ્યું ત્યારે તેને દુઃખ એટલું ન હતું પણ એ ભેટ રૂપે મળી અને પોતાની થઈ ત્યારે તેને દુઃખ થયું. સુખ-દુઃખ તાદાત્મક ભાવ છે માટે.

દિકરો ખરાબ પાક્યો તેનું દુઃખ નથી. પોતાનો દિકરો ખરાબ પાક્યો તેનું દુઃખ છે. આપણી કક્ષા કઈ ચીકાશની? પાણીની, તેલની કે ઘીની? ઘીની ચીકાશ કૂચા કાઢી નાખશે.

પહેલા ગુણસ્થાનકે ચીકાશ છે પાણીની.

ચોથે ગુણસ્થાનકે ચીકાશ છે તેલની.

પાંચમાં ગુણસ્થાનકે ચીકાશ છે ઘીની.

કર્મની ચીકાશના ક્ષેત્ર બધા અલગ અલગ છે. પાણીની ભીનાશ કયા ક્ષેત્રે?

*'પ્રિતી અનંતી પર થકી, જે જોડે તે તોડે.'*

પહેલે પગથિયે અટકે તે ચોથે પગથિયે પણ ટકી શકતો નથી. ચોથે પગથિયે જવા માટે જે પહેલું પગથિયું છોડવાનું સામર્થ્ય કરે તેના માટે કશું અશક્ય નથી. ચીકાશને ભીનાશમાં કન્વર્ટ કરવાનું છે. ઘી જેવા કર્મો અનંતા સંસાર રખડાવે છે. જયારે પાણીની ભીનાશવાળા કર્મો બે ચાર ભવ પછી મોક્ષે પહોંચાડે છે. ઘી-તેલ જેવા ચીકણા રાગ-દ્વેષને પાણી જેવા પાતળા બનાવી દેવા કટીબધ્ધ બનવાનું છે.

હું પૌદ્ગલિક ભાવોનો કરનાર, કરાવનાર અને તેને અનુમોદન આપનાર નથી એવા વિચારવાળો આત્મજ્ઞાની કેમ લેપાય?

'હું પુદ્ગલ ભાવોનો કર્તા નથી, હું પુદ્ગલ ભાવોનો પ્રેરક નથી, હું પુદ્ગલ ભાવોનો અનુમોદક પણ નથી.' આ વિચારથી આત્મ તત્ત્વને ભાવિક કરવાનું છે. તે માટે વારંવાર આ વિચાર કરવાનો છે. આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્વગુણોનો જ કર્તા - ભોક્તા છે.

અનંતા ભવ બગાડે તેવા મનના ભાવ મારે બગાડવા નથી. એટલું કહો એકાદ વખતના નુકસાન માટે સહેલું છે; પણ વારંવાર થતા નુકસાન માટે ખૂબ મૂશ્કેલ છે. પાણીની કક્ષા જેવો જેનો રાગ છે, તેનો મોક્ષ વહેલો છે. તેને કોઈને પૂછવાની જરૂર પડતી નથી.

પાલીતાણાની યાત્રા કરી એક ભાઈ વંદન કરવા આવ્યા. વાત શરૂ કરી. 'આજે ખૂબ આનંદ આવ્યો. દસ હજારમાં પ્રક્ષાલનો લાભ મળ્યો. મ.સા. કહ્યું 'દસ હજાર ગયા તો તીજોરીમાંથી ગયા. તારૂં શું ગયું ? (ચડાવો લઈને પૈસા ઓછા નથી કર્યા પણ તાદાત્મક ભાવ તેના પ્રત્યેનો ઓછો કર્યો. પૈસા પ્રત્યેનો ભાવ ઓછો કર્યો એટલું કહો. ભગવાન કહે છે. 'ઘીની ચીકાશ છોડી તેલની ચીકાશમાં આવ અને તેલની ચીકાશમાંથી પાણીની ભીનાશમાં આવ.' કષાયની માત્રામાં ફેર પડ્યો છે એટલું કહો)

યાત્રા કરવાનો આનંદ આવ્યો તો એ નિમિત્તે એક નિયમ લો, ગુસ્સો ન કરવો. 'ગુસ્સો તો આવી જ જાય. ખાવાનું ન હોય તો ચાલે?' (ખરાબ

કામ છોડી શકશો પણ કડક દંડ વિના ખરાબ કામ છોડી નહીં શકો) ખરાબ કામ દંડ વિના છોડી ન શકો તેનું કારણ શું? ખરાબ કામ કર્યા પણ ખરાબ કામના સંસ્કાર છોડ્યા નથી માટે નિયમ લઈ લો. ગુસ્સો ન કરવો ને જે દિવસે ગુસ્સો આવે તેના બીજા દિવસે ચૌવિહારો ઉપવાસ કરવો. નિયમ લીધો. ઘરે કાગળ લખ્યો. આ દિવસે હું આવું છું. ઘરવાળાને થયું આ ડોસાની મોંકાણ ફરી ચાલુ થશે.

કેટલાક માણસો ઘરમાં દાખલ થાય છે ત્યારે 'હાશ' નો અનુભવ કરે છે તો કેટલાક માણસો ઘરમાંથી બહાર જાય છે ત્યારે કુટુંબ 'હાશ'નો અનુભવ કરે છે. જીભને ગેરેજમાં રાખશો તો ફાવી જશે. પાણી બેફામ ચાલે તો ગામ આખું બરબાદ થાય અને વાણી બેફામ ચાલે તો કુટુંબ આખું તારાજ થાય.

ઘરમાં આવ્યા. બેગ મૂકી ત્યાં દીકરાની વહુના હાથે કપ-રકાબી તૂટ્યા. જોયું. પછી બોલ્યા, 'ભલે તૂટયા, તમને વાગ્યું તો નથીને?' વહુને નવાઈ લાગી (સ્વભાવ સુધર્યો કે ચૌવિહારા ઉપવાસે સ્વભાવ સુધાર્યો) વહુએ દીકરાને વાત કરી 'બાપાનો સ્વભાવ બદલાયો છે.' 'કેમ?' સવારના આવ્યા ત્યારે મારા હાથે કપ-રકાબી તૂટયા તો ય કાંઈ બોલ્યા નહીં. આખો દિવસ શાંત બેઠા રહે છે. 'હશે' બે મહિના બરાબર ચાલ્યું. એક દિવસ દીકરો જમવામાં મોડો પડ્યો. દીકરાનું વીલું મોઢું જોઈ કારણ પૂછયું તો કહે 'ધંધામાં ૫૦ હજારની ખોટ ગઈ' ગુસ્સામાં બોલ્યા ''ધંધો કરતા આવડે છે કે નહીં. કેવી રીતે ગયા?'' પછી એમનો નિયમ યાદ આવ્યો. દિકરા-વહુને કહ્યું આવતી કાલે મારે ચૌવિહારો ઉપવાસ કરવાનો છે. પાલીતાણાની યાત્રા દરમ્યાન મ.સા. પાસે નિયમ લીધો હતો. ગુસ્સો આવે તો બીજા દિવસે ચૌવિહારો ઉપવાસ કરવો. દિકરા-વહુને ત્યારે ગુસ્સો ન કરવાના કારણની ખબર પડી. (પોતાની કમજોરીને ખ્યાલમાં રાખીને નિમિત્તોથી બચાવે તે પરમાત્મા છે) કાકાના ભત્રીજાને ખબર પડી નિયમની. વિચારે કે કાકાનો કંટ્રોલ ગજબનો છે. મનની અસમાધિના ત્રણ કારણો છે (૧) પીડા, (૨) પરીક્ષા (૩) પ્રલોભન

આ ત્રણેમાં જો સમાધિ ટકે તો બાહ્ય કોઈ કારણો કામ ન લાગે. ભત્રીજાએ બધા સગા-સંબંધીઓને પત્રિકા આપી. એક કાકાના ઘરને છોડીને. 'પાલીતાણાની જાત્રા કરી આવ્યા છે મારા કાકા, તે નિમિત્તે જમણવાર રાખ્યું છે! (તમે તમારા સગા આમંત્રણ ન આપે તો જાવ ખરા?

...ના...કેમ? સિદ્ધચક્રના પૂજનમાં ન બોલાવે તો ન જાવ...?... નડે શું તમને?... ન બોલાવે તેનું દુઃખ થાય કે ભક્તિ રહી ગઈ તેનું દુઃખ થાય?... અહં નડે છે. અહંકારે નમસ્કારને આપણાથી વંચિત રાખ્યો છે. કષાયના સ્થાનમાં જે કષાય ન કરે એની કષાય મુક્તિ અને કર્મમુક્તિ બંને નજીક છે. એટલે શું? નિમિત્ત વિના કષાય ન કરે તેનો તો મોક્ષ થાય પણ નિમિત્ત મળે છતાં કષાય ન કરે તે વહેલો મોક્ષે જાય. સંસારના સંબંધોની ઈમારત ભય અને સ્વાર્થના થાંભલા પર ઊભી છે. પ્રેમ કયાંય દેખાતો નથી. ધર્મના ક્ષેત્રમાં આમંત્રણ વગર જાવ તો આવા પ્રસંગોમાં કે લગ્ન પ્રસંગમાં કેમ નહીં. માળી સાથે મેળ ન પડે તો બગીચો છોડવાનું કામ ન કરતા. સંસારમાં ભય અને સ્વાર્થનું જ ગણિત છે. ભગવાન અનાર્ય દેશમાં પોતે ગયા. કોઈએ તેમને આમંત્રણ નહોતું આપ્યું. કર્મ ખપાવવા હોય તો સામે ચાલીને જજો. કદાચ એમના તમારાથી ન બને તો કોઈ કર્મ તોડવાના પ્રયત્ન કરે તો સમાધિ રાખજો. છોકરાના હાથમાં પ્રત્રિકા આવી. એ ગુસ્સામાં આવી ગયો. બાપાને વાંચવા આપી. બાપા કહે 'સરસ પત્રિકા છે. હું ખૂબ ખૂશ થયો. આ પ્રસંગે તો હું જઈશ' 'પણ આપણને આમંત્રણ નથી આપ્યું.' 'તો પણ હું જઈશ.' 'ન જવાય આપણાથી.' એ તો જેના લગ્ન હોય તેને આમંત્રણ પત્રિકા ન હોય. તારે ન આવવું હોય તો કાંઈ નહીં .હું તો જઈશ.'

*સમાધિમાં રહેવું છે તેને માટે કોઈ પ્રસંગ ખરાબ નથી.*
*સંકલેશમાં રહેવું છે તેને માટે કોઈ પ્રસંગ ઉત્તમ નથી.*

દીકરો કહે 'આમંત્રણ વિના તમે જશો તો હું પણ સાથે આવીશ. બંન્ને નીકળ્યા. ભત્રીજો મંડપની બહાર બધાનું હસતે મુખે સ્વાગત કરતો હતો. જેવા એ બાપ-દિકરાને જોયા કે મંડપની અંદર ચાલ્યોગયો. (સહન કરવાની હદ નક્કી કરે તેને કર્મસત્તા બેહદ હેરાન કરે છે) દીકરો કહે, 'જોયું આપણને જોઈને અંદર ચાલ્યો ગયો.' બાપા કહે, 'બીજાને રીસીવ કરાય, ઘરના માણસને રીસીવ ન કરાય!' મંડપની અંદર પણ એજ વર્તન રહ્યું. બાપ-દીકરો જમવા બેઠા ને ભત્રીજો બધાને પગે લાગી જમવા બેસાડે. પણ આ બાપ દીકરાને ન પૂછે. દીકરો અંદરથી ધૂંઆપૂંઆ થયા કરે.

(ચાર ગતિના દુઃખનું વર્ણન કરતા કહે છે અનંતી વાર ઉપરથી ગયો. અહંકારને પ્રાયોરીટી આપી માટે ઠેકાણું નથી પડ્યું. આ લોકમાં મિત્ર રાખતા કષાયો આવતા ભવના એ કાતિલ દુશ્મનો થશે અને આ ભવનો

દુશ્મન લાગતો આવતા ભવને મિત્ર બનશે.)

દીકરો ધુંધવાયો. બાપ-દિકરો છેલ્લે બેઠા. દીકરો કહે 'ચાલો ઘરે.' બાપે શાંત કર્યો. ભત્રીજાએ પીરસવા માટે મીઠાઈનો કરંડીયો ઉપાડ્યો. બધાને જબરદસ્તી મીઠાઈ આપતો જાય. જયાં કાકા પાસે આવ્યો કે થાળીમાં પથરો મૂકી આગળ નીકળી ગયો. હવે દીકરો સીધો ઉભો થઈ ગયો. 'ચાલો, હવે તો હદ થઈ ગઈ.' દીકરાને શાંત પાડતા બાપે કહ્યું' 'દીકરા શાંત થા, ગુસ્સે ન થા. બે મિનિટ બેસ. એણે થાળીમાં પથરો સમજી વિચારીને મૂક્યો છે. બધાની પહેલા મારાથી ન ખવાય. બધા જમી રહે પછી જ જમાય.' આમ કહી ઊભા થઈ ભત્રીજાના હાથમાંથી કરંડીયો લઈ કહે 'લાવ, બધાને હું પીરસું છું.' આ સાંભળી ભત્રીજો ધ્રુસ્કે ધ્રુસ્કે રડી પડ્યો.

સમાધિ એ Right Angle છે, સંકલેશ Wrong Angle છે.

જામનગરમાં ચાર્તુમાસ પતાવી જુનાગઢના સંઘ રૂપે વિહાર કરવાના હતા. જેવા અમે બધા બહાર નીકળ્યા, એક છોકરો આવીને મને કહે 'તમને હાર્ટ જેવું છે કે નહીં કે ફેઈલ થઈ ગયું છે? હું વિચારમાં પડ્યો. આમ પૂછવાનું કારણ પૂછયું. તો કહે : 'જરા પાછળ વળી તો જુઓ આખો સંઘ ચોધાર આંસુએ રડે છે ઘરના વ્યક્તિની વિદાય માટે પણ કોઈ આવું રડ્યું નથી અને તમે એમની વેદના જરા પણ સમજતા નથી.'

*બસ આજ તાકાત છે અમારા સાધુ જીવનની.*

'પુદ્‌ગલોનો સ્કંધ પુદ્‌ગલો વડે લેપાય છે, પણ હું લેપાતો નથી, જેમ અંજન વડે વિચિત્ર આકાશ.' એમ ધ્યાન કરતો આત્મા લેપાતો નથી.

આત્માની નિર્લેપદશાનું ધ્યાન પણ કેવું પ્રબળ અસર કરનારું છે? ધ્યાન કરો... ધ્યાનની ધારા જયાં સુધી ચાલતી રહે, આત્મા ત્યાં સુધી કર્મમલિન થાય જ નહીં?

'મારે કર્મના કાદવથી લેપાવું નથી.' એ દઢ પ્રણિધાન કરવામાં આવ્યું હોય, ત્યારે જ કર્મથી નિર્લિપ્ત બન્યા રહેવાની પ્રવૃત્તિ થાય. જેટલું પ્રણિધાન દઢ, તેટલી પ્રવૃત્તિ વેગીલી અને પ્રબળ બને. કર્મમુક્ત બનવાની તમન્ના જાગી ગયા પછી, કર્મજન્ય સુખો પ્રત્યે નફરત પેદા થાય. અતિ આવશ્યક સુખ-ભોગમાં પણ અનાસક્તિની સાવધાની રહે. પુદ્‌ગલ પરિભોગમાં સુખ-બુદ્ધિ કે રસવૃદ્ધિ પેદા થતી હોય તો સમજવું જોઈએ કે ધ્યાન પ્રબળ નથી. ધ્યાનથી પૂર્વ ભૂમિકામાં પ્રણિધાન દઢ નથી. આવી પરિસ્થિતિમાં જીવ

ક્યારેક ભ્રમણામાં અટવાઈ જાય છે.

આત્મા સાથે પુદ્‍ગલોનો જે સંબંધ છે તે તાદાત્મ્ય સંબંધ નથી પરંતુ સંયોગ સંબંધ છે. આત્માના ગુણધર્મો અને પુદ્‍ગલના ગુણધર્મો તદ્દન ભિન્ન છે, તેથી તે બંનેની તદરૂપતા થઈ શકે નહિ.

'આત્મા નિર્લેપ છે' એવા નિર્લેપપણાના જ્ઞાનમાં મગ્ન થયેલાને બધી આવશ્યકાદિ ક્રિયાઓ કેવળ 'આત્મા કર્મબદ્ધ છે' એવા લિપ્તપણાના જ્ઞાનના આગમનને રોકવા માટે ઉપયોગી થાય છે. જયાં સુધી આત્મા વારંવાર પ્રમાદ સ્થાનો તરફ દોડી જાય છે, ત્યાં સુધી આવશ્યકાદિ ક્રિયાઓ મહાન ઉપકારક બને છે. જયાં સુધી વિષય કષાયાદિ પ્રમાદોનું જોર હોય છે, ત્યાં સુધી નિર્લેપજ્ઞાનની મગ્નતા આવી શકતી નથી. તેવી સ્થિતિમાં જો આવશ્યકાદિ છોડી નિશ્ચલ ધ્યાન ધરવા બેસી જાય તો -'अतो भ्रष्टः ततो भ्रष्टः' જેવી સ્થિતિ સર્જાઈ જાય છે. જયાં સુધી અપ્રમત્ત દશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આવશ્યકાદિ અવશ્ય કરવી જોઈએ. એ ક્રિયાઓના આલંબને આત્મા પ્રમાદમાં પડતો બચી જાય છે. વિભાવદશાનું અજ્ઞાન તેના મનોમંદિરમાં પેસી શકતું નથી.

ભૂલથી તો બચવાનું છે પણ ભ્રમણાથી પણ બચવાનું છે.

## શિષ્યો ત્રણ પ્રકારના

- પર્વત જેવા – વરસાદ પડે પર્વત પલળે નહીં, પાણીનો સંગ્રહ કરે નહીં અને પાણીને પોતાનામાં ઉતારે નહીં.
- રેતી જેવા – વિશિષ્ટ પાક ન ઉગે.
- કાળી ફળદ્રુપ માટી જેવા – પલળે - પોચી થાય, સંગ્રહ કરે અને પાક પણ ઉગાડે.

# ભગવાન સર્વજ્ઞ કે સમર્થ?

- *જ્યાં સુધી પાપની ક્રિયાઓ ચાલુ છે ત્યાં સુધી ધર્મ ચાલુ રાખ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી.*
- *ભાવ વિનાની ધર્મ ક્રિયાઓ કદાચ નિષ્ફળ જતી હશે પણ ભાવ વિનાની પાપ ક્રિયાઓ નુકસાનકારક બની રહે છે એ સતત ખ્યાલમાં રાખજો.*
- *પરમાત્માને આપણે સર્વજ્ઞ તો માન્યા છે પણ સમર્થ નથી માન્યા અને એ હિસાબે જ આપણને એમના પ્રત્યે જોઈએ તેવો બહુમાનભાવ જાગ્યો નથી.*
- *ભાવ અને ભય એ તો ધર્મ સેવનની અને પાપ ત્યાગની આધારશિલા છે.*
- *નિર્મળ બુદ્ધિ પરમાત્માની નજીક લઈ જાય છે મલિન બુદ્ધિ પરમાત્માથી દૂર લઈ જાય છે.*
- *જેનામાં એક પણ દોષ નથી એ તો નિર્દોષ છે જ, પણ જે દોષનો બચાવ નથી કરતો એય નિર્દોષતાના માર્ગે જ છે.*
- *ઉપદેશના હજારો વાક્યો ભૂલી શકાશે પણ અનુભવની એક પળ ભૂલી નહીં શકાય.*
- *ધર્મારાધનાનો સાચો સ્વાદ અધિકમાં અને પુનરાવર્તનમાં લઈ ગયા વિના રહેતો નથી.*

---

તપ અને શ્રુત આદિથી અભિમાનવાળો ક્રિયાવાન હોય, તો પણ લેપાય છે. ભાવનાજ્ઞાન વડે સંપૂર્ણ ક્રિયારહિત હોય તો પણ લેપાતો નથી.

પ્રતિક્રમણ-પ્રતિલેખનાદિ અનેક ક્રિયાઓ કરવા છતાં, તપ-જપ અને જ્ઞાન-ધ્યાન વગેરે કરવા છતાં જો એના પર અભિમાન આવ્યું તો પાપ-કર્મથી લેપાયા સમજો! પોતાનો ઉત્કર્ષ અને બીજાનો અપકર્ષ કરી કરીને જીવ આત્માના વિશુદ્ધ અધ્યવસાયોને પ્રજાળી મૂકે છે. તપ, ત્યાગ, જ્ઞાન.. વગેરે કે જે મદને હરનારાં સાધનો છે, એના જ દ્વારા કેવી રીતે મદ કરી શકાય? મદ કરવામાં કોઈ લાભ નથી, બલ્કે બે ભયંકર નુકશાન થશે (૧)

હૃદયનો ઉન્માદ (૨) સંસારની વૃદ્ધિ - તપ કે શ્રુત, ત્યાં કોઈ બચાવી શકશે નહિ. તપ, ત્યાગ અને શ્રુતજ્ઞાન દ્વારા 'ભાવનાજ્ઞાન'ની ભૂમિકાએ પહોંચવાનું છે. ભાવનાજ્ઞાનથી ભાવિત થયા પછી કોઈ ક્રિયા ન કરવા છતાં આત્મા કર્મથી લેપાતો નથી. પરંતુ જેના શ્રુતજ્ઞાનનું પણ ઠેકાણું નથી, તેવો જીવ જો આવશ્યકાદિ ક્રિયાઓ છોડી દે અને મનમાન્યા ધ્યાનથી આશ્રય લે, તો તેટલા માત્રથી તે કર્મબંધથી બચી શકતો નથી.

નિશ્ચયનયથી જીવ કર્મથી બંધાયેલો નથી, પણ વ્યવહારનયથી જીવ કર્મથી બંધાયેલો છે. જ્ઞાનવાળો અલિપ્ત દૃષ્ટિ વડે શુદ્ધ થાય છે, અને ક્રિયાવાળો લિપ્ત દૃષ્ટિથી શુદ્ધ થાય છે.

બંને દૃષ્ટિ સાથે ઊઘડતાં જ્ઞાન-ક્રિયાની એકતા છે. અહીં જ્ઞાનક્રિયામાં ગુણસ્થાન રૂપ અવસ્થાના ભેદથી એક એકનું મુખ્યપણું હોય.

શુદ્ધ થવા માટે બે દૃષ્ટિ ખૂલવી જોઈએ: લિપ્ત દૃષ્ટિ અને અલિપ્ત દૃષ્ટિ. જયારે બે દૃષ્ટિ સાથે ખૂલે છે, ત્યારે જ્ઞાન અને ક્રિયાનો એકીભાવ થાય છે. અહીં પહેલી વાત છે શુદ્ધ થવાની, શુદ્ધ થવાની તમન્ના પ્રગટી જવી જોઈએ.

એક યોગી પાસે એક મનુષ્ય ગયો અને પૂછ્યું : 'યોગીરાજ! મારે પરમાત્મદર્શન કરવું છે, આપ કરાવશો?' યોગીએ એ મનુષ્ય સામે સૂક્ષ્મ દૃષ્ટિથી જોયું... સહેજ સ્મિત કર્યું અને માણસનો હાથ પકડી યોગી ચાલ્યા. ગામ બહાર એક મોટું સરોવર હતું. યોગીએ માણસ સાથે સરોવરમાં પ્રવેશ કર્યો. છાતી સુધી પાણી આવ્યું પણ યોગી તો આગળ વધ્યા. દાઢી સુધી પાણી આવી ગયું.... નાસીકા સુધી આવી ગયું... યોગીરાજે વીજળીવેગે માણસની ગરદન પકડી અને તેને પાણીમાં ડુબાડી દીધો...! એક સેકંડ...બે સેકંડ... પેલો માણસ પાણીમાં તરફડવા લાગ્યો... યોગીએ એને એવો દબાવી રાખ્યો હતો કે માણસ પોતાનું માથું બહાર ન કાઢી શકે. પાંચ સેકંડ પછી યોગીએ તેને બહાર ઊંચકી લીધો અને ઉપાડીને બહાર લઈ આવ્યા. પેલો બિચારો તો હેરાન-પરેશાન થઈ ગયો હતો. યોગીએ હસતાં હસતાં કહ્યું :

'જયારે મેં તને પાણીમાં ડુબાડી દીધો હતો, ત્યારે તું શાને માટે તરફડતો હતો?'

'હવા માટે' માણસે જવાબ આપ્યો.

'એ તરફડાટ કેવો હતો ?'

'એનાથી વધુ તરફડાટ થતાં પ્રાણપંખેરું ઊડી જાત!'

'એવો તરફડાટ પરમાત્માનાં દર્શન માટે છે? જે ક્ષણે એવો તરફડાટ અનુભવાશે, બીજી જ ક્ષણે પરમાત્માનાં દર્શન થઈ જશે.'

શુધ્ધ થવા માટે આવી તમન્ના પ્રગટી ગયા પછી, પોતે જે ભૂમિકા પર હોય, તે ભૂમિકા મુજબ જ્ઞાન યા ક્રિયાને મુખ્ય કરે અને શુધ્ધ થવાના પુરૂષાર્થમાં લાગી જાય.

અનંત ઉપકારી શાસ્ત્રકાર શ્રી ઉપાધ્યાયજી મ. જ્ઞાનસારમાં જીવનમાં કર્મબંધથી અટકવું હોય તો જીવનમાં નિર્લેપતા લાવો આ એક જ વિકલ્પ છે. આપણે બધાની વાતો. પ્રવચનો સાંભળવામાં તાકાતવાળા છીએ પણ આચરવાનું નામ આવે ત્યાં અનુકૂળતા આવતી નથી. આપણી રોજ ચાલતી ક્રિયા કયારે બંધ થાય? ધર્મ ક્રિયા બંધ કરવાનો અધિકાર કોને છે? જે પાપ ક્રિયા બંધ કરે એને જ ધર્મ ક્રિયા બંધ કરવાનો અધિકાર છે. જીવનમાં નિષ્ફળ ગઈ? અનંતી ધર્મ ક્રિયા કે અનંતી પાપ ક્રિયા? ધર્મ ક્રિયા જે નિષ્ફળ ગઈ છે તો પાપ ક્રિયા નુકશાનકારક નિવડી છે. ભાવ વિનાની ધર્મ ક્રિયાઓ કદાચ નિષ્ફળ જતી હશે પણ ભાવ વિનાની પાપ ક્રિયાઓ પણ નિષ્ફળ છે સાથે નુકશાનકારક તો છે જ. નુકશાનવાળી ક્રિયાઓથી અવશ્ય બચો. ભાવનાજ્ઞાનનો ભરપૂર ઉપયોગ કર્યા પછી ક્રિયા ન કરવા છતાં આત્મા કર્મથી લેપાતો નથી. તેના માટે ત્રણ કક્ષા કહી છે : શ્રુતજ્ઞાન-ચિંતાજ્ઞાન-ભાવનાજ્ઞાન.

શેરડીનો સાંઠો - શ્રુતજ્ઞાન. શેરડીનો રસ-ચિંતા જ્ઞાન, રસનો સ્વાદ-ભાવનાજ્ઞાન. પ્રવચન સાંભળો તે શ્રુતજ્ઞાન : ઘરે જઈ સ્મરણ કરો તે ચિંતા જ્ઞાન. તેને પ્રેક્ટીકલ લેવલ પર લાવો તે ભાવના જ્ઞાન. તૃપ્તિનો અનુભવ કયારે થાય? આપણે કયાં તૂટયા?

ભગવાનને માનવાની ભૂમિકામાં થાપ ખાઈ ગયા.

આપણું અંતઃકરણ શું માને?

પરમાત્માને આપણ સર્વજ્ઞ માનીએ કે સમર્થ?

સર્વજ્ઞ એટલે જે બધું જાણે છે અને સમર્થ એટલે બધી સમસ્યાઓને હલ કરવાની તાકાત જેનામાં છે તે. એક્સ-રે તમારી બધી બિમારીઓ બતાવે છે માટે સર્વજ્ઞ છે. ડૉક્ટર એક જ એ સમસ્યા હલ કરવાનો સમર્થ છે. પરમાત્મા પર આપણી શ્રદ્ધા કેટલી? સમર્થ હોય તે દોષને કાઢે. દોષને

તોડવાની તાકાત તેનામાં છે. પરમાત્માને સર્વજ્ઞ માનનારને ભાવ પેદા થાય કે ન થાય પણ પરમાત્માને સમર્થ માનનાર પોતાનામાં ભાવ પેદા કર્યા વગર રહે નહીં. પરમાત્માને આપણે સર્વજ્ઞ માન્યા તો છે પણ સમર્થ માન્યા નથી, અને એટલે જ આપણને એમના પ્રત્યે જોઈએ તેવો બહુમાન ભાવ જાગ્યો નથી.

★ આપણે ભાવના જ્ઞાનમાં દરિદ્ર છીએ કારણ કે સમર્થ ભાવ જ નથી આપણી પાસે.

દેવ ગુરુ-ધર્મને આપણે સમર્થ નથી માનતા.

ભાવ કયારે પેદા થાય? જયાં લાભ દેખાય ત્યાં ભાવ પેદા થાય. જયાં નુકશાન દેખાય ત્યાં ભય પેદા થાય. આપણને પાપમાં ભય લાગતો નથી અને ધર્મમાં લાભ દેખાતો નથી. માટે ભાવ પેદા થતા નથી. *ભાવ અને ભય એ તો ધર્મ સેવનની અને પાપ ત્યાગની આધારશિલા છે.* ભક્તિ સૂત્રમાં નારદે સરસ સૂત્રનો અર્થ કહ્યો છે. સૂત્ર એટલે દોરો, અર્થ એટલે સોય.

વિસ્મય યોગ એટલે શું? અઈમુત્તા મુનિને વિસ્મયભાવ હતો. (મોટા આગળ વિસ્મય છે અને નાના આગળ આશ્ચર્ય)

ઘાટકોપરમાં હું કાંઈક લખી રહ્યો હતો. ત્યારે એક સાવ નાનકડો છોકરો આવ્યો. કહે, 'મારા એક પ્રશ્નનો જવાબ આપો. એક ડબ્બીમાં ૫૦ બાવા. માથું કાળું, પગ ધોળા.' મેં પેન બંધ કરી થોડીવાર વિચાર કરીને કહ્યું,'મને જવાબ નથી આવડતો' 'સાચે નથી આવડતો?'- 'હા સાચે નથી આવડતો.' તો પછી રોજ પ્રવચનમાં બધાને પ્રશ્નોના જવાબ આપવા માટે શું કામ કહો છો. તમારે જવાબ આપવો પડશે.'

★ હરીભદ્રસૂરિ મ. કહે છે. 'અધ્યાત્મ જગતમાં નિર્દોષતાની ભૂમિકા લઈ પ્રવેશ કરી શકાય નહી. નિર્દોષતાના બે અર્થ કહ્યા છે.

*(૧) જેની પાસે દોષ નહીં તે અથવા દોષ નીકળી ગયા છે તે*

*(૨) દોષનો બચાવ ન કરે તે.*

★ જેનામાં એકપણ દોષ નથી એ તો નિર્દોષ છે જ, પણ જે દોષનો બચાવ નથી કરતો એ ય નિર્દોષતાના માર્ગે જ છે. દોષ નીકળી ગયા છે તેનો તો મોક્ષ છે જ, પણ જે દોષનો બચાવ નથી કરતો તેનો પણ મોક્ષ નક્કી છે. આપણે બધા ક્ષેત્રે બુદ્ધિને દોડાવીને પસ્તાયા છીએ. હૃદય

દોડાવીને પસ્તાયા જ નથી. બુદ્ધિ એ સ્ટીમર જેવી છે. હૃદય એ કમાન જેવું છે. બુદ્ધિને ન પૂછો - તમે તમારા અંતઃકરણને પૂછો. બહાર લઈ જવાનું કામ બુદ્ધિનું છે. અંદર લઈ જવાનું કામ હૃદયનું છે. ધર્મનો રસ્તો અંદર જવાનો છે.

ગોચરી લઈને જતા સાધુના હાથમાં પાત્રાનું વજન જોઈ તેમને એ પાત્રા પોતે ઉપાડી ભાર હળવો કરવાનું કહે છે. ત્યારે એ સાધુએ જવાબ આપ્યો, 'અમારા જેવા બને એને જ વજન ઉપાડવા અપાય.' (પરિપક્વ બુદ્ધિ જુદી અને નિર્મળ બુદ્ધિ જુદી)- અભયકુમારની બુદ્ધિ નિર્મળ હતી. (નિર્મળ બુદ્ધિ ભગવાન આગળ લઈ જવા રોકતી નથી અને મલીન બુદ્ધિ ભગવાન આગળ જવા દેતી નથી. - માતા પાસે આજ્ઞા લઈ ચારિત્ર ગ્રહણ કર્યું. અઈમુત્તા મુનિના ગુરૂ ભગવાનને પૂછે છે, 'અઈમુત્તા કેટલા ભવ કરશે?' ભગવાને જવાબ આપ્યો 'આ જ ભવમાં મોક્ષ થશે.' ઈરિયાવહી કરતાં 'એકેંદ્રિય જીવની વિરાધના થઈ તેને ધિક્કારતાં. આ ભૂમિકાથી તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. વિસ્મય યોગ તે આ ભૂમિકા. નવકાર નહીં આવડે તો ચાલશે. કાંઈ વાંધો નહીં. પરમાત્માના દર્શનમાં નિર્દોષતા હશે તો ધર્મ કરી શકશો. આપણને ધર્મી બનતા કોણ અટકાવે છે? મોક્ષમાં જવું હોય તો ભાવના જ્ઞાન જરૂરી છે. તૃપ્તિને સ્વાદમાં શું ફરક? એક ચમચી રસ પીઓ તે સ્વાદ અને પૂરેપૂરું પીઓ તે તૃપ્તિ. એક કહેવત છે. 'ભાખરીની કોર ભાંગે તે આખી ભાખરી ખાધા વિના ન રહે!

જીવનમાં સ્વાદની અનુભૂતિ કેટલી?

જેના પુનરાવર્તનમાં મન સતત ઝંખ્યા કરે તે છે સ્વાદની અનુભૂતિ. ઉપદેશના હજારો વાક્યો ભૂલી શકશો પણ અનુભવની એક ઘડી ભૂલી નહીં શકો. આ છે ભાવના જ્ઞાન.

ક્ષેણિક મહારાજને પરમાત્માની ભક્તિનો સ્વાદ હતો. કુમારપાળને દાનનો સ્વાદ હતો.

આવતી ચોવીસીના અગિયારમાં ગણધર કુમારપાળ, પોતાના ગુરૂ પાસે પ્રાયશ્ચિત માગે છે. 'આ બત્રીસ દાંતે અનંતી વાર માંસાહાર કર્યા છે. માટે પ્રાયશ્ચિત આપો.'

પાપના સેવનથી દુર્ગતિના દરવાજા ખુલ્લા છે. પાપનો બચાવ કરે તેને માટે સદ્ગતિના દરવાજા ૧૦૦ ટકા બંધ છે.

કુમારપાળે પ્રાયશ્ચિત લીધું. રોજ બત્રીસ જિનાલયની ચૈત્ય પરીપાટી ન થાય, ૧૨ પ્રકાશ યોગશાસ્ત્ર, ૨૦ પ્રકાશ વિતરાગ સ્તોત્રનો સ્વાધ્યાય ન થાય, ત્યાં સુધી મોઢામાં અનાજ, પાણી નાંખવું નહીં.

સ્વાદની આ તાકાત હતી. સ્વાદની બે ભૂમિકા છે. (૧) અધિકમાં પણ ખેંચે (૨) ને પુનરાવર્તનમાં પણ ખેંચે. સ્વાદ અધિક વિના અટકે નહીં, અને પૂરું થયા પછી પુનરાવર્તન થયા વિના રહે નહીં. ધર્મારાધનાનો સાચો સ્વાદ અધિકમાં અને પુનરાવર્તનમાં લઈ ગયા વિના રહેતો નથી. જે ટારગેટ ઉછામણીની બોલી માટે નક્કી કર્યું હોય તે શરૂઆતમાં જ બોલે તેટલું પુણ્ય જલ્દી બંધાય.

પાલીતાણામાં ઓશવાલમાં ચાતુર્માસ હતું. અમેરિકાનો ૩૪-૩૫ વરસનો છોકરો પાલીતાણાની જાત્રા કરવા આવ્યો હતો. કહે 'અમેરીકાથી નીકળ્યો ત્યારે નિર્ધાર કરીને નીકળ્યો છું કે પાલીતાણાની યાત્રા કરવી અને ત્યાં જઈ પ્રક્ષાલથી માંડીને જેટલા ચડાવા થાય તે બધા લેવા. આંકડાની કોઈ ફીકર નથી.' યાત્રા કરવા ગયો. ઉપર દરબારમાં પહોંચ્યો ત્યારે પ્રક્ષાલનો ચડાવો પૂરો થઈ ગયો હતો. બાકી બધાનો ચડાવો પોતે લઈ પતાવીને પછી નીચે આવ્યો. આ સ્વાદવાળો માણસ કહેવાય. સ્વાદમાં વેપાર ન થાય. જુગારમાં સ્વાદ થાય. ૨૦૦૦નું ટાર્ગેટ હોય ને વેપારીને જેમ ૫૦-૧૦૦થી ચાલુ કરી ઓછામાં મળી જવાની વૃત્તિ- કયાં લઈ જશે તમને એ સંપત્તિ?

*'ધગધગતી મધ્યાહ્ને મ્હાલે, સાંજ પડે અકળાતું;*

*કંટક સાથે પ્રીત કરે ને, પુષ્પોથી શરમાતું... ઓ મન...તું જ નથી સમજાતું...*

*લોહની સાંકળે બંધાતું,...*

*અગમ-નિગમના ભેદ ઉકેલ્યા, જાણી મેં કંઈ વાતું,*

*ઓ મન! મારી બુદ્ધિના સમ, તું જ નથી સમજાતું...રે મન!...'*

★ શિલાન્યાસનો મહોત્સવ હતો. મૂહુર્ત નીકળ્યું. મોતીશા શેઠ બિમાર પડ્યા. શિલાન્યાસનો કાર્યક્રમ સ્થગિત કરવામાં આવ્યો. શેઠને ખબર પડી. પોતાની બિમારીના કારણે કાર્યક્રમ સ્થગિત થયેલ છે. બિમારી અસાધ્ય છે. મોત નક્કી છે. શેઠે જવાબ આપ્યો. મારું મોત થાય તો ભલે થાય, પણ શિલાન્યાસ અટકવો ન જોઈએ!

જીવનમાં ભાવ અને ભય ઉભા કરો.

ષટ્દર્શનની જ્ઞાતા મયણા પરણ્યાની પહેલી રાતે શ્રીપાળે તેને પોતાની પાસે આવવાની ના પાડી દીધી. પિતાના ઠપકાથી કોઢીયાને પરણીને સાસરે આવતાં ન રડનાર મયણા પતિની આટલી વાતથી રડી પડી. શ્રીપાળ કહે છે : 'આવું રતન મારા જેવા કોઢીયાના ગળે બાંધી તારા બાપે ભૂલ કરી છે.' મયણા રડતા કહે છે, 'તમારે જે કહેવું હોય તે કહો પણ આ ભવમાં હવે હું બીજાનો હાથ નહીં પકડું. એણે શ્રીપાળને નવપદની વિધિની આરાધના શરૂ કરાવી. અને શ્રીપાળની કાયાકંચન વરણી બની ગઈ. ઘરે આવી બંન્ને મા ને પગે લાગે છે. દીકરાનું આવું અનુપમ રૂપ જોઈ માં ને આશ્ચર્ય થાય છે. દીકરાને તેનું કારણ પૂછે છે, ત્યારે શ્રીપાળ કહે છે, 'આ બધો તારી વહુનો પ્રભાવ છે. વહુને પૂછ્યું. 'તેં દીકરા પર એવો કેવો જાદુ કર્યો કે એની કાયા કંચનવરણી બની ગઈ?' ત્યારે મયણા કહે છે : 'આ બધો ગુરુતત્વનો પ્રભાવ છે.' ગુરૂ પાસે જઈને પૂછે છે તો જવાબ મળ્યો. આ બધો નવપદનો પ્રભાવ છે.

સફળતાનો યશ બુદ્ધિ પોતાની પાસે રાખે છે; હૃદય સફળતાનો યશ બધાને સાથે રાખે છે.

ભાવના જ્ઞાનને ત્રણ ઉપમા આપી છે.

(૧) પૂર જેવું જ્ઞાન :- જે કચરો કિનારે હોય તેને સાફ કરવાની તાકાત પૂરમાં છે.

(૨) અગ્નિ જેવું જ્ઞાન :- બાળી નાંખે.

(૩) બોમ્બ જેવું જ્ઞાન :- બધું જ બાળીને સાફ કરી નાંખે.

બોમ્બ દુશ્મનને ખતમ કરે છે જયારે ભાવનાજ્ઞાન દુશ્મનાવટ ખતમ કરે છે. ભાવના જ્ઞાનની તાકાત એ છે કે એ તમારી પાસે હોય તો કોઈ તરે કે ન તરે પણ તમે અવશ્ય તરી જશો. એનાથી ઉલટું : ભાવના જ્ઞાન ન હોય તો કોઈને નુકશાન થાય કે ન થાય પણ તમારૂં અવશ્ય નુકસાન થાય છે.

મુક્તિભદ્ર વિજયના શિષ્ય - નરભદ્ર વિજય. કેન્સરનો રોગ હતો. અંતિમ સમયે નવકાર સંભળાવતા હતા. એમના ઉંહકારા ચાલુ હતા. સાધુએ પૂછ્યું, 'વેદના થાય છે?' ઈશારાથી ના પાડી. ફરી પાછળ કાન પાસે નવકાર સંભળાવવાનું ચાલુ કર્યું. ફરી તેમના ઉંહકારા ચાલુ થયા. ફરી

સાધુએ પૂછયું, 'રાડ શેની પાડો છો? વેદના થાય છે?' તો કહે, 'ના વેદના નથી થતી. પણ રોજ સાડા સાતસો લોગસ્સ કરવાનો મારો નિયમ છે. ૪૫૦ લોગસ્સનો કાઉસગ્ગ પૂરો થયો પણ હવે ૩૦૦ કયારે પૂરા થશે એની ચિંતા થાય છે.'

આરાધનાનો સ્વાદ છે....

લોગસ્સનો આસ્વાદ છે, તો

અંત સમયે સમાધિનો પ્રસાદ છે.

નિર્લેપતા આવી તો નિર્મોહીતા આવશે

સાચી નિર્ગ્રંથતા જન્મશે.

* *શ્રુતજ્ઞાન નથી તેની પાસે ચિંતાજ્ઞાન નથી.*
  *ચિંતાજ્ઞાન નથી તેની પાસે ભાવનાજ્ઞાન નથી.*

* *શ્રુતજ્ઞાનની ઉપેક્ષા કરે તે ભાવજ્ઞાન સુધી પહોંચે નહીં.*
  *ક્રિયાની ઉપેક્ષા કરે તે ધર્મક્રિયા સુધી પહોંચે નહીં.*

* *ભગવાનને કહો, 'ભગવાન તમે સર્વજ્ઞ છો, પણ અમે તમને સમર્થ માનીએ તો જ અમારૂં કામ પૂરું થાય.*

* *જનમ્યા ત્યારથી તમે સર્વજ્ઞ છો તે જાણીએ છીએ; પણ હવે તમને સમર્થ છો એવી અનુભૂતિ કરવી છે.*

* *સ્વાદ પકડાઈ ગયા પછી તમને છોડવા નથી.*

# १२ निःस्पृहाष्टकम्

स्वभावलाभात् किमपि, प्राप्तव्यं नावशिष्यते ।
इत्यात्मैश्वर्यसम्पन्नो, निःस्पृहो जायते मुनिः ।।१।।

(१) स्वभावलाभात्-આત્મ સ્વભાવની પ્રાપ્તિ થવાથી किमपि-બીજું કંઇ પણ प्राप्तव्यं-પ્રાપ્ત કરવા યોગ ન अवशिष्यते-બાકી રહેતુ નથી इति-એમ आत्म-ऐश्वर्यसंपन्नः-આત્માના ઐશ્વર્યને પામેલ मुनिः-સાધુ निःस्पृहः-સ્પૃહારહિત जायते-થાય છે.

(૧) આત્માના સ્વભાવ સિવાય બીજું કંઇ પણ મેળવવાનું બાકી રહેતું નતી એ પ્રમાણે આત્માના ઐશ્વર્યને પામેલો મુનિ નિઃસ્પૃહ થાય છે.[૧]

संयोजितकरैः के के, प्रार्थ्यन्ते न स्पृहावहैः ।
अमात्रज्ञानपात्रस्य, निःस्पृहस्य तृणं जगत् ।।२।।

(२) संयोजितकरैः-જોડેલા છે હાથ જેમણે એવા स्पृहावहैः-સ્પૃહાવાળા પુરુષોથી के के-કોણ કોણ प्रार्थ्यन्ते-પ્રાર્થના કરાતા ન-નથી? अमात्रज्ञानपात्रस्य-અમર્યાદિત જ્ઞાનના પાત્ર निःस्पृहस्य-નિઃસ્પૃહ મુનિને जगत्-જગત तृणं-તૃણ જેવું છે.

(૨) સ્પૃહાવાળા જીવો બે હાથ જોડીને કોની કોની પાસે માગતા નથી? અર્થાત્ જે જે દાતા મળે તે તે બધાની જ પાસે માગે છે. અપરિમિત જ્ઞાનના પાત્ર નિઃસ્પૃહ મુનિને તો આખું જગત તૃણ તુલ્ય છે.

छिन्दन्ति ज्ञानदात्रेण, स्पृहाविषलतां बुधाः ।
मुखशोषं च मूर्च्छां च, दैन्यं यच्छति यत्फलम् ।।३।।

(३) यत्-જે (લાલસારૂપ વિષલતા)નું फलम्-ફળ मुखशोषं-મુખનું સુકાવું मूर्च्छां-મૂર્છા च-અને दैन्यं-દીનતા यच्छति-આપે છે (તે) स्पृहाविषलता-સ્પૃહારૂપ વિષવેલડીને बुधाः-પંડિતો ज्ञानदात्रेण-જ્ઞાનરૂપ દાતરડા વડે छिन्दन्ति-છેદે છે.

(૩) જેનું ફળ ૧ મુખશોષ, મૂર્છા અને દીનતા આપે છે તે સ્પૃહારૂપ વિષવેલીને અધ્યાત્મના જ્ઞાની પંડિતો જ્ઞાનરૂપ દાતરડા વડે કાપી નાખે છે.

૧. જેમ વિષવેલીને ખાવાથી મુખશોષ=મોઢું સુકાઇ જાય, મૂર્છા=બેભાન દશા થાય, અને દૈન્ય=મોઢા ઉપર ફીકાશ આવે, તેમ સ્પૃહાથી યાચના કરતાં (બોલવાના યોગે) મુખશોષ=મોઢું સુકાય, (ધનરાગના યોગે) મૂર્છા=આસક્તિ

થાય અને (ન મળવાથી) દીનતા થાય.

निष्कासनीया विदुषा, स्पृहा चित्तगृहाद् बहिः ।
अनात्मरतिचाण्डाली-संगमङ्गीकरोति या ।।४।।

(૪) या-જે अनात्म-रति-चाण्डाली-संगम्-આત્માથી ભિન્ન પુદ્ગલમાં રતિરૂપ ચંડાલણનો સંગ अङ्गीकरोति-અંગીકાર કરે છે (તે) स्पृहा-તૃષ્ણા विदुषा-વિદ્વાન વડે चित्तगृहाद्-મનરૂપ ઘરમાંથી बहिः-બહાર निष्कासनीया-કાઢી મૂકવા યોગ્ય છે.

(૪) આત્મવિરુદ્ધ પુદ્ગલરતિ રૂપ ચાંડાલીનો સહવાસ સ્વીકારનારી સ્પૃહાને પંડિતે ચિત્તરૂપ ઘરમાંથી બહાર કાઢી નાખવી જોઇએ.

स्पृहावन्तो विलोक्यन्ते, लघवस्तृणतूलवत् ।
महाश्चर्यं तथाप्येते, मज्जन्ति भववारिधौ ।।५।।

(૫) स्पृहावन्तः-સ્પૃહાવાળા तृण-तूलवत्-તણખલા અને આકડાની રૂની જેમ लघवः-હલકા विलोक्यन्ते-દેખાય છે, तथा-તો अपि-પણ एते-એઓ भववारिधौ-સંસાર સમુદ્રમાં मज्जन्ति-બુડે છે. (આ) महाश्चर्यं-મોટું આશ્ચર્ય છે.

(૫) સ્પૃહાવાળા જીવો તૃણ અને આકડાના રૂ જેવા હલકા દેખાય છે, તો પણ તેઓ સંસાર રૂપ સમુદ્રમાં ડૂબે છે! આ મહાન આશ્ચર્ય છે. કારણ કે હલકી વસ્તુ ડૂબે નહિ.

આ વિશે એક વિદ્વાને કહ્યું છે કે-

तूलं तृणादपि लघु, तूलादपि हि याचकः ।
वायुना किं न नीतोऽसौ, मामयं प्रार्थयिष्यति ।।

તૃણથી આકડાનું રૂ હલકું છે, અને યાચક તો આકડાના રૂથી પણ હલકો છે. (ઉત્તરાર્ધનો ભાવ-)

પ્રશ્ન-તો પછી તૃણ અને રૂની જેમ યાચકને વાયુ કેમ ખેંચી જતો નથી?

ઉત્તર-મારી પાસે માગશે એવા ભયથી વાયુ તેને ખેંચી જતો નથી, અર્થાત્ યાચક જેમ બીજાની પાસે માગે છે તેમ જો હું તેને લઇ જઇશ તો કદાચ મારી પાસે પણ માગશે એવો ભય લાગવાથી વાયુ તેને ખેંચી જતો નથી.

गौरवं पौरवन्द्यत्वात्, प्रकृष्टत्वं प्रतिष्ठया ।
ख्यातिं जातिगुणात्स्वस्य, प्रादुष्कुर्यान्न निःस्पृहः ।।६।।

(६) निःस्पृहः-સ્પૃહારહિત पौरवन्द्यत्वात्-નગરવાસીઓને વંદન કરવા યોગ્ય હોવાથી स्वस्य-પોતાની गोरवं-મોટાઇને प्रकृष्टत्वं-સર્વોત્તમપણાને (અને) जातिगुणात्-ઉત્તમ જાતિ ગુણથી ख्यातिं-પ્રસિદ્ધિને प्रादुष्कुर्यात्-પ્રગટ न-ન કરે.

(૬) સ્પૃહારહિત સાધુ અહો ! હું તો નગરના લોકોને વંદનીય છું એવા ઘમંડથી પોતાની મોટાઇનાં બણગાં ન ફૂંકે, જુઓ, લોકોમાં મારી કેવી પ્રતિષ્ઠા-ખ્યાતિ છે એમ જ્યાં ત્યાં કહેતો ન ફરે, હું કેવા ઉચ્ચકુળનો છું એવા ગર્વથી પોતાની પ્રસિદ્ધિથી દૂર રહે.

भूशय्या भैक्षमशनं, जीर्णं वासो वनं गृहम् ।
तथापि निःस्पृहस्याहो, चक्रिणोऽप्यधिकं सुखम् ।।७।।

(७) अहो-આશ્ચર્ય છે કે निःस्पृहस्य-સ્પૃહારહિત મુનિને भूशय्या-પૃથ્વી રૂપ શય્યા भैक्षं-ભિક્ષાથી મળેલ अशनं-ભોજન, जीर्णं-જૂનું वासः-વસ્ત્ર, (અને) वनं-વનરૂપ गृहं-ઘર (છે) तथा-તો अपि-પણ चक्रिणः-ચક્રવર્તીથી अपि-પણ अधिकं-અધિક सुखं-સુખ છે.

(૭) પૃથ્વી એ જ શય્યા, ભિક્ષાથી મળેલો આહાર, જુનું વસ્ત્ર, અને વન એ જ ઘર હોવા છતાં સ્પૃહારહિતને ચક્રવર્તીથી પણ અધિક સુખ છે! આ એક આશ્ચર્ય છે.

परस्पृहा महादुःखं, निःस्पृहत्वं महासुखम् ।
एतदुक्तं समासेन, लक्षणं सुखदुःखयोः ।।८।।

(८) परस्पृहा-પર વસ્તુની ઇચ્છા महादुःखं-મહાદુઃખ રૂપ છે निःस्पृहत्वं-નિઃસ્પૃહતા महासुखम्-મહાસુખ રૂપ છે एतद्-આ समासेन-સંક્ષેપથી सुखदुःखयोः-સુખ અને દુઃખનું लक्षणं-લક્ષણ उक्तं-કહ્યું છે.

(૮) પરની=પુદ્ગલની ઇચ્છા મહા દુઃખ છે અને પરની=પુદ્ગલની ઇચ્છાનો અભાવ મહા સુખ છે. સુખ અને દુઃખનું સંક્ષેપથી આ લક્ષણ છે.

## ફરિયાદો નહીં, પણ ધન્યવાદ

- જે આત્માને ફરિયાદો ઓછી છે અને ધન્યવાદ આપવાનું વધું છે તે આત્મા સુખી છે.
- દવા, અનુપાન અને કુપથ્યના ત્યાગ વિના રોગ જાય નહિ તેમ શ્રદ્ધા અને કુનિમિત્તના ત્યાગ વિના દોષ જાય નહિ.
- ગમે તેટલો પણ ગાઢ અંધકાર દીવા આગળ કમજોર છે તેમ ગમે તેવા જાલીમ પાપ પરમાત્મા આગળ કમજોર છે.
- અનંતકાળના પાપોને સાફ કરી નાખવાની તાકાત માત્ર અંતમૂહૂર્તના શુકલ ધ્યાનમાં પડી છે.
- ધ્રુવના તારા જેવા છે સિદ્ધ ભગવંતો સ્વયં નિષ્ક્રિય પણ અનેકને સન્માર્ગ દેખાડી દે.
- ભાગ્યવાન બનવાના લક્ષવાળા પાપ કર્યા વિના નહિ રહે અને ભગવાન બનવાના લક્ષવાળા પાપ છોડ્યા વિના નહિં રહે.
- થઇ ગયેલા પાપોનો પશ્ચાતાપ હોય, પણ હતાશ ન થજો.
- એકલી સાધનાથી મોક્ષ નથી થતો. પરમાત્માની અનંત કરુણા જરૂરી છે.

અનંત ઉપકારી, પરમ કરુણાકારી ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ 'નિસ્પૃહતા' અષ્ટકના શ્લોકો દ્વારા સ્પૃહાથી પાછા વળવાની પ્રેરણા અને માર્ગદર્શન આપે છે. આત્મસ્વભાવની પ્રાપ્તિ બાદ બીજું કંઇ મેળવવાનું ય છે શું? સાધુ પણ સ્પૃહા રહિત બને છે ત્યારે આત્માનું ઐશ્વર્ય પામે છે. જેના જીવનમાં સતત ફરિયાદો છે અને યોગ્યને ધન્યવાદ આપવાની વૃત્તિ નથી તે વધારે દુ:ખી બને છે. આપવાનું વધારે રાખો, જોઇએ છે ની ઘટમાળ ઓછી કરો. મને જે મળ્યું છે તે મારી પાત્રતા કરતાંય વધારે છે. આ ભૂમિકાનો વિસ્તાર કરતા જાઓ. આનાથી ફરિયાદો ઘટતી જશે અને ધન્યવાદની પ્રવૃત્તિ પાંગરતી રહે.

દુનિયાના મેદાનમાં ધન્યવાદ આપવાના નિમિત્તો ઘણા છે પણ આપણી કંજુસાઇ છે. સ્વભાવમાં ઉદારતા આવતી નથી. સામાવાળા પ્રત્યે સહાનુભૂતિ પ્રગટતી નથી. ધન્યવાદ અપાતા નથી અને ફરિયાદો ઘટતી નથી એ આપણી

લાચારી છે. આપણા જીવનમાં બિંદુ જેટલી સાધના છે અને સિંધુ જેટલા પાપો છે છતાં ઇચ્છાઓ રાખે કે કોઇ મારી પ્રશંસા કરે. આપણા શરીર પરથી કોઇ રાખ ઉડાડી દે તેને પણ ધન્યવાદ આપવા. રાખ ઉડાડી દે અંગારા તો નથી ચાંપી દીધાને? ધન્યવાદ આપવાની સાચી ભાવના જ મોક્ષ સુધી પહોંચાડશે. પ્રભુની અનંતી કરુણા પામવાની પાત્રતા ઊભી કરવાનું આ પરિબળ છે.

વ્યવહારના ક્ષેત્રમાં રોગ આવે ત્યારે ત્રણ કારણ પાળો તો જ રોગ જાય.

૧. દવા લેવી પડી, ૨) અનુપાન સાથે લેવી પડે અને કુપથ્યનો ત્યાગ કરવો જ પડે.

દવામાં રોગથી મુક્ત કરવાની તાકાત છે. પણ અનુપાન દવાની ગરમી ઓછી કરે છે. પણ કુપથ્યનો ત્યાગ તો કરવો જ પડે. અધ્યાત્મ જગતમાં દવાની જગ્યાએ સાધના મૂકી છે. અનુપાનની જગ્યાએ શ્રદ્ધા મૂકી છે અને કુપથ્ય ત્યાગની જગ્યાએ પાપ નિમિત્તોનો ત્યાગ મૂક્યો છે. અભવી આગળ સાધના છે પણ તેનો મોક્ષ નથી કારણ તેની પાસે શ્રદ્ધા જ નથી. સમકિત પાસે શ્રદ્ધા છે માટે મોક્ષ છે.

**કંડરિક મુનિ ક્યાં તૂટ્યા?**

રાજાના ઘરનું ભોજન પ્રિય ન હતું ત્યાં સુધી સુખી હતા જ્યારે એ ભોજન પ્રિય લાગ્યું. શ્રમણ જીવનની શ્રદ્ધા જ ગઇ. એ ભોજનની સ્પૃહાને પૂર્ણ કરવા જતા જીવનનો અંત આવી ગયો અને સાતમી નરકના દુ:ખમાં ધકેલાઇ ગયા. આપણે ક્યાં તૂટ્યા? ઢોર માંદો પડે તેની સામે ગમે તેટલો લીલો ચારો મૂકવામાં આવશે પણ તે તેમાં મોઢું નાંખશે નહિ. આપણી સામે મસાલાને ચટાકા દેખાયા નથી ને 'પડશે એવા દેવાશે' એ ભૂમિકા આવી જતા વાર નથી લાગતી. માંદો માણસ દવા મોડી લે તે ચાલે પણ કુપથ્ય તો પહેલા જ છોડવા પડે.

આંખમાં વિકાર પેદા થાય અને દેરાસરે ન જાય એ ચાલે પણ તેને પિક્ચરનો ત્યાગ તો કરવો જ પડે. હરિભદ્રસૂરિ કહે છે આપણા માટે કુપંથ્યનો ત્યાગ એ પડકાર છે. 'ચિત્તગૃહાદિ બહિ' આખું ચારિત્ર જીવન પૂર્વે કરેલા પાપનું પ્રાયશ્ચિત સિવાય બીજું કશું નથી. સંપત્તિનું દાન એ પાપનું પ્રાયશ્ચિત સમજો છો? દાન સ્વતંત્ર ધર્મ નથી. અમારા જીવનમાં શરીરના પાપ છે

માટે અભયદાન મૂક્યું છે. અહંકારના પાપ છોડવાની ભૂમિકા છે. આલોચના અને અભિમાનમાં ફરક છે. ૩૫ ઉપવાસની આરાધના આલોચના માટે કોઇ કરે તેને અભિમાન કરવા જેવું શું છે? તમારી ખોવાયેલી ચીજ પાછી મળે તેનો આનંદ હોય અભિમાન નહીં. સાધના કરતા પૂર્વે કરેલા પુદ્ગલોની ખોવાયેલી મૂડી તમને પાછી મળે તેમાં આનંદ આવે, અભિમાન નહીં. તમે સંપત્તિનું દાન કરો છો તે પ્રાયશ્ચિત માટે નથી કરતા પણ દાન કરતા અહંકાર પેદા કરો છો.

ભવ આલોચના લેવા આવનારની ભાવના એમજ હોય 'વહેલી તકે પૂરી કરીશું.' સાધના કોઇપણ હોય પણ દોષથી કલુષિત છે. સાધના કરતા પૂર્વે કરેલા પુદ્ગલોની મૂડી પાછી મળે અને પુણ્યબંધ થાય. આમ બે લાભ થાય. સંપત્તિનું દાન કરતા પણ બે લાભ થાય. ગયા જન્મના પાપ તૂટે અને આવતા જન્મમાં ભૂલેચૂકેય પાપનો બંધ થવા ન દે. દોષ ભયંકર હોય તેને આરાધના વધુ કરવી જ પડે. એક જવાબ આપો-

પાપો ચિક્કાર કર્યા છે માટે ભગવાન નથી બન્યા? પરમાત્મા નથી બન્યા માટે પાપો કરીએ છીએ? દીવડો નથી માટે અંધકાર છે. ભગવાન નથી માટે પાપો છે. એક વાત ધ્યાનમાં રાખશો પરમાત્મા કરતાંય પાપને વધુ તાકાતવાળું માનવું એ મિથ્યાત્વ છે. આપણું લક્ષ નિશ્ચિત નથી. ૧૩મા ગુણસ્થાનકે પાપ કેટલા? ૧૩મા ગુણસ્થાનકે બેઠેલો આત્મા ભગવાન બની શકે. તમે ભગવાનને સ્થાન આપો. મિથ્યાત્વના રાજમાં ખળભળાટ થઇ જશે. કાળામાં કાળા પાપો તોડવાની તાકાત પરમાત્મામાં છે. ભેજ લાગવાના કારણે દીવાસળી સળગતી નથી તો પણ આપણને વિશ્વાસ છે કે ભેજ ઓછો થયા પછી એ અવશ્ય સળગશે. પ્રભુની પ્રતિમા સામે છે આપણે પાગલ નથી બની શકતા કારણ શ્રદ્ધાની કચાશ છે. હૃદય પથ્થર જેવું બની ગયું છે. પ્રભુના નામનો હૃદયમાં દીવો પ્રગટાવો.

પ્રશમરતિ ગ્રંથમાં જણાવ્યું છે કે કોઇપણ આત્મા શુકલધ્યાન કે શ્રપકશ્રેણી પામે ત્યારે એ ધ્યાનમાં અગ્નિની ભૂમિકા હોય છે. અનંતકાળના પાપોને બાળવાની તાકાત અગ્નિમાં હોય છે. એક વ્યક્તિનું સુકૃત તેની ધ્યાન અગ્નિમાં છે. આપણી પાસે આવી શ્રદ્ધા ક્યાં છે? સાધના શ્રદ્ધા વિના કરવા જાય તો અભવીના આત્માના ભવ પણ કપાતા નથી. અણાહારી પદ જોઇએ એમ કહેનારને હોટેલમાં લઇ જાઓ તો એ આવવા તૈયાર ન થાય. આપણે

નક્કી કરવું છે પાપો છોડવા છે કે ભગવાન બનવું છે? પાપો છોડવા એ જિંદગીનું ટારગેટ છે. અનીતિના માર્ગે જનાર નક્કી કરશે મારે પ્રભુ બનવું છે. એ અનિતિ છોડતો જશે. મોક્ષે જવું હોય તો હવે ફરિયાદોની એન્ટ્રી ઓછી કરતા રહો.

**પરોપકાર કરો પણ કેવા?**

દીકરાને બાપે શિખામણ આપી હમેશા પરોપકારનું કામ કરજે. દીકરાએ મગજમાં વાત ઉતારી. એક દિવસ પોતાના ઘરના કૂતરા ટોમીને લઇને સવારના ફરવા નીકળ્યો. ઘરે આવીને પપ્પાને કહે આજે હું પરોપકારનું કામ કરી આવ્યો. બાપાએ પૂછ્યું 'શું કર્યું? આજે સવારના ટોમીને લઇને ફરવા નીકળ્યો ત્યાં રસ્તામાં એક ભાઇને ટ્રેનમાં જવાનું હતું. સ્ટેશને પહોંચતા ૨૫ મિનિટ થઇ જાય તેમ હતું. ટ્રેન છૂટી જવાની શક્યતા હતી. એને સ્ટેશને પહોંચાડી આવ્યો. બાપા પૂછે છે તારી પાસે પૈસા તો હતા નહીં. હા, પૈસા ન હોતા પણ આપણા ટોમીને એની પાછળ દોડાવ્યો કે એ પાંચ મિનિટે સ્ટેશને પહોંચી ગયો. આપણે આપણા આત્માનો સાચો પરોપકાર કરવો છે. સિદ્ધના જીવો પોતે ભલે કાંઇ કરતા નથી પણ હજારોને સન્માર્ગે ચડાવે છે. ધ્રુવનો તારો અંધારામાંય અજવાળુ પાથરે છે. અંધારામાંય દિશાનો રસ્તો સરળતાથી શોધી શકાય છે. આનંદઘનજી મહારાજ કહે છે કે હે પ્રભુ! તારા વર્ણન સાંભળી અમારા પગ ધરતી પર ટકતા નથી પણ તારા જેવું બનવાનું અમારું લક્ષ છે. આપણી ભૂમિકા આ ખરીને? દુકાને માણસ જાય, દુકાન ખોલે એમાં બનાવેલ મંદિરનો પડદો ઊંચો કરી દર્શન કરે ત્યાં ઘરાક આવે તો પડદો પાછો પાડી દે ને?

**કૂતરાઓનું સંમેલન :**

અમેરિકામાં દુનિયાભરના કૂતરાઓનું સંમેલન ભરાયું. દરેક દેશ-પ્રાંતોથી કૂતરાઓ આવ્યા. ભારતનાય કૂતરાઓ ગયેલા. ત્યાં ચીન અને ભારતના બે કૂતરાઓ વાતચીત કરી રહ્યા હતા. ભારતના કૂતરાએ પૂછ્યું તમારે ત્યાં તમને ખાવાની, પીવાની અને રહેવાની સગવડ કેવી મળે? સુખી ખરા? ચીનનો કૂતરો કહે ઓહો! અમને ખાવા-પીવામાં કોઇ કંજૂસાઇ નડતી નથી. ગાડીમાં ફરવાનું, રોજ સુગંધી સાબુથી નાહવાનું, શેઠના બંગલામાં રહેવાનું. તમને પણ ત્યાં આવું સુખ હશેને? ના રે ભાઇ ના, અમારે તો આવા સુખ માત્ર વિચારોમાં જ રાખવાના. રોટલો મેળવવા ય માર ખાવો

પડે. ઓટલા પર રહેવા મળે એય ઘણું. નહાવાની વાત પણ ન થાય. દુઃખ દુઃખ ને દુઃખ જ છે. ચીનનો કૂતરો કહે અમારે ભારત આવવું હોય તો આવવા મળે કે નહિ? ભારતનો કૂતરો કહે હું અમારે ત્યાંના દુઃખના વર્ણન કરું છું ને તારે ભારત આવવું છે? ભારત આવવાની જીદ પકડે છે. ભારતનો કૂતરો કહે કે આ જીદનું કાંઇ કારણ? ત્યારે ચીનનો કૂતરો બોલ્યો આમ તો અમારે ત્યાં સુખ જ સુખ છે અને તમારે ત્યાં દુઃખ જ દુઃખ છે છતાં અહીં એક દુઃખ છે ચીનમાં કૂતરાઓને ભસવા મળતું નથી. કાયદો બહુ ખરાબ છે. તમો ત્યાં ભસી તો શકો છો?

કૂતરાઓનો જો ભસવાનો સ્વભાવ છે તો મારે ભગવાન બનવાનો સ્વભાવ હોવો જોઇએ. અનુત્તરનાદેવો પણ માનવના દેહને ઝંખે છે. નવ મહિના સ્ત્રીની કૂખમાં વેદના સહેવી પડે તેનો વાંધો નથી. પણ માનવગતિમાં જ પરમાત્મા બનવાની તાકાત છે. ભગવાન કહે છે કે અનંતકાળના તમારા પેમેન્ટનું ઋણ બાકી છે. અનંતકાળના ઋણનું પેમેન્ટ બાકી છે છતાં આપણે તીર્થંકરોની અવગણના કરતા રહ્યા છીએ. આપણે એમની કેટલી અવગણના કરી તોય તેમણે આપણને શ્રુતદાન આપ્યું. આપણે એમની બાદબાકી કરી પણ એમણે આપણી બાદબાકી નથી. ભાગ્યવાન નહી, ભગવાન બનવાની સ્પૃહા એકમાત્ર રાખવા જેવી છે.

ભગવાન અને ભગવાનના ગુણોનું આકર્ષણ વધારો.

## યાત્રા, વૈરાગ્યની...

- અગવડ એ દુ:ખ, સગવડ એ સુખ પણ પરસ્પૃહા એ દુ:ખ છે નિસ્પૃહતા સુખ છે.
- ઇચ્છાઓ સફળ બને છે પુણ્યથી જ્યારે ઇચ્છાને પેદા જ થતી અટકાવવાનું કામ ધર્મનું છે.
- ઇચ્છા સફળ ન થાય એના કરતા ઇચ્છા સફળ બની જાય પછીનું દુ:ખ ભારે છે.
- પદાર્થ ક્ષેત્રે આસક્તિ ભયંકર તો જીવ ક્ષેત્રે અધિકાર ભયંકર.
- શરીરને પુનરાવર્તન ફાવે છે. જ્યારે મનને પરિવર્તન વિના ચેન નથી.
- રાગના ક્ષેત્રે એકને પકડી રાખે એનો રાગ તૂટતો જાય વૈરાગ્યના ક્ષેત્રે એકને પકડી રાખવાથી એનો વૈરાગ્ય મજબૂત થતો જાય.
- ઘરમાં આવતી નવી વસ્તુ જૂના રાગને મજબૂત કરતી જાય છે.
- ઇચ્છાની ગુલામી એ છે રાગ, ઇચ્છા પર કાબુ એ છે વૈરાગ્ય ઇચ્છાનો સર્વથા અભાવ એ વિતરાગતા.

અનંત ઉપકારી, કલ્યાણકારી, સર્વ જીવોના મંગલને ઇચ્છતા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા જ્ઞાનસારના આધારે આપણી ભ્રમણાઓ ભાંગે છે. આપણે જે સુખ દુ:ખની વ્યાખ્યાએ કરી છે તે સાવ ખોટી છે. સગવડમાં સુખનો અનુભવ અને અગવડ થાય તો દુ:ખ અનુભવીએ. બીજા પર અપેક્ષા રાખીએ એ કાંઇ સુખ નથી. હરિભદ્રસૂરિ કહે છે કે કોઇની અપેક્ષા રાખે નહિ એના જેવો કોઇ સુખી નથી. ઇચ્છા પેદા જ ન થાય એ સુખની અનુભૂતિ જુદી અત્રે ઇચ્છા પ્રમાણે મળે એ સુખની અનુભૂતિ જુદી. એક ઇચ્છા પાછળ સો ઇચ્છાઓ જન્મે.

ધર્મ તત્વથી સાધના થાય, પણ પુણ્યતત્વથી ઇચ્છાપૂર્તિ થાય. દુ:ખો ચિક્કાર છે માટે જીવનમાં હોળી સળગે છે. દુ:ખ દૂર કરવાના બે વિકલ્પ છે.

- જડ તત્વની ડીમાન્ડ ઓછી કરો.
- જીવ તત્વ પ્રત્યે કમાન્ડનો આગ્રહ છોડી દો.

પરમાત્મા પ્રત્યે રાગ વધારવા જેવો છે. સંયમી પાસે શું હોય? ઇચ્છાઓને નિર્મળ બનાવવાની ભાવના જ હોય.

હીરસૂરિ મ.ની કૃપાએ ચંપા શ્રાવિકાએ છ મહિનાના ઉપવાસ કર્યા. અકબરે ચંપાને પૂછ્યું 'તમે આવા છ મહિનાના ઉપવાસ કેવી રીતે કરી શક્યા?' ચંપાએ કહ્યું : દેવગુરુ પસાય. ચંપાએ પહેલા અકબર પાસે દેવતત્વનું ત્યાર પછી ગુરુતત્વનું કેવું અદ્‌ભુત વર્ણન કરે છે. સાંભળી અકબર દંગ બને છે. તેને ગુરુને મળવાની લાલચ થાય છે. તમે તમારા ગુરુ તત્વનું વર્ણન કેવી રીતે કરો. અરે ક્યાં જમવા ગયા હો અને આઇટમો સરસ હોય તો સામે પાસે કેવું વર્ણન કરો કે એને થાય હું રહી ગયો ખરુને? અકબરે હીરસૂરિને પધારવાનું આમંત્રણ આપ્યું જગદ્‌ગુરુએ એની વિનંતીને ચોખ્ખી ના પાડી પણ જ્યારે ચંપા શ્રાવિકાને અકબરે વિનંતી કરવાનું કહ્યું ત્યારે શ્રાવિકાની વિનંતીથી પધાર્યા. રાગ કરતા વૈરાગ્યનું સુખ ઘણું છે. ના પાડવાની ખુમારી એ વૈરાગ્ય છે. હા પાડવાની લાચારી એ રાગનું લક્ષણ છે. રાગી પાસે વસ્તુપાત્ર પદાર્થની ના પડાવવી એ મુશ્કેલ જ્યારે વૈરાગી પાસે હા પડાવવી મુશ્કેલ. ના પાડવાની ખુમારી નિર્માણ કરો. અમુક સમય, અમુક સ્થળે અમુક ક્ષેત્રમાં ખુમારી કેળવો.

- દા.ત. પર્યુષણમાં આઠ દિવસ ધંધાની ચર્ચા બંધ રાખવી.
- કુમારપાળનો ચાર મહિનાનો અભિગ્રહ રાજમહેલ, ઉપાશ્રય, દેરાસર છોડી ક્યાંય જવું નથી.
- આજેય એવા શ્રાવકજન છે કે સાંજ પડ્યા પછી વાહનનો ઉપયોગ બંધ.
- ભુજમાં એક શ્રાવક ચાર માસ ગામ બહાર જતા નથી.

રાગની ચિનગારી ભલે પ્રગટે પણ દાવાનળ ન થાય એનાથી સાવચેત રહેશો. રાગને તોડી ન શકો તો દબાવતા જાઓ. તોડવાનું કામ તકલીફવાળુ જ છે. પરિવર્તન પામતા મનને સ્થિર બનાવવાનો પ્રયત્ન એ સાધુજીવન છે. તમારા ઘરમાં કે દુકાનમાં નોકરો પૈસાના કારણે હશે તો તમને છોડી જશે પણ તમો પૈસા સાથે પ્રેમ આપતા જશો તો તમને છોડશે નહિ.

**૧૬ વર્ષની સાધના :**

વાચસ્પતિ મંડન મિશ્ર ગ્રંથનું સર્જન કરી રહ્યા હતા. રાતનો સમય હતો. ગ્રંથ પૂરો થવા આવ્યો હતો. દીવાની જ્યોતમાં લખી રહ્યા હતા, દીવામાં

તેલ ખૂટવા આવેલું. એક સ્ત્રી આવીને તેમાં તેલ પૂરવા લાગી તે વાચસ્પતિએ જોયું એને નવાઇ લાગી એને પૂછ્યું ત્યારે એ સ્ત્રીએ કહ્યું કે હું તમારી પરણેતર છું. તમારી ધર્મપત્ની છું. કોડિયામાં તૂલ પૂરવાના બલિદાન રૂપે આજે ૧૬ વર્ષે હું ધન્ય બની આજે નજર તમારી મારા પર પડી. ત્યારે ઓરડાની બહાર આવી વાચસ્પતિ કહે છે મારા સર્જનના ધન્યવાદ કરતા તારા ધન્યવાદ જબ્બર છે. પહેલા આ ગ્રંથનું નામ બીજું રાખવાનો હતો હવે એ ગ્રંથને તમારું નામ આપીશ. એક શિષ્ય એક ગુરુને પકડે તેનું જીવનભર સુધી અકલ્યાણ થતું નથી. રાગને તોડવાની ભૂમિકા લાવો. તમારા દુ:ખના બે કારણો છે.

૧. જગતની ઇચ્છા પ્રમાણે ચાલો છો.

૨. તમારી ઇચ્છા મુજબ જગતને ચલાવવા જાઓ છો.

હું કોની ઇચ્છા પ્રમાણે પ્રવચન આપું છું? મારા ગુરુદેવની ભાવના સફળ બનાવી તો ૩૧ વર્ષ આ ચાલ્યું. આપણી ઇચ્છા પ્રમાણે ઘર ચલાવશો તો સંઘર્ષોની હારમાળા જ ચાલશે.

● રામચંદ્રજી વનવાસ જતા હતા. જનક પાસે આશિષ લઇ લક્ષ્મણ માતા સુમિત્રાના આશિષ લેવા ગયા. ભાઇ-ભાભી જંગલમાં જાય છે માટે મારે જવું છે તેમની સાથે. સુમિત્રા કહે છે બેટા મારી જવાની ના નથી, મારે તને કાંઇક પૂછવું છે જવાબ આપ. ઉપકારીના મુખે બધી આજ્ઞા સાંભળી સાંભળ્યા પછી 'પણ' શબ્દ ન આવવો જોઇએ.

૧. તને સીતામાં હજી ભાભીના દર્શન થાય છે? લક્ષ્મણ કહે છે કાંઇ સમજ્યો નહીં. ત્યારે સુમિત્રા કહે છે સાંભળ, એમની સાથે જંગલમાં જાય છે તો મારી ત્રણ વાતો યાદ રાખજે.

● રામને પિતા જનકના સ્થાને માનજે.

● સીતામાં સુમિત્રાને જોજે.

● જંગલને અયોધ્યા માનજે. જો આમ માનીને વનવાસ જઇ રહ્યો હોય તો મારા તને આશીર્વાદ છે.

રાગમાં એકને પકડશો તો રાગ તૂટતો જશે. ચોમાસામાં ચાર મહિના સાંભળેલા પ્રવચનો વિચાર પરિવર્તન માટે હોય છે. જ્યારે બાકીના આઠ મહિના સાંભળેલા પદાર્થો મુજબ આચાર પરિવર્તન કરવાનું હોય છે. એકના એક ભગવાન પાછળ પાગલ બનો. અહીં ઘર દેરાસર કેટલા

ઘરે? ભગવાન ઘરમાં આવે તો આશાતના થાય એવું કોણે ક્હયું? પ્રવચનો આપતા અમે બધાએ ટી.વી.ની ભયાનકતા કહી કોઇ અટકી ગયું? માથું દુ:ખે તો દવા લેવાય પણ માથું કાપી ન નખાય? ઘરમાં માસિક ન પળાતું હોય તો પ્રયત્ન કરાય પણ ભગવાન લાવવાનું ન અટકાવાય. પરમાત્માની મૂર્તિ સિવાયનું ઘર ભિખારીનું ઘર છે.

- મુંબઇના સંઘોમાં પ્રવચનો ચાલ્યા એમાં આ વાત મૂકાતી.

એક ભાઇ મળવા આવ્યા. કહે દેરાસર બનાવવાનું મન થાય છે. પણ વિધિવિધાન સાચવવા પડે તે તકલીફ છે. સાચા દીકરા-દીકરીના મા-બાપ બને તેને હજાર પળોજણ હોય એનાં કરતા બજારમાંથી ઢીંગલા-ઢીંગલી ઘરમાં લાવી દો પછી કોઇ પંચાત નહીં. હૃદયમાં જેને પરમાત્માની તલપ હોય એ ભગવાન ઘરે લાવ્યા સિવાય રહે નહિ.

- એક છીંક આવે ને પ્રભુનું નામ લેવાવાળા છે. રાગ તોડવો પડશે, વૈરાગ્ય કેળવવો પડશે અને વીતરાગતા તરફ આગળ વધવું પડશે.

બાર મહિના સુધી જે ચીજનો ઉપયોગ ન થાય તે મને આપી દેશો નક્કીને? પૂર્વના કાળમાં રાગ જલ્દી તૂટતો હતો. આજના કાળે વૈરાગ્ય જલ્દી તૂટે છે. રાગને તોડવા ઘણા બધા ઉપાયો છે. જાપના નિદાનો છે.

- ચોક્કસ સમય, ચોક્કસ સ્થળ, ચોક્કસ દિશા (ઉત્તર/પૂર્વ), ચોક્કસ માળા, મનની પ્રસન્નતા આટલું સાચવી જાપ કરો પરિણામ આવશે. પરમાત્માની પૂજા મધ્યાહન કાળે કરો.
- ઉપરનું એક નવું વસ્ત્ર લીધું હોય અને એના મેચીંગ માટે બીજું નવું વસ્ત્ર જોઇએ આ વિચાર કરવો એ અમારા માટે પ્રાયશ્ચિત છે. રાગની પુષ્ટિ કરી છે. એક ચીજના અભિગ્રહમાં લાખો ઇચ્છાઓ ખલાસ થઇ જાય છે.

જામનગર ચાતુર્માસમાં એક બારી પાસે બેઠક રાખેલી એક ભાઇ આવીને કહે તમને આખો દિવસ આ આસને બેઠેલા જોઉં છું ક્યારેય ઊભા થઇને બહાર જોવાની ઇચ્છા નથી થતી. અમે તો ઘરમાં એક જગ્યાએ વધારે વખત બેસીએ જ નહીં આખો દિવસ ઘરમાં ભૂતની જેમ ફરતા રહીએ. એને જવાબ આપ્યો. જેને અંદરમાં જોવાનું ઘણું છે એને બહાર જોવાનું કાંઇ રહેતુ નથી.

બીજાની ઉપેક્ષા કરો. સુખી થશો.

બીજાની અપેક્ષા વધારશો દુ:ખી થશો.

અમારી પાસે કપડા છે પણ દરજીની જરૂરત પડતી નથી. વાળ છે પણ હજામની જરૂર પડતી નથી. દંડાસણ વગેરે છે. ફર્નિચર કે સુતારની જરૂર પડતી નથી.

પૂર્વનો કાળ સરળ હતો. રાગના આટલા બધા ક્ષેત્રો ન હતા. આજના કાળે રાગના ક્ષેત્રો એટલા બધા છે કે વૈરાગ્ય પેદા થતો જ નથી.

- સોક્રેટીસને મ્યુઝિયમ જોવાનું થયું. જીવન જરૂરીયાતની ઘણી વસ્તુઓ જોઇ. આ મ્યુઝિયમ જોતા ત્યાંના માણસોએ પૂછ્યું કેવું લાગ્યું? એણે જવાબ આપ્યો મારા જીવન માટે બીનજરૂરી વસ્તુઓ આ જગતમાં છે એ જોઇ મને નવાઇ લાગે છે.

  તમારા પુણ્યનો ઉદય છે. વસ્તુઓ નવી નવી આવતી જાય છે. રાગ ગાઢ બનતો જાય છે. પૂર્વે પ્રવચન આપતા પછી સકળ સંઘ પ્રવચનમાં સાંભળેલી વાતો પર અભિગ્રહ સ્વીકારતો. અમુક વસ્તુના રાગને તોડવા મનને ન પૂછાય. દૂધ લેવા જનારે બિલાડીને મિડીયમ ન બનાવાય. તમારા પ્રોબ્લેમ સોલ્વ કરવા મનને મીડીયમ બનાવશો કદાપિ સફળ નહીં બનો.

- કપડવંજના રવીન્દ્રભાઇ વકીલ કોઇ પ્રવચને ઊભા થયા અને કહે, જીવનભર પિક્ચર ન જોવાના પચ્ચખ્ખાણ આપી દો. બાજુમાં તેમના પિતા બેઠા હતા એ કહે-દીકરા નિયમ સ્વીકારે તેનો મને વાંધો નથી પણ ખબર છે તારું હમણાં વેવિશાળ થયું છે. પરણીને આવનાર કન્યાને પિક્ચર જોવાનો શોખ હશે ત્યારે તું શું કરીશ? રવીન્દ્ર પિતાને આપેલો જવાબ સાંભળવા જેવો છે. પપ્પા, વેવિશાળ થયું છે તે મને યાદ છે પરણીને આવનાર કન્યા જો મને પરણે તો વાત પણ પિક્ચર જોવાના શોખ ખાતર મને પરણે અને એનાથી સંબંધ ટકતો હોય તો ખુશીથી તેમને ના પાડી દેજો. મને જરાય અફસોસ નહીં થાય. ધર્મ કરતા દીકરા-દીકરીઓ સાથે પોતાના સંતાનોના વેવિશાળ કરવા આજના મા-બાપ તૈયાર નથી. કંદમૂળ, હોટેલ, પિક્ચર કે ફરવાના શોખ ધરાવતા સંતાનો સાથે સંબંધ બાંધવા બધા તૈયાર છે.

આજે છૂટાછેડાના પ્રમાણો વધી ગયા. કારણ શું? સંસ્કારો પ્રત્યેની ઉદાસીનતા સેંકડો મા-બાપોની આજે વેદના છે. ધર્મી સંતાનો સાથે સંબંધ બાંધવા જલ્દી તૈયાર થતા નથી..

**રાગ ઘટાડો - વૈરાગ્ય વધારો :**

*જીવનમાં આરાધના કરવા માટે વિષય-કષાયની મંદતા જરૂરી છે. તે* વૈરાગ્યથી આવે છે. વૈરાગ્યમાંથી વિવેક ઉત્પન્ન થાય છે. વૈરાગ્ય વિના વિવેક પણ નાશ પામે છે. વિવેકના આધારે અનેક ગુણોની ઉત્પતિ અને વૃદ્ધિ થાય છે. આરાધના પણ વિવેક પર આધારિત છે. સાધુ જીવનમાં ખાસ વૈરાગ્ય વધારવાની જરૂર છે.

- વૈરાગ્યના કારણે આચારની ચુસ્તતા આવે છે. આચારની શિથિલતા વૈરાગ્યની મંદતા છે.
- કોઇની પણ સારી અને સાચી વાત વૈરાગ્યવાન આત્મા સમજી શકે છે. સ્વીકારે પણ છે.
- વૈરાગ્યવાળો આત્મા ક્યારે આમન્યાનો ભંગ કરતો નથી.
- વૈરાગ્ય સદ્‌ભાવનાને નિરંતર પ્રર્વતાવે છે. જેથી જીવ ક્યારેય દુર્ભાવ અને દુર્ધ્યાનમાં નથી પડતો.
- વૈરાગી આત્મા ભૂલે તો એને સન્માર્ગે વાળી શકાય છે. પાછા વળવાની યોગ્યતાવાળો બને છે. વૈરાગ્ય વિનાનો પોતાનો બચાવ કરે છે.
- વૈરાગ્ય ગુણોને પોષણ આપે છે. દોષો દૂર કરાવે છે.
- વૈરાગી આત્મા અપમાન આદિ સહન કરી કર્મનો વિચાર કરે છે. પરિસ્થિતિ નભાવી લે. ટાપટીપ ન હોય. ખાવા-પીવા-કપડા-વસ્તુ *વગેરેમાં ક્વોલિટીની મમતા ન હોય.* સમુદાય પ્રત્યે ઉપકાર બુદ્ધિ સિવાય વિશેષ આકર્ષણ ન હોય.

સંસારીઓને વિષયો ખાનપાનના જ્યારે સંયમીને તપ-ત્યાગ-સંયમ ભાવના અને જ્ઞાન ધ્યાનમાં છે. વૈરાગ્યના કાર્યો વધારશો. સંસારનો આનંદ છોડવો છે. સંયમનો આનંદ વધારવો જ છે. એ ભાવના...

## બંધન જાણો, બંધન તોડો

- રાગનું બંધન અને દ્વેષનું બંધન આ બંધનો છૂટે તો પ્રભુતા મળે.
- કામરાગ-સ્નેહરાગ, દૃષ્ટિરાગને સમજો.
- ઇચ્છાઓને શાંત કરો પછી સંત બનો.
- સંતોષ એટલે ઇચ્છાનો ક્ષયોપશમ.
- ઇચ્છાની ભભૂતથી અવધૂત બનાય અન્યથા ભૂતની જેમ રખડે.

મહાન ઉપકારી જીવન માર્ગના દાતા ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજા જ્ઞાનસારના 'નિસ્પૃહતા' અષ્ટકમાં આપણને બંધનોની સમજ આપી બંધનોથી મુક્ત બનવાની પ્રેરણા આપે છે. બંધનો બે પ્રકારના છે. રાગનું બંધન અને દ્વેષનું બંધન. જેમ સ્નેહનું બંધન તોડવું કઠિન છે તેમ દ્વેષનું બંધન તોડવું કઠિન છે. બન્ને ન છૂટે ત્યાં સુધી સંસાર ન છૂટે.

રાગ એટલે રસ, રુચિ, પ્રીતિ, સ્નેહ, પ્રેમ, વહાલ, આસક્તિ, મમત્વ, ભલી લાગણી, ઘેલછા વગેરે દ્વેષ એટલે અરુચિ, અપ્રીતિ, વહેમ, ઘૃણા-નફરત, ઇર્ષ્યા, અદેખાઇ, ક્રોધ, રીસ, તોછડાઇ, અભિમાન, તિરસ્કાર, ડંખ, કિન્નાખોરી, વૈર, વૈમનસ્ય વગેરે.

દ્વેષ વધુ ઘાતક છે. મારક છે. પરંતુ ખરેખર તો 'રાગ' જ વધુ વિઘાતક છે. ખતરનાક છે. બરછટ બંધન જલ્દી છૂટે પણ સુંવાળુ બંધન ઝટ તોડવાનું મન ન થાય.

'રાગ'ને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યો છે. ૧. કામરાગ, ૨) સ્નેહરાગ, ૩) દૃષ્ટિરાગ. વિષય વાસનાથી કોઇને ગમાડીએ, ઇચ્છીએ તે કામરાગ. લોલુપ આંખો અને ચંચળ ચિત્ત ધરાવતા લોકોમાં તે જોવા મળે. પોતામાં માનેલા લોકો અને પદાર્થો તરફનો લગાવ, મમત્વ, પક્ષપાત તે સ્નેહરાગ દુનિયામાં બધે જ જોવા મળે. પોતે જે માન્યુ, સમજ્યા, સ્વીકાર્યું તે જ સાચું બાકી બધું ખોટું, બધા ખોટા આવી સ્થિતિ તે દૃષ્ટિરાગ. આ હોય ત્યાં સત્યનું દર્શન ન લાધે. સત્યનો માર્ગ દેખાડનાર પ્રત્યે રાગ ન થાય. અસત્ય માર્ગ અને તેના દર્શક સાચા અને સારા લાગે.

આ ત્રણેયથી બચવાની વાત આ અષ્ટકે કરી છે. જિનશાસન તો

વૈરાગ્યનું શાસન છે. વૈરાગીઓનું શાસન છે. આપણને મળેલ આ શાસનનો પરમાર્થએ એક જ. પુદ્ગલના, શરીરના તેમજ બીજા ભૌતિક પદાર્થોના રાગમાં રાચ્યા-માચ્યા નહી રહેવું. શરીરનો પૂરો ઉપયોગ મોહવૃત્તિને ખતમ કરવામાં અને વૈરાગ્યને જાગૃત કરવામાં કરી લેવાનો છે. આટલી સમજણ કેળવાશે તો દીક્ષા/ચારિત્ર-સંયમ પ્રત્યે આદર આવશે. સાત્વિક અને ત્યાગભર્યું જીવન જીવવાની દાનત જાગશે.

શાસ્ત્રોમાં એક દૃષ્ટાંત આવે છે, એક શ્રીમંત શેઠ મોટી ઉંમરે નવી કન્યા સાથે પરણ્યા. નવા પત્ની યુવાન, રૂપવાન અને વળી પ્રેમાળ પણ ઘણાં. આથી શેઠને તેમના પર અનહદ આસક્તિ બંધાઇ ગઇ.

ઉંમર ઉંમરનું કામ કરે જ. શેઠ ઘરડા થયા અને કર્મયોગે માંદા પડતાં પથારીવશ થયા. પત્નીએ પણ મન મૂકીને ચાકરી કરવા માંડી. તોતે જોઇને શેઠનો રાગ પણ વધતો જ ગયો.

શેઠ ધર્મી જીવ, તેથી તેમને ત્યાં સાધુ સાધ્વીજી પણ પધારે. સુપાત્રદાનનો લાભ હોંશે હોંશે લઇને બન્ને માણસો પોતાને ધન્ય માને. એકવાર, મંદવાડ દરમિયાન જ એક મુનિરાજ પધાર્યા. શેઠાણી શેઠની સારવારમાં રોકાયેલાં, પણ મુનિરાજ પધાર્યાનો ખ્યાલ આવતાં જ તે બધુ પડતું મૂકીને દોડ્યાં. શેઠ પણ પ્રેમથી તેમને દોડતાં જતાં જોઇ રહ્યાં.

પહેલાંના મકાનોના દરવાજા નીચા અને વળી લાકડાના. એમાં ઘણીવાર ખીલા પણ જડેલા હોય, એટલે એકથી બીજા ખંડમાં જતાં નીચા નમવું જ પડે. શેઠાણી ઉતાવળમાં આ વાત વીસરી ગયા અને રસોડાના દરવાજે મારેલો ખીલો તેમના કપાળમાં ભોંકાઇ ગયો! તત્ક્ષણ બેભાન અને લોહીલુહાણ! સ્વજનો અને નોકરો દોડી આવ્યા, ચાંપતી સારવાર આરંભાઇ. પણ આ ક્ષણોમાં પેલા શેઠની સ્થિતિ ભારે કફોડી થઇ ગઇ. 'પોતે ઉભા થઇ શકે તો શેઠાણીની પૂરેપૂરી કાળજી પોતે જ રાખી શકે, પણ આ પળે પોતે તેમ કરી નથી શકતા, તે કેટલું વસમું છે!' આવી વાસનામાં તે રીબાવા લાગ્યા અને શેઠાણીની ચિંતા તેમને કોરી ખાવા લાગી. આવા તણાવમાં જ તબિયતે પલટી ખાધી અને શેઠાણીનું રટણ કરતાં એ ધર્મી શેઠનું અવસાન નીપજ્યું. જ્ઞાનીઓ કહે છે કે એવા દુર્ધ્યાનમાં મરેલા તે શેઠ, પેલી શેઠાણીના કપાળે પડેલા ઘાના પાકમાં કીડા તરીકે અવતર્યા!

આસક્તિ અને દુર્ધ્યાનનો અંજામ કેવો આવે છે; મનુષ્યભવ પામવો

કેટલો કઠિન છે, તો તે ગુમાવવો કેટલો સહેલો છે, તે વાત આ દૃષ્ટાંત આપણને સમજાવી જાય છે.

પૂ.આ.ભ. શ્રી યશોવર્મસૂરિજીએ 'વિક્રમકૃપા'ના અંકમાં મઝાનું ચિંતન આલેખ્યું છે. એમની શૈલીમાં જાણો-

**ઇચ્છાઓને શાંત કરો :**

આજે નહિં તો કાલે પણ આપણે આ સત્યને સ્વીકારવું જ પડશે. કે આપણી તમામ અશાંતિનું મૂળ આપણી ઇચ્છા જ છે. આપણને જો શાંતિ જોઇતી હોય તો આપણે આપણી ઇચ્છાઓને શાંત કરવી જ પડશે. બાકી... ઇચ્છાઓને શાંત કર્યા વગર કોઇને શાંતિ મળી હોય તેવું આ સંસારમાં ક્યાય કે ક્યારેય બન્યુ નથી. કારણ કે ઇચ્છાનો સ્વભાવ છે એ જતી જતી બીજીને મુકતી જ જાય એટલે જ-

**'ઇચ્છાથી તૃપ્ત નથી બનાતું મુક્ત જરૂર બનાય''.**

ઇચ્છાથી કોઇ તૃપ્ત બન્યુ હોય એવો દાખલો અખિલ બ્રહ્માંડે નથી. જે ક્ષણિક તૃપ્તિ દેખાય છે, તે તો ખરજવાને ખણવાથી થતી ખુશી જેવી છે. ખરજવાને ખણ્યા પછી જે બળતરાને વેદના છે. એ જ બતાવે છે કે ખણવાથી શાંતિ નથી મળતી, મળે છે એ તો માત્ર એક આભાસ છે. ઇચ્છા માત્ર ચળ છે, જેમ ચરે છે ખણ્યા પછી...

એટલે જ સમજુ જનો ખણવાની ના પાડે છે... ઇચ્છાથી મુક્ત થવા પ્રયત્ન કરો, એને શાંત પાડી દો... એને પૂરી કરવાના પ્રયત્નો સરવાળે દુ:ખના દાવાનલને જ લગાડે છે...

જંબુસ્વામીના રાસમાં રસમય કથા આવે છે, મધુબિંદુની... એક પથિકની પાછળ જંગલી હાથી પડ્યો છે. પેલો માણસ હાથીથી બચવા મુઠ્ઠીઓ વાળીને જંગલમાં દોડે છે, હાંફી જાય છે, થાકી જાય છે, છેલ્લે એક મોટું વડનું ઝાડ એ જુવે છે ને દોડીને એ જાજરમાન ઘટાદાર વડ ઉપર ચડી જાય છે, અને એની વડવાઇયો પકડી લટકી પડે છે... પેલો જંગલી હાથી દોડતો ઝાડ પાસે આવ્યો, ને ભયંકર ચીંઘાડ નાંખી એણે, વડના ઝાડને હચમચાવી નાખ્યું, પેલો ડરતો ને ધ્રુજતો માણસ વિચારે છે, વડ જો તુટી પડશે તો હાથી મને ચગદી નાખશે, ને એની નજર ઉપર જાય છે, ઉપર બે ઉંદરડા વડની વડવાઇને પોતાના તીક્ષ્ણ દાંતથી કાતરી રહ્યા છે, માણસ વિચારે છે,

આ કાળા ધોળા ઉંદર વડવાઇને કાતરી નાખશે, હું નીચે પડીશ ને નીચે નજર કરે છે, તો ત્યાં કુવો છે, એમાં ચાર ભીમકાય અજગરો ફૂંફાડા મારી રહ્યા છે. લબકારા મારતી એમની ઝેરી જીભોને... લાલઘૂમ બનેલી એમની ભયાનક આંખો એને ગળી જવા તૈયાર થઇને બેઠા છે. એ ડરી ગયો, એ થીજી ગયો, ભયથી એક ચીસ એના મોઢેથી નીકળી ગઇ, પણ ત્યાંજ... હાથીએ હલાવી દીધેલા વડલાની ઉપર બેઠેલી હજારો મધમાખીઓ મધપૂડામાંથી ઊડીને સીધી જ આ માણસ પર તૂટી પડી, ભયાનક ડંખની વેદનાથી એણે ચીસ પાડી, પણ ત્યાંજ.... કમાલ થઇ, હલી ગયેલા મધપૂડામાંથી એક મધનું ટીપુ આ માણસના મોઢામાં પડ્યું... અને એ મધના ટીપાની મીઠાશે આ માણસ ભાન ભૂલી ગયો, અને...

**ભાન ભૂલે તે જ ભય ભૂલે...**

એ બધા જ ભયને ભૂલી ગયો, હાથીનો ભય, કતરાતી વડવાઇઓ, નીચે ફૂંફાડા મારતા અજગરોને, ડંખ દેતી મધમાખીઓના ઝેરથી આવનારું મોત... એ બધું જ ભૂલી ગયો, ને.. મધના ટીપા પીવામાં મસ્ત બની ગયો. કથા કહે છે...

આ બાજુ એક દયાળુ વિદ્યાધર ત્યાંથી પસાર થયા, એણે જોયું આ બિચારો મરી જશે, એમણે પોતાનું વિમાન બાજુમાં લીધું ને કહ્યું... ભાઇ! તું વિમાનમાં આવીજા, તને સહીસલામત જગ્યાએ મુકી દઉં, પેલો કહે... બસ આવું... આ એક મધનું ટીપું પી લઉં એટલી વાર...

વિદ્યાધર કહે! લઇ લે.. લીધું?.. હવે ચાલ... બસ આ એક ટીપું એક ટીપું કરતા કરતા કલાકો નીકળી ગયા. વિદ્યાધર કહે! તારે બચવું છે કે નહીં?... હું જાઉં... ના...ના... દયાળુ... એક મિનિટ ઊભા રહો... બસ આ છેલ્લી વાર... હવે પછી નહી... અને ફરી ખૂબ ઊભા રહ્યા... તો'ય પેલો.... બસ આ છેલ્લું ટીપું... હવે પૂરું... કરતો રહ્યો.. કથા એમ કહે છે વિદ્યાધર ચાલ્યા ગયા... પણ ટીપું છેલ્લું ના થયું... યાદ રહે..

પ્રભુ વીરનો અમર ઉપદેશ... જે એમની અંતિમ દેશનામાં પ્રભુશ્રીએ ઉચ્ચાર્યો હતો કે....

**'ઇચ્છા હુ આગાસ સમા અણંતયા''** (ઉત્તરાધ્યયન-૯/૪૮)

ઇચ્છા આકાશ જેવી એન્ડલેસ છે, અનંત છે... ઇચ્છાનો અંત નથી આવતો, ઇચ્છુકનો અંત આવી જાય છે... ટીપાને માટે તલાવ જેટલી જીંદગી

માણસ ખોઇ નાખે છે... ઇચ્છાએ વિષકન્યા છે, એને સેવનારો અંતે બરબાદ થનારો હોય છે.

વિશ્વના શ્રેષ્ઠ વિચારક પૂજ્યપાદ ઉપાધ્યાય યશો વિ.મ. સાહેબે અષ્ટાક્ષરમાં હસ્તાક્ષર આપીને કહ્યું છે...

**''પરસ્પૃહા મહાદુ:ખં.'' ''ઇચ્છા મહાદુ:ખ છે.''**

જો કે દારૂડીયાને દારૂ દુ:ખ છે, તે નથી સમજાતુ, એટલા માત્રથી દારૂને સુખનું લેબલ આપનારો માણસ બુદ્ધિનો બ્રહ્મચારી જ કહેવાશે...

પ્રાજ્ઞ અને પ્રૌઢ પુરૂષોએ ઇચ્છાને જે દુ:ખનું, અજંપાનું કારણ કહ્યું છે, તે ખૂબ ચિંતન-મનન અને મંથન કર્યા બાદ કહ્યું છે... નહિ તો શું ઓછું હતું સિકન્દર પાસે? એમ કહે છે... એક સંત જોડે સિકન્દર એક દિવસ સવાલ જવાબમાં ઉતરી પડ્યા.

સંતે કહ્યું- ક્યા હૈ? સિકન્દર, ક્યું આયા?

સિકન્દર કહે મેરી ખ્વાઇશે પૂરી હો ઐસે આશીર્વાદ દીજીયે. મુઝે ભારત પે ચઢાઇ કરની હૈં ઔર ઉનપે વિજય મિલાના હૈ.

સંત કહે ફીર આગે... ક્યા કરેગા?

સિકન્દર કહે- ફીર ઇરાનકો જીતુંગા.

સંત કહે ફીર, ચીન, ફીર... ધીરે ધીરે પૂરી દુનિયા જીત લુંગા.

સંત કહે ફીર...

સિકન્દર કહે ફીર મૈં આરામ સે રહુંગા.

સંત કહે ફીર.... ફીર શાંતિ સે જીન્દગી પૂરી કરુંગા. સંતે જોરદાર હસીને ધારદાર શબ્દો કહેલા... રે.. પાગલ વો તો તું અભી ભી કર સકતા હૈ, ઇનકે લીયે ઇતની જફાયે ક્યું?... બોલ ક્યું?... ઇંટનો જવાબ પથ્થરથી ને પથ્થરનો જવાબ તલવારથી આપવા ટેવાયેલો સિકન્દર નિરૂત્તર બની સંતને ઝૂકી ગયો....

સિકન્દરની જ આ વાત નથી પણ... ક્યારેક વિચારશું તો લાગશે... આપણીય દોટ કંઇક આવી જ છે... શું ઓછુ છે માણસ પાસે?... ખાવાને બે ટંક રોટલા છે... ઉંચા ઓટલા છે... ભર્યા પોટલા છે... તો'ય એના ઉધામા એટલા ને એટલા જ છે... કારણ તપાસશું તો આની પાછળ મળશે માત્ર ઇચ્છા....

૬૫ હજાર કરોડના માલિક ઇન્ડસ્ટ્રી દુનિયાના બેતાજ બાદશાહ... ધીરૂભાઇ અંબાણી... એમ કહે છે કે છેલ્લે સુધી પ્લાનમાં જ રમતા રહ્યા... આવેલા ભયાનક એટેક પછીય એમની ઇચ્છા અટકી નો'તી...

ધીરૂભાઇ હોય કે ધીરીયો હો... આખીર ચાર રોટલીથી વધારે કોણ ખાઇ શકવાનું ?...

યાદ રહે... દુનિયાનો મોટામાં મોટો શ્રીમંત પણ બે કોળીયા સાથે નથી ખાઇ શકતો, ને... બે પલંગ પર એક સાથે નથી સૂઇ શકતો... કે... બે કાનથી જુદું જુદું નથી સાંભળી શકવાનો કે નથી... એક જીભથી બે સ્વાદ સાથે લઇ શકવાનો... તે છતાંય.. માણસ જંપીને બેસતો નથી અથવા બેસી શકતો નથી... એનું સાચું કારણ હોય તો ઇચ્છા છે...

પૂણીયા પાસે શું હતું !... છતાં એની પાસે જે હતું તે રાજગૃહીમાં કદાચ કોઇ પાસે નો'તું...

આજનું લાવેલું આજે જ ખાવાનું... કાલ માટે કંઇ રાખવાનું નહી... કેવું મસ્ત અને મોજભર્યું જીવન... અને આવા જીવનનું રહસ્ય હતું... ઇચ્છાથી મુક્તિ.... જેનું નામ કહી શકાય સંતોષમય જીવન...

**સંતોષ એટલે ઇચ્છાનો ક્ષયોપશમ...**

એજ રાજગૃહીમાં... સગા દીકરાએ ઉઠીને પોતાના મહાન બાપને જેલમાં કેદ કર્યા હતા... કોણિકે... રાજા શ્રેણિકને જેલમાં નાંખીને રોજ હંટરના સો સો માર મરાવેલા... કારણ હતું... ઇચ્છા...

કોણિકને રાજ્ય કબ્જે કરવાની ઇચ્છા... બાકી કોણિકને શું ઓછુ હતું. જે માણસને મળેલાને માણવા નથી દેતી, અને વધુમાં મળેલાને જાણવા નથી દેતી.

વિખ્યાત લેખક ટોલ્સટોયે એક ચિંતન પ્રેરક કથા લખી છે... એક માણસ ઉપર રાજા ખુશ થઇ ગયો અને કહ્યું... તું અહીંથી દોડવાનું શરૂ કર, જેટલું દોડીને પાછો આવીશ એટલી જમીન તારી, જેટલી જમીનની ઇચ્છા હોય તેટલું દોડ, પણ સૂર્યાસ્ત સુધીમાં તારે અહીં આવી જવાનું, સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં તું જેટલુ દોડીને અહીં પાછો આવે એટલી જગ્યાનો માલિક તું.... રાજાની સાથે આખું ગામ ઉમટ્યું, બધાના મનમાં ખાતરી છે, આજે આ માણસ હજારો એકરનો-અનેક ગામોનો માલિક બની જશે.

સૂર્યોદયથી એણે દોડવાનું ચાલુ કર્યું, એક ગામ વટાવ્યું, એક શહેર વટાવ્યું. દશ વાગ્યા, એને થયું હવે પાછો વળું, આટલી વિશાળ જમીનનો હું માલિક બની જઇશ. પણ મનમાં થયું થોડુંક આગળ જઉં, એ બીજા શહેરને વટાવી ગયો, પછી થયું, હજુ તો ઘણો સમય છે, આગળનું શહેર ખૂબ માલદાર છે એનો માલિક બની જાઉં. એ શહેરને વટાવી ગયો. હવે પાછો વળું, પણ ત્યાંજ થયું હજુ થોડુંક આગળનું ગામ ખૂબ સુખી છે. કથા એમ કહે છે - પછી એ માણસે પાછા વળવાની શરૂઆત કરી, એણે જોયું સૂર્યાસ્ત થઇ જશે તો? ખૂબ દોડ્યો, ખૂબ દોડ્યો...

કથા કહે છે! રાજા નગરજનો બધા જ ઊભા છે ને એ દોડતો હાંફતો જ્યારે મૂળ જગ્યા પર આવ્યો ને સૂર્યાસ્તની તૈયાર થતાં એ છલાંગ મારી સૂઇને નિશાનીને અડ્યો, ને સૂર્યાસ્ત થયો... હજારો ખેતરોનો ગામડાનો એ માલિક બની ગયો, પણ અફસોસ, એ સુતો તે સુતો જ રહ્યો, ખૂબ મેળવવાની લ્હાયમાં એણે પ્રાણ ખોઇ નાખ્યા, કાશ! થોડોક સંતોષ કર્યો હોત તો?... ઇચ્છાને થોડીક ઓછી કરી હોત તો?... ઇચ્છા ન જ કરી હોત તો?...

ગઇકાલના નરસિંહ મહેતાને નજરમાં લાવીયે ને, વિચારીયે મહેતા કેવી મોજમાં હતા ને થોડુક આજ તરફ ફરીયે, હર્ષદ મહેતા કેવા બોજમાં હતા, આ મોજ અને બોજમાં ખોજ કરીયે તો ઇચ્છાનો જ ફાળો મળશે.

આવો! ઇચ્છાને શાંત કરીયે. સંત તો બનાય ત્યારે બનશું, પણ શાંતિ તો મળશે જ, ઇચ્છાને શાંત કરવાથી, બાકી સંતને'ય શાંતિ તો જ મળે કે એ ઇચ્છાને શાંત કરે.

**''ઇચ્છાની ભભૂત બનાવે, તે જ સાચા અવધૂત બને, બાકી ઇચ્છા તો ભૂત બનાવે.''**

ઇચ્છાને તજે, આશાને તજે, તે જ અવધૂત... કેટલું સરસ લખ્યું છે આનંદે....

**''અત્તરના એકેક બુંદમાં ફૂલડાં શહીદ થયેલા જોયા,**<br>
**નાનકડા એકેક બીજમાં વડલા કેંક સૂતેલા જોયા,**<br>
**નેહ નીતરતી નાની આંખે સુંદરતાના મેળા જોયા,**<br>
**કટુ વેણની એક જ ઠેસે દીલના કાચ તૂટેલા જોયા,**

બુઝદિલના કો લુખ્ખા હાસ્યે આંસુ લાખ થીજેલા જોયા,
શંકાના કો' વિષ ઘુંટમાં દીર્ઘ પ્રેમ મરેલા જોયા,
આશ તણા કાચા દોરે જીવતર કૈંક ઝૂકેલા જોયા,
આશ તજી અવધૂત બનેલા મસ્ત ફકીરો વિરલા જોયા
છેલ્લે.... કાંટાથી કાંટો નીકળે એમ....
પ્રભુ! ઇચ્છા શાંત થાય એ જ મહેચ્છા....

# १३ मौनाष्टकम्

मन्यते यो जगत्तत्त्वं, स मुनिः परिकीर्तितः ।
सम्यक्त्वमेव तन्मौनं, मौनं सम्यक्त्वमेव वा ।।१।।

(१) यः-જે जगत्-तत्त्वं-જગતના સ્વરૂપને मन्यते-જાણે છે सः-તે मुनिः-મુનિ (છે એમ) परिकीर्तितः-કહેલ છે. तत्-તેથી सम्यक्त्वम्-સમ્યક્ત્વ एव-જ मौनं-મુનિપણું (છે) वा-અથવા मौनं-મુનિપણું सम्यक्त्वम्-સમ્યક્ત્વ एव-જ છે.

(૧) જગતના તત્વોને જાણે તે મુનિ એમ તીર્થંકરોએ કહ્યું છે. આથી સમ્યક્ત્વ જ મુનિપણું=મુનિનો ધર્મ છે, અથવા મુનિપણું એ સમ્યક્ત્વ જ છે.

અહીં એવંભૂતનયની દૃષ્ટિએ મૌનની=મુનિધર્મની વ્યાખ્યા કરી છે. (એવંભૂત નય તે જ જ્ઞાનને પરમાર્થથી જ્ઞાન માને, કે જે જ્ઞાનથી સમ્યક્ત્વ રૂપ ફળ મળ્યું હોય. એ નય સમ્યક્ત્વને પણ ત્યારે જ માને કે જ્યારે સમ્યક્ત્વનું આત્મરમણતા રૂપ ફળ મળ્યું હોય. આવું સમ્યક્ત્વ મુનિમાં જ હોય. કારણ કે મુનિમાં જ આત્મરમણતા હોય. આત્મરમણતા મુનિપણું=મુનિધર્મ છે. હવે બીજ વાત. નિશ્ચય (એવંભૂત) નયની દૃષ્ટિએ ઉપાદાન કારણ અને કાર્ય અભિન્ન છે=એક જ છે. પ્રસ્તુતમાં સમ્યક્ત્વ મૌનનું=મુનિધર્મનું કારણ છે. આથી નિશ્ચયનયની (એવંભૂત નયની) દૃષ્ટિએ સમ્યક્ત્વ અને મૌન જુદા નથી=એક જ વસ્તુ છે. આનો અર્થ એ થયો કે સમ્યક્ત્વ એ જ મુનિપણું છે, અથવા મુનિપણું એ સમ્યક્ત્વ જ છે. આવું મૌન અને સમ્યક્ત્વ (મુખ્યતયા સાતમે ગુણસ્થાને) અપ્રમત્ત મુનિને હોય છે.[1]

आत्माऽऽत्मन्येव यच्छुद्धं, जानात्यात्मानमात्मना ।
सेयं रत्नत्रये ज्ञप्ति-रुच्याचारैकता मुनेः ।।२।।

(२) आत्मा-આત્મા आत्मना-આત્માથી आत्मनि-આત્મામાં एव-જ शुद्धं-કર્મરૂપ ઉપાધિથી રહિત आत्मानं-આત્માને यद्-જે जानाति-જાણે છે सा-તે इयं-આ रत्नत्रये-જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ ત્રણ રત્નમાં ज्ञप्ति-रुचि-आचार-एकता-જ્ઞાન-શ્રદ્ધા-આચારની અભેદ પરિણતિ मुनेः-મુનિને હોય છે.

---

૧. આચા. અ.૫.ઉ.૩ સૂ. ૧૫૫, શ્રીસીમંધર સ્વામીનું સવાસો ગાથાનું સ્તવન ત્રીજી ઢાળ ગાથા ૨૬. અ.સા. ગા. ૧૫૭

(૨) આત્મા આત્માથી આત્મામાં જ શુદ્ધ આત્માને જાણે એ (જાણવું) જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ત્રણ રત્નો વિષે જ્ઞાન, રુચિ અને આચારની એકતા છે. આવી એકતા મુનિને હોય છે. જ્ઞાતા આત્મા છે, માટે કર્તા આત્મા છે. શુદ્ધ સ્વભાવ રૂપ આત્મામાં જ જાણવાનું છે, માટે આધાર પણ આત્મા છે. આત્મા જ્ઞાનરૂપ છે અને જ્ઞાનરૂપ વીર્ય વડે જાણવાનું છે, આથી આત્મા જ કરણ છે. શુદ્ધ=કર્મની ઉપાધિથી રહિત આત્માને જાણવાનો હોવાથી આત્મા જ કર્મ છે.

* મુનિનું આ પ્રમાણે જાણવું એ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણે રૂપ છે. કારણ કે જાણવા રૂપ પ્રવૃત્તિમાં શુદ્ધ આત્માનો બોધ એ જ્ઞાન છે, (બોધથી થતો) આત્માના શુદ્ધ સ્વભાવનો નિર્ધાર એ રુચિ છે, અને (રુચિથી થતો) આચારનો અભેદ પરિણામ એ આચાર છે. આથી મુનિને એવં ભૂત નયની દૃષ્ટિએ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણે એક સ્વરૂપ જ છે, જુદા નથી. મુનિના જ્ઞાનાદિ રત્નત્રયમાં અભેદ પરિણામ હોય છે. અર્થાત્ આ જ્ઞાન છે, આ દર્શન છે, અને આ ચારિત્ર છે એવો ભેદ પાડી શકાતો નથી. એક સ્વરૂપ બની ગયેલા દૂધ-પાણીમાં આ દૂધ છે અને આ પાણી છે એવો ભેદ ન પાડી શકાય. તેમ પ્રસ્તુતમાં નિશ્ચયનયથી મુનિના જ્ઞાનાદિરત્નત્રયનો ભેદ પાડી શકાતો નથી.[1]

चारित्रमात्मचरणाद्, ज्ञानं वा दर्शनं मुनेः ।
शुद्धज्ञाननये साध्यं, क्रियालाभात् क्रियानये ॥३॥

(૩) शुद्धज्ञाननये-શુદ્ધ જ્ઞાનનયના અભિપ્રાયે मुनेः-મુનિને आत्मचरणाद्-આત્મામાં ચાલવાથી चारित्रं-ચારિત્ર ज्ञानं-જ્ઞાન वा-અથવા दर्शनं-દર્શન साध्यं-સાધ્ય છે. क्रियानये-ક્રિયાનયના અભિપ્રાયે क्रियालाभात्-જ્ઞાનના ફળ સ્વરૂપ ક્રિયાના લાભથી (મુનિને જ્ઞાન-દર્શન-ચારિત્ર સાધ્ય છે.)

(૩) આ ગાથામાં મુનિને જ્ઞાન-દર્શન-ચારિત્ર કેવી રીતે સાધ્ય બને છે=પ્રાપ્ત કરી શકાય છે તે જણાવ્યું છે. ક્રિયાનયના અભિપ્રાય મુજબ ક્રિયાલાભથી જ્ઞાન-દર્શન-ચારિત્ર સાધ્ય છે=પ્રાપ્ત કરી શકાય છે. ચારિત્રનું પાલન કરવાથી એટલે કે આવશ્યકાદિ ક્રિયાઓ કરવાથી ચારિત્ર સાધ્ય છે, અર્થાત્ જે શ્રદ્ધાપૂર્વક ચારિત્રની આવશ્યકાદિ ક્રિયાઓ કરતો હોય તેનામાં ચારિત્ર, જ્ઞાન અને દર્શન એ ત્રણ છે. શ્રદ્ધાપૂર્વક જિનદર્શનાદિ ક્રિયાથી દર્શન-

૧. યો. પ્ર. ૪ ગા. ૨.

જ્ઞાન સાધ્ય છે, અર્થાત્ જે શ્રદ્ધાપૂર્વક જિનદર્શનાદિ ક્રિયા કરતો હોય તેનામાં દર્શન-જ્ઞાન છે આવું મંતવ્ય ક્રિયાનયનું છે.

હવે જ્ઞાનનયનું મંતવ્ય જોઇએ. શુદ્ધજ્ઞાનનય (જ્ઞાનઅદ્વૈતનય)ના અભિપ્રાય મુજબ આત્મચરણથી, એટલે કે નિજ શુદ્ધસ્વભાવમાં રમણતાથી, જ્ઞાન, દર્શન અને ચારિત્ર સાધ્ય છે=સિદ્ધ થાય છે. નિજશુદ્ધસ્વભાવમાં રમણતા વિના ન તો જ્ઞાન સિદ્ધ થાય, ન તો દર્શન સિદ્ધ થાય અને ન તો ચારિત્ર સિદ્ધ થાય, અર્થાત્ જે નિજશુદ્ધસ્વભાવમાં રમણતા કરતો હોય તેનામાં જ ચારિત્ર-જ્ઞાન-દર્શન છે. ચારિત્રની આવશ્યકાદિ ક્રિયાઓ કરવા છતાં જે નિજશુદ્ધ સ્વભાવમાં રમણતા કરતો નથી તેનામાં ચારિત્ર તો નથી, પરંતુ દર્શન-જ્ઞાન પણ નથી.

**પ્રશ્ન**-પરમાર્થથી નિજશુદ્ધસ્વભાવમાં રમણતા રૂપ ચારિત્ર છે. આથી શુદ્ધજ્ઞાનનયની દૃષ્ટિએ નિજશુદ્ધસ્વભાવમાં રમણતા વિના ચારિત્ર ભલે સાધ્ય ન બને, પણ જ્ઞાન-દર્શન સાધ્ય કેમ ન બને? દર્શનમોહ કર્મના ક્ષયોપશમાદિથી દર્શન સાધ્ય બને છે. જ્યાં દર્શન હોય ત્યાં જ્ઞાન હોય જ. આથી ચતુર્થાદિ ગુણસ્થાને રહેલા જીવોમાં ચારિત્ર નથી, છતાં દર્શન-જ્ઞાન છે.

**ઉત્તર**-પહેલાં તમે અમારો (શુદ્ધ જ્ઞાનનયનો) સિદ્ધાંત સમજી લો. પછી તુરત તમારા પ્રશ્નનું સમાધાન થઇ જશે. જે જ્ઞાન-દર્શન પોતાનું કાર્ય કરે તેને જ અમે પરમાર્થથી જ્ઞાન-દર્શન કહીએ છીએ. જેમ કે સિગારેટ પીવાથી શરીરને નુકશાન થાય છે એવું જ્ઞાન થયું, રુચિ (સિગારેટને છોડી દેવાની ભાવના) પણ થઇ, છતાં જો તે સિગારેટને છોડે નહિ તો એ જ્ઞાન અને રુચિ શા કામનાં? જે વસ્તુ પોતાનું કાર્ય ન કરે-ફળ ન આપે તે વસ્તુ શા કામની? એટલે અમે અહીં આવાં જ્ઞાન-રુચિને માનતા જ નથી. હા, જો એ ખરેખર સિગારેટ પીવાનું છોડી દે તો અમે એનાં જ્ઞાન-રુચિને માનીએ. પ્રસ્તુતમાં જ્ઞાન-શ્રદ્ધાનું ફળ=કાર્ય નિજશુદ્ધસ્વભાવમાં રમણતા રૂપ ચારિત્ર છે. આથી જ્યાં સુધી નિજશુદ્ધસ્વભાવમાં રમણતા ન આવે ત્યાં સુધી અમે દર્શન-જ્ઞાન માનતા જ નથી. આ જ હકીકત પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ હવે પછીના બે શ્લોકોથી સ્પષ્ટ કરે છે.

यतः प्रवृत्तिर्न मणौ, लभ्यते वा न तत्फलम् ।
अतात्त्विकी मणिज्ञप्ति-मर्णिश्रद्धा च सा यथा ।।४।।

तथा यतो न शुद्धात्म-स्वभावाचरणं भवेत् ।
फलं दोषनिवृत्तिर्वा, न तज्ज्ञानं न दर्शनम् ॥५॥

(૪-૫) यथा-જેમ यतः-જેથી मणौ-મણિમાં प्रवृत्तिः-પ્રવૃત્તિ न-ન (થાય) वा-અથવા तत्फलम्-પ્રવૃત્તિનું ફળ लभ्यते-મળે न-નહિ सा-તે मणिज्ञप्तिः-મણિનું જ્ઞાન च-અને मणिश्रद्धा-મણિની શ્રદ્ધા अतात्त्विकी-અવાસ્તવિક છે. (૫) तथा-તેમ यतः-જેથી शुद्ध-आत्मस्वभाव-आचरणं-શુદ્ધ આત્મસ્વભાવમાં આચરણ वा-અથવા दोषनिवृत्तिः-દોષની નિવૃત્તિ રૂપ फलं-ફળ न-ન भवेत्-થાય तत्-તે ज्ञानं-જ્ઞાન न-નથી (અને) दर्शनम्-શ્રદ્ધા न-નથી.

(૪-૫) જેમ મણિ લેવાની પ્રવૃત્તિ ન થાય, અથવા (પ્રવૃત્તિ તો થઇ પણ) પ્રવૃત્તિનું અલંકારાદિમાં જડવા આદિ રૂપ ફળ ન મળે તો તે મણિનું જ્ઞાન અને 'આ મણિ છે' એવી મણિની શ્રદ્ધા અતાત્ત્વિક=અસત્ય છે, તેમ જેનાથી નિજ શુદ્ધ સ્વભાવમાં રમણતા ન થાય અથવા રાગદ્વેષાદિ દોષોની નિવૃત્તિ રૂપ ફળ ન આવે તે જ્ઞાન નથી અને તે દર્શન પણ નથી.[1]

यथा शोफस्य पुष्टत्वं, यथा वा वध्यमण्डनम् ।
तथा जानन् भवोन्माद-मात्मतृप्तो मुनिर्भवेत् ॥६॥

(૬) यथा-જેમ शोफस्य-સોજાનું पुष्टत्त्वं-પુષ્ટપણું वा-અથવા वध्यमण्डनम्-વધ કરવા યોગ્ય પુરુષને કરેણની માળા વગેરેથી શણગારવો तथा-તેમ भव-उन्मादम्-સંસારની ઘેલછાને जानन्-જાણતો मुनिः-મુનિ आत्मतृप्तः-આત્મામાં જ સંતુષ્ટ भवेत्-થાય.

(૬) સંસારના ઉન્માદને સોજાની પુષ્ટિ અથવા વધ કરવા લઇ જતા પુરુષને કરેણફૂલની માળા વગેરેથી કરવામાં આવતા શણગાર સમાન (પરિણામે દુઃખનું કારણ) જાણતો મુનિ આત્મામાં સંતુષ્ટ થાય.

सुलभं वागनुच्चारं, मौनमेकेन्द्रियेष्वपि ।
पुद्गलेष्वप्रवृत्तिस्तु, योगानां मौनमुत्तमम् ॥७॥

(૭) वाग्-अन्-उच्चारं-વાણીને નહિ ઉચ્ચારવા રૂપ मौनं-મૌન एकेन्द्रियेषु-એકેન્દ્રિયોમાં अपि-પણ सुलभं-સુખેથી પ્રાપ્ત થઇ શકે એવું છે तु-પરંતુ पुद्गलेषु-પુદ્ગલોમાં योगानां-મન-વચન-કાયાની अप्रवृत्तिः-પ્રવૃત્તિ ન થવી તે उत्तमम्-શ્રેષ્ઠ मौनं-મૌન છે.

---

૧. લ.વિ. सिद्धे भो पयओ णमो... શ્લોકની ટીકા, तज्ज्ञानमेव न भवति...

(૭) નહિ બોલવા રૂપ મૌન તો એકેંદ્રિયોમાં પણ સુલભ છે. પુદ્‌ગલોમાં મન-વચન-કાયાની પ્રવૃત્તિ રોકવી એ ઉત્કૃષ્ટ મૌન છે.

ज्योतिर्मयीव दीपस्य, क्रिया सर्वापि चिन्मयी ।
यस्यानन्यस्वभावस्य, तस्य मौनमनुत्तरम् ।।૮।।

(૮) इव-જેમ दीपस्य-દીવાની सर्वा-બધી अपि-પણ क्रिया-જ્યોતિનું ઊંચે-નીચે આડું-વળું જવું વગેરે ક્રિયા ज्योतिर्मयी-પ્રકાશમય છે, (તેમ) अनन्यस्वभावस्य-અન્ય સ્વભાવે નહિ પરિણમેલા यस्य-જે આત્માની (સર્વ ક્રિયા) चिन्मयी-જ્ઞાનમય છે तस्य-તેનું मौनं-મુનિપણું अनुत्तरम्-સર્વોત્કૃષ્ટ છે.

(૮) જેમ દીપકની ઊર્ધ્વગમન, અધોગમન વગેરે સઘળી ય ક્રિયા પ્રકાશમય હોય છે, તેમ પુદ્‌ગલના ભાવમાં નહિ પરિણમેલા (=આત્મામાં રમણ કરતા) જે મુનિની આહાર-નિહાર આદિ સઘળી ક્રિયા જ્ઞાનમય છે, તેનું મૌન ઉત્કૃષ્ટ છે.

## હિતકારક ત્રિપદી

- પાપ અનુભવે કદાચ સુખકારક હશે પણ પરિણામે વિનાશક જ છે. જ્યારે ધર્મ અનુભવે કષ્ટદાયક હશે પણ પરિણામે હિતકારક છે.
- જે પાપમાં સુખને બદલે ત્રાસનો અનુભવ થાય છે એ પાપ છોડવું સહેલું છે તો જે ધર્મમાં કષ્ટને બદલે પ્રસન્નતાનો અનુભવ થાય છે એ ધર્મ ટકાવી રાખવોય સહેલો છે.
- .શ્રદ્ધાની તાકાત છે કે ધર્મ કરતા પહેલા એ મનને ઉત્સાહથી ભરી દે. ધર્મ કરતી વખતે મનને એ આનંદથી વ્યાપ્ત બનાવી દેશે અને ધર્મ કર્યા પછી એ મનને અનુમોદનાથી હર્યુંભર્યું બનાવી દે છે.
- કોઇપણ પાપ અને કોઇપણ ધર્મ એકલા નથી આવતા સહપરિવાર જ આવે છે.
- માન્યતા અને સમજણ સાચી હોવા છતાં જીવનમાં એનું શક્ય પણ આચરણ ન આવે તો એ માન્યતા અને સમજણનો કોઇ અર્થ નથી.
- પાપો બધા જ ન છોડી શકતા હોઇએ તોય ઘણા પાપો છોડી શકાય તેવા જ છે. ધર્મ બધો જ ન કરી શકતા હોઇએ તોય ઘણો ધર્મ કરી શકાય છે આપણી તૈયારી કેટલી?

અનંત ઉપકારી, જીવન માર્ગ દર્શક ઉપાધ્યાયજી મહારાજે જ્ઞાનસારમાં 'મૌન' અષ્ટકમાં વાણી શક્તિ દર્શાવે છે. પુદ્‌ગલોમાં મન-વચન-કાયાની પ્રવૃત્તિ ન થવી તે મૌન છે. ખાલી વાણી ઉચ્ચાર બંધ કરો એ ખોટું મૌન છે. ડગલે પગલે સાચા માર્ગે પ્રવૃત્ત થનાર માટે મૌન કયું?

સારું છે ને સારું નથીની સમજણ કઇ?

સમજણને આચરણમાં લાવવા પુરુષાર્થ કેટલો?

ધર્મના ક્ષેત્રે બે વિકલ્પ છે.

૧. પાપ અને પુણ્ય

૨. ક્રોધ-વાસના-લોભ ખૂબ અસરકારક છે.

ધર્મ કષ્ટદાયક છે. પણ અસરકારક છે. પાપ પણ અસરકારક છે સાથે સુખદાયક છે. ભગવાન કહે છે ધર્મ કરતો રહેજે લાંબે ગાળે હિત છે. પાપ

કરતો નહિ. લાંબે ગાળે પણ વિનાશક છે. વર્તમાન કાળે પરિપક્વ થયા. સમજ પણ આવી છતાં પાપ છૂટતા નથી. કારણ આપણી નજર પ્રથમ સ્ટેશને છે. ભગવાનની નજર છેલ્લા સ્ટેશને છે. પાપના પહેલા સ્ટોપને ધર્મમાં કન્વર્ટ કરે તે ધર્મક્રિયા કર્યા વિના રહે નહીં. ધર્મના છેલ્લા સ્ટોપને નજરમાં રાખનાર ફાવી ગયા વિના નહીં રહે. શરૂઆતના વર્ષોમાં અમને લોચનું કષ્ટ લાગ્યું અત્યારે અમારા માટે તે ધર્મનું સ્ટોપ બની ગયું. જે પાપમાં સુખનો અનુભવ નથી થતો તે પાપ તો છોડો. ધર્મમાં અનુભવાતા સુખોનો ગુણાકાર અને પાપોમાં અનુભવાતા સુખોની બાદબાકી આ છે મૌનની શ્રેષ્ઠતા.

- મુંબઇમાં એક યુવક છેલ્લા બે વર્ષથી અષ્ટપ્રકારી પૂજા કરે છે. રોજની ક્રિયા કયા ભાવથી કરો છો?

  ૧. શ્રદ્ધાથી ધર્મ કરે તેના માટે ધર્મ સોનું છે.

  ૨. કર્તવ્ય સમજી ધર્મ કરે તેના માટે ધર્મ ચાંદી છે.

  ૩. આદતથી ધર્મ કરે તેના માટે ધર્મ પિત્તળ છે.

  ૪. અનાદરથી ધર્મ કરે તેના માટે ધર્મ કથીર છે.

  આપણામાં આ ચારમાંથી કેવો ધર્મ છે?

  ધર્મ શ્રદ્ધાથી થવો જરૂરી છે. એના ત્રણ તબક્કા છે. શ્રદ્ધાની તાકાત છે કે ધર્મ કરતાં પહેલાં મનને ઉત્સાહથી ભરી દે છે. ધર્મ કરતી વખતે એ મનને આનંદથી વ્યાપ્ત બનાવી દે છે. અને ધર્મ કર્યા પછી મનને અનુમોદનાથી હર્યુંભર્યું બનાવી દે છે. ૫૦ વર્ષથી ધર્મ કરવા છતાં ફાવ્યા નથી. કારણ શ્રદ્ધાની કચાશ. શ્રદ્ધાનું આધારબિંદુ લાવવું પડશે.

- સંગમને પ્રથમ ઉત્સાહ હતો. ખીર વહોરાવતા એને આનંદ હતો અને ખીર વહોરાવ્યા પછી અનુમોદના હતી. ઉત્સાહ, આનંદ અને અનુમોદના શાલિભદ્ર બનાવે. આપણે દેગડાના દેગડા ગોચરીના વહોરાવવાથી શાલિભદ્ર બની શકતા નથી.

- આયંબિલની ઓળી કરનારે ઉત્સાહ-આનંદ અને અનુમોદના લાવવી જોઇએ.

  રાતના આરામ કરીએ છીએ શા માટે ? સવારના સ્ફૂર્તિ મળે માટે. વેપારી રાતના સૂવે કારણ બીજે દીવસે ધંધો સારી રીતે કરી શકે. તેમ ધર્મી આત્મા પારણા કરે કારણ ફરી તપની ભૂમિકા ઊભી થઇ જાય માટે.

જે જ્ઞાનને સમજીએ અને આચરણમાં ન લાવીએ તે જ્ઞાન જ્ઞાન નથી, દર્શન-દર્શન નથી, આચરણ થતું નથી કે કરવું જ નથી?

સવાર સાંજ ભલે વિગઇ વાપરો પણ બપોરના આયંબિલનું વાપરો લાખો આત્માઓ ઓળી કરે તેની અનુમોદના થઇ જાય. મન કરે એટલું કરવું નહિંતર કાંઇ નહીં? બપોરના વિગઇ પરનો કંટ્રોલ અશક્ય છે?

- એક યુવક શિબિરમાં મહાત્માએ પ્રેરણા કરી. આયંબિલ ન થાય તો કંઇ નહીં પણ બજારમાં જતાં પહેલા આયંબિલ ખાતામાં જઇ એ તપસ્વીઓના દર્શન કરી પછી આગળ વધજો. બીજે દિવસે છોકરાઓની આયંબિલ ખાતામાં લાઇન લાગી. આયંબિલ કરનારા છક્ક થઇ ગયા. રોજ જતા થયા. કોઇ બેને વસ્તુ માંગી લાવીને પીરસી રોજ આ યુવાનેને જોઇ કોઇએ કહ્યું તમો બધા કેમ આયંબિલ નથી કરતા? એટલે રજાના દિવસે બધાએ આરંબિલ કર્યું. આનું પરિણામ એ આવ્યું કે એ યુવાનોમાંથી ૮૦ જણાએ વર્ધમાન તપનો પાયો નાખ્યો.

કોઇ પણ પાપ કે ધર્મ એકલા નથી આવતા. સહપરિવાર આવે છે. એનું રાત્રિ ભોજન છોડવાથી રાતના હોટલમાં જવાનું, રખડવાનું, રાતના મિત્રો સાથે ફરવાનું વગેરે ઘણા પાપો છૂટી જાય છે. જીવનમાં પાપોને પ્રવેશ આપીએ તો ઢગલાબંધ પાપો આવી જાય છે.

- એક ભાઇ કહે સાહેબ! મને લાગે છે કે મારો મોક્ષ હવે ખૂબ નજીકમાં છે. શી રીતે લાગે છે? સાહેબ પરમાત્માની પૂજા ચાલુ કરી બીજે જ મહિને ધંધામાં ૧૪ લાખની ખોટ ગઇ. પત્નીને કેન્સર છે. દીકરો એક સ્કુલે જતો હતો. એક્સીડેન્ટ થયું ને એક પગ કપાયો. મને હાઇ બી.પી. થઇ ગયું. પણ આ બધાનો મોક્ષ સાથે શું સંબંધ? આ બધી પરમાત્માની પૂજા કર્યા પછી તકલીફો શરૂ થઇ. પણ મારો મોક્ષ નજીકમાં છે. પણ કેવી રીતે? ભગવાન પણ જ્યાં સુધી ઘરમાં હતા ત્યાં સુધી એકેય તકલીફ ન હતી. જેવા ઘરથી બહાર નીકળ્યા કે તકલીફો શરૂ થઇ. કેવળજ્ઞાન પામ્યા પછીય તકલીફો. મારુંય એવું જ છે. ચિક્કાર પુણ્ય બંધાય તો દેવલોક નક્કી ચિક્કાર કર્મ ખપે તો મોક્ષ નક્કી. બે વર્ષોમાં ચિક્કાર દુ:ખો આવ્યા. એટલે કર્મો પણ ચિક્કાર ખપ્યા તેથી મોક્ષ નક્કી એમ માનું છું. એક પણ તકલીફ વગર આયંબિલ થાય એમાં કર્મ ન ખપે, તકલીફો સાથે થાય તો કર્મ ખપે. તકલીફ દુ:ખરૂપ લાગે છે કે કર્મ ખપી રહ્યા

છે એમ લાગે છે? તમે તો સંસારની તકલીફોથી ટેવાઇ ગયા છે. દુ:ખો અને કષ્ટો આવે ત્યારે અમે તો કર્મ ખપી રહ્યા છે એમ વિચારીએ. કષ્ટોથી ડર્યા હોત તો દીક્ષા લઇ શક્યા હોત? ધંધો કરવા જાઓ ને કોઇ ડર બતાવે તો હટી જાઓ?

પૂ. હરિભદ્રસૂરિએ ધર્મ માટેનાં પાંચ તબક્કા બતાવ્યા છે.

૧. પ્રણિધાન - સંકલ્પ

૨. પ્રવૃત્તિ - માત્ર ઇચ્છા નહીં પણ પ્રારંભ.

૩. વિઘ્નજય - ગમે તેવી તકલીફમાં પાછા ન પડવું.

૪. સિદ્ધિ - બધા જ વિઘ્નો પાર કરવા.

૫. વિનિયોગ - અનુમોદના દ્વારા પાંચેક જણાઓને જોડો.

સાધર્મિકની ભાવના કેવી હોય. હે ભગવાન મારા ભાગે વધારે વજન ઉપાડવાનું ન આવે એવું નથી માંગતો પણ વજન ઉપાડવા મારી પીઠ મજબૂત થાય એવું માંગુ છું. સાધનાના માર્ગે વિઘ્નો ન આવે એવી માંગણી નથી. વિઘ્નો વચ્ચે ય મારી સાધના ટકી જાય એવું માંગું છું. અનુકૂળતા મળે તો જ ધર્મ કરવો છે કે પ્રતિકૂળતામાં ધર્મ કરવો છે? સ્વીચ બંધ થાય તે ચાલે પણ ફયુજ ઉડી જાય એ ન ચાલે. અમારી પાસે સ્વીચો છે તમારી પાસે તો કનેક્શન જ નથી.

- ગામમાં સ્વામિવાત્સલ્ય હતું. એક-બે ભાગ્યશાળી તરફથી હતું. એક ડોશીમા ટબુડીમાં દૂધ લઇ દૂધપાકના તપેલામાં જઇ નાખી આવ્યા. પૂછ્યું શું કર્યું. તો ડોશીમા કહે આખા ગામને જમાડવાની મારી શક્તિ નથી પણ ગામ માટે બનેલા દૂધપાકમાં મારી આ ટબુડી દૂધથી મને પણ સંઘ ભક્તિનો લાભ મળશે.

દુ:ખ આવે છે ત્યારે મારા કર્મો ખપે છે આટલું તો બોલો. કર્મ આપણને દુ:ખ આપે પછી એ કર્મ ખપી જાય.

- વિરમગામના રતિભાઇ જીવનભરના આયંબિલ માત્ર બે જ દ્રવ્ય મગની દાળ અને રોટલી.
- પૂ. હેમવલ્લભવિજયજીને જીવનભરના આયંબિલ.
- બેંગ્લોર ઓકલીપુરમ્ રહેતા કચ્છ અંજારના ભાવેશભાઇ સળંગ ૧૦૮

ઓળી કરવાના મનોરથોથી આગળ વધી રહ્યા છે. ૧૦૪ ઓળીઓ સળંગ થઇ.

- સા. શ્રી હંસકીર્તિશ્રીજીએ ૩૦૦ ઓળી પૂર્ણ કરી કષ્ટોથી ડગ્યા નથી. સત્વ અને હિંમતથી વધ્યા છે. તપ કરે નહીં ને ત્યાગ કરે તો પણ તેના તપના અંતરાય તૂટે છે. જ્ઞાન યાદ ન રહે પણ જ્ઞાનીની અનુમોદના કરે તો પણ તેના જ્ઞાનના અંતરાયો તૂટે છે. દાન ન કરે. પણ દાનીની અનુમોદના કરે તો દાનાંતરાય તૂટે છે. આપણે બધા પાપો ન છોડી શકતા હોઇએ તોય ઘણા પાપો છોડી શકાય છે. બધો જ ધર્મ ભલે ન થાય તો પણ ઘણો ધર્મ આરાધી શકાય છે. આપણે આ બાબતમાં સીરીયસ નથી માટે અંતરાય નડે છે.
- મહારાષ્ટ્રમાં ગુરુ-શિષ્યની જોડીનો ઘણો ઉપકાર છે. પૂ.આ.ભ.શ્રી ત્રિલોચનસૂરિ વર્ષમાં છ અઠ્ઠાઇઓ કરે. સવા બસોથી અધિક અઠ્ઠાઇઓ થઇ એક વાર ગુરુને વંદન કરવા આવ્યા. અઠ્ઠાઇનું પારણું હતું. નવકારશી લેવાની હતી. પણ નવકારશીની જગ્યાએ સોળ ઉપવાસના પચ્ચખ્ખાણ આપ્યા. ધન્ય એ શિષ્ય કહે રાગના કારણે દૂધપાક પીવડાવનારા મા-બાપ ઘણા મળ્યા પણ વૈરાગ્ય આપીને ૧૬ ઉપવાસના પચ્ચખાણ આપનારા ગુરુ તો આજે જ મળ્યા. સતત ગુરુના ઉપકારોને સંભારે. ૧૬ ઉપવાસ પછી ગુરુએ બીજા ૧૬ ઉપવાસ કરાવ્યા. વર્ષમાં ચાર માસક્ષમણ થયા. માસક્ષમણે અમલનેરથી વિહાર કરતા ટ્રકે ટક્કર મારી પથ્થર સાથે અથડાયા. બધા સાધુઓ દોડ્યા પણ પ્રથમ એમણે ડ્રાઇવરને કહ્યું તું ભાગી જા, નહીં તો બધા મારશે. ધર્મી આત્મા કષ્ટમાં ય પરનું કલ્યાણ ચાહે. પોતાના કષ્ટોને વિસારે સમાધિ પામવા પ્રયત્ન કરે.
- એક હજામ મુસલમાન નમાજ પઢવાના સમયે ગયો પણ નમાજ પઢવાની ચાલુ થઇ ગયેલી. તે મોડો પડ્યો. બહાર ઊભો રહી ધ્રુસકે રડવા લાગ્યો. એક જણ બહાર નીકળ્યો. રડવાનું કારણ પૂછ્યું. દોડવા છતાં નમાજમાં મોડો પડ્યો. પેલાએ કહ્યું ભાઇ ! તારી આંખમાં આંસુ છે તે મને આપ. મારી પઢેલી નમાજ હું તને આપું છું.

હૃદયમાં વ્યથા, વેદનાનો, વિરહનો અનુભવ જરૂરી છે. ફરજિયાત ધર્મમાં જેને આનંદ ન આવે તેને મરજિયાત ધર્મ વધારવાનું મન નહીં થાય.

પૌષધમાં પ્રતિક્રમણ ફરજિયાત છે. ફરજિયાત ધર્મમાં ગાંઠો હોય તે મરજિયાત ધર્મની ડીમાન્ડ પણ ન કરે.

- એક ભાઇ કહે સાહેબ સામાયિક ૪૮ મિનીટ કરતા ૯૬ મિનિટની કેમ ન રાખી? કેમ આવું પૂછે છે? સાહેબ હજી તો સામાયિક શરૂ થાય ન થાય ત્યાં પારવાનું આવે. કોઇ પણ ટૂંકો બતાવ્યો તેની વ્યથા ખરી? અરુચિ તો નથી ને?

કોઇ ગુરુ ભક્તને ત્યાં જમવા ગયા. ભક્તને ખબર પડી ગુરુ રોજ પાંચ બદામ લે છે. યજમાને સાત બદામ મૂકી. ગુરુ કહે બે બદામ વધારે છે. યજમાન કહે વાપરો. ગુરુ બદામ ખાઇ ગયા. બીજે દિવસે યજમાને પાંચ બદામ મૂકી. ગુરુએ બે બદામ કાઢી નાખી. કેમ આજે તો પાંચ જ છે. કાઢી કેમ નાખી. ત્યારે ગુરુએ જવાબ આપ્યો. બે વધારે ખાવો તોય ફરક નથી પડતો તો બે ઓછી ખાઓ તો શું ફેર પડે છે. બધી જ પરિસ્થિતીને પચાવે એ છે મૌન.

## જ્ઞાનસાર પ્રદક્ષિણા

- પદાર્થ તૂટવાના સ્વભાવને માત્ર જાણનારી સ્તર પરથી સમજદારીના સ્તર પર લઇ જાઓ મન પ્રસન્નતાથી ભરાઇ જશે.
- વયની પુખ્તતા એ રમકડાના આકર્ષણથી બચાવે તેમ સમજણની પુખ્તતા સંસારના પુદ્ગલોના આકર્ષણથી બચાવે છે.
- શાસ્ત્રકારો કહે છે મતિ બદલો તો ગતિ આપોઆપ સુધરી જશે.

## દુ:ખનો સ્વીકારભાવ, ધર્મનો સત્કારભાવ

- દુ:ખમાં કદાચ ભોગ પ્રતિબંધક બની શકે પણ સુખ તો ધર્મમાં પ્રતિબંધક બને જ છે.
- દુ:ખમાં ધર્મ અંત:સ્ફૂરણાથી થાય છે જ્યારે પ્રેરણા પછીય સુખમાં ધર્મ શરૂ કરવો મુશ્કેલ છે.
- દેવ-ગુરુની અનંત કરુણાને જો આપણે સમજી ન શક્યા હોઇએ તો આપણો ધર્મ હજી બાલ્યાવસ્થામાં જ છે.
- રાગ-દ્વેષ અને વૈરાગ્ય પૂર જેવા છે. ત્યાંથી પાછા ફરવું અશક્ય છે.
- દુ:ખને જે સ્વીકારે/સત્કારે સુખનો ઇન્કાર કરે તેની સદ્ગતિ.
- દુ:ખને સામે ચડીને ભલે આમંત્રણ ન આપીએ પણ દુ:ખ આવી ચડે તો એને સ્વીકારી લેવાની હિંમત તો કેળવવી જ પડશે.
- પાપના ઉદયકાળમાં પાપના બંધથી બચતા રહેશો અને પુણ્યના ઉદયકાળમાં પુણ્યબંધ કરતા રહેશો.

અનંતજ્ઞાની, પરમ કરુણા વહાવનારા ઉપાધ્યાયજી મહારાજે જ્ઞાનસારમાં મૌન અષ્ટકનું વિશ્લેષણ સમજાવે છે. પરમાત્મા શાસનમાં રહેલા સાધકને માટે વાત કરી છે. આત્માનો ગુણ ચારિત્ર છે. તે શુદ્ધ જ્ઞાન નયના અભિપ્રાયે મુનિને જ્ઞાન અને દર્શન સાધ્ય છે. ક્રિયાનયના અભિપ્રાયે જ્ઞાનના સ્વરૂપ સમી ક્રિયાના લાભથી માધ્યમરૂપ છે. જેને જોઇને તમને દયા ન આવે, પુણ્યના વૈભવમાં અંજાઇ જવાની જરૂર નથી. પરમાત્માને ચક્રવર્તી વંદન કરવા આવે. પરમાત્માને દયા આવે. ધર્મ વિનાનું જે પુણ્ય ભોગવે તે શરીર પર ચડી ગયેલા સોજા જેવું છે. શરીર પર સોજા એ તંદુરસ્તી નથી. કસાઇ બકરાને બલી માટે તૈયાર કરે તેવું પુણ્ય છે. ધર્મ વિનાનું પુણ્ય મૃત્યુ અપાવે.

સંસાર ભોગવવામાં દુ:ખ કદાચ પ્રતિબંધક બને પણ આરાધનામાં સુખ તો ખૂબ પ્રતિબંધક છે. દુ:ખે કોઇ દિવસ ધર્મ કરતા રોક્યા નથી. સુખમાં પ્રેરણાથી ધર્મ થતો નથી. સુખમાં ધર્મની પ્રેરણા મળે પછી ધર્મ થશે કે કેમ એ લાખ રૂપિયાનો સવાલ છે. દુ:ખમાં ધર્મ સ્ફૂરણાથી થાય. સુખમાં ધર્મ પ્રેરણાંથી થાય. તમારી આગળ ૧૦ લાખ રૂા. છે ને કોઇ કહે ૧૦ કરોડ

થઇ જશે આગાહી કરે તો આજથી ધર્મ કરવા તૈયાર થઇ જાઓને? ફેક્ટરીમાં મેનેજર સારો રાખ્યો, સારી સગવડ તેને આપી ધંધો વધારવા માટે કે જલસો કરવા? ધંધો ન વધારે ને જલસા કરે તો એને રજા આપોને? કર્મસત્તા તરફથી આપણને મળતી સગવડો ધર્મ વધારવા માટે છે. પાપ વધારવા માટે નહીં.

- વડાલામાં હતો. પતિ-પત્ની મળવા આવ્યા સાથે ૭ વર્ષની બેબી હતી. બન્ને જણ કહે સાહેબ! બેબીને વાસક્ષેપ આપો. બન્ને પતિ-પત્ની રડવા લાગ્યા. તમે કેમ રડો છો? સાહેબ! બ્રેઇન ટ્યૂમર છે.
- જાંબલી ગલી ચાતુર્માસમાં બપોરના ૩।। વાગ્યે ત્રણ વર્ષના બાબલાને લઇ પરિવારજનો વાસક્ષેપ નંખાવવા લાગ્યા. સાહેબ! કાલે એનું ઓપરેશન છે. આનું ઓપરેશન? સાહેબ! જન્મથી કોઇક ભવના કર્મ લઇ આવ્યો છે. અત્યાર સુધી ૧૭ ઓપરેશન થઇ ગયા છે.
- ક્રીકેટ રમતા છોકરો પડી ગયો. મા-બાપ ચોધાર આંસુએ રડે. દીકરાની બન્ને કીડનીઓ ફેઇલ થઇ ગઇ. સગવડતામાં પેઢી જમાવશો, ઘર જમાવશો તો પછડાઇ પડશો. આપણા જીવનમાં ઘણા સુખો નથી આવ્યા તેમ ઘણા દુ:ખો નથી આવ્યા એમ સમજી એ આનંદ આનંદ રહે.

  હરિભદ્રસૂરિ મહારાજે ધર્મની બાલ્યાવસ્થા મા-દીકરાના પ્રેમ સાથે સરખાવી છે. **દેવ-ગુરુને અનંત ઉપકાર આપણે સમજી ન શકીએ તે આપણી ધર્મની બાલ્યાવસ્થા. દેવ-ગુરુનો અનંત ઉપકાર આપણે સમજી શકીએ તે ધર્મની યુવાવસ્થા.** પરમાત્માની કરુણા વધઘટ થઇ નથી. સમજવામાં આપણી ભૂલ થઇ છે. શરીર પરથી બાલપણ ગયું પણ મન પરથી બાલિશતા ઓછી નથી થઇ. એક વાત ખ્યાલ કરજો. બાળકની નિર્દોષતા એ અજ્ઞાનતાના ઘરની છે જ્યારે સંતની નિર્દોષતા પરિપક્વતાના ઘરની છે. સરસ આંખો મળી છે, ભગવાનના ભરપૂર દર્શન કરી લો, આવતા ભવમાં સદ્ગતિ થશે. રેડિયોમાં કયું સ્ટેશન ક્યારે આવે? જ્યાં ગોઠવો ત્યાં આવે. એક વાત ધ્યાનમાં રાખજો દુ:ખને જે સંમતિ આપે અને સુખમાં જે સન્મતિ રાખે તે રાજા છે એની સદ્ગતિ નિશ્ચિત છે. લોખંડના થાંભલા જેવો પુણ્યોદય ન માનતા. કેળના તાર જેવો પાતળો રાખો ગમે ત્યારે તૂટી જાય. ઘર ઘરની રમત રમો છો. કર્મસત્તા સામે હાડકા ભાંગી જશે. એક પગે ચાલી તો જુઓ, ખાલી

એક આંખે જોવાનો પ્રયત્ન કરો જે મળ્યું છે તે કેટલું કિંમતી છે. જંગલમાં વાઘ સામે લડવા ભલે ન જાઓ પણ લડવાની હિંમત જ ન હોય તો કેમ ચાલે? સુખ આવે, ભલે દુ:ખ આવે એને જીરવવાની તાકાત તો જોઇએ. માચીસની પેટીની કઇ દિવાસળીનો ક્યારે નંબર લાગશે કહી શકશો ખરા? તત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે પ્રભુના શાસનમાં રહેવું હોય તો સામે ચડીને દુ:ખ વેઠતા જાઓ. દુ:ખને ભોગવે તે સંસારી. બપોરના સમયે ખુલ્લા પગે તમો ચાલો? અચાનક ચપ્પલ તૂટી જાય તો શું કરો? પગમાં ગરમી લાગે કે માથામાં ગરમી આવે? સાધુજીવનના દુ:ખો/કષ્ટો જોઇ કરુણાભાવ જાગે તો આશાતનાનું પાપ લાગે. 'બિચારા' શબ્દ આવે કેમ? જગતમાં સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવના.

ગુણવાન પ્રત્યે પ્રમોદ ભાવના.

પાપી પ્રત્યે માધ્યસ્થ ભાવના.

સાધના માટે કરુણા ભાવના.

- હાલ આચાર્યશ્રી છે. તેમની દીક્ષાનો પ્રસંગ. એક અજૈન હજામે વાળ કાપ્યા. એ યુવાને રાત્રે વિદાય સમારંભે દીપક નૃત્ય જોયું. હજામ જોઇ રડી પડ્યો કહે ભગવાન તો તમને મળે અમને ક્યાં મળે. એ દીક્ષાના ધન્ય દીને ઉપવાસ કર્યો. પછી વર્ધમાન તપનો પાયો નાખી ૭૪ ઓળી સુધી પહોંચ્યો. ૭/૮ વર્ષ પહેલા માસક્ષમણ કર્યું. કેન્સરની વ્યાધિ આવી, પરમ સમાધિ સાધી, ટી.વી. સામે, મોબાઇલ સામે ભવાંતરમાં આંધળા બનવાનું રીઝર્વેશન નથી દેખાતું? દેવી આવી તમને પૈસાની અનુકૂળતા કરી આપે તો તમે બાર મહિના પૌષધ કરોને?

ઘણાને પ્રશ્ન છે સમય ક્યાં કાઢવો?

ટાઇમ પસાર ક્યાં નએ કેવી રીતે પસાર થઇ જાય ખબર પણ ન પડે. એરપોર્ટમાં લખ્યું હોય છે. ટ્રાવેલ લાઇટ, ભારે સામાન લઇ આસમાનમાં ઉડી શકાતું નથી. જેને સદ્ગતિ મેળવવી છે તેણે પાપના વિચારોના બોજથી હળવા બન્યા વિના છૂટકો જ નથી.

- પૂ. પ્રેમસૂરિ દાદાએ શ્રમણોની શક્તિ કામે લગાડી. કર્મ સાહિત્યના શ્લોકો બનાવવાની ટીપ લખાવી. ૮૪ વર્ષની ઉંમરે આંખનો કસ કાઢ્યો.
- ગુણસાગરસૂરિ ગુરુદેવ! જીવનના ૭૭મા વરસે કાયાનો કસ કાઢ્યો.

કાળધર્મ પામ્યાના આગલા વરસે ૧૫ હજાર સંસ્કૃત શ્લોકોનું સર્જન કર્યું. એક વાત નક્કી છે પુણ્યના ક્ષેત્રમાં મનુષ્યનું શ્રેષ્ઠ જીવન મનુષ્યનું- ચક્રવર્તીનું પણ ગુણના ક્ષેત્રે શ્રેષ્ઠ જીવન સાધુનું. આત્મગુણોની સ્થિરતા તરફ લઇ જાય. કર્મસત્તાની મહેરબાની છે પગ સારા મળ્યા છે. મન સારું મળ્યું છે. કર્મ સત્તાથી મળેલ શ્રેષ્ઠ શક્તિનો ઉપયોગ આત્મામાંથી પરમાત્મા બનાવ્યા વગર રહેતો નથી.

## જ્ઞાનસાર વચનામૃત

- ભગવાન મહાવીરે પાંચમા આરાની રજૂઆત કરતા કહ્યું કે પાંચમા આરાની કમજોરી હશે તેમના પુણ્ય માયકાંગલા હશે કાં ક્રોધ-વિકારથી ભરેલા મલિન પુણ્ય હશે.
- મનમાં જાગતો એક પણ શુભ ભાવ પરમાત્માની કૃપાથી જ આવ્યો છે એમ સમજજો.
- સાક્ષી ભાવના કારણે નિકાચીત અને ચીકણા કર્મના બંધથી બચી જવાય છે.

# १४ विद्याष्टकम्

नित्यशुच्यात्मताख्याति-रनित्याशुच्यनात्मसु ।
अविद्या तत्त्वधीर्विद्या, योगाचार्यैः प्रकीर्तिता ।।१।।

(૧) योगाचार्यैः-યોગાચાર્યોએ अनित्य अशुचि-अनात्मसु-અનિત્ય, અશુચિ અને આત્માથી ભિન્ન પુદ્‌ગલ આદિમાં नित्य-शुचि-आत्मता-ख्याति-નિત્યપણાની, શુચિપણાની અને આત્મપણાની બુદ્ધિને अविद्या-અવિદ્યા (કહી છે. તથા) तत्त्वधीः-શુદ્ધ આત્મદ્રવ્યમાં નિત્યપણાની, શુચિપણાની અને આત્મપણાની બુદ્ધિને (યથાર્થ જ્ઞાનને) विद्या-વિદ્યા प्रकीर्तिता-કહી છે.

(૧) અનિત્ય પર સંયોગમાં નિત્યપણાની, નવદ્વારોથી અશુચિ વહેવડાવતા અપવિત્ર શરીરમાં પવિત્રતાની અને આત્માથી ભિન્ન પુદ્‌ગલાદિમાં આત્મપણાની (હું પણાની અને મારાપણાની) બુદ્ધિ એ અવિદ્યા છે, તત્ત્વબુદ્ધિ એટલે કે આત્મામાં જ નિત્યપણાની, પવિત્રપણાની અને આત્મપણાની બુદ્ધિ એ વિદ્યા છે, એમ યોગદૃષ્ટિસંપન્ન પાતંજલિ આદિ યોગાચાર્યોએ કહ્યું છે.[1]

यः पश्येन्नित्यमात्मान-मनित्यं परसङ्गमम् ।
छलं लब्धुं न शक्नोति, तस्य मोहमलिम्लुचः ।।२।।

(૨) यः-જે आत्मानम्-આત્માને नित्यं-સદા અવિનાશી (અને) परसङ्गमम्-પરવસ્તુના સંબંધને अनित्यम्-વિનશ્વર पश्येत्-જુએ तस्य-તેનું छलं-છિદ્ર लब्धुं-મેળવવાને मोह-मलिम्लुचः-મોહરૂપ ચોર शक्नोति-સમર્થ થતો न-નથી.

(૨) જે આત્માને નિત્ય-સર્વકાળે અવિચલિત સ્વરૂપે જુએ છે અને પરસંયોગને અનિત્ય જુએ છે તેનું છિદ્ર મેળવવાને મોહરૂપ ચોર સમર્થ બનતો નથી.

तरङ्गतरलां लक्ष्मी-मायुर्वायुवदस्थिरम् ।
अदभ्रधीरनुध्याये-दभ्रवद् भङ्गुरं वपुः ।।३।।

(૩) अदभ्रधीः-નિપુણ બુદ્ધિવાળો लक्ष्मीम्-લક્ષ્મીને तरङ्गतरलां-સમુદ્રના તરંગ જેવી ચપલ आयुः-આયુષ્યને वायुवद्-વાયુના જેવું अस्थिरम्-અસ્થિર (અને) वपुः-શરીરને अभ्रवद्-વાદળા જેવું भङ्गुरं-વિનશ્વર अनुध्यायेत्-વિચારે.

(૩) વિદ્વાન લક્ષ્મીને સમુદ્રના તરંગોની જેમ ચપળ, આયુષ્યને વાયુની જેમ અસ્થિર અને શરીરને વાદળની જેમ વિનાશશીલ ચિંતવે.

---

૧. પા. યો. પા. સૂ. ૫. દ્વા. દ્વા. ૨૫. ગા. ૧૯.

शुचीन्यप्यशुचीकर्तुं, समर्थेऽशुचिसंभवे ।
देहे जलादिना शौच-भ्रमो मूढस्य दारुणः ।।४।।

(૪) शुचिनि-પવિત્ર પદાર્થોને अपि-પણ अशुचीकर्तुं-અપવિત્ર કરવા માટે समर्थे-સમર્થ (અને) अशुचिसंभवे-માતાનું રુધિર અને પિતાનું શુક્ર એ બેના સંયોગરૂપ અશુચિમાં ઉત્પન્ન થયેલા देहे-શરીરમાં मूढस्य-મૂઢ પુરુષને जलादिना-પાણી વગેરેથી शौचभ्रमः-પવિત્રતાનો ભ્રમ दारुणः-ભયંકર છે.

(૪) પવિત્ર પદાર્થોને અપવિત્ર બનાવવામાં સમર્ત અને અશુચિમાં ઉત્પન્ન થયેલ શરીરમાં મોહથી મુંઝાયેલ બ્રાહ્મણ વગેરેનો પાણી આદિથી પવિત્રતાનો ભ્રમ (સ્નાનાદિથી શરીર પવિત્ર થાય છે એવી ખોટી માન્યતા) [1]ભયંકર છે.[2]

यः स्नात्वा समताकुण्डे, हित्वा कश्मलजं मलम् ।
पुनर्न याति मालिन्यं, सोऽन्तरात्मा परः शुचिः ।।५।।

(૫) यः-જે समताकुण्डे-સમતારૂપ કુંડમાં स्नात्वा-સ્નાન કરીને कश्मलजं-પાપથી ઉત્પન્ન થયેલા मलं-મેલને हित्वा-ત્યજીને पुनः-ફરીથી मालिन्यं-મલિનતાને याति-પામતો न-નથી स-તે अन्तरात्मा-અંતરાત્મા परः-અત્યંત शुचिः-પવિત્ર છે.

(૫) જે સમતા રૂપ કુંડમાં સ્નાન કરીને પાપથી થયેલા મેલને દૂર કરીને ફરી પાપ રૂપ મેલથી મલિન બનતો નથી તે અંતરાત્મા ઉત્કૃષ્ટ પવિત્ર છે.

અંતરાત્મા એટલે સમ્યગ્દૃષ્ટિ આત્મા, સમ્યગ્દૃષ્ટિ અંશે સ્નાતક-ભાવસ્નાન કરનાર છે. કારણ કે એક વાર પણ સમ્યગ્દર્શન પામ્યા પછી ક્યારેય (સમ્યગ્દર્શન ચાલ્યું જાય તો પણ) આયુષ્ય સિવાય સાત કર્મસંબંધી અંતઃ કોડાકોડિ સાગરોપમથી અધિક સ્થિતિનો અને ઉત્કૃષ્ટ રસનો બંધ થતો નથી.[3] આથી સમ્યગ્દૃષ્ટિ આત્મા ઉત્કૃષ્ટ પાપરૂપ મેલથી ક્યારેય મલિન બનતો નથી.[4]

आत्मबोधी नवः पाशो, देहगेहधनादिषु ।
यः क्षिप्तोऽप्यात्मना तेषु, स्वस्य बन्धय जायते ।।६।।

(૬) देह-गेह-धनादिषु-શરીર-ઘર અને ધન આદિમાં आत्मबोधः-

---

૧. સમજાવવા છતાં કદી દૂર કરી શકાય તેમ ન હોવાથી ભયંકર છે.

૨. પા.યો. પા.૨.સૂ. ૫. મણિપ્રભા ટીકા.

૩. સિદ્ધાંતના મત પ્રમાણે આ લખ્યું છે. કાર્મગ્રંથિક મતે તો ફરી ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય છે, પણ ઉત્કૃષ્ટ રસ બંધાતો નથી.

૪. હા. અ. ૨. ગા. ૮.

આત્મપણાની બુદ્ધિ તે नवः-નવો-લોકોત્તર पाशः-પાશ છે यः-જે तेषु-શરીરાદિમાં आत्मना-આત્માએ क्षिप्तः-નાખેલો स्वस्य-પોતાના बन्धाय-બંધ માટે जायते-થાય છે.

(૬) શરીર, ઘર, ધન વગેરે પદાર્થોમાં આત્મપણાની (હું પણાની અને મારાપણાની) બુદ્ધિ એ નવીન (લોકોત્તર) પાશ (બંધન) છે. કારણ કે એ પાશ આત્માએ શરીર આદિમાં નાખ્યો હોવા છતાં પોતાના જ બંધ માટે થાય છે. લૌકિક દોરડું વગેરે પાશ તો જેના ઉપર નાખ્યો હોય તેને બાંધે છે. જ્યારે શરીરાદિમાં આત્મબોધ રૂપ પાશ તો દેહાદિ ઉપર નાખ્યો છે, તો પણ તેમને બાંધતો નથી, ઉલટું નાખનારને જ બાંધે છે. આ એક આશ્ચર્ય છે!

मिथोयुक्तपदार्थाना-मसंक्रमचमत्क्रिया ।
चिन्मात्रपरिणामेन, विदुषैवानुभूयते ।।७।।

(૭) मिथः-પરસ્પર युक्तपदार्थानाम्-મળેલા જીવ-પુદ્‌ગલાદિ પદાર્થોનો असंक्रमचमत्क्रिया-ભિન્નતારૂપ ચમત્કાર चिन्मात्रपरिणामेन-જ્ઞાનમાત્ર પરિણામવાળા विदुषा-વિદ્વાનથી एव-જ अनुभूयते-અનુભવાય છે.

(૭) પરસ્પર મળેલા જીવ-પુદ્‌ગલાદિ (દ્રવ્ય પર્યાય રૂપ) પદાર્થોની લક્ષણ અને સ્વરૂપથી ભિન્નતાના ચમત્કારને જ્ઞાનમાત્રના પરિણામવાળા વિદ્વાન જ અનુભવે છે.

જીવ અને શરીર જુદા હોવા છતાં પરસ્પર એવા ઓતપ્રોત થઇ ગયા છે કે જેથી આ દેહ છે અને આ જીવ છે, આ પર્યાયો શરીરના છે કે આ પર્યાયો જીવના છે એવો વિભાગ અજ્ઞાન લોકો અનુભવી શકતા નથી, વિશિષ્ટ જ્ઞાની જ અનુભવી કે છે. વિશિષ્ટ જ્ઞાની શરીરના અને જીવનાં લક્ષણોથી બંનેને ભિન્ન અનુભવી શકે છે. જીવ અને શરીર કેવા ઓતપ્રોત છે તે વિષે સન્મતિ ગ્રંથમાં કહ્યું છે કે-

अण्णोण्णाणुगयाणं इमं च तं चत्ति बिभयणमसक्कं ।
जह दुद्धपाणियाणं जावन्त विसेसपज्जाया ।।७।।

કાં. ૧ ગા. ૪૭

દૂધ અને પાણીની જેમ પરસ્પર ઓતપ્રોત થયેલા જીવ અને (દેહ રૂપ) પુદ્‌ગલ દ્રવ્યના જેટલા વિશેષ પર્યાયો છે તેમાં આ જીવના પર્યાયો છે અને આ પુદ્‌ગલના-શરીરના પર્યાયો છે એવો વિભાગ કરવો અશક્ય છે.

अविद्यातिमिरध्वंसे, दशा विद्याञ्जनस्पृशा ।
पश्यन्ति परमात्मान-मात्मन्येव हि योगिनः ।।८।।

(८) योगिनः-યોગીઓ अविद्या-तिमिर-ध्वंसे-અજ્ઞાનરૂપ અંધકારનો નાશ થતાં विद्या-अञ्जन-स्पृशा-તત્ત્વબુદ્ધિરૂપ અંજનનો સ્પર્શ કરનારી दशा-દૃષ્ટિથી आत्मनि-આત્મામાં एव-જ परमात्मानम्-પરમાત્માને पश्यन्ति-જુએ છે.

(૮) યોગીઓ મિથ્યાજ્ઞાન રૂપ અંધકારનો નાશ થતો તત્ત્વબુદ્ધિ રૂપ અંજનનો સ્પર્શ કરનારી દૃષ્ટિથી પોતાના આત્મામાં જ પરમાત્માને જુએ છે.

બાહ્યાત્મા - મિથ્યાજ્ઞાની, પહેલાં ગુણઠાણે રહેલા જીવો.

અંતરાત્મા - સમ્યગ્દૃષ્ટિ, ચોથાથી બારમા ગુણસ્થાન સુધીના જીવો.

પરમાત્મા-કેવલજ્ઞાની, ૧૩-૧૪ ગુણસ્થાને રહેલા જીવો.૧

## अथ विवकाष्टकम्

कर्म जीवं च संश्लिष्टं, सर्वदा क्षीरनीरवत् ।
विभिन्नीकुरुते योऽसौ, मुनिहंसो विवेकवान् ।।१।।

(૧) सर्वदा-હમેશાં क्षीरनीरवत्-દૂધ-પાણીની જેમ संश्लिष्टं-મળેલા कर्म-કર્મ च-અને जीवं-જીવને यः-જે मुनिहंसः-મુનિરૂપ રાજહંસ विभिन्नी-ભિન્ન कुरुते-કરે છે असौ-એ विवेकवान्-વિવેકી છે.

(૧) સદા દૂધ-પાણીની જેમ પરસ્પર મળેલાં જીવ અને જ્ઞાનાવરણીયાદિ કર્મને લક્ષણાદિના ભેદથી ભિન્ન કરનાર-સમજનાર રાજહંસ જેવા સાધુ વિવેકી છે. અજીવથી જીવના ભેદનું જ્ઞાન તે વિવેક.

देहात्माद्यविवेकोऽयं, सर्वदा सुलभो भवे ।
भवकोट्यापि तद्‌भेद-विवेकस्त्वतिदुर्लभः ।।२।।

(૨) भवे-સંસારમાં सर्वदा-હમેશાં देह-आत्मा-आदि-अविवेक-શરીર અને આત્મા વગેરેનો અવિવેક सुलभः-સુખેથી પ્રાપ્ત થઇ શકે એવો છે तु-પરંતુ तद्-भेद-विवेकः-તેનું ભેદજ્ઞાન भवकोट्या-કોટિ જન્મથી अपि-પણ अतिदुर्लभः-અત્યંત દુર્લભ છે.

(૨) સંસારમાં શરીર-જીવાદિના અભેદજ્ઞાન રૂપ અવિવેકી સદા સુલભ છે. તેનું ભેદજ્ઞાન કોટિજન્મોથી પણ અતિશય દુર્લભ છે.

સંસારમાં સઘળા ય ભવસ્થ જીવો શરીર-જીવના અભેદની વાસનાથી વાસિત જ છે, ભેદજ્ઞાની કોઇક જ

## વિદ્યા એજ સાચી સમજણ...

- પચ્ચખ્ખાણ અશુભ કર્મબંધથી આત્માને બચાવી લે છે જ્યારે પ્રાયશ્ચિત જૂના કર્મબંધને અને અનુબંધને સાફ કરે છે.
- કલ્પવૃક્ષની નીચે બેસનારે જો પોતાની ઇચ્છા પર કાબુ રાખવો જ પડે છે.
- પહેલા ગૂંચવવું પછી ઉકેલવું એ જ બની ગઇ છે આજના માણસની જિંદગીની વ્યાખ્યા.
- વર્તમાન જેનો સાફ એનો ભૂતકાળ માફ.
- સાધ્યકક્ષામાં રહેલો રોગ અને દોષ બન્નેની ઉપેક્ષા કરવામાં આવે છે તો એ અસાધ્યકક્ષામાં પહોંચી જતા વાર નથી લાગતી.
- સમય અને સ્થળ ધર્મ આરાધના માટે છે. ધર્મ કરવો જોઇએ અને પાપ છોડવો જોઇએ એ ગણિત સાથે ધર્મ સારો છે. માટે કરવો જોઇએ અને પાપ ખરાબ છે માટે છોડવો જોઇએ એ ગણિત કામે લગાડો.
- મોત વખતની સમાધિમાં સમ્યક્ આચરણથી ઉભી કરેલી સમજણ જ કામ લાગવાની છે.

અનિત્ય, અશુચિ અને આત્માથી ભિન્ન પુદ્ગલોમાં આત્મપણાની બુદ્ધિ એ અવિદ્યા છે. અને તત્વની બુદ્ધિએ વિદ્યા છે. ઉપાધ્યાયજી મહારાજ 'વિદ્યા' અષ્ટકમાં મને અને તમને થયેલા જ્ઞાન વિષે સાચી વાત સમજાવે છે. સત્વ ફોરથી પાપના કાદવમાંથી બહાર નીકળવું સહેલું છે. પણ એક વાર પાપ કરી લીધા પછી બીજી વાર પાપ નથી કરવું એ નિર્ણય ન થાય ત્યાં સુધી મોક્ષ નથી. સ્વર્ગ મળશે. આપણા પર મોનોપોલી કોની? ભવિષ્યમાં પાપ ન કરવા માટે પચ્ચખ્ખાણ કે ભૂતકાળમાં પાપ થયા તેનું પ્રાયશ્ચિત.

પહેલાં તો કોઇનું ય દેવું નથી કરવું તે નક્કી કરો. દેવું હોય તો પહેલા ચૂકવી દો. બન્ને વિકલ્પો સાથે રાખો. થયેલા પાપોનું પ્રાયશ્ચિત કરી નવા ન આવે માટે પચ્ચખ્ખાણની વાડ બાંધે.

પ્રાયશ્ચિત સહેલું કે પચ્ચખ્ખાણ?

બન્ને અઘરા જ છે. જે પહેલા ગૂંચવી દીધું છે તેને ઉકેલો. ભવિષ્યમાં ઉકેલવામાં ભવ નીકળી ન જાય એનો પૂરો ખ્યાલ રાખો. પચ્ચખ્ખાણથી પાપકર્મનો બંધ તૂટે છે. અશુભ કર્મોના બંધથી આત્માને બચાવે છે. અનુબંધ તોડો અને પાપકર્મ તોડો.

પાપના ઉદયકાળમાં પાપની વૃત્તિઓ વધારે જાગે.

દુ:ખના ઉદયકાળમાં ધર્મની બુદ્ધિ જાગવી જોઇએ.

સિદ્ધિતપ ૪૪મા દિવસે પારણું

માસક્ષમણમાં ૩૦ દિવસ પછી પારણું

ઓળીમાં ૯ દિવસ પછી પારણું

ભગવાનનું શાસન કહે છે કે 'ઇચ્છા નિરોધનું તપ કર જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી પારણું કરવાનું નથી. કોઇએ તમને ગાળ દીધી તમને સામે ગાળ દેવાનું મન થાય પણ તરત અટકી જાઓ એ પણ તપ છે. જીવનમાં ડગલે પગલે ઇચ્છા નિરોધ તપ કરો. ક્યાંય પણ અનિષ્ટ ઇચ્છાને મારતા રહો. ઇચ્છાઓ પેદા થાય પણ સફળ થવા દેવી નથી.

- એક માણસ જંગલમાં ફરતો હતો. કોઇએ એને કહ્યું અહીં એક કલ્પવૃક્ષ છે. કલ્પવૃક્ષને શોધતા ગરમીથી માથું તપી ગયું. જે ઝાડ નીચે બેઠો. ઝાડ બદલતો જાય... વિચાર કરતો જાય. એક વૃક્ષ હકિકતમાં કલ્પવૃક્ષ હતું. બેઠો. વિચાર્યું પાણીની તરસ લાગી છે. પાછળ જોયું તો પાણી દેખાયું પી લીધું. પછી વિચાર્યું કે ખાવા મીઠાઇ મળે તો સારું. તરત મીઠાઇ દેખાણી. ખાઇ લીધી. પછી વિચાર્યું હવે એક ખાટલો સરસ સૂવા મળે તો સારું. તરત ખાટલો આવ્યો. સૂતા વિચારે છે આ જંગલમાં એકલો છું. વાઘ આવે તો મરી જાઉં? તરત જ વાઘ આવ્યો. ઇચ્છાઓનો નિરોધ ન કર્યો ગયો કામથી? સંસારમાં તમને કોઇએ નથી માર્યા પણ તમારી ઇચ્છાઓએ જ તમને માર્યા છે. ઇચ્છા કરવી નથી પડતી થઇ જાય છે. હરિભદ્ર સૂ. કહે છે હે કલ્પવૃક્ષ સમાન મળેલું માનવજીવન ગલત્ત ઇચ્છાઓથી મલિન બનાવ્યું છે. રાત્રિભોજન ચાર મહિના માટે છોડો છો. આરાધનાના દિવસો સારા લાગ્યા છે માટે છોડો કે રાત્રિ ભોજન ખરાબ લાગ્યું છે માટે છોડો છો? પર્યુષણમાં હોટેલમાં કેમ જતા નથી. હોટેલ ખરાબ છે માટે કે પર્યુષણના દિવસો સારા છે માટે

સાહેબ ચાર મહિના પ્રવચન મળે છે માટે રાત્રિ ભોજન છોડીએ. એક વાત સમજો ટેકાના આધારે મકાન કેટલું ઉભું રહે. આપણી વિચારધારામાં મિથ્યાત્વના બીજ પડ્યા છે. જ્ઞાન વિમલસૂરિએ કહ્યું છે કે ધર્મની આરાધના તો રોજ કરવાની છે પણ જે જીવો રોજ ધર્મ નથી કરતા તેને માટે પર્વ દિવસો છે. નિયમના કારણે સત્ય કેળવાય છે. સત્વ આજે છે કાલે નથી, ભૂમિકા તો આપણે તૈયાર કરવી પડે છે. પાલિતાણામાં પાઉંભાજી ન ખાનાર બહાર કેમ ખાય છે? પાલિતાણા તીર્થ પ્રત્યે આદર છે પણ પાંઉભાજી પ્રત્યે અણગમો નથી..

- એક શેઠે સંઘ કાઢ્યો, અડધા રસ્તે પહોંચ્યા. બહારવટીઆએ સંઘને ઘેરી લીધો. જેની પાસે જે હોય તે મને આપી દો ઘરે જઇ બધાને આપી દઇશ. એમ સંઘપતિના કહેવાથી બધાએ ઘરેણા ઉતારી પોટલી બનાવી દીધી. આ બાજુ સૂર્યાસ્તનો સમય થવાની તૈયારી સંઘપતિએ બહારવટીઓને કહ્યું થોડી રાહ જુઓ. અહીં કોઇ રાત્રિ ભોજન કરતું નથી, પતરાળા પથરાયા. બધા ખાવાનું શરૂ કરે ત્યાં શેઠ કહે રાત્રિ ભોજન જેમ આપણાને નિષેધ છે તેમ આપણા આંગણે અતિથિ ઉભા હોય તો આપણાથી પહેલાં ભોજન કરાય નહી. બધાને બેસાડો. જમી રહ્યા પછી શેઠ બહારવટીઆની પાસે જઇ ઘરેણાની પોટલી આપી દીધી. બહારવટીઓ જામ અબડો કહે જેમ તમારા શાસનમાં રાત્રિ ભોજનનો નિષેધ છે તેમ અમારામાં ય જેનું ખાધુ હોય તેને લૂંટવું નિષેધ છે. જેનું લૂણ ખાધું હોય તેને ત્યાં ચોરી ન થાય. ઘરેણા પાછી આપી દીધા. એક સત્વ અનેકોને સત્વશીલ બનાવે છે.

- એક બીજો દાખલો :

  મુંબઇમાં એક સાધુ ભગવંત ચારિત્ર સારું એવું પાડ્યા પછી મનથી ઢીલા પડ્યા. ચારિત્ર છોડવા તૈયાર થયા. ગુરુએ ઘણા ઉપાય કરાવ્યા. પણ ચારિત્ર મોહનીયનો જબરો ઉદય. ગુરુને કહે ચારિત્ર છોડવાની ઇચ્છા નથી પણ મન શાંત થતું નથી. આખરે દીક્ષા છોડી. અડધા કલાકે કાલબાદેવીના રાઉન્ડ પાસે મૂતરડીમાં ગયા. ત્યાંનું દૃશ્ય જોયું. તરત પાછા ઉપાશ્રયે આવ્યા. ગુરુદેવ! મને વાસના કરતા જીવદયા વધુ વહાલી છે. ફરી દીક્ષા ગ્રહણ કરી નિરતિચાર જીવન બનાવી સદ્ગતિ પામ્યા. ભૂખ લાગે ત્યારે શું ખાઇએ એ ગરીબની ચિંતા અને શું કરીએ

તો ભૂખ લાગે એ શ્રીમંતની ચિંતા. તમો ક્યાં તૂટ્યા છો?

- મહારાષ્ટ્રમાં એક ભાઇ શિખરબદ્ધ દેરાસર પાસે રહે. બાર મહિના રોજ પક્ષાલ કરે. રોજ ૫૦૦ રૂા.ની બોલી બોલે. આગળ વધે પણ ઓછું ન બોલે. પૂછ્યું રોજ ૫૦૦ રૂા.ની ઉછામણી? જવાબ આપ્યો. બારે મહિનાના સમકિતી દેવો સૂતા છે માટે આ સસ્તામાં મળે છે. બાકી બધી મૂડી લગાવી દઉં તોય બાર મહિનાનો લાભ ન મળે. પાંચ તિથી લીલોતરી બંધ શું કામ? આમ તો એક પણ દિવસ લીલોતરી ન ખાવી તેવું વિધાન છે. પણ આપણું સત્વ ઓછું છે. આયુષ્યનો બંધ પ્રાય: આ તીથિઓએ પડતો હોય છે. પાંચ જ છોડવી છે કે પાંચ સિવાય છોડવાની તૈયારી? કોઇ કહે મુંબઇમાં પૂજા નથી કરતો પણ બહાર તીર્થમાં અચૂક કરું? ક્ષેત્રના પ્રભાવથી ધર્મ કરો છો, શંખેશ્વરમાં જાગેલાં ભાવ મુંબઇ સુધી ન પહોંચે તો પરલોક સુધી પહોંચશે?
- એક સમુદાયના સાધ્વી રોટલી અને કરિયાતાથી ઓળીઓ કરી. આહારસંજ્ઞાનું પાપ ખરાબ લાગ્યું માટે.
- સાધ્વી વિનિતાશ્રીજી ૪૪ વર્ષના દીક્ષા પર્યાયમાં ચારથી પાંચમું દ્રવ્ય વાપર્યું નથી.
- સા.શ્રી વિશ્વોદયશ્રીજી જે ચીજ પર ચપ્પુ લાગે તે કદિ લેવું નહિ.

  નિમિત્તથી ધર્મ ભલે પકડજો પણ નિમિત્ત છૂટ્યા પછી ધર્મ પકડી રાખજો.

  ઇંડામાંથી બચ્ચુ જન્મે ત્યારથી ચકલી બચ્ચાને ઉડાડવા તરત શીખવે. પણ બચ્ચુ ડરે. ગધેડો જન્મે ને પ્રથમ દિવસથી ચાલે. કોયલ ઝાડ પર પણ ટહુંકો કરે અને કાંટાની વાડ પર એવો જ ટહૂંકો કરે.
- નેપોલીયન પાંચ ફૂટ બે ઇંચ ઉંચો હતો. એનો ઓફિસર છ ફૂટનો હતો. એ બાજુમાં ઉભો રહે અને નેપોલીયન ગ્લાનિ અનુભવે. લાયબ્રેરીમાં એક પુસ્તક લેવા ગયા. હાથ પહોંચ્યો નહિ. મેનેજરે કહ્યું હું લાવી દઉં? નેપોલીયનનો અહં ઘવાયો. અને કહ્યું 'તું મારા કરતા ઉંચો નહિ લાંબો છે. આપણને અહંકાર પછાડે છે. ચકલી બચ્ચાની સામે કૂદકા મારે. કૂદકા મારવાનું શીખવાડે, પૂરતી પ્રેકટીસ કરાવી છેલ્લે ધક્કો મારે. અમે તમને આરાધનામાં ઉડવા ધક્કા લગાવીએ

છીએ.

પૂ. જંબુવિજયજી સાથે પંચાસરમાં રહેવાનું થયું. બપોરના ૨/૩ ટપાલ લખી. પછી પેક કવરને વંદન કરતા જોઇ પૂછ્યું? તો કહે આપણે ટપાલમાં લખ્યું હોય છે કોટીશઃ વંદના અને આપણે એકેય વંદન ન કરીએ એ કેમ ચાલે? એમના જેવો સમર્પણ ભાવ લાવવો કઠિન છે. ઠલ્લે જતા પિતાજીની તસ્વીરને વંદન કરીને જાય ગુરુની હયાતીમાં જ કર્યું તે પછી પણ જીવંત રાખ્યું. એમની પાસે જર્મન જવાનીઓ પ્રતિક્રમણ કરવા બેસે. એક વાર ગામવાળા જહોનને લઇ આવ્યા. ઝાડ નીચે પ્રતિક્રમણ કરી ફરવા ગયા. તળાવમાં આખા ચંદ્રને જોઇ નાચી ઉઠ્યો. જે ભાઇ ચંદ્રને જોઇ નાચી શકે એ બીજું શું જોઇ ન નાચે? પ્રારંભની ભૂમિકા કરો વધુ અપેક્ષા રાખવી નથી. વગર સ્થળે અને વગર સમયે પણ ધર્મ ચાલુ કરો. પાપ ખરાબ છે માટે છોડવું જ છે. મરણ વખતની સમાધિમાં આચાર કામ ન લાગે પણ જ્ઞાન કામ લાગશે. મોતની વેદનામાં પ્રતિક્રમણ-પડિલેહણ કે પૂજા એટલા કામ નહિ આવે પણ તમારી સમજણ કામ લાગશે.

સમજ વધારો. સમાધિ કેળવો.

## વ્યવહાર સૌંદર્ય

ભમરાની નજર ફૂલ પર હોય તેમ કેટલાક જીવોની દૃષ્ટિ સદ્ગુણો તરફ જ હોય.

માખીની નજર ફૂલ અને વિષ્ટા બન્ને પર હોય. બીજા પ્રકારના જીવો આવા હોય પાપોય કરતા રહે અને થોડો ધર્મ પણ કરતા રહે.

ત્રીજા પ્રકારમાં ડુક્કરને માત્ર વિષ્ટા અને ગટર પ્રિય હોય આવા જીવોને આખા ગામની પંચાત અને નિંદા જ પ્રિય હોય છે.

આપણને પાંચ ચીજો પાંચમા આરામાં ખરાબ મળી છે.

૧. કર્મ ખરાબ બંધાયો છે. ૨. સંસ્કાર ખરાબ પાડ્યા છે.
૩. સોબત/સંગત ખરાબની વળગી છે.
૪. અવસર્પિણી કાળ પણ ખરાબ છે.

# પાંચ કર્તવ્યોની પંચસૂત્રી

## પ્રસંગ - ૧

મમ્મી! મમ્મી આજે ઘરમાં મરેલા ઉંદરની વાસ કેમ આવે છે? અરે બેટા! એવું કાંઈ નથી આ તો તું બહારથી આવ્યો એટલે તેથી વાસ આવતી હશે! અથવા તો બારી ખુલ્લી છે બહારથી દુર્ગંધ આવતી હશે. મમ્મીના પ્રત્યુત્તરે મલય ચૂપ થઈ ગયો.

બપોરના જમવાના ટેબલ પર જમતા મલય કહે મમ્મી! કેરીનો મુરબ્બો આપને! મમ્મીએ કેરીના મુરબ્બાવાળી બરણી નીચે ઉતારી. બરણીમાંથી જ ભયંકર વાસ આવવા લાગી. ઢાંકણું પણ અડધું ખુલ્લુ હતું. ઢાંકણું ખોલતા જ મુરબ્બાની ચાસણીમાં ઉંદરનું નાનું બચ્ચું મરેલું પડેલું. બન્ને જણાએ આ જોઈ ખેદ અનુભવ્યો. મમ્મીને યાદ આવ્યું. ગયા અઠવાડિયે કેરીનો મુરબ્બો બરણીમાંથી કાઢતા ઉતાવળ હતી. પછી સરખુ કરીશ એ ગણતરી હતી. વાત ભૂલાઈ ગઈ. થોડી બેદરકારી! હિંસાનું પાપ લમણે લખાયું.. અરર...! હાલતા ચાલતા કેટલી બેદરકારીઓ...? શું થશે ?

## પ્રસંગ - ૨

લક્ષ્મીચંદ શેઠ, ઘરમાં કેન્સરની માંદગી છે. એકના એક દીકરાની કીડની ફેઈલ છે. બે દિકરીઓને સર્વિસ મોકલું છું તોય દવાના, ડાયાલિસીસના ખર્ચા એટલા થઈ જાય છે કે અનાજ ખાવાના પૈસા બચતા નથી. શેઠ! થોડી દયા કરો. તમારી પાસે મોટી આશા લઈને આવ્યો છું

જા! જા! ચાર ચાર વખત તો તને હજાર-હજાર આપ્યા હતા. હવે પાછો શા માટે આવ્યો? એક માત્ર હું જ તને દેખાઉં છું. સમાજમાં ઘણાં શેઠિયાઓ છે એની પાસે જા...!

અરે શેઠ! કાળે કરવત બદલી તેથી આ માંગવાના દહાડા આવ્યા. નહિં તો સ્વમાનભેર જિંદગી જીવતા હતા. બિમારીઓ મોટી આવી ગઈ જીવ બચાવવા ઘર ધોવાઈ ગયું. ડૉકટર અને હોસ્પિટલના ખીસ્સામાં આપીએ એટલું ઓછું છે. તમારા જેવા શેઠિયાઓ પાસે હાથ લાંબો કરીએ છીએ. શેઠ! સમાજમાં શેઠિયાઓ તો ઘણાં છે પણ અમારા જેવાને જોનારા

કેટલા?

આટલી મદદ કરીએ તોય તમને અમે દેખાતા નથી! અમે શું તમારા માટે જ કમાવીએ છીએ? અમારા દિકરા-દિકરીઓ માટે કાંઈ રાખવાનું જ નહિ ને? અરે શેઠ! એવું ક્યાં આપને કહ્યું છું. પુણ્યે તમને યારી આપી ભલે ઈશ્વર તમારા ભંડાર ભરપુર રાખે. પણ શેઠ મારા પર કાંઈક દયા કરો... બીજીવાર તમારી પાસે નહિં આવું શેઠ! મોતને વ્હાલું કરીશ આટલું બોલતા તો રામજી ચોધાર આંસુએ રડી પડ્યો. લે... લઈજા... કહીને લક્ષ્મીચંદ શેઠે તિરસ્કારપૂર્વક પૈસા આપ્યા. રામજી આભાર માનતા બોલ્યો, શેઠ! અરિહંતની કૃપા સદા આપ પર વરસી રહો. તમારી ભલાઈ નહિ ભૂલું...'

## પ્રસંગ - ૩

અલ્પા ચાલને! ત્રણ વરસ થયા પિતાજીનું મોઢું નથી જોયું આજે જઈને ક્ષમા માંગી આવીએ!

તમને જવું હોય તો જાઓ. હું નથી આવવાની. ત્રણ વરસ પહેલાનો એ દિવસ યાદ છે ને? મિલ્કતના ભાગ વખતે થયેલો પક્ષપાત યાદ છે ને? માત્ર તમોએ રજૂઆત કરી ત્યાં પિતાજી કેવા ગુસ્સે થઈ ગયા હતા. તમને જ સંભળાવ્યું હતું ને, "નીકળ ઘરથી બહાર.." અને આ સાંભળી આપણે બન્ને નીકળી ગયા તે યાદ છે ને?

હા અલ્પા યાદ છે! પણ હવે મને મારી ભૂલ સમજાય છે. સંપત્તિ પિતાજીની હતી. મારો કોઈ અધિકાર ન હતો છતાં ઉપકારીની સામે બોલ્યો... નાહક ગુસ્સો કર્યો... પરિવારના સંપમાં ધરતીકંપ કર્યો... પિતાજીએ જે આપ્યું હતું તે મારા માટે ઘણું હતું. મારી દૃષ્ટિમાં ઝેર ફેલાયું...ના...ના આપણે ક્ષમા માંગી આવીએ... માફ કરી દેશે...

ના..ના.. આવા લાગણીવેડા કરવાની જરૂર નથી. છોરૂ કછોરૂ થાય પણ માવતર કમાવતર થોડા થાય. પિતાજીને આ ઘરમાંથી નીકળી જા એમ બોલવાની શી જરૂરત હતી! ત્રણ વરસથી કોઈ પૂછવા આવ્યું છે? તમો જીવો છો કે મરો છો?

અરે અલ્પા! મેં પણ ક્યાં એમની પૃચ્છા કરી છે?

સુનીલ! સો વાતની એક વાત! આપણે જવું નથી. ભૂલ એમની હતી આપણી નહિં....

## પ્રસંગ - ૪

અંકલ! મારી ભેળમાં કાંદા ન નખાવતા..

કેમ અનંત! તું કાંદા કેમ ખાતો નથી?

અંકલ! મેં કંદમૂળનો ત્યાગ કર્યો છે.

અનંત! આપણે બહાર ફરવા જઈએ ત્યારે ધર્મના નિયમ લઈને નહિ આવવાનું!

ના અંકલ! આપણે જૈન છીએ. આપણાથી કંદમૂળ ખવાય જ નહિ. મારો તો ચોવિહારનો પણ નિયમ છે. અમારી પાઠશાળામાં ઘણા બાળકો પાંચમે આયંબિલ/એકાસણું પણ કરે છે. અમને મોટા ઈનામ પણ મળે છે.

અનંત! તારામાં અક્કલ જ નથી. ખાવા પીવામાં કંઈ પાપ નથી. એ તો પાઠશાળામાં તમને ડરાવે. અત્યારે તો ખાઈ પીને જલસા કર. મોટો થાય ત્યારે કરજે હમણાં તો તું ૧૪ વર્ષનો છે.

અંકલ! મારી ઉંમરે ધર્મ ન કરાય ને મોટી ઉંમરે ધર્મ કરાય તો તમે તો મોટા છો. તમે કેમ ધર્મ નથી કરતા?

અંકલ પાસે કોઈ જવાબ ન હતો.

## પ્રસંગ - ૫

બર્નાડ શો ને પૂછવામાં આવ્યું. તમને આવતા ભવે જન્મ કયાં લેવો છે?

બનાર્ડ શો એ જવાબ આપ્યો, 'ભારત દેશમાં અને તેમાંય જૈન કુળમાં.'

શા માટે?

દુનિયાના બધાજ ધર્મોમાં એક માત્ર જૈન ધર્મ જ એવો છે જેમાં ભગવાન કોઈપણ બની શકે છે. ભગવાન બનવાની એમની થિયરી મને ખૂબ ગમી. મને ભગવાન થવાની ઈચ્છા છે માટે જૈન કુળમાં અવતરવું છે. અમેરિકાના પ્રસિદ્ધ નાટયકારના આ શબ્દો છે.

## પ્રસંગ - ૬

પ્રસંગ! દેરાસર જઈ આવ. મમ્મીએ કહ્યું

ના મમ્મી. આજે હમણાંજ ટયુશન કલાસમાં જવું છે મને મોડું થાય છે. મમ્મી આ સાંભળી મૌન રહી.

આ કાળમાં ઠેર ઠેર નજરે ચડનારા આ છ પ્રસંગોમાંથી પર્વાધિરાજના પુનિત સંદેશ સમા પાંચ કર્તવ્યો ગોતીએ..

## પ્રસંગ-૧ : અભય બનીએ..અભય આપીએ

મલયની મમ્મીની નાનકડી બેદરકારીએ ઉંદરના પ્રાણ લેવાયા. માનવજીવન હિંસાથી ખરડાયો. જાતજાતની દવાઓથી જંતુને માર્યા તો આરડીએક્સના જથ્થાથી બોમ્બ બ્લાસ્ટ કરી માણસોને માર્યા. વેપારની કોમ્પિટીશનમાં પ્રતિસ્પર્ધીને ખલાસ કરી.. ભાઈ-ભાઈને મારો. ગર્ભમાં રહેલા બાળકને મારો.. દેહના સૌંદર્ય ખાતર હજારોનો ખાત્મો બોલાવી હજારો પશુઓની કતલ કરાવી માંસની લાખો ટન નિકાસ કરી. કયાંય દયાનો દીપ દેખાય છે? અહિંસાના પૂજારી ગણાતા દેશની આ હાલત છે. ઓ માનવ! હિંસાની હોળીથી પાછો વળ. અહિંસાની જયોત જગાવ. ઘરમાં અને ઘટમાં અહિંસાદેવીની પ્રતિષ્ઠા કર. બેદરકારીથી લમણે ઝીકાતી હિંસા, મોજશોખથી થતી હિંસા અને ક્રૂરતાના કારણે થતી હિંસાઓ બંધ કરો. શાતા આપો ને શાતા પામો. પ્રથમ કર્તવ્યનું પાલન કરી હું ધન્ય બનું....

## પ્રસંગ-૨ : સાધર્મિકને સમજીએ અને સ્વીકારીએ

જે અરિહંતની હું સેવા પૂજા કરું છું તે જ અરિહંત પ્રભુની ભક્તિ જે કરે તે મારો સાધર્મિક. લક્ષ્મીચંદ શેઠના પ્રસંગમાં પોતાના સાધર્મિકની આવી પરિસ્થિતિ જોવા છતાં દયાં પ્રગટતી નથી. સંપત્તિ પર ચૌદ રાજના જીવોનો અધિકાર છે એ ભૂલાયું. સ્વાર્થી બનશું તો સાધર્મિકનું સગપણ કયાં સમજાશે? આ કર્તવ્ય આપણને નિસ્વાર્થી અને પરોપકારી બનવાની પ્રેરણા આપે છે. સાધર્મિક ભક્તિના હાર્દને સમજી શક્યા જ નથી. મારો સાધર્મિક કરુણાપાત્ર નહિ પ્રેમપાત્ર બનવો જોઈએ. આપણી સંપત્તિ મોજશોખમાં વપરાય છે. વર્લ્ડટૂર માં ફરવું છે. કુલુ અને કોડાઈ કેનાલમાં ડૂબકીઓ લગાવવી છે — આ ખર્ચા દેખાતા નથી. કોકના આંસૂ લૂછવાના

અવસરે બજેટ પુરૂ થઈ ગયેલું દેખાય છે. સમયસર સહાય કરી વેદનાની આગ જ્વાલા બનતી અટકાવી દો. અહીં-તહીં ભટકાવવા કરતા આ કર્તવ્યને સમજી લો... સ્વીકારી લો... સાધર્મિકોને સન્માનપાત્ર બનાવવા પ્રામાણિક પણે પ્રયત્ન કરતા થાઓ..

**પ્રસંગ-૩ : ક્ષમા માગીએ, રાખીએ... આપીએ....**

આજે ઘરઘરમાં નાનકડા વાક્યે અને નાનકડી વસ્તુએ દિલ તૂટયા છે. તૂટેલા દિલને સાંધવા માટે સુનીલ જેવા તૈયાર થયા તો અલ્પા જેવી ઈગો સ્ટેટ્સ ધરાવનાર વ્યક્તિઓએ ઘા પર મીઠું ભભરાવી તૂટેલા દિલના ટૂકડાનું પણ બારીક ચૂર્ણ કરવા તૈયાર થાય ત્યાં મૈત્રીના પુલ કયાં બંધાય? વેરની પરંપરાના વાવેતરના પ્રસંગો ઉભા કરતા જ રહીએ છીએ. પર્યુષણનું ત્રીજું કર્તવ્ય આપણે પ્રેમ, આદર, સદ્ભાવ, અહોભાવની પ્રેરણા કરે છે. ભૂલ ભગવાનની ન થાય બાકી તો સહુની થાય. ભૂલોને ભૂલતા શીખો, થોડી ભલાઈ કરતા શીખો.

**પ્રસંગ-૪ : અઠ્ઠમ કરીએ**

જૈન કુળે જન્મ પામ્યા પછી આહાર સંજ્ઞાના તોફાન ઓછા ન થયા. જીવન ખાવા માટે નથી, જીવવા માટે ખાવાનું છે. આ પેટમાં અભક્ષ્ય અને અનંતકાય પધરાવતા જઈએ છીએ. અનંતના પ્રસંગમાં કઈક કાકાઓ, મામાઓએ આજના ટીનએજર્સને ધર્મના માર્ગે ચડતા અટકાવ્યા છે. પોતે પતનની ખાઈમાં પડી અન્યોને પતનના માર્ગે ધક્કા માર્યા કરે છે. સગા-સબંધી અને સ્વજન-મિત્રોથી સાવધાન રહેજો. શુભભાવનાને આંચ આવવા દેશો નહિ. અઠ્ઠમ તપનું કર્તવ્ય આપણને કર્મનો મેલ ઉતારી આત્માની શુદ્ધિ કરનાર વોશિંગ પાવડર છે. વર્ષભરના થયેલા પાપોની આલોચના ઉતારવાનું આ તપ છે. હૈયાના હેતથી આચાર માર્ગનું પાલન કરો.

**પ્રસંગ-૫ : ચૈત્ય પરિપાટી કરીએ.**

બર્નાડ શો વિદેશી હોવા છતાં જૈન શાસ્ત્રોમાં ઊંડા જ્ઞાનથી નહિ પણ અલ્પજ્ઞાનથી એણે અરિહંતની ઓળખ મેળવી એનાથી એને લાગ્યું કે જૈન ધર્મ મહાન...એના દેવ પણ મહાન.

આપણને શાસ્ત્રો, તીર્થો, મંદિરો, મૂર્તિઓ, મહાત્માઓ અનેકવિધ

આરાધનાઓ અપાવનારા અરિહંત પ્રભુના મહાઉપકાર તરફ કૃતજ્ઞ ભાવ વ્યક્ત કરી 'મારા પ્રભુ મહાન' એવો અંતરનાદ જગાડવા આ કર્તવ્ય કરીએ. સંસારનો અંત કરી નાખનાર અરિહંતના દર્શન-વંદન-સ્મરણ-કીર્તન-અર્ચન-પૂજન કરીએ. શ્રદ્ધાના દ્વાર ખોલશું તો સૌભાગ્યના દ્વાર ખૂલશે.

સંસાર વ્યવહારની એક એક ક્રિયામાં તો ટાઈમનું લેબલ નથી પણ ધર્મની ક્રિયા માટે ટાઈમનું લેબલ છે. આ પરિસ્થિતિ જીવાત્માને ફરીએ સામગ્રી મળતી દુર્લભ બનાવી દેશે. સમજી લો શાનમાં સહુ જીવો, ચાલો ઉછળતા ભાવમાં / પર્વના ટાણે આ પાંચેય કર્તવ્યનું સોનેરી શિલ્પ જીવનના આરસ પર કોતરીએ.

આવો, અહિંસાની પ્રતિષ્ઠા કરીએ...
સાધર્મિક ભક્તિની સુવાસ પામીએ...
ક્ષમાપનાને અક્ષતે વધાવીએ...
અઠ્ઠમ તપ કરી પાપ ક્ષય / દોષ ક્ષય કરીએ...
દેહના દેવાલયે ચૈત્યનું ચૈતન્ય પ્રગટાવીએ.....

## સમજ સૌંદર્ય

- કોઇ શ્રેષ્ઠ કોટિના શ્રાવકો ચાર શરમ નડે.
  પરમાત્માની શરમ
  ગુરુની શરમ
  સમાજની શરમ
  કુટુંબ-ખાનદાનીની શરમ
- શરમનો ખંડ વચનમાં અને કાયાના પાપથી બચાવે છે. જ્યારે સંવેદનશીલતા મનના પાપોથી બચાવે છે.
- આપણા જીવનમાં શરમનો ખંડ, સમજણનો ખંડ, શરણનો ખંડ અનિવાર્ય છે.

# ૧ પ્રવચન-અંશ

★ અલ્પ સંસારી એ મુક્તિ નજીકની અવસ્થા છે.

★ જ્યાં જ્યાં આસક્તિ છે ત્યાં ત્યા ઉત્પત્તિ છે.

★ દંભી વલણ અને ગલતની રુચિ આ બે છોડવા પ્રયત્ન કરો.

★ ભલભલા નિમિત્તો વચ્ચે તમારું પુરુષાતન અને શૂરાતન પ્રગટેલો રાખો.

★ સહુને પોતાનાથી પાછળ જોવાની ઈચ્છા તે ઈર્ષાળુની નિશાની છે.

★ મરણ માટેની તૈયારી જરૂરી છે.

★ સમાધિમરણ અને બોધિલાભ માટેના સતત સમ્યક્ પુરુષાર્થ કરતા રહો.

★ વિષયોની આગને ઠારવા વૈરાગ્યની એક બાલદી પાણીની જરૂર છે, ત્યાં આપણે પીપડા ખાલી કરી દીધાં છતાં એ વિષયોની આગ શાંત ન બની.

★ વસ્તુ નાશવંત છે અને મન પરિવર્તનશીલ છે. આસક્તિ ક્યાં અને કેટલી રાખશો.

★ સમય પસાર થતા વસ્તુ જૂની થાય આકર્ષણની માત્રા ઘટશે. હાથમાં રાખ અને આંખમાં આંસુ આ બે સિવાય શું આવશે?

★ અહંકાર એ આગનું પ્રતિનિધિત્વ ધરાવે છે. સદ્‌ગુણોના મહેલને બાળી નાખે છે.

★ ચાર ભય નજરમાં રાખો :
દોષનો ભય, દુર્ગતિનો ભય, દુઃખનો ભય અને પાપનો ભય.

# ૨ પ્રવચન-અંશ

★ માનવભવમાં આપણી મુખ્ય જવાબદારી છે આત્માને સમતા-સમાધિમાં રાખવાની-પ્રસન્નતા વધારવાની. એની જગ્યાએ કષાયો-વાસનાઓ-ઈચ્છાઓ-અપેક્ષાઓ વધારી દીધી.

★ પ્રથમ જવાબદારી છે આત્માને કર્મથી મુક્ત કરવાની અને આત્માને સુધારવાની.

★ મણિરથ અસમાનતાની નોંધ લઈ ભાઈને મારવા તૈયાર થયો. કૌશલ્યાએ અસમાનતાની નોંધ ન્વહણજળના કારણે કરી તો આત્મહત્યા સુધી પહોંચી.

★ અસમાનતા ન જોઈએ તેમ અતૃપ્તિ પણ ન જોઈએ.

★ વાસના-માલિકીભાવ અને આસક્તિના ભાવો મૃત્યુ પહેલા સાફ કરો.

★ દરેક પોતાની ભૂલ, પોતાનો વાંક અને પોતાની ખરાબી જોતા શીખી જાઓ.

★ સંસારના ભોગોની ભયંકરતા, મોક્ષ પ્રત્યેની તાલાવેલી અને ધર્મ એ જ તારણહાર છે એવી અનુભૂતિ કરો.

★ જે મળ્યું છે એમાં પણ ભાગ્યની રમત જુઓ અને નથી મળ્યું એમાં પણ ભાગ્યની રમત જુઓ.

★ સાતત્યપૂર્ણ કરાયેલ ધર્મ કટોકટી વખતે યાદ આવે. સતત સેવાયેલા, ચિંતન કરાયેલા ધર્મ ગુણની ATM જેવી વ્યવસ્થા હોય.

★ બહારગામ જતા First Aid Box રાખો છો તેમ ગમે તેવી ઘટના બને એ સમયે સમાધિ આપે એવી વિચારણાઓના ચિંતનનું બોક્સ ખરું?

★ કલેશ ઘટાડો,
સંકલેશ ઓછા કરો.

# 3 પ્રવચન-અંશ

★ મનુષ્યભવ ઓછામાં ઓછું ૭ વાર મળે.

★ છતી શક્તિએ પરોપકાર ન કરવો એ વિશ્વાસઘાત કહેવાય.

★ જયવિયરાયમાં પણ માંગણી છે 'પરત્થકરણં'

★ અરિહંત - પરોપકારના ભંડાર
સિદ્ધ - સુખના ભંડાર
આચાર્ય - ગુણના ભંડાર
ઉપાધ્યાય - વિનયના ભંડાર
સાધુ - સહાય, સમતા, સમાધાન-સમક્તિના ભંડાર
દર્શન - સદ્ભાવનાના ભંડાર
જ્ઞાન - સદ્વિચારના ભંડાર
ચારિત્ર - સદ્ આચરણના ભંડાર
તપ - સંતોષગુણના ભંડાર

★ નિમિત્ત મળે અને કરી લેવું એનું નામ સંજ્ઞા

★ ૧૬ સંજ્ઞા : આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ઓઘ (જન્મથી મળતા સંસ્કારો) લોક, ક્રોધ, માન, માયા, લોભ, સુખ, શોક, મોહ, જુગુપ્સા, રાગ, દ્વેષ.

★ મારે સિદ્ધ થવું છે એ માટે પ્રાયોગિક ધોરણે જરૂરીયાત, બિનજરૂરીયાત કે તેની વસ્તુઓનો ત્યાગ કરતા જાઓ.

★ પાપ- અગવડ આપે છે.
પુણ્ય- સગવડ આપે છે.
ધર્મ - સલામતી આપે છે.

★ પરોપકારનો બદલો વાળવા તે તે વસ્તુનો નિયમ સ્વીકારતા જાઓ.

★ ક્રોધમાંથી ક્ષમા તરફ, કુટીલતાથી સરળતા તરફ, આક્રમણથી સમર્પણ તરફ અને દ્વેષથી પ્રેમ તરફની યાત્રા શરૂ કરી દો.

# ૪ શિબિર અંશ

★ ચાર પ્રશ્નોનું નિરાકરણ એક માત્ર જિનભક્તિમાં છે.
   ૧. સમાજમાં છે આબરૂનો પ્રશ્ન
   ૨. કુટુંબમાં ઉભો થયો છે પ્રેમનો પ્રશ્ન
   ૩. શરીરમાં રોગનો પ્રશ્ન છે.
   ૪. વ્યવહારમાં ધંધાનો પ્રશ્ન છે.

★ ભગવાનની ઓળખ છે જ્ઞાનમૂર્તિ અને કરૂણામૂર્તિ
ગુરુની ઓળખ છે સાધનામૂર્તિ અને ઉપકારમૂર્તિ
ધર્મની ઓળખ છે આચારમૂર્તિ અને વિચારમૂર્તિ છે.

★ પ્રભુના શ્રાવકની POST મળી છે
માનવ શરીર એ SPOT મળ્યું છે.
હવે પાપો પર STOP કરવાનું છે.

★ સુખનો આધાર શરીર છે.
સામગ્રીનો આધાર પુણ્ય છે.
અને સદ્‌ગુણોનો આધાર સદ્‌બુદ્ધિ છે.

★ નક્કી કરો દુઃખ મુક્ત બનવું છે કે પાપ મુક્ત બનવું છે.
પાપ મુક્ત બનવું છે? તો ઋણમુક્ત બનો.

★ હિતની વાત સાંભળવા મનને તૈયાર કરો.
સાંભળેલી વાતને સ્વીકારવા બુદ્ધિને તૈયાર કરો.
સ્વીકારેલી વાતોને જીવન સુધારવા અમલી બનાવો.

★ જરૂરીયાતોના પાપો થઈ રહ્યા છે પ્રવૃત્તિની પળોમાં
ઈચ્છાના પાપો થઈ રહ્યા છે નિવૃત્તિની પળોમાં

★ સંસ્કાર પાળવા પ્રવૃત્તિ જરૂરી પણ
સંસ્કાર ટકાવવા પક્ષપાત જરૂરી છે
દીવો બળે છે દીવાસળીથી પણ દીવો ટકે છે ઘી થી.

# ૫ શત્રુંજય કથા

★ યાત્રામાં નીચે નજર, ગતિ મધ્યમ જોઈએ અને ભાવ ઉછળતા જોઈએ.

★ ભક્તિયોગની સજ્જતાથી યાત્રા મઢેલી હોય.

ભાવુક્તા અને સંવેદના છલકતી હોવી જોઈએ.

★ સમ્યક્ત્વથી સિદ્ધત્વ જ્યાં પથરાયું છે માટે શત્રુંજય પવિત્ર છે. એમાં તારકતા-મહત્તા અને દુર્લભતાના દર્શન કરો.

★ જેમ તીર્થંકર પરાર્થરસિક છે તેમ તીર્થાધિરાજ પણ અનંતકાળથી પરાર્થરસિક છે.

★ જ્યાં તીર્થંકર દેવોનું આવાગમન થાય તે પૃથ્વીખંડ પણ ધન્ય બની જાય છે.

★ ગિરિરાજ માત્ર સિદ્ધક્ષેત્ર નથી પણ સાધનાક્ષેત્ર છે.

★ શત્રુંજયની પ્રાચીનતા અને પ્રભાવક્તા પરમોચ્ચ છે. યાત્રા પ્રવાહ અને સુકૃતપ્રવાહ પણ ધન્ય ધન્ય બનાવી દે છે.

★ ઈન્દ્ર મહારાજાની દીર્ઘદ્રષ્ટિતા અને ભરત મહારાજાની પારદર્શકતા વંદનીય છે. આલંબન સંપ્રાપ્ત થયા.

★ આચાર અને શ્રદ્ધા બન્ને નબળા પડે એનું જ નામ કલિકાલ.

★ સાક્ષાત્ પ્રભુની ગેરહાજરીમાં સાક્ષાત પ્રભુની હાજરીની અનુભૂતિ કરાવનારું પરિબળ એટલે પ્રતિમા!

★ ગિરિરાજના પ્રેમમાં પડો, દાદાના પ્રભાવને માણો, વીરલ વ્રતધારીઓની કથા સાંભળો. આલંબનો, આદર્શોના સુવર્ણકળશ ચડાવી યાત્રાની શુદ્ધિ કરો.

★ રાગ દશાનું મારણ એ જ છે સાચી તીર્થયાત્રા.

# ૬ સૂત્ર વાંચન

★ સ્મૃતિ અને શ્રુતિના કારણે આગમો સચવાયા.

★ જગતના પદાર્થો જે સ્વરૂપે રહેલા છે તે જ સ્વરૂપે જે જાણે અને જેવું જાણે તેવું કહે અથવા નિરૂપણ કરે તે આપ્ત છે.

★ શ્રવણનું ફળ-સમજણ છે.
સમજણનું ફળ આચરણ છે.
આચરણનું ફળ પરિણામ છે.
પરિણામનું ફળ- મોક્ષગમન છે.

★ આરાધના એ દવા છે અનુશાસન એ નિદાન છે.

★ મસ્ત બનાવે તે શાસ્ત્ર'
ત્રસ્ત બનાવે તે શસ્ત્ર

★ દ્રવ્યશસ્ત્ર – વચન અને કાયાની અવિરતિભરી કરણી
ભાવશસ્ત્ર - ખરાબ વિચાર ધારાએ ચડેલું અંતઃકરણ.

★ ધર્મના શ્રવણથી વંચિત કોણ - જાતિભવ્ય
ધર્મમાં અશ્રદ્ધા - અભવ્ય
ધર્મમાં શ્રદ્ધા છે પણ આચરણ નથી. અવિરત સમ્યગ્દષ્ટિ આત્મા.

★ તીર્થંકરોની કૃપા વડે ૪૮ મિનિટમાં ૧૪ પૂર્વની રચના કરવાની તાકાત ગણધરોને પેદા થાય છે.

★ ભાવભેદ, ભાષાભેદ, શૈલીભેદ થયો ત્યાં આચાર્યોએ વ્યવસ્થિત કરવાના પ્રયત્નો આગમ વાચના દ્વારા કર્યા.

★ અંગસૂત્રો ૧૧ છે, ઉપાંગ સૂત્રો ૧૨, પયન્ના ૧૦ સૂત્રો છે. મૂળ સુત્રો ૪ છે, છેદ સૂત્રો ૬ છે, ૨ મૂલ સુત્ર નંદી-અનુયોગ છે.

★ આગમ તો દર્પણ છે, કલિકાળમાં દીવો છે.

# ૭ સૂત્ર વાંચન

★ ઋણમુક્તિ વિના પાપમુક્તિ શક્ય નથી.

★ કષાયોને બાળી નાખજો પણ ઇન્દ્રિયોને વાળજો.

★ આપણા પર તીવ્રકક્ષાના રાગ દ્વેષના હુમલા નથી આવતા તે અરિહંતની કૃપાનું પરિણામ છે.

★ આસક્તિ ઓછી કરવાની પ્રથમ ભૂમિકા છે કે દ્રવ્યનો ત્યાગ કરતા જાઓ.

★ બધી જ વાતો ગુરુને પૂછીને કરવાથી ગુરુનો અહં નથી પોષાતો પણ આપણી સ્વછંદતા તૂટ્યા વિના રહેતી નથી.

★ પ્રવૃત્તિના ત્યાગથી સંયમ મળે અને વૃત્તિના ત્યાગથી સંયમના પરિણામ મળે.

★ સાધના માટે યથાશક્તિ શબ્દ છે પણ સમર્પણ માટે યથાશક્તિ નથી.

★ વિષયદુષ્ટ અને કષાયદુષ્ટ બન્નેને જલ્દી દીક્ષા ન આપવી.

★ સૂત્રો સાંભળવા જેમ શરત છે તેમ ભણવા આઠ ચીજો જરૂરી છે. આલોચના/વિનય/ક્ષેત્ર/દિશા/કાળ/નક્ષત્ર/ ગુણસંપદા - અભિવ્યવહાર.

★ વિશેષ આવશ્યક ભાષ્યમાં જણાવે છે કે આલોચના સ્વમુખે લેવી જોઇએ. દોષોનું પ્રકાશન મુખથી કરવાથી આપણા પશ્ચાતાપના પરિણામનો ગુરુને ખ્યાલ આવે છે.

★ આલોચના એ અરિહંતનું શ્રેષ્ઠ કોટિનું અનુષ્ઠાન છે.

★ જાતિવંત / કુળવંત આત્માઓ આલોચના સ્વીકારે.

★ આલોચનાથી પશ્ચાતાપ ગુણ મજબૂત થાય, અહં તૂટે, કાળજું કોમળ બને, દેવ-ગુરૂના હૃદયમાં સ્થાન મળે.

# ૮ પ્રવચન-અંશ

★ આપણે બે જાતની ભ્રમણામાં અટવાયા છીએ. સામગ્રીના આધારે સુખી માની બેઠા છીએ અને ક્રિયાના આધારે ધર્મી માની બેઠા છીએ.

★ સુખનું કારણ સામગ્રી નહિ પણ સંતોષ છે. ધર્મનું કારણ કેવળ ક્રિયા નહિ પણ પરિણતિ છે.

★ ઓડકાર એ તૃપ્તિની જાહેરાત છે તો સંતોષ એ સુખની જાહેરાત છે.

★ કૃપણતા એ ઉદારતાની દુશ્મન નથી પણ કઠોરતા એ ઉદારતાની દુશ્મન છે.

★ પરમાત્માનો આત્મા પ્રચંડ પુણ્યવાન અને પરમ ગુણવાન હોવાથી પુણ્યહીન કે ગુણહીન કુળમાં એમનો જન્મ થતો નથી.

★ વ્યર્થમાં વેડફાતી શક્તિ સાર્થક ની પ્રાપ્તિ થવા દેતી નથી.

★ પરમાત્માનું ચ્યવન કલ્યાણક આપણા મિથ્યાત્વનો નાશ કરે

જન્મ કલ્યાણક આપણા પ્રમાદનો નાશ કરે

દીક્ષા કલ્યાણક – આપણી અવિરતિનો નાશ કરે

કેવળજ્ઞાન કલ્યાણક આપણા કષાયનો નાશ

નિર્વાણ કલ્યાણક આપણા યોગને રવાના કરે છે.

★ દેવ પાસે જવું છે તો ગુરુ એ દ્વાર છે.

★ તીર્થંકરોની ૧૦ ગુણની કમાણીના બે ગુણો છે.

૧. સ્વાર્થને ગૌણ કરે

૨. ઉચિત્ત ક્રિયા કરે

★ શરીરની અશક્તિથી કાયાનો ધર્મ થતો નથી તો મનની આસક્તિ પાપથી મુક્ત થવા દેતી નથી.

# ૯ શિબિર અંશ

★ પરમાત્માની પાંચ કરુણાનો દર્શને સ્વીકાર કરો.

૧. નિગોદમાંથી બહાર કાઢ્યા

૨. અત્યાર સુધી હાથ પકડી રાખ્યો

૩. જ્ઞાન-દર્શન ચારિત્રનો પરિચય કરાવ્યો.

૪. મોક્ષનું સ્વરૂપ દેખાડયું- ઝંખના જગાડી

૫. 'મોક્ષ પામી શકાય છે' એ પોતાના જીવન દ્વારા પ્રતિતી કરાવી.

★ પાંચ ચેક પોસ્ટ છે સંભાળજો
આંખ - ચામડી - નાક - જીભ - કાન

★ આંતર નિરીક્ષણ અને આંતર પરીક્ષણ સતત કરો.

★ સ્વરક્ષામાં ચારિત્રનું ઘડતર છે.
સર્વરક્ષામાં સ્વભાવ ઘડતર છે.

★ પાત્રતાનું નિર્માણ કરી ગ્રહણની તાકાત હોય અને પચાવવાની ભૂમિકા હોય.

★ દોષ દેખાય અને દોષથી અકળાય તો જ તેમાંથી મુક્ત થવાની ઇચ્છા કરે.

★ દોષની કબૂલાત વાસ્તવિકતાના સ્તરે છે. અકળામણના સ્તરે નથી.

★ પ્રેમ પાત્રતાને ખેંચી લાવે છે.

★ ધર્મના ક્ષેત્રમાં પરિચય વધતા પ્રેમ વધે.

★ દેવ-ગુરુની આજ્ઞા પ્રમાણે પુરુષાર્થ કરતા રહો.

★ જે પરિબળો તમને દોષ મુક્ત બનાવે તેના પર પ્રેમ વધારતા જાઓ.

★ એકાંત, અંધકાર અને અતિ પરિચય – આ પરિબળોથી જાતને બચાવો.

# ૧૦ શિબિર અંશ

★ ધર્મ કરવો જુદી વાત છે અને ધર્મી બનવું જુદી વાત છે.

★ ડુંગળીમાં સુવાસની અનુભૂતિ જો શક્ય નથી તો અહંકારીમાં સદ્‌ગુણોની સુવાસ અનુભવવા મળે એ શક્ય જ નથી.

★ પાપથી ખરેખર મુક્ત થવું હોય તો પાપના બળ તરફ નજર રાખવાને બદલે પાપના ફળ તરફ જ નજર રાખશો.

★ ધર્મની ખરેખર હૃદયમાં પ્રતિષ્ઠા કરી દેવી હોય તો ધર્મના ફળ તરફ જોયા કરવાને બદલે ધર્મના બળને અનુભૂતિનો વિષય બનાવો.

★ પરમાત્મા આ જગતને બનાવતા નથી પણ એ જેવું છે તેવું બતાવે છે.

★ જૂઠ બોલવાના ચાર કારણ છે : ક્રોધ-લોભ-ભય અને મશ્કરી. આમાંનું એક પણ કારણ અરિહંત પરમાત્મામાં વિદ્યમાન નથી અને એટલે જ એમના મુખમાંથી નીકળતું પ્રત્યેક વચન એ સત્ય વચન છે.

★ અનંત જ્ઞાનીઓના ઉપદેશને આપણા ગલત અનુભવોના આધારે ચકાસવાની ભૂલ ક્યારેય કરવા જેવી નથી.

★ આલોચના સાધકને આરાધક બનાવે છે. અહં ઓગાળે છે. પાપ પ્રત્યે ધિક્કારભાવ જગાડે છે. કાળજુ કોમળ બનાવે છે. દેવ-ગુરુના હૃદયમાં સ્થાન અપાવે છે. આલોચનાની તાકાત અધિકાઅધિક છે.

★ સંસારમાં જે પણ દોડધામ કરો છો એની પાછળ જાતને બે પ્રશ્નો પૂછો.

૧. કોના માટે કરું છું.

૨. શેના માટે કરું છું.

★ વિજ્ઞાને આ જગતને બે ભેટ આપી :

સમયને બચાવવાના સાધનો આપ્યા અને

સમયને પસાર કરવાના સાધનો આપ્યા.

# ૧૧ શિબિર અંશ

★ તપના બે દૂષણો છે.

૧. તપનું અજીર્ણ એટલે ક્રોધ

૨. તપનું બીજું દૂષણ છે ઈચ્છાઓ /અપેક્ષાઓ/ આકાંક્ષાઓ

★ તપથી સિદ્ધિ છે

કાયમ માટે રસનાની લાલસાને વશ ન થવાનો દૃઢ નિર્ધાર.

શરીરની મમતા ધર્મ ભૂલાવે છે.

ચિત્તને અસ્વસ્થ કરાવે છે

માટે શરીરની મમતા ઉપર વિજય કરવો.

★ પાણી અગ્નિના સંગમાં આવે તો પોતાનો અધોગામી સ્વભાવ છોડી વરાળ બનવારૂપ ઉર્ધ્વગામી બને છે. બસ તેમ તપનું છે.

★ સંજ્ઞા-વાસના અને કર્મોની માટી હટાવી સો-ટચના આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરાવે છે.

★ કોલસા અગ્નિના સંગે કાળાશ પડતી મૂકી ઉજળાશ પામે તેમ આત્માની કાળાશ જાય અને ધવલતા આવે તપના કારણે.

★ લોખંડ અગ્નિના સંગે ઘનતા છોડી પ્રવાહી રૂપે દ્રવી જાય તેમ તપમાં પશ્ચાતાપના પ્રભાવે કઠોર આત્મા કોમળ બને.

★ નબળી વ્યક્તિઓએ નઠારા દ્રવ્યોના સંગથી બચવું

★ કષાયની તીવ્રતા એ વૈરાગ્યની કચાશ છે.

★ મન એ માત્ર મન નથી પણ વિરાટ શક્તિનો ભંડાર છે એમ માનજો.

★ આચારપાલનમાં બેદરકાર બને તેની પરિણામ શુદ્ધિ કાલ્પનિક બને. આભાસિક બને.

★ ભુંડને વિષ્ટાનું આકર્ષણ, માખીને ગંદવાડનું આકર્ષણ તેમ યૌવનને અશ્લીલતાનું આકર્ષણ હોય. માટે સાવધ રહેજો.

# ૧૨ શિબિર અંશ

★ અલ્પ સંસારી એ મુક્તિ નજીકની અવસ્થા છે.

★ પાપના સેવનમાં કદાચ લાચારી હશે પણ પાપના બચાવમાં તો માત્ર બદમાશી છે.

★ પાપસેવન માટે આપણી પાસે 'કારણ' હાજર છે એ જ આપણી અપાત્રતા છે.

★ દારૂ દુઃખ ભૂલાવે પણ ભૌતિક સામગ્રીએ તો આત્માનું જ વિસ્મરણ કરાવી દીધું છે.

★ ક્લોરોફોર્મ વેદના ભૂલાવે, ગાંડપણ દુઃખો ભૂલાવે તેમ મોહનીય કર્મે મોક્ષ ભુલાવી દીધું છે.

★ દષ્ટિની મલિનતા અને દષ્ટિની મર્યાદા બન્ને જાણી લો.

★ પુણ્ય પ્રભાવે ભગવાન મળ્યા. હવે ગમ્યા કેટલા એ કહી દો. તો એ ફળશે કેવા તે અમે કહી દઈએ.

★ મનની પાંચ સ્થિતિ જાણી લો.

ડરપોક મન - સાધના શરૂ કરતા પહેલા જ ગભરાય
થાકેલું મન - સાધના શરૂ કરે તરત મૂકી દે
હારેલુ મન - સાધનામાં આવતા કષ્ટોથી થાકી જાય
જીવતું મન - સાધના માટે ઉત્સાહ હોય
જીતતું મન - પરિણામ સુધી પહોંચે

★ સુમિત્રાએ લક્ષ્મણને આપેલ સલાહ :

રામમાં પિતા દશરથના દર્શન કરજે.
સીતામાં સુમિત્રાને જોવાનું રાખજે.
જંગલને અયોધ્યા માનીને જીવજે.

★ શ્રદ્ધાથી કરાય તો સોના જેવું, કર્તવ્યથી કરાય તે ચાંદી,
આદતથી કરાય તે પિત્તળ.
અનાદરથી કરશો તો કથીર થશે.

# ૧૩ શિબિર અંશ

★ સુખ મળ્યાનો યશ જો આપણે આપણી જાતને આપીએ છીએ તો દુઃખ આવ્યાનો અપયશ પણ આપણે આપણી જાતને જ આપવો જોઇએ.

★ પાપના મુખ્ય કારણ છે બે - દુર્ધ્યાન અને દુર્ભાવ.

★ પરિસ્થિતિ તરફનો માનસિક અણગમો એનું નામ છે દુર્ધ્યાન અને વ્યક્તિ તરફનો માનસિક અણગમો એનું નામ છે દુર્ભાવ.

★ ઘરને ધર્મશાળા અને પોતાની જાતને જે મહેમાન માને તે આત્મા પ્રાયઃ ક્લેશનો ભોગ ન બને.

★ આવક વધે તેમ ન હોય ત્યારે ખર્ચ ઘટાડી નાખવો એ સ્વસ્થતા ટકાવી રાખવાનો મજાનો ઉપાય છે.

★ આજનો માણસ ચાલતો નથી પણ ધકેલાય છે પદાર્થ પાછળ એ એની ઇચ્છાથી દોડતો નથી પણ બીજાને દોડતાં જોઇને એ દોડવા લાગે છે.

★ શામ સૂરજ કો ઢલના સીખાતી હૈ
ઠોકરેં ઇન્સાન કો ચલના સીખાતી હૈ

★ આવતીકાલની જ ચિંતાવાળો પૈસા પાછળ દોડે છે પણ જેને આવતા જનમની ચિંતા છે એ ધર્મ કર્યા વિના રહી શકતો નથી.

★ પાપી આત્મા જે મેળવે છે એને નજર સમક્ષ ન રાખતા એ જે ગુમાવે એ જ નજર સમક્ષ રાખજો.

★ ધર્મી આત્મા જે મૂકે છે એ નજર સમક્ષ ન રાખતા એ જે મેળવે એ જ નજર સમક્ષ રાખજો.

★ સંયોગ-વિયોગ એ કર્મ ને બંધાયેલા છે પણ સમાધિ-સંકલેશ તો આપણા પુરુષાર્થને બંધાયેલા છે.

★ સુખીની ઇર્ષ્યા પુણ્ય ભ્રષ્ટ કરે છે. ગુણવાનની ઇર્ષ્યા ગુણભ્રષ્ટ કરે છે.

# ૧૪ પ્રવચન અંશ

★ વિનયના સાત ગુણો
- ગુરુ પ્રત્યે રાગવાળો હોય
- ગુરુ પ્રત્યે અત્યંત ભક્તિ હોય
- ગુરુને મૂકનારો ન હોય
- ગુરુને અનુસરનાર હોય
- ગુરુએ કહેલો મર્મ સમજનાર હોય
- ઉદ્યમશીલ હોય
- કંટાળો ક્યારેય ન કરે.

★ સરોવરનો કિનારો, આમ્રવૃક્ષો, પવિત્ર વૃક્ષોની છાયા, સિદ્ધક્ષેત્ર કલ્યાણક ભૂમિઓ ભણવા માટે શ્રેષ્ઠ જગ્યાઓ છે.

★ સ્મશાન- બળેલુ મકાન અને ખંડેર આ જગ્યામાં ભણવા ન બેસાય.

★ પૂર્વ દિશા અને ઉત્તર દિશા ભણવા માટે યોગ્ય દિશાઓ છે.

★ દિવસ અને રાતનો ૧-૧ પ્રહર ત્યાગી, ૧૨ કલાક ભણી શકાય. દિવસ જેટલા કલાકનો હોય તેના ચાર ભાગ કરવા. ૧ ભાગ એટલે એક પ્રહર.

★ ચૌદસ/પૂર્ણિમા/અમાવસ્યા-આઠમ-નોમ-છઠ- ચોથ-બારસ નવો પાઠ ન લેવો.

★ ૭ ગુણ સૂત્ર બોલનારના

*અસ્ખલિત* - *ત્રૂટક ત્રૂટક ન હોય.*
*અમિલિતં* - *અનેક શાસ્ત્રપાઠો ભેગા ન કરે. / એક શ્વાસે ન બોલે*
*અવ્યત્યામ્રેડિત* - *અહીં તહીં નું મારી મચડીને ન બોલે*
*પતિપૂર્ણ* - *કાનો માત્રા બિંદુનો ખ્યાલ*
*પ્રતિપૂર્ણ ઘોષ* - *હ્રસ્વ -દીર્ઘનો ખ્યાલ*
*કણ્ઠોષ્ઠ વિપ્રમુક્ત* - *કંઠ્ય અને ઓષ્ઠ્ય ભેગુ ઉચ્ચારણ ન હોય શ - સ*
*ગુરુવચનોપગતમ્* - *ગુરુએ બતાવ્યા પ્રમાણે બોલે.*

# ૧૫ પ્રવચન અંશ

★ નીચેના ૧૦ નક્ષત્રો જ્ઞાનવૃદ્ધિ માટે શ્રેષ્ઠ છે.
મૃગશીર્ષ, આર્દ્રા, પુષ્ય, પૂર્વા ફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વભાદ્રપ્રદા, મૂળ, આશ્લેષા, હસ્ત, ચિત્રા

★ સરસ્વતીનો જાપ મૂળ નક્ષત્રમાં ઉત્તર દિશામાં બેસીને કરવાથી લાભદાયક બને છે.

★ સંધ્યાગત - કલહ કજીયો કરાવે
વિલંબી - ખરાબ ભોજનનો વારો આવે
વિડ્ડેર - સામાનો વિજય થાય
રવિગત - કાર્યની પૂર્ણાહૂતિ ન થાય
સંગ્રહ - પદાર્થોની ખોટી પકડ આવે
રાહુહત - મૃત્યુ સમીપમાં
ગ્રહભિન્ન - લોહીની ઉલ્ટીઓ થાય.
ઉપરના સાતેય નક્ષત્રમાં નવો અભ્યાસ પ્રારંભ ન કરવો.

★ પુણ્યોદય કરતાં ગુણ સમૃદ્ધિનું મહત્વ વધારે છે.

★ જ્ઞાનના ઉત્તમ પરિણામની પ્રાપ્તિ માટે
સ્વાધ્યાય / અભ્યાસ દીર્ઘકાળ સુધી કરતા રહો
સ્વાધ્યાય / અભ્યાસ સન્માનપૂર્વક કરો
સ્વાધ્યાય / અભ્યાસ – નિરંતર કરવાનું અતિ જરૂરી છે.

★ સતત, સરસ, સાદર, સાનંદ અને સવિધિથી જ્ઞાન માટેનો પ્રયત્ન કરતા રહેવાનું છે.

★ સામાન્ય પ્રસંગોમાં પણ અસામાન્ય વર્તે તે જ્ઞાની
અસામાન્ય પ્રસંગોમાં સામાન્ય રીતે વર્તે તે અજ્ઞાની.

★ જ્ઞાન કેટલું છે એના કરતા જ્ઞાન કેવું છે તે અતિ મહત્ત્વનું છે.

★ તમને તમારા આત્મસ્વભાવની નજીક લઈ જાય તે છે જ્ઞાન.

# ૧૯ શિબિર અંશ

★ દુઃખ ભલે મોટું હોય પણ મન એના સ્વીકારભાવમાં છે તો દુઃખ સાવ નાનું બની જાય છે.

★ તુચ્છ મન સાથે થતી ધર્મ આરાધના આત્માને માટે કેટલી લાભદાયી બની રહે તે પ્રશ્ન છે.

★ મહાન બન્યા પછી સત્કાર્ય શરૂ કરવાની વાત ન કરો,
સત્કાર્ય આજથી જ શરૂ કરી દો.

★ નિખાલસતા, નિશ્ચિતતા, નિર્ભયતા, નિર્દોષતા અને નિર્મળતા આ પાંચ ગુણ બાળકમાં હોય.

★ હૃદય કોમળ, મન સરળ, સ્વભાવ શીતલ, વચન મધુર તો મરણ સમાધિમય હોય.

★ સંપત્તિ, સુવિધા અને સુખ આ ત્રણ ચીજોને સંસારી આત્મા હંમેશા ઈચ્છતો હોય છે.

★ આંસુ લૂછવા એ ઉત્તમ મનોવૃત્તિ છે.
આંસુ પાડવા એ મધ્યમ મનોવૃત્તિ છે.
આંસુ પડાવવા એ અધમાધમ મનોવૃત્તિ છે.

★ જડની અવગણના એટલી નુકસાનદાયક નથી.
પણ જીવની અવગણનાયુક્ત જીવનશૈલી અને વિચારશૈલી બની તો ચિત્તની પ્રસન્નતા મળવી દુર્લભ છે.

★ અમાપ સત્તા, ભરપૂર સમૃદ્ધિ અને સંખ્યાબંધ સામગ્રીને ત્રણ કલંક વળગેલા છે.

૧. મોત પછી કાંઈ જ સાથે આવવાનું નથી.

૨. મોત સુધી પણ સાથે રહેશે એ નક્કી નથી.

૩. જ્યાં સુધી સાથે રહેશે ત્યાં સુધી એ બધું જ તમને પ્રસન્નતા આપશે એવી કોઈજ ગેરંટી નથી.

# ૧૭ શિબિર અંશ

★ જેની દૃષ્ટિ ટૂંકી છે તેની સાથે ટૂંકેથી જ વાત પતાવજો.

★ મનનું માને એ ધર્મી બની શકે નહિ. અંતઃકરણનું જે માને તે પાપી બની શકે નહિં.

★ સંયોગો સર્જવાનું કામ કર્મનું છે અને સંયોગ પ્રત્યે સમ્યક્ અભિગમ કેળવવાનું કામ તો ધર્મનું છે.

★ પહેલી ચિંતા ભૂખ્યાની કરો

બીજી ચિંતા દુઃખિયાની

ત્રીજી ચિંતા સુખિયાની કરજો.

★ અતીતની સ્મૃતિ અને ભવિષ્યની કલ્પના એ તો મનનો ખોરાક છે.

★ પચ્ચક્ખાણ અશુભ કર્મબંધ અને અનુબંધને સાફ કરી આપે છે.

★ કલ્પવૃક્ષની નીચે બેસનારે ઈચ્છા પર કાબૂ રાખવો જ પડે.

★ પહેલા ગૂંચવવું પછી ઉકેલવું એ જ બની ગઈ છે આજના માણસની જિંદગીની વ્યાખ્યા.

★ વર્તમાન જેનો સાફ છે એનો ભૂતકાળ માફ છે.

★ ચરણકમલ, નયનકમલ, મુખકમલ, હૃદયકમલ, નાભિકમલ, કરકમલ અને છેલ્લે છે આત્મકમલ. આ સાત કમલ પ્રભુની કૃપાએ ખીલે છે.

પાત્રને સીધું કરો પછી પાત્ર ભરવાનું છે.

પાત્ર સીધું એટલે શ્રદ્ધા અને ભરવાનું એટલે સમર્પિત બનવાનું છે.

★ પદાર્થ ક્ષેત્રે આસક્તિ ભયંકર

અને જીવક્ષેત્રે અધિકાર ભયંકર

★ સંસારમાં દુઃખો અને દોષોને લાવનાર અધિકરણ છે. પૂજા-સામાયિક-એ બધા ઉપકરણ છે.

★ સત્કાર્યનું સેવન કરતા રહો. કોઈના સત્કાર્યોની અનુમોદના કરતા રહો.

# ૧૮ પ્રવચન અંશ

★ પર્વતિથિએ આરંભ-સમારંભના ત્યાગથી પ્રભુની આજ્ઞાનું પાલન તો થાય છે સાથે સાથે લોભવૃત્તિય નાશ પામે છે.

★ બેંકમાં કરેલ F.D.ની રકમ છ વરસે જો બમણી થઇ જાય છે તો જે પાપો આટલા વરસથી મનમાં પડ્યા હોય તો એ પાપોનું પ્રાયશ્ચિત બમણું કરીને ન વાળવું જોઇએ?

★ ધર્મનો મર્મ શું છે? જાતને સાફ કરો. જગતને માફ કરો.

★ પાપોના ત્યાગ માટે વધુ સત્વ કેળવવું પડે છે તેમ વધુ ને વધુ ધર્મ આરાધવા વધુમાં વધુ ઉત્સાહની જરૂર પડે છે.

★ પાપના સેવનનું સાતત્ય દૂર કરો. છૂટવા સમ્યક્ પુરુષાર્થ કરો.

★ કોમળ હૃદયની ત્રણ નિશાની છે :

સામાના દુઃખને સમજે.

કર્મના વિષમ વિપાકોને નજર સામે રાખે.

અંતઃકરણમાં પરોપકારનો રસ વહેતો રાખે.

★ પ્રભુને ભજતા રહો, કોઇની ભૂલોને ભૂલતા રહો અને સદા ભલાઇ કરતા રહો.

★ કરુણાદૃષ્ટિ આંખે લાવો,

કરુણાભાવ હૃદયે લાવો,

કરુણાસભરતા સ્વભાવમાં લાવો.

★ આપણી શક્તિ અનુસાર નાના નાના ઉપકારો કરતા રહો.

★ શ્રુત સાધનામાં સાંભળવું છે જ્યારે ચારિત્ર આરાધનામાં સાંભળેલી વાતોને આચારમાં અમલીકરણ કરવાનું છે.

★ ગુણ સંપદા શ્રુતના બોધને નિર્મળ કરે છે તો શ્રદ્ધાને પણ નિર્મળ બનાવે, આત્માના સહજ ગુણોને પ્રગટાવે અને આત્માની પ્રતિપળ સંવેદના કરાવે.

# ૧૯ શિબિર અંશ

★ માલ મળે છે મૂલ્ય પ્રમાણે અને સફળતા મળે છે પુણ્ય પ્રમાણે.

★ જીવનમાં કેટલાક પાપો 'સંસ્કાર'ના કારણે છૂટી જાય છે. દા.ત. માંસાહાર.

જીવનમાં કેટલાક પાપો 'સમજણ'ના કારણે છૂટી જાય છે. દા.ત. સડેલા દ્રવ્યો.

જીવનમાં કેટલાક પાપો 'શ્રદ્ધા'ના કારણે છૂટી જાય છે. દા.ત. રાત્રિભોજન

★ જે જોઈએ છે તે મળી જાય છે એ જો સુખ છે તો જે મળે છે તે ગમી જાય છે એ આનંદ છે.

★ આપવાનું મન જ ન થાય તે કઠોરતા
અપાય જ નહીં તે કૃપણતા
આપી દેવાય તે ઉદારતા
આપ્યા વિના રહી જ ન શકાય તે કોમળતા.

★ રોગનું મૂળ છે સ્વાદ. દુઃખનું મૂળ છે સ્નેહ અને પાપનું મૂળ છે લોભ.

★ જગતના જીવોના માલીક બનવા કરતા જગતના જીવોના ચાહક બનતા જાઓ ફાવી જશો.

★ ૧ લા ગુણ સ્થાનકે દયા પ્રધાન ધર્મ લાવો.
૪ થા ગુણ સ્થાનકે આજ્ઞાપ્રધાન ધર્મ લાવો.
૫ મા ગુણ સ્થાનકે યતનાપ્રધાન ધર્મ લાવો.
૬ ઠા ગુણ સ્થાનકે જાગૃતિપ્રધાન ધર્મ જરૂરી છે.

★ ગટરને સુવાસિત કરવાના પ્રયત્નોમાં સફળતા મળે તો જ સંસારને સુખી કરવાના પ્રયત્નોમાં સફળતા મળે.

★ પ્રિયધર્મી એ છે જેને ધર્મ ગમે, અધર્મ ન ગમે.
ધર્મ સ્વભાવ છે, અધર્મ વિભાવ છે.
જે ગમે તેમાં મન રમે.

# ૨૦ પ્રવચન અંશ

★ સુકૃત સેવનના ઉત્સાહને ટકાવી રાખજો.

★ સુકૃત સેવન બાદ અનુમોદનાના અમૃતથી એ સુકૃતને ચેતનવંતો બનાવજો.

★ પ્રભુ પાસે રોજ પ્રાપ્ત થયેલ શક્તિઓ પચાવવાની પાત્રતાની વિનંતી કરજો. લાડવા ન પચે તો ઝાડા થાય તેમ શક્તિઓ ન પચે તો દુર્ગતિ નિશ્ચિત થાય.

★ રોજની આરાધનાની ફળશ્રુતિ

૧. ચિત્ત નિસ્પૃહ થાય.

૨. સમજ સમ્યક્ થાય.

૩. અંતઃકરણ પાપભીરૂ થાય.

★ સંપત્તિના વ્યાજના બોજે આપઘાત કરવા માણસ દોડે છે પણ પ્રમાદનું વ્યાજ ચૂકવતા કેટલા ભવ લમણે ઝીંકાશે એનો ખ્યાલ છે?

★ પુણ્યના ઉદયકાળમાં પાપી બનવું છે કે ધર્મી?

સત્તા, સંપત્તિ અને સૌંદર્યને સંભાળજો.

પરપીડનની વૃત્તિઓથી આત્માને બચાવજો.

★ કોઈપણ સંજોગોમાં ધર્મપ્રત્યે, ધર્મીપ્રત્યે અને ધર્મના કોઈ અંગ પ્રત્યે દ્વેષ ન કરશો.

★ સાચું સમજવા દે નહિ, સમજાઈ જાય તો સ્વીકારવા ન દે એનું નામ મિથ્યાત્વ.

સમજાઈ જાય, સ્વીકાર પણ કરે પણ આચરણ કરવા દે નહિ તેનું નામ અવિરતિ છે. બન્નેથી ચેતજો.

★ કર્મબંધ માટે વૃત્તિ જવાબદાર છે.

સંસ્કારોના નિર્માણ માટે પ્રવૃત્તિ જરૂરી છે.

★

## १५ विवेकाष्टकम्

कर्म जीवं च संश्लिष्टं, सर्वदा क्षीरनीरवत् ।
विभिन्नीकुरुते योऽसौ, मुनिहंसो विवेकवान् ।।१।।

(१) सर्वदा-હમેશાં क्षीरनीरवत्-દૂધ-પાણીની જેમ संश्लिष्टं-મળેલા कर्म-કર્મ च-અને जींव-જીવને य:-જે मुनिहंस:-મુનિરૂપ રાજહંસ विभिन्नी-ભિન્ન कुरुते-કરે છે असौ-એ विवेकवान्-વિવેકી છે.

(૧) સદા દૂધ-પાણીની જેમ પરસ્પર મળેલાં જીવ અને જ્ઞાનાવરણીયાદિ કર્મને લક્ષણાદિના ભેદથી ભિન્ન કરનાર=સમજનાર રાજહંસ જેવા સાધુ વિવેકી છે. અજીવથી જીવના ભેદનું જ્ઞાન તે વિવેક.

देहात्माद्यविवेकोऽयं, सर्वदा सुलभो भवे ।
भवकोट्यापि तद्भेद-विवेकस्त्वतिदुर्लभ: ।।२।।

(२) भवे-સંસારમાં सर्वदा-હમેશાં देह-आत्मा-आदि-अविवेक:-શરીર અને આત્મા વગેરેનો અવિવેક सुलभ:-સુખેથી પ્રાપ્ત થઇ શકે એવો છે तु-પરંતુ तद्-भेद-विवेक:-તેનું ભેદજ્ઞાન भवकोट्या-કોટિ જન્મથી अपि-પણ अतिदुर्लभ:-અત્યંત દુર્લભ છે.

(૨) સંસારમાં શરીર-જીવાદિના અભેદજ્ઞાન રૂપ અવિવેક સદા સુલભ છે. તેનું ભેદજ્ઞાન કોટિજન્મોથી પણ અતિશય દુર્લભ છે.

સંસારમાં સઘળા ય ભવસ્થ જીવો શરીર-જીવના અભેદની વાસનાથી વાસિત જ છે, ભેદજ્ઞાની કોઇક જ હોય છે, એવો ભાવ આ શ્લોકનો છે.[૧]

शुद्धेऽपि व्योम्नि तिमिराद्, रेखाभिर्मिश्रता यथा ।
विकारैर्मिश्रता भाति, तथात्मन्यविवेकत: ।।३।।

(३) यथा-જેમ शुद्धे-સ્વચ્છ अपि-પણ व्योम्नि-આકાશમાં तिमिराद्-તિમિર રોગથી रेखाभि:-નીલપીતાદિ રેખાઓથી मिश्रता-મિશ્રપણું भाति-ભાસે છે, तथा-તેમ (શુદ્ધ પણ) आत्मनि-આત્મામાં अविवेकत:-અવિવેકથી विकारै:-વિકારોથી मिश्रता-મિશ્રપણું (ભાસે છે).

(૩) **પ્રશ્ન**-શરીર અને જીવ તદ્દન જુદા છે એ વાત સમજાઇ ગઇ. હવે જીવનું સ્વરૂપ કેવું છે તે કહો. જીવમાં ક્રોધ, માન, માયા, લોભ વગેરે વિચિત્ર ભાવો દેખાય છે એથી અમને જીવ ક્રોધાદિ સ્વભાવવાળો દેખાય છે. અમારી આ દૃષ્ટિ બરોબર છે?

**ઉત્તર**-ના. આત્મા ક્રોધાદિ વિકારોથી રહિત શુદ્ધ છે.

**પ્રશ્ન**-આત્મા શુદ્ધ છે તો તેમાં અમને ક્રોધાદિ વિકારો કેમ દેખાય છે?

**ઉત્તર**-અવિવેકથી=અજ્ઞાનતાથી. વિવેકીને તો આત્મા ક્રોધાદિ વિકારોથી રહિત

શુદ્ધ દેખાય છે. જેમ શુદ્ધ પણ આકાશમાં તિમિર રોગથી નીલ-પીતાદિ રેખાઓ વડે ચિત્ર-વિચિત્રતા દેખાય છે, તેમ શુદ્ધ પણ આત્મામાં અજ્ઞાનતાથી કામ-ક્રોધાદિ વિકારો વડે મિશ્રતા-કર્મ આદિ વિકારો દેખાય છે. આત્મા તો નિર્વિકાર શુદ્ધ છે. અજ્ઞાનતા તિમિર રોગ સમાન છે. કામ-ક્રોધાદિ વિકારો નીલ-પીતાદિ રેખા સમાન છે. આત્મા સ્વચ્છ આકાશ સમાન છે.[1]

यथा यौधैः कृतं युद्धं स्वामिन्येवोपचर्यते ।
शुद्धात्मन्यविवेकेन, कर्मस्कन्धोर्जितं तथा ।।४।।

(૪) यथा-જેમ यौधैः-યોદ્ધાઓએ कृतं-કરેલું युद्धं-યુદ્ધ स्वामिनि-રાજા વગેરે *સ્વામીમાં एव-જ उपचर्यते-આરોપાય છે, तथा-તેમ अविवेकेन-અવિવેકે कृतं-કરેલો* कर्मस्कन्ध-उर्जितं-કર્મ પુદ્ગલના પુણ્ય પાપ રૂપ ફળનો વિલાસ शुद्ध-आत्मनि-શુદ્ધ આત્મામાં (આરોપાય છે.)

(૪) **પ્રશ્ન**-જીવમાં કર્મ આદિ વિકારો કરનાર તો જીવ જ છે ને?

**ઉત્તર**-ના.

**પ્રશ્ન**-તો જીવ કર્મ બાંધે છે એમ કેમ કહેવાય છે?

**ઉત્તર**-ઉપચારથી. જેમ સુભટોએ કરેલા યુદ્ધનો (રાજાએ યુદ્ધ કર્યું એમ) રાજામાં ઉપચાર થાય છે, સુભટોએ કરેલો જય-પરાજય રાજાનો કહેવાય છે, તેમ અવિવેકે કરેલા કર્મ પુદ્ગલના પુણ્ય-પાપ રૂપ વિલાસનો શુદ્ધ આત્મામાં આરોપ કરવામાં આવે છે.

અવિવેકથી ક્રોધાદિ પરિણામ થાય છે, ક્રોધાદિ પરિણામથી કાર્મણવર્ગણાના પુદ્ગલો શુભાશુભ કર્મરૂપે પરિણમે છે. આથી કર્મોનું મૂળ કારણ અવિવેક-અજ્ઞાન છે. આમ, અવિવેકથી થયેલા કર્મ રૂપ વિકારોનો શુદ્ધ આત્મામાં 'આત્માએ કર્મો કર્યાં' એમ ઉપચાર થાય છે.[1]

इष्टकाद्यपि हि स्वर्णं, पीतोन्मत्तो यथेक्षते ।
आत्माऽभेदभ्रमस्तद्वद्, देहादावविवेकिनः ।।५।।

(૫) यथा-જેમ पीत-[2]उन्मत्तः-જેણે ધતૂરો પીધો છે એવો इष्टकादि-ઈંટ વગેરેને अपि-પણ स्वर्णं-સુવર્ણ (રૂપે) ईक्षते-જુએ છે तद्वद्-તેની જેમ अविवेकिनः-અવિવેકીને देहादौ-શરીર આદિમાં आत्म-अभेद-भ्रमः-આત્મા સાથે એકપણાનો વિપર્યાસ (જાણવો.)

(૫) જેણે ધતૂરો પીધો છે તેમ જેમ ઇંટ વગેરેને પણ ખરેખર સુવર્ણરૂપે જુએ છે તેમ વિવેક રહિત જીવને શરીરાદિને વિષે આત્મા સાથે એકતાનો વિપરીત બોધ થાય છે, અર્થાત્ તે શરીરાદિને જ આત્મા રૂપે માને છે.

इच्छन् न परमान् भावान्, विवेकाद्रेः पतत्यधः ।
परमं भावमन्विच्छन्, नाऽविवेके निमज्जति ।।६।।

(६) परमान् भावान्-પરમ ભાવોને न-નહિ इच्छन्-ઇચ્છતો विवेक-अद्रेः-વિવેકરૂપ પવર્તના અપ્રમત્તતારૂપ શિખર ઉપરથી अधः-નીચે पतति-પડે છે. (અને) परमं भावम्-પરમભાવને अन्विच्छन्-ઇચ્છતો अविवेके-અવિવેકમાં निमज्जति-નિમગ્ન થતો न-નથી.

(૬) પરમભાવોને નહિ ઇચ્છતો, એટલે કે સાત્ત્વિક, રાજસ અને તામસભાવની ઇચ્છા થવાથી પરમભાવ ગ્રાહક (નિશ્ચય) નય સંમત શુદ્ધ ચૈતન્યની ઉપેક્ષા કરતો, આત્મા વિવેક રૂપ પર્વતના અપ્રમત્તભાવ રૂપ શિખર ઉપરથી નીચે પડે છે. સર્વ વિશુદ્ધ આત્મભાવનું અન્વેષણ કરતો આત્મા અવિવેકમાં નિમગ્ન થતો નથી.૧

**પ્રશ્ન**-રાજસ અને તામસ ભાવ અશુભ હોવાથી તેની ઇચ્છા થવાથી વિવેક રૂપ પર્વતથી નીચે પડે એ બરોબર છે. પણ સાત્ત્વિકભાવ (ક્ષાયોપશમિક ભાવ) શુભ હોવાથી તેને ઇચ્છનાર શા માટે વિવેક રૂપ પર્વતથી નીચે પડે?

**ઉત્તર**-જે સાધક હજી અધ્યાતમની ઉચ્ચ કક્ષાએ પહોંચ્યો નથી તેને માટે સાત્ત્વિક ભાવની ઇચ્છા લાભ કરે છે. પણ અધ્યાત્મની ઉચ્ચ કક્ષામાં તો શુદ્ધ ચૈતન્ય ભાવમાં રમણતા જ લાભ કરે છે. આથી અધ્યાત્મની ઉચ્ચકક્ષાએ પહોંચેલો સાધક તો શુદ્ધ ચૈતન્યભાવને જ ઇચ્છે છે.

**આનો ભાવ આ પ્રમાણે છે**-ઉચ્ચકક્ષાના સાધકને તપ વગેરેના પ્રભાવથી અનેક વિશિષ્ટતાઓથી ભરેલી અનેક પ્રકારની ઋદ્ધિ-લબ્ધિઓ પ્રગટે છે. પણ આત્મરમણતામાં લીન બનેલા મહાત્માઓ પ્રગટેલી ઋદ્ધિ-લબ્ધિઓ પ્રત્યે ઉપેક્ષા ભાવ ધારણ કરે છે, લબ્ધિઓનો ઉપયોગ કરવાની ઇચ્છા રાખતા જ નતી, તથા લબ્ધિઓ મળવા બદલ અહંકાર કરતા નથી. જેમ અનાજ મેળવવાના આશયથી ધાન્ય વાવતા ખેડૂતને અનાજની સાથે સાથે ઘાસ મળી જાય તે બદલ અભિમાન થતું નથી, તેમ મુક્તિની કામનાથી તપ-ધ્યાનમાં મગ્ન રહેતા (ચક્રવર્તી મહાત્મા સનત્કુમાર વગેરે) ઉચ્ચકક્ષાના સાધકને (આનુષંગિક ફળ રૂપ) લબ્ધિઓ મળી જાય તો તેનું અભિમાન થતું નથી.

હવે જો કોઇ સાધકને તેવા પ્રકારના નિમિત્તથી ઋદ્ધિ-લબ્ધિઓમાં આસક્તિ કે અહંભાવ આવી જાય તો એ મહાત્મા આ શ્લોકમાં કહ્યું તેમ વિવેક રૂપ પર્વતના અપ્રમાદ રૂપ શિખરથી નીચે પડે છે. લબ્ધિઓનો ઉપયોગ કરવો એ પ્રમાદ છે. કામના ઘરમાં પેસીને કામને મારનારા મહાત્મા સ્થૂલિભદ્રજીએ (સંસારી પક્ષે બહેનો એવા) સાધ્વીજીઓ વંદનાર્થે આવતાં લબ્ધિનો ઉપયોગ કર્યો એ બીના પ્રમાદ તરીકે સુપ્રસિદ્ધ છે.

આનો સાર એ આવ્યો કે ઉચ્ચ કક્ષાના સાધકોમાં પણ જે સાધકને વિષયેચ્છા આદિ રાજસ-તામસ ભાવની ઇચ્છા અને લબ્ધિઓ વગેરેની ઇચ્છા (આસક્તિ કે અહંકાર) રૂપ સાત્ત્વિક ભાવની ઇચ્છા એ ત્રણ ઇચ્છાઓમાંથી કોઇ પણ ઇચ્છા થઇ જાય તેનું અધઃપતન થાય છે. જે સાધક આ ત્રણે ભાવો પ્રત્યે ઉદાસીન બની કેવળ શુદ્ધ ચૈતન્યભાવને જ ઇચ્છે છે તે આગળ ધપે છે.

આ જ વિષયને પાતંજલ યોગશાસ્ત્રમાં વિષયવૈરાગ્ય અને ગુણવૈરાગ્ય એ બે પ્રકારના વૈરાગ્યથી કહેવામાં આવ્યો છે. વિષય વૈરાગ્ય એટલે વિષયો પ્રત્યે અનાસક્તિ. ગુણ વૈરાગ્ય એટલે તપથી પ્રગટતી લબ્ધિ વગેરે ગુણ પ્રત્યે અનાસક્તિ. નીચલી કક્ષાના સાધકમાં વિષયવૈરાગ્ય હોય છે. ઉચ્ચકક્ષાના સાધકમાં બંને વૈરાગ્ય હોય છે. ઉચ્ચકક્ષાના સાધકો જેમ વિષયો પ્રત્યે ઉદાસીન હોય છે, તેમ તપ આદિથી પ્રગટેલી ઋદ્ધિ લબ્ધિઓ રૂપ ગુણો પ્રત્યે પણ ઉદાસીન હોય છે. આવા મહાત્માઓ સાધનામાં ખૂબ આગળ વધે છે ત્યારે તો તેમનામાં મોક્ષની ઇચ્છા પણ ન રહેવાથી સંસાર અને મોક્ષ બંને પ્રત્યે નિઃસ્પૃહ બની જાય છે.[૧]

(મૂળ શ્લોકમાં રહેલા ?? એ પદનો બાલાવબોધ (ટબા)માં 'વિવેક રૂપ પર્વતના અપ્રમત્તભાવ રૂપ શિખર ઉપરથી' એવો અર્થ કર્યો છે. આથી અહીં પણ તે જ અર્થ લખ્યો છે.

आत्मन्येवात्मन: कुर्याद्, य: षट्कारकसंगतिम् ।
क्वाविवेकज्वरस्यास्य, वैषम्यं जडमज्जनात् ।।७।।

(૭) य:-જે आत्मनि-આત્મામાં एव-જ आत्मन:-આત્માના षट्-कारक-संगतिम्-છ કારકનો સંબંધ कुर्याद्-કરે, अस्य-એને जड-मज्जनात्-પુદ્‌ગલમાં મગ્ન થવાથી अविवेक-ज्वरस्य-અવિવેકરૂપ જ્વરનું वैषम्यं-વિષમપણું क्व?-ક્યાંથી (હોય)?

(૭) આત્મામાં જ આત્માના છ કારકના અર્થને ઘટાવનારને પુદ્‌ગલની મગ્નતાથી થતા અવિવેક રૂપ જ્વરની વિષમતા ક્યાંથી હોય?

જાણવાની ક્રિયાથી આત્મામાં જ છ કારકની ઘટના આ પ્રમાણે છે-જે સ્વતંત્રપણે ક્રિયા કરે તે કર્તા. આત્મા સહજભાવથી સ્વતંત્રપણે જાણવાની ક્રિયા કરે છે માટે આત્મા કર્તા છે. ક્રિયાના ફળનો આશ્રય તે[૧] કર્મ. અહીં જાણવાની ક્રિયાનું ફળ જ્ઞાન છે. તેનો આશ્રય આત્મા છે. કારણ કે આત્માએ જાણવાની ક્રિયાથી શુદ્ધ આત્માને જ જાણવાનો છે. (આત્મા સિવાય બીજું કશું જાણવાનું નથી.) ક્રિયામાં જે સાધકતમ-પ્રકૃષ્ટ ઉપકારક હોય તે કરણ. જાણવામાં જ્ઞાનોપયોગ અત્યંત જરૂરી છે. જ્ઞાનોપયોગ વિના ન જાણી શકાય. આત્મા જ્ઞાનોપયોગમય છે. આથી આત્મા જ કરણ છે. ક્રિયાથી જે અભિપ્રેત હોય તે સંપ્રદાન. જાણવાની ક્રિયાથી આત્મા જ અભિપ્રેત છે. કારણ કે આત્મા માટે જ જાણવાનું છે. છૂટા પડવાની અવધિ=હદ તે અપાદાન. જાણવાની

ક્રિયામાં પૂર્વ પૂર્વ જ્ઞાનપર્યોયોથી ઉત્તર ઉત્તર જ્ઞાનપર્યાયો વધારે શુદ્ધ છે. આથી પૂર્વ પૂર્વ જ્ઞાનપર્યાયોથી ઉત્તર ઉત્તર જ્ઞાનપર્યાયો છૂટા પડે છે=જુદા પડે છે. અહીં ઉત્તર ઉત્તર જ્ઞાનપર્યાયોની જુદા પડવાની અવધિ=હદ પૂર્વ પૂર્વ જ્ઞાનપર્યાયો છે. [2]આત્મા જ્ઞાનપર્યાય રૂપ છે. આથી આત્મા અપાદાન છે. ક્રિયાનો આધાર તે[3] અધિકરણ. આત્મામાં જ જ્ઞાન થવાનું છે માટે જાણવાની ક્રિયાનો આધાર આત્મા છે. આમ જાણવાની ક્રિયાથી આત્મામાં છ કારક ઘટાવવાથી આત્મા આત્માવડે આત્મા માટે આત્મામાંથી આત્મામાં આત્માને જાણે છે એવો અર્થ થાય.[1]

संयमास्त्रं विवेकेन, शाणेनोत्तेजितं मुनेः ।
धृतिधारोल्बणं कर्म-शत्रुच्छेदक्षमं भवेत् ।।૮।।

(૮) विवेकेन-વિવેકરૂપ शाणेन-સરાણથી उत्तेजितं-તીક્ષ્ણ કરેલું (અને) धृति-धार-उल्बणं-સંતોષ રૂપ ધારવડે ઉગ્ર मुनेः-મુનિનું संयम-अस्त्रं-સંયમ રૂપ શસ્ત્ર कर्म-शत्रु-छेद-क्षमं- કર્મરૂપ શત્રુનો છેદ કરવામાં સમર્થ भवेत्-થાય.

(૮) સંતોષ રૂપ ધારથી ઉત્કટ અને વિવેક રૂપ સરાણથી (=ધાર કાઢવાના યંત્રથી) અતિશય તીક્ષ્ણ કરેલું મુનિનું સંયમ રૂપ શસ્ત્ર કર્મ રૂપ શત્રુનું છેદન કરવા સમર્થ છે.

**સંસાર પાંચ પ્રકારના છે.**

૧. દ્રવ્ય સંસાર
૨. ક્ષેત્ર સંસાર
૩. કાળ સંસાર
૪. ભવ સંસાર
૫. ભાવ સંસાર

## વિવેકની દિવાળી, ટાળે હોળી

- વિવેકની હાજરી આત્માને મારક પદાર્થોથી દૂર રાખે છે અને વિનયની હાજરી આત્માને તારક તત્વો સાથે જોડી રાખે છે.
- પુણ્યના ઉદય કાળમાં જે સાધના કરી લે છે એને પાપના ઉદયકાળમાં સમાધિ ટકાવવામાં બહુ વાંધો આવતો નથી.
- બાપ ચિંતા કરે છે દીકરાના દુઃખની જ્યારે ગુરુ ચિંતા કરે છે શિષ્યના દોષની.
- મનને સમાધિમાં ઝીલતું રાખવા માટેની પ્રાથમિક શરત આ છે કે હકારાત્મક વિચારસરણી આત્મસાત કરતા જાઓ.
- લોકપ્રિય બનવા માટેની પ્રથમ શરત છે જીવનને સહયોગાત્મક બનાવતા જવું.
- સાધનાની મસ્તી માણવાની પ્રાથમિક શરત છે કે અંતઃકરણને ભાવનાત્મક બનાવેલું રાખવું.
- જેલનો કેદી જેલમાં પડતી અગવડો બદલ ફરિયાદો કર્યે જ જાય છે તો માર ખાય છે. તેમ કર્મના કેદી આપણે પણ જો સંસારમાં પડતી અગવડો બદલ ફરિયાદો કર્યે જ જઇશું તો માર જ ખાવાના છીએ.

**દૂધ અને પાણીની પેઠે મળેલા કર્મ અને જીવને જે મુનિરૂપ રાજહંસ ભિન્ન કરે છે, તે વિવેકીવંત છે.**

અનંત ઉપકારી, પરમ કરુણાવંત, છેલ્લા ૨૫૦/૩૦૦ વર્ષના સમયમાં લઘુ હરિભદ્રસૂરિ જેવા ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજા જ્ઞાનસાર ગ્રંથ દ્વારા જીવનદષ્ટિનું માર્ગદર્શન આપી રહ્યા છે. ૩૨ અષ્ટકો પૈકી ૧૫મા અષ્ટકમાં વિવેકનું વિશ્લેષણ દર્શાવ્યું છે. દૂધ અને પાણી જેમ ભેગા હોય તેમ જીવ અને કર્મ એકબીજા ભેગા છે. હંસની વિશેષતા છે કે દૂધ અને પાણીના મિશ્રણમાંથી દૂધને ગ્રહણ કરી લે છે અને પાણીને ત્યજી દે છે. બસ વિવેકવાળો આત્મા એ છે જે પોતાના આત્માને/જીવને કર્મથી મુક્ત કરતો રહે.

એક વાત સમજમાં રાખજો વિવેક મારક તત્વોથી બચાવી લે છે. સાથે વિનય આવે તો તારક તત્વોથી જોડાઇ રહે. ભવભ્રમણથી બચવા વિનય/વિવેક અત્યંત જરૂરી છે. વિનયની ઓળખાણ શરીર દ્વારા થાય. એના હાવભાવ અને ભાષા દ્વારા, વલણ અને વર્તુળ દ્વારા વિવેક પકડાય. માયાના દોષના કારણે હાવભાવમાં દેખાય પણ અંતઃકરણમાં ન હોય. એની કોઇ કિંમત નથી. મનને સમાધિમાં રાખો. ગલતથી સતત બચતા રહો. પ્રલોભનના જગતમાં પવિત્રતા ટકાવવી એ સિંહવૃત્તિ છે. વર્તમાનકાળ

ભલભલા મુનિઓને અને સાધકોને પટકી દે તેવો છે. લોકસંજ્ઞા, લોભસંજ્ઞા, માનસંજ્ઞા અને કામસંજ્ઞાનો પ્રભાવ વર્તાઇ રહ્યો છે. હાથીના દાંત જેવા જીવન બન્યા છે. સ્હેજ અસાવધાની આવી તો ખેલ ખલાસ. સતત પુદ્ગલોના આકર્ષણ સામે વિવેકનો દીપક પ્રગટેલો રાખવા ખૂબ સાવધાની જરૂરી છે. દીવડાને પ્રગટેલો રાખવા પવનથી બચાવો. પવનપ્રિય વ્યક્તિઓથી દૂર રહો. મનની દોટ અટકાવવા અને સમાધિભાવમાં ઝીલવા આજે ત્રણ ભૂમિકા સમજી લઇએ.

**૧) હકારાત્મક અભિગમને જીવનમાં લાવો.** સંકલેશનો સંબંધ 'ના' સાથે છે જ્યારે સમાધિનો સંબંધ 'હા' સાથે છે. જે પરિસ્થિતિમાં પરિવર્તનનો સ્વીકાર નથી ત્યાં સતત સંકલેશ છે. પરિસ્થિતિ ગમે તે સર્જાય સમજથી સ્વીકાર જરૂરી છે. સ્વીકાર પ્રસન્નતા સાથેની હોવી જોઇએ. દા.ત. પ્રતિક્રમણ કરી રહ્યા છો પુષ્કળ ગરમી છે. ઊંચાનીચા ન થવું. પ્રસન્નતાથી સ્વીકાર કરી લેવું. આવેલ લાચારીમાં પ્રસન્નતાથી સ્વીકાર કરવું. આપણા પુણ્ય નબળા છે. હકારાત્મકભાવ કેળવ્યો નથી. શરીરની તંદુરસ્તીમાં સ્વભાવ બરાબર હોય પણ નબળા શરીરે સ્વભાવ ચીડીયો થાય. મૂળ પ્રતિકાર શક્તિ ઓછી થવાના કારણે સ્વભાવ ચીડીયો થાય.

**સાધના કઠિન નથી સમાધિ કઠિન છે.** પુણ્યના ઉદયકાળમાં સંકલેશથી બચી શકાય પણ પાપના ઉદયકાળમાં સમાધિ ટકાવવી એ જ સાધના છે. શરીરની તંદુરસ્તીનું મૂળ રાતના આવતી ઉંઘ છે. ઉંઘ ઓછી થાય તો તંદુરસ્તી વેરણ છેરણ થાય. તેમ સમાધિ ઓછી રહે તો જીવન વેરણ છેરણ થાય.

- રાષ્ટ્રહિત ચિંતક પૂ.આ.ભ. શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજના ગુરુદેવ આમ પિતાશ્રી મુ. શ્રી દેવસુંદરવિજયજી મ. ને રાતે ઊંઘ ઓછી થઇ. આખી રાત હજાર દેરાસરોના મૂળનાયકને યાદ કરી વંદના કરતા. ભાવયાત્રા કરે. ૨૪ તીર્થંકરોના ક્રમ પ્રમાણે મૂળનાયકોને વંદન કરી મનને સમાધિમાં ઝીલતું રાખે. દર્શન-વંદનની ટેવ પાડી હશે તો દેવલોકમાં તીર્થોની યાત્રાના ભાવ રહેશે. એમના જીવનમાં 'આ ભાવતું નથી' બોલ્યા ન હતા. ના પાડવાની વાત હતી નહિ.
- એક મુનિને અન્નનળીનું કેન્સર. રોજ રાત્રે સંથારા પોરિસી ભણાવ્યા બાદ ૭૦૦ લોગસ્સનો કાઉસગ્ગ કરે.
- અમદાવાદમાં સ્થિરવાસ રહેલા સાધ્વીજી રોજ ચૈત્યવંદનમાં ૩૦ સ્તવનો બોલે. ૫૦ બાંધી નવકારવાળી ગણે. કોઇપણ સ્થિતિમાં હકારાત્મક અભિગમને કેળવો.

૨) **સહયોગાત્મકતાના પરિણામ રાખો**– આ મળેલા મનુષ્યભવના શરીરથી, વચનથી અને મનથી કોઇકને ઉપયોગી બનો. સહાયક બનો. કો'કને સહાયક બનવાથી સામેવાળાને શાતા મળે છે. ધર્મમાં સ્થિર બને છે. એનો સદ્ભાવ પ્રાપ્ત થાય છે. સંબંધોનું માધુર્ય ખીલે છે. મુનિપણામાં તો આ ગુણ ખૂબ ખીલવવા જેવો છે.

- એક મોટા પ્રભાવક આચાર્ય વિહાર કરી આવેલા. ૧૦ વર્ષીય બાલમુનિના પોતાના દફતરમાંથી બામ કાઢી તેની માલિશ કરતા. આવતી કાલના જિનશાસનનો સાધુ પ્રભાવક બને એની પાયાથી કેવી માવજત!
- એક સૂરિરાજ રાત્રે દંડાસણ લઇ ઉપર-નીચે માળે જાય. કોઇ સાધુના ઉપકરણ અસ્ત-વ્યસ્ત હોય તેને સરખા કરી કપડું ઢાંકી દે.
- મારાજ ગુરુદેવ ગુણસાગરસૂરિમાં આ ગુણ ખૂબ વિકસેલો. શિખરજી ચાતુર્માસે કર્મગ્રન્થના પાઠમાંથી મને ઉઠવું પડ્યું. સખત કમર દુઃખતી હતી. આસને સૂઇ ગયો. ગુરુદેવે જોઇ લીધું. અનુમાન કરી પોતાના પાટથી ઉઠી પોતાનો દાંડો લઇ મારી પાસે આવ્યા. મને ઊંધો સૂવડાવ્યો. સ્હેજ મલમ લગાડ્યો અને પોતાના દાંડાનો આધાર લઇ મારી કમર દબાવી કહે સાધુ નાનો હોય કે મોટો હોય, પંચ પરમેષ્ઠી છે. એની રોજ માળા ગણીએ સેવામાં પાછા પડીએ એ પરમેષ્ઠીની આશાતના છે.

  મુંબઇ-શિખરજીનો સંઘ નાસિક પાસે ભયંકર ઠંડી. અમારા તંબુમાં એક કચ્છ લુણીના શ્રાવક સાથે જ રહે. દરેક શ્રમણોને સહાયક બને. રાત્રે ઠંડીમાં ધ્રુજતો હતો. ગુરુદેવની આંખ ખૂલી ગઇ. પોતે ઓઢેલા એ ઠંડીના ઉપકરણને લઇ એને ચૂપચાપ ઓઢાડી આવ્યા. એક ગચ્છાદિપદે રહેલામાં સહાયક કેવો ભારોભાર. મોટા બનવાનું સારું છે પણ મહાન બનવાનું અતિ સુંદર છે.
- એક મુનિની એવી ટેવ વિહાર નાનો હોય કે મોટો સહુથી છેલ્લે જ નીકળવાનું. બધા નીકળ્યા પછી દરેક મુનિની જગ્યા, ગોચરીની જગ્યા જોઇ લે, ક્યાંક કોઇની ચીજ-ઉપકરણ ભૂલી ગયા હોય તો લઇ પ્રેમથી એ મુનિને આપે. કહે મને આટલો લાભ તો મળ્યો?
- નેમિસૂરિ સમુદાયમાં એક શ્રાવકે દીક્ષા લીધી. ક્ષયોપશમ ઓછો. પણ એના અંતિમ નિર્યામણામાં ખાસ્સા બસો સાધુઓ ઉપસ્થિત. વધેલી ગોચરી કોઇની પણ હોય વિગઇવાળી હોય કે આયંબિલવાળાની હોય તરત પ્રેમથી લઇ વાપરી જાય. શરીર બંધારણ ભલે સારું પણ આ સહાયતાએ અનેકોના દિલમાં સ્થાન જમાવ્યું.
- ૐકારસૂરિ સમુદાયના પં. શ્રી કલ્પજ્ઞવિજયજી જશવંતપુરાના સેવાનો અને સહાયકતાનો એવો ગુણ વિકસાવેલો જોઇ અનુભવ્યો. જે આજ દિવસ લગી એ મહાત્મા પ્રત્યે હૃદયમાં અહોભાવ છલકાતો રહ્યો છે મનેય થાય કે મારામાં આ ગુણ ક્યારે ખીલવીશ...

- ઉપાધ્યાયજી શ્રી વિમલસેન વિજયજી મ. મૂર્હુતદાતા તરીકે ઓળખાય. ક્યાંય ક્યાંયથી સંઘોના, મુનિવરોના સંદેશા-પત્ર અને રૂબરૂ આવે. એને ક્યારેય બીજો ધક્કો ખવડાવ્યો નથી. તરત જ એમને સહાયક બને. કહે એકવાર આવવામાં કેટલી મુશ્કેલી હોય છે. સંઘ તો ગુણરત્નાકર છે. એની આરાધના સહાયક બનીને કરવી જોઇએ.

૩) **ભાવનાત્મકતાવાળુ અંતઃકરણ બનાવો** - અંતઃકરણને શુષ્ક, કઠોર અને સંવેદનહીન ન બનવા દો. હૃદયમાં કૃતજ્ઞતા, ઉદારતા અને સંવેદનશીલતાને વિકસાવો. ત્રણ કલાક શિબિરમાં એ વિશાળ સમૂહને એકરસ બનાવવું, એને ભાવમાં લઇ જવું. આંખેથી આંસુ સરે એ સહુમાં સાચા સાધર્મિકના દર્શન કરવા એ ભાવનાત્મક ભૂમિકા. હકારાત્મક ભાવમાં આપણને કોઇ રોકે? સહયોગની ભૂમિકામાં કોઇ અટકાવી શકે. તો ભાવમાં આપણને કોણ રોકે છે? આપણે આપણી પાત્રતા બહુ ઉંચી રાખી દીધી છે. શંકા પ્રથમ, શ્રદ્ધા પછી એ કારણે ભાવ જાગતા નથી.

જિનશાસનની એક અદ્‌ભુત વિશેષતા છે. જ્ઞાની જ્ઞાનીના વંદન ન લે, પોતાના કરતા જ્ઞાનમાં, ગુણમાં તપમાં આગળ હોય તો વંદન ન કરાવે.

- **મારી આંખે જોયેલું દૃશ્ય :** શિખરજી-શત્રુંજય સંઘ પૂર્ણ કરી મુંબઇ-વડાલા ચાતુર્માસ ગુરુદેવ સાથે જતા હતા. નવસારી મધુમતીમાં ચિંતામણી દાદાના ઉપાશ્રયમાં રોકાયા. ત્યાં ઘોર તપસ્વી પૂ.આ. શ્રી કુમુદચંદ્રસૂરિજી બિરાજમાન હતા. અમને એમના પ્રથમવાર દર્શન મળ્યા. ખૂબ રાજી થયા. દશેક વાગ્યે તપસ્વી આચાર્ય ભગવંત ગુરુદેવને વંદનાર્થે પધાર્યા. પૂ. ગુરુદેવે એમને વંદન કરતા રોક્યા કહ્યું તપસી મહારાજ તમારા વંદન સ્વીકારું તો ભાર ચડે. મારા કરતાં તપમાં, સાધનામાં, સંયમ નિષ્ઠામાં, નિઃસ્પૃહતામાં તમો ખૂબ આગળ છો. ગુણથી શ્રેષ્ઠ ને વંદન કરાવું? તમારા દર્શને તો મારી પણ આહારસંજ્ઞા તૂટો. અમો તો જોતા જ રહ્યા. આ છે એક આચાર્યનું બીજા સૂરિભગવંત સાથે ભાવનાનું અનુસંધાન.

- પાલિતાણા સમીપ કીર્તિધામ. નિર્માણની સર્જનકથામાં ભાવનાત્મક ભૂમિકા જ છે. કીર્તિ ટ્રકની ટક્કરમાં પછડાયો. તત્કાળ પ્રાણ ગયા. માતા કંચને જોયું. ઘટના બની ગઇ છે તરત ટ્રક ડ્રાઇવરને કહે તું ટ્રક લઇ ભાગી જા. લોકો ભેગા થશે તને મારશે. મારો દીકરો તો ગયો. પાછો નથી આવવાનો પણ તારા દીકરાઓ ન રખડે. પિતાની છત્રછાયા વિના દીનતા ન આવે માટે ભાગી જા. સ્વદુઃખને પચાવી સામાવાળાનું હિત ભાવના વિના થોડું આવે છે? પછી તો એ કીર્તિની સ્મૃતિમાં આ ૨૦ વિહરમાન તીર્થ સર્જાયું.

એક વાત તમને પૂછું? જેલનો કેદી જેલમાંથી ક્યારે છૂટે?

૧) જેલની જિંદગીનો સ્વીકાર કરે.

૨) તેની વર્તણુક સારી હોય (સહયોગાત્મક ભૂમિકા)

૩) જેલર સાથે મૈત્રીભાવ (ભાવનાત્મકતા)

જો જેલમાંથી છૂટવા ત્રણ વિકલ્પ જોઇએ તો કર્મસત્તાની જેલમાંથી છૂટવા ત્રણ વિકલ્પ કેમ ન કરી શકાય?

- હકારાત્મકતા માટે પાત્રતા નહીં આપણી વેલ્યુ રોકે છે.
- કરોડપતિને સ્કૂટર પર બેસવા તેની વેલ્યુ રોકે છે.
- ચક્રવર્તિને કર્મસત્તા સાતમી નરકે મોકલે છે.

જેલમાં પડતી અગવડોની સતત ફરિયાદો કર્યે જ જાય તો માર ખાય છે તેમ સંસારમાં પડતી અગવડોની ફરિયાદો કર્યે જ જઇશું તો માર ખાવાનો જ વારો આવશે. ધર્મસત્તાનું સૂત્ર છે : સ્વીકાર કરો. કર્મબંધથી બચો. નિર્જરાનો લક્ષ કરો. ફરિયાદો કરવાથી ડૂચા નીકળી જશે.

- હજી હમણાં જ મૈસુરથી વિહાર કરી બેંગ્લોર દીક્ષા કાજે જતા હતા. ૨/૩ દિવસે પહોંચી જવાય એટલો વિહાર બાકી. એક દિવસે સાંજે વિહાર કર્યો. પાંચેક કિ.મી. જ જવું હતું. ક્યાય ઉતરવાની સુવિધા મળક્ષ જશે એ વિશ્વાસે વધ્યા. ચાલતા રહ્યા. ક્યાંય જગ્યા ન મળી. જાયન્ટ ફેક્ટરીઓના ગાર્ડો દરવાજા ખોલે નહિ. ૧૩ કિ.મી. ચાલ્યા. એક બસ સ્ટેન્ડ પાસે હનુમાનનું મંદિર હતું. મંદિરનો રંગ મંડપ ઠીક સારો હતો. બહાર પતરાનું છાપરું હતું. અંધારું થઇ ગયેલું. થાકી પણ ગયેલા. એના પૂજારીને ખૂબ સમજાવ્યા ન માન્યો. અમને કહે બહાર છાપરા નીચે રાત કાઢો. તાળુ મારી ચાલી ગયો. હવે આગળ વધાય નહીં. બધાએ નિર્ણય કર્યો. ઉનાળો છે. ચાલો, છાપરું તો મળ્યું. નીચે સીમેન્ટથી બાંધેલું હતું. પ્રતિક્રમણ કર્યું. સંથારા પાથર્યા ત્યાં વીજ-ગાજ-પવન સાથે વરસાદ ચાલુ થયો. ધોધમાર વર્ષા. છાપરે કાંણા. પવનથી વાછંટ, બસ સ્ટેન્ડ પાસે થાંભલે લાઇટ ગૂલ, સૂસવાટા મારતો પવન. છયે ઠાણા ઉભા ઉભા રાત્રિ પસાર કરી. બે કલાકે વરસાદ બંધ થતા જમીનમાંથી કાળા મંકોડા હજારોની સંખ્યામાં નીકળ્યા. મેં મુનિવરોને કહ્યું આજે તમને બધાને ખૂબ હેરાન કર્યા. તો પાંચેય મુનિવરો કહે ગુરુદેવ! આવું તો થાય. કોઇનાય મુખ પર કોઇ ફરિયાદનો ભાવ ન દેખાયો.

એક વાત જીવનમાં નક્કી કરો. કોઇ એક આરાધના જીવનના અંતિમ શ્વાસ સુધી

પકડી રાખવી છે જે આરાધના એવી પકડજો જેમાં રસ હોય. ખબર છે ૧૪ પૂર્વીને મરણ સમયે સ્વાધ્યાય કરવાની મનાઇ છે. તે સમયે ૧૪ પૂર્વોને બાજુ પર મૂકે અને નવકાર પકડે શ્રમવાળો સાધુ શ્રમ કરીને આવ્યો હોય તેને સ્વાધ્યાયમાં ન બેસાડાય. શ્રમ વગરનો સાધુ હોય એને જ સ્વાધ્યાયમાં જોડાય. જો આરાધનામાં રસ હશે તો કષ્ટ લાગશે નહીં જેમાં રસ નથી એ સાધના-આરાધના કષ્ટદાયક બન્યા વગર રહેતી નથી. અષ્ટપ્રકારી પૂજામાં કોઇને બે કલાક કાઢવા હોય તો એને કંટાળો નથી આવતો પણ પ્રવચન લંબાયુ. તરત કંટાળો મુખ પર દેખાય. જ્યાં રસ છે ત્યાં રુચિથી થાય પણ જો રસ નથી અરુચિ આવીને ઉભી રહેશે.

- એક મુનિવરે ગૃહસ્થ જીવનથી જ આરાધના માટે મનને સમજાવ્યું. જીવનના છેલ્લા શ્વાસે નાકે નળી અને મુખમાં સિદ્ધાચલ શિખરે દીવાનું ગાન હતું. નિર્યામક મુનિ એક લીટી ભૂલી ગયા તો યાદ કરાવી.

મરણ સુધારવાના ભવમાં માર ન ખાઇએ તે જોજો. અને મરણ સુધારવા માટેના ભવમાં ફાવી ગયા વિના રહેવું નથી.

દ્રવ્યલોક પ્રકાશ ગ્રંથમાં કહ્યું છે કે જીવ જે ગતિમાં જવાનો હોય તે ગતિની લેશ્યા લેવા આવે. લેશ્યા એટલે અધ્યવસાય.

૧) **પાપગતિ** એ દુર્લભ છે, નરક ગતિ છે. પાપના પરિણામથી જે ગતિમાં જવું પડે તે સૌથી ઓછી ખરાબ.

૨) **પાપ રતિ :** પાપ કરવામાં આનંદ થાય તેવી ગતિ. પાપગતિ કરતા પાપરતિ ખરાબ.

૩) **પાપ મતિ :** પાપ કરવાની બુદ્ધિ બેઠી છે. પાપ ન કરવાના વિચારમાંય પાપના વિચાર કરાવે. આ સૌથી વધારે ખરાબ છે.

ત્રણેયથી બચાવનારું તત્વ જ વિવેક. રસ્તે ચાલતા પડી ગયા. ફેક્ચર થયું. ફેક્ચર ખરાબ નથી પણ આપણે પ્રભુની નીચે જોઇને ચાલવાની આજ્ઞાની અવહેલના કરી આપણી જ ભૂલનું પરિણામ આ મતિ લાવો. બધી આરાધનાઓ કરો, મહોત્સવો ભલે કરો પણ સતત વૈયાવચ્ચ કરો. એનાથી આ ત્રણ મતિઓ જશે. એક વાત ધ્યાનમાં રાખજો.

- અઢાર આલમની કોમના દિલમાં વાસ કરે તેનું જીવન ધન્ય છે.
- ગુરુદેવના દિલમાં જે સ્થાન પ્રાપ્ત કરે તેનું જીવન ધન્યતર છે.
- દેવાધિદેવના દિલમાં વાસ કરે તેનું જીવન ધન્યતમ છે.

ગણધર ભગવાન જય વીયરાય સૂત્રમાં જે સમાધિમરણની માંગણી કરે તેવું જ મરણ એક મુનિવર હમણાં પામી ગયા. અંતિમ સમયે આંગળીના વેઢા પર હાથ રાખી નવકાર ગણતા કાળધર્મ પછી ય એ આંગળીઓ વેઢા પરથી ખસી નહિ.

- એક મુનિભગવંતની અંતિમ ઘડીએ બીજા મુનિઓએ પૂછ્યું પરલોકમાં જાઓ છો. અમારા માટે કોઇ હિતશિક્ષા? તો બોલ્યા મોક્ષમાં જાઓ એવી આરાધના કરજો. ખ્યાલ રાખજો ઔદારિક શરીરનો વિયોગ તો મહાવીર અને ગૌતમને થયો હતો. વિયોગની વ્યથા ન કરશો પણ વિસ્મરણ ન થાય તેવી તકેદારી રાખજો. ભવભીરુતા અને પાપભીરુતાના સહારે 'વિવેક'નું માંગલ્ય શોભાવજો. હકારાત્મકતા, સહયોગાત્મક અને ભાવનાત્મક ત્રણ તત્વોથી જીવન શણગારજો. પાપગતિ, પાપરતિ અને પાપમતિને હાંકી કાઢી જીવન સમૃદ્ધ બનાવજો.

સ્થુલિભદ્રજી તત્વદષ્ટિથી પૂર્ણ હતા. કોશાએ તેમને વિષયવૃક્ષની વાડીમાં જ ઉતારો આપ્યો. ચાતુર્માસ વ્યતીત કરવા. રોજ વિષવૃક્ષોના ભરેલા થાળ સાથે મગધની રૂપસુંદરી સ્થુલભદ્રજીને બાહ્યદષ્ટિથી લલચાવવા પ્રયત્ન કરતી. મહાત્માએ એને તત્વદષ્ટિનું અંજન કરાવી નિર્લેપ બનાવી દીધી. ભ્રાન્તિમાં જંગલ તરફ પગલા ન પાડો. વર્ણ, ગંધ, રસ, રૂપ અને સ્પર્શમાં મોહાધીન ન થાઓ એ જ કામના.

# १६ माध्यस्थ्याष्टकम्

स्थीयतामनुपालम्भं, मध्यस्तेनान्तरात्मना ।
कुतर्ककर्करक्षेपैस्त्यज्यतां बालचापलम् ।।१।।

(१) अन्तरात्मना-શુદ્ધ અંતરંગ પરિણામથી મध्यस्थेन-રાગ-દ્વેષને બંને પડખે રાખીને=મધ્યસ્થ થઇને अनुपालम्भं-ઠપકો ન આવે તે રીતે स्थीयताम्-રહો कुतर्क-कर्कर-क्षेपै:-કુયુક્તિરૂપ કાંકરા નાખવાથી बालचापलम्-બાલ્યાવસ્થાની ચપળતાને त्यज्यताम्-છોડી દો.

(૧) શુદ્ધ [1]અંતરંગ પરિણામોથી મધ્યસ્થ થઇને ઠપકો ન આવે તેમ રહો. ઠપકો ન આવે એ માટે કુયુક્તિ રૂપ કાંકરા નાંખવાની બાલ ચપલતાનો ત્યાગ કરો.

मनोवत्सो युक्तिगवीं, मध्यस्थस्यानुधावति ।
तामाकर्षति पुच्छेन, तुच्छाग्रहमनः कपिः ।।२।।

(२) मध्यस्थस्य-મધ્યસ્થ પુરુષનો मनः-वत्सः-મનરૂપ વાછરડો युक्ति-गवीं-યુક્તિ રૂપ ગાયની अनुधावति-પાછળ દોડે છે. तुच्छ-आग्रह-मनः-कपिः-તુચ્છ આગ્રહવાળા પુરુષનો મનરૂપ વાંદરો तां-યુક્તિરૂપ ગાયને पुच्छेन-પૂછડાથી आकर्षति-ખેંચે છે.

(૨) મધ્યસ્થ પુરુષનો મન રૂપ વાછરડો યુક્તિ રૂપ ગાયની પાછળ દોડે છે. કદાગ્રહવાળા પુરુષનો મન રૂપ વાનર યુક્તિને પુંછડાથી ખેંચે છે.

મધ્યસ્થનું ચિત્ત જ્યાં યુક્તિ હોય ત્યાં જાય છે, અને કદાગ્રહીનું ચિત્ત યુક્તિની કદર્થના કરે છે. મધ્યસ્થ યુક્તિ પ્રમાણે સિદ્ધાંતને સિદ્ધ કરે છે, જ્યારે કદાગ્રહી યુક્તિની ઉપેક્ષા કરીને કે યુક્તિને ગમે તેમ ખેંચીને યેન કેન પ્રકારેણ સ્વપક્ષ=પોતે માનેલું સિદ્ધ કરવા મથે છે. યુક્તિનો યોગ્ય રીતે ઉપયોગ ન કરવો એ યુક્તિની કદર્થના છે. કદાગ્રહી સ્વપક્ષને સિદ્ધ કરવા યુક્તિનો અયોગ્ય રીતે ઉપયોગ કરીને યુક્તિની કદર્થના કરે છે. મધ્યસ્થની દૃષ્ટિ તત્ત્વ તરફ હોય છે, અને કદાગ્રહીની દૃષ્ટિ સ્વપક્ષ તરફ હોય છે.[1]

नयेषु स्वार्थसत्येषु, माघेषु परचालने ।
समशीलं मनो यस्य, स मध्यस्थो महामुनिः ।।३।।

(३) स्व-अर्थ-सत्येषु-પોતપોતાના અભિપ્રાયથી સાચા (અને) परचालने-બીજા નયોના વક્તવ્યનું નિરાકરણ કરવામાં मोघेषु-નિષ્ફળ नयेषु-નયોમાં यस्य-જેનું मनः મન समशीलं-સમસ્વભાવવાળું છે सः-તે महामुनिः-મહાન મુનિ मध्यस्थः-મધ્યસ્થ છે.

(૩) પોતપોતાના અભિપ્રાયે સાચા અને બીજા નયોમાં જેનું મન સમાનભાવ ધારણ કરે છે, અર્થાત્ આ નયો સાચા છે અને આ નયો જૂઠા છે એમ વિભાગ કર્યા

વિના બધા નયો પ્રત્યે સમભાવ રાખે છે તે મહામુનિ મધ્યસ્થ છે.[૨]

स्वस्वकर्मकृतावेशाः, स्वस्वकर्मभुजो नराः ।
न रागं नापि च द्वेषं, मध्यस्थस्तेषु गच्छति ।।४।।

(૪) नराः-મનુષ્યો स्वस्व-कर्म-कृत-आवेशाः-પોતપોતાના કર્મમાં જેણે આગ્રહ કર્યા છે એવા, અર્થાત્ સ્વકર્મવશ (અને) स्वस्व-कर्म-भुजः-પોતપોતાના કર્મને ભોગવનારા છે तेषु-તેવા મનુષ્યોમાં मध्यस्थः-મધ્યસ્થ પુરુષ रागं-રાગને गच्छति-પામતો न-નથી च-અને द्वेषं-દ્વેષને अपि-પણ गच्छति-પામતો न-નથી.

(૪) પોતપોતાના કરેલા કર્મને વશ બનેલા, અને પોતપોતાના કર્મના ફળને ભોગવનારા મનુષ્યોમાં મધ્યસ્થ પુરુષ રાગ-દ્વેષ કરતો નથી.

मनः स्याद् व्यापृतं, यावत्परदोषगुणग्रहे ।
कार्यं व्यग्रं वरं तावन्मध्यस्थेनात्मभावने ।।५।।

(૫) यावत्-જ્યાં સુધી मनः-મન पर-दोष-गुण-ग्रहे-પારકા દોષ અને ગુણને ગ્રહણ કરવામાં व्यापृतं-પ્રવર્તેલું स्यात्-હોય तावत्-ત્યાં સુધી मध्यस्थेन-મધ્યસ્થ પુરુષે (મનને) आत्मभावने-આત્મધ્યાનમાં व्यग्रं-આસક્ત कार्यं-કરવું वरं-શ્રેષ્ઠ છે.

(૫) જેટલો સમય પારકાના દોષ અને ગુણ ગ્રહણ કરવામાં મન રોકાયેલું રહે છે, તેટલો સમય તેને મધ્યસ્થ પુરુષે આત્મધ્યાનમાં રત રાખવું સારું છે.

**પ્રશ્ન** – બીજાના દોષો જોવા, વિચારવા કે બોલવા એ દોષરૂપ છે. પણ બીજાના ગુણો વિચારવા જોવા કે બોલવા એ તો ગુણ છે. આથી પારકાના ગુણો શા માટે ગ્રહણ ન કરવા?

**ઉત્તર**–મગનું પાણી અને દૂધ બંને પૌષ્ટિક અને ઉત્તમ છે. છતાં રોગીને તો મગનું પાણી જ લાભ કરે, પણ નિરોગી માણસને આ બેમાં કોનાથી વધારે લાભ મળે? મગનું પાણી લે તો તેન નુકશાન નથી, પણ દૂધ-પાનથી મળતા અધિક લાભથી વંચિત રહી જાય છે. સૂક્ષ્મદૃષ્ટિથી વિચારીએ તો આમાં નુકશાન પણ છે. અધિક લાભથી વંચિત રહેવું એ જેવું તેવું નુકશાન નથી. રોગી પ્રાથમિક અવસ્થામાં મગના પાણીનું સેવન કરીને નિરોગી બની જાય અને દૂધનું સારી રીતે પાચન કરવાની શક્તિ આવી જાય, છતાં મગનું પાણી જ પીવાનું ચાલુ રાખે તો શું એ પૂર્ણ શક્તિ મેળવી શકે? પછી તો એ ધીમે ધીમે મગના પાણીના સ્થાને દૂધનું સેવન કરે અને અંતે મગનું પાણી સર્વથા છોડી કેવળ દૂધનું જ સેવન કરે. એ જ પ્રમાણે પ્રસ્તુતમાં પરગુણગ્રહણ મગના પાણી તુલ્ય અને આત્મધ્યાન દૂધ સમાન છે. નીચલી કક્ષાના સાધક માટે પરગુણગ્રહણ લાભદાયી છે, પણ ઉચ્ચ કક્ષાના સાધકને પરગુણગ્રહણથી થતા લાભની અપેક્ષાએ આત્મધ્યાનથી અધિક લાભ થાય છે. આથી જ પ્રસ્તુત ગ્રંથકાર મહાત્માએ બાલાવબોધ

(ટબા)માં લખ્યું છે કે-'પરને વિશે મન તે ચિંતા સ્વરૂપ છે, અને આત્માને વિષે મન તે સમાધિ સ્વરૂપ છે. ચિંતામાં જ રહેનાર સમાધિ ન પામી શકે. આથી ગુણ-દોષ સર્વ છોડીને આત્માથી અભિન્ન જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ રત્નત્રયીમાં લીન રહેવું જોઇએ.''[1]

(સાથે સાથે એ પણ ન ભૂલવું જોઇએ કે, જ્યાં સુધી સમાધિની અવસ્થામાં પહોંચવાની યોગ્યતા ન આવે ત્યાં સુધી પરગુણગ્રહણ આદિ ચિંતા આવશ્યક છે.)

विभिन्ना अपि पन्थानः, समुद्रं सरितामिद ।
मध्यस्थानां परं ब्रह्म, प्राप्नुवन्त्येकमक्षयम् ।।६।।

(૬) इव-જેમ सरिताम्-નદીઓના (જુદા જુદા પણ માર્ગો એક) समुद्रं-સમુદ્રને (મળે છે) તેમ मध्यस्थानां-મધ્યસ્થોના विभिन्नाः-જુદા જુદા अपि-પણ पन्थानः-માર્ગો एकं-એક अक्षयम्-ક્ષયરહિત परं-ઉત્કૃષ્ટ ब्रह्म-પરમાત્મ સ્વરૂપને प्राप्नुवन्ति-પ્રાપ્ત કરે છે.

(૬) જેમ નદીઓના જુદા જુદા પણ માર્ગો સમુદ્રને મળે છે, તેમ અપુનર્બંધક, સમ્યગ્દષ્ટિ વગેરે મધ્યસ્થોના (મુક્તિપદના) જુદા જુદા માર્ગો=ઉપાયો ક્ષયરહિત એક પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે. અર્થાત્ મધ્યસ્થ બનીને મુક્તિની સાધના કરનારા બધા મોડા વહેલા કેવલજ્ઞાન પામીને પરમાત્મા બને છે.

स्वागमं रागमात्रेण, द्वेषमात्रात् परागमम् ।
न श्रयामस्त्यजामो वा, किन्तु मध्यस्थया दृशा ।।७।।

(૭) स्व-आगमं-પોતાના શાસ્ત્રને रागमात्रेण-કેવળ રાગથી श्रयामः-સ્વીકારતા न-નથી वा-અથવા पर-आगमम्-પરના શાસ્ત્રને द्वेषमात्रात्-કેવલ દ્વેષથી न त्यजामः-તજતા નથી किन्तु-પરંતુ मध्यस्थया-મધ્યસ્થ दृशा-દૃષ્ટિથી (સ્વીકાર અને ત્યાગ કરીએ છીએ).

(૭) અમે (સત્યાસત્યનો વિચાર કર્યા વિના) કેવળ રાગથી પોતાના સિદ્ધાંતનો સ્વીકાર કરતા નથી, તેમ કેવલ દ્વેષથી પરસિદ્ધાંતનો ત્યાગ કરતા નથી. કિંતુ મધ્યસ્થ દૃષ્ટિથી વિચાર કરીને સ્વસિદ્ધાંતનો સ્વીકાર અને પર સિદ્ધાંતનો ત્યાગ કરીએ છીએ.[1]

मध्यस्थया दृशा सर्वेष्वपुनर्बन्धकादिषु ।
चारिसंजीविनीचार-न्यायादाशास्महे हितम् ।।८।।

(૮) अपुनर्बन्धकादिषु-અપુનર્બંધક આદિ सर्वेषु-બધામાં मध्यस्थया-મધ્યસ્થ दृशा-દૃષ્ટિથી चारि-संजीविनी-चार-न्यायाद्-(ચારિ=ઘાસ) ઘાસ સાથે સંજીવની ચરાવવાના દૃષ્ટાન્તથી हितं-કલ્યાણ आशास्महे-ઇચ્છીએ છીએ.

(૮) અમે અપુનર્બંધક આદિ સર્વ પ્રકારના જીવોમાં મધ્યસ્થદૃષ્ટિથી ચારિસંજીવનીચાર ન્યાયથી હિત ઇચ્છીએ છીએ. અહીં આદિ શબ્દથી માર્ગાભિમુખ,

માર્ગપતિત, અવિરત સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ અને સર્વવિરતિ જીવો સમજવા.

**સંક્ષેપમાં ચારિસંજીવનીચાર ન્યાય સંબંધી**[1] **કથા**–શ્રાવસ્તી નગરીમાં એક બ્રાહ્મણપુત્રી હતી. તેની એક અત્યંત પ્રીતિપાત્ર સખી હતી. વિવાહ થવાથી બંને જુદી પડી. એક વાર સખી બ્રાહ્મણપુત્રીને મળવા ગઇ. બ્રાહ્મણપુત્રીને ઉદાસીન જોઇને સખીએ ઉદાસીનતાનું કારણ પૂછ્યું. બ્રાહ્મણપુત્રીએ કહ્યું મારો પતિ મને આધીન નથી તેથી હું દુઃખી છું. સખીએ તેને સાંત્વન આપતાં કહ્યું : હું વનસ્પતિની જડી આપું છું. તે જડી તું તારા પતિને ખવડાવી દેજે, જેથી તે બળદ બની જશે. બ્રાહ્મણપુત્રીએ પતિને જડી ખવડાવી બળદ બનાવી દીધો. પછી તેને દુઃખ થયું. તે હમેશાં તેને બહાર ચરાવવા લઇ જતી હતી. એક દિવસ તે એક વડવૃક્ષની નીચે બળદને ચરાવતી બેઠી હતી. આ વખતે એક વિદ્યાધરયુગલ એ વડની શાખા ઉપર બેસી આરામ લેતું હતું. બંનેના વાર્તાલાપમાં વિદ્યાધરે કહ્યું : આ બળદ સ્વાભાવિક નથી, જડીના પ્રયોગથી મનુષ્ય મટી બળદ થયો છે. હવે જો આ વૃક્ષની નીચે રહેલી સંજીવની નામની જડી ખવડાવવામાં આવે તો તે ફરી બળદ મટી મનુષ્ય બની જાય. બ્રાહ્મણપુત્રીએ આ સાંભળી બળદને સંજીવની ખવડાવવાનો વિચાર કર્યો. પણ તે સંજીવનીને ઓળખતી ન હતી. આથી તેણે વડવૃક્ષ નીચે રહેલી બધી વનસ્પતિ બળદને ચરાવી દીધી. બધી વનસ્પતિની સાથે સંજીવની પણ આવી ગઇ. આથી તેનો પતિ બળદ મટી મનુષ્ય થયો. જેમ અહીં બળદ બધી વનસ્પતિને ચરતાં ચરતાં સંજીવની પણ ચરી ગયો, એથી બળદ મટી મનુષ્ય થયો. તેમ પ્રસ્તુતમાં અપુનર્બંધક વગેરે જીવો શુદ્ધ મોક્ષમાર્ગને જાણતા નથી, પણ પોતે માનેલા દર્શનમાં કહેલી મોક્ષ માટેની ક્રિયા કરતાં કરતાં શુદ્ધ મોક્ષમાર્ગ પામે છે અને આત્મહિત સાધે છે.

**અપુનર્બંધક**–જે જીવ રાગાદિદોષોનો હ્રાસ થવાથી આયુષ્ય સિવાય સાત કર્મની અંતઃકોડાકોડિ સાગરોપમથી અધિક સ્થિતિને ખપાવે છે અને ભવિષ્યમાં ફરી ક્યારેય અંતઃકોડાકોડિ સાગરોપમથી અધિક સ્થિતિનો બંધ કરે નહિ તે અપુનર્બંધક છે.

**પ્રશ્ન**–યોગશાસ્ત્રોમાં અપુનર્બંધકની વ્યાખ્યામાં ફરી (સાત કર્મની) ઉત્કૃષ્ટ સ્થિતિ ન બાંધે એવો ઉલ્લેખ છે. આથી અહીં અંતઃકોડાકોડિ સાગરોપમથી અધિક સ્થિતિ ન બાંધે એમ કેમ કહ્યું?

**ઉત્તર**–અપુનર્બંધક જીવોને શાસ્ત્રમાં ધર્મપ્રાપ્તિને યોગ્ય કહેલા છે. યથાપ્રવૃત્તિકરણમાં આવ્યા વિના ધર્મપ્રાપ્તિની યોગ્યતા આવે નહિ. યથાપ્રવૃત્તિકરણમાં આયુષ્ય સિવાય બધાં કર્મોનો સ્થિતિબંધન અંતઃ કોડાકોડિ સાગરોપમથી વધારે ન થાય. તથા અપુનર્બંધકને યોગશાસ્ત્રોમાં (પ્રાયઃ) વર્ધમાન ગુણવાળો કહ્યો છે. આથી તે પ્રાપ્ત થયેલી અવસ્થાથી પાછો પડતો નથી. આમ, અર્થાપત્તિથી સિદ્ધ થાય છે કે અપુનર્બંધક જીવ અંતઃકોડાકોડિ સાગરોપમથી અધિક સ્થિતિનો બંધ ન કરે.

અપુનર્બંધક જીવ નિયમા ચરમાવર્તકાળમાં આવેલો હોવાથી શુક્લપાક્ષિક હોય છે. કોઇ પણ જીવના આધ્યાત્મિક વિકાસના પગરણ અપુનર્બંધક અવસ્થાથી મંડાય છે.

**અપુનર્બંધકનાં લક્ષણો-** (૧) તીવ્રભાવથી=ઉત્કટ રાગાદિપૂર્વક પાપ કર્મ ન કરે.

(૨) ભયાનક સંસાર પ્રત્યે બહુમાન=આદરભાવ ન હોય, અર્થાત્ તેમાં તીવ્ર આસક્તિ ન હોય.

(૩) સર્વત્ર ઉચિત રીતે વર્તે, એટલે કે ધન મેળવવામાં ન્યાય રાખવો, આંગણે અતિથિ આવે તો યોગ્ય સત્કાર કરવો વગેરે ઔચિત્યને જાળવે. ધર્મસ્થાન, બજાર, મુસાફરી, ઘર, કુટુંબ, સમાજ વગેરે સ્થળે જ્યાં જેવું ઔચિત્ય સાચવવાનું હોય ત્યાં તેવું ઔચિત્ય સ્વશક્તિ આદિ મુજબ સાચવે. જેમ મયુરશિશુના પીછામાં આકર્ષક રંગ-ચિત્ર સ્વાભાવિક હોય છે. પીછાને કોઇ ચીતરતું નથી, તેમ અપુનર્બંધક જીવમાં આ ગુણો પરના દબાણ કે ભય આદિ વિના સ્વાભાવિક=સહજભાવે હોય છે.

**માર્ગાભિમુખ-માર્ગપતિત**-જ્યારે રાગાદિ વિશેષ રૂપે ઘટે છે ત્યારે અપુનર્બંધક જીવ માર્ગાભિમુખ અને માર્ગપતિત બને છે.[૧] માર્ગ એટલે વિશિષ્ટ (ચતુર્થાદિ) ગુણસ્થાનની પ્રાપ્તિ કરાવનાર સ્વાભાવિક (મિથ્યાત્વમોહાદિના) ક્ષયોપશમ વિશેષથી થતી સર્પને પેસવાની લાંબી નળીની[૨] જેમ ચિત્તની સરળ ગતિ. ચિત્તની સરળ ગતિ એટલે ચિત્તમાં કદાગ્રહ, વિષયતૃષ્ણા આદિ રૂપ વક્રતાના ત્યાગથી મધ્યસ્થતા, સંતોષ આદિ ગુણોનો પ્રાદુર્ભાવ.

જે જીવ આવા માર્ગ તરફ વળ્યો હોય, અર્થાત્ માર્ગમાં પ્રવેશવાની યોગ્યતા પ્રાપ્ત કરી હોય, પણ માર્ગમાં પ્રવેશ ન કર્યો હોય તે માર્ગાભિમુખ કહેવાય અને જેણે એ માર્ગમાં પ્રવેશ કરી દીધો હોય તે માર્ગ પતિત કહેવાય.

આપણને આપણા માટે કેવા અભિપ્રાય છે.

સહનશીલ છીએ દહનશીલ?

કરતા રહીએ છીએ કે બળતાં?

સ્વીકાર ભાવમાં કે પ્રતિકાર ભાવમાં?

જવાબ આપો...

## સમજણનો ખંડ ખોલો...

- દીવો જેમ દીવાસળીથી પ્રગટે છે અને તેલથી ટકે છે તેમ જીવનમાં ધર્મ સમ્યગ્દર્શનથી પ્રગટે છે અને સમ્યક્જ્ઞાનથી ટકે છે.
- સાધના માટે સમ્યક્ આચારો જીવનમાં લાવવા પડે છે જ્યારે સમાધિ માટે મનને સમજણથી યુક્ત બનાવવું પડે છે.
- જ્યાં સુધી દેહ વળગ્યો છે ત્યાં સુધી મોતનો ભય છે અને જ્યાં સુધી દોષ વળગેલા છે ત્યાં સુધી દુર્ગતિનો ભય છે.
- વર્તમાનમાં જીવનમાં આવેલા જાલીમ દુઃખો ભૂતકાળના ભવોના ચિક્કાર પાપોની જાહેરાત છે.
- સરોવરનું પાણી નદીમાં જવા તૈયાર છે પણ દિવાલ પ્રતિબંધક બને છે. તેમ આત્મા પરમાત્મા તરફ જવા તૈયાર છે પણ અહંકાર પ્રતિબંધક બને છે.
- સુખ માત્ર દેહ કેન્દ્રિત છે જ્યારે ગુણ માત્ર આત્મ કેન્દ્રિત છે.
- જીવનમાં વ્યાપેલા ઢગલાબંધ દોષો પાછળ બે મહત્વના કારણ કામ કરી રહ્યા છે. એક બાજુ જ્ઞાનની ઉપાસના નથી તો બીજી બાજુ જ્ઞાનની ચિક્કાર આશાતના છે.
- આપણી કરુણતા આ છે : રોગ કાઢનાર ગમે છે પણ દોષ કાઢનારા પ્રત્યે હમદર્દીય જાગતી નથી.

**શુદ્ધ અંતરંગ પરિણામ પામી મધ્યસ્થ બનો. ઉપાલંભ ન આવે એ રીતે રહો. બાલ્યાવસ્થાની ચપળતાનો ત્યાગ કરો.**

પરમ કરુણા સભર, નજીકના સમયના મૂર્ધન્ય ગીતાર્થ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા ૧૬મા મધ્યસ્થતા અષ્ટક દ્વારા જીવન શણગાર–ગુણસત્કારની હિતશિક્ષા હિતોપદેશ રૂપે આપી ઉપકાર વરસાવી રહ્યા છે. જેને ચિત્તની સમાધિ રાખવી છે તેણે મધ્યસ્થ ભાવ કેળવવો જ પડશે. આખા જગતની ભાવના 'સારા'ની હોય. બધાને સારું, જ ગમે છે. જગત પણ 'સારા'નો ચાહક છે. પરમાત્મા પણ એ જ ઇચ્છે કે સારાને પકડો ને ખરાબ છોડો.

પરમાત્મા કહે છે કે તમારા અધ્યવસાય બગડ્યા છે માટે ખરાબ પકડો છો. ખરાબથી આત્માને બચાવતા રહો. મહાનિશીથ સૂત્રમાં જણાવ્યું છે કે જે પોતાના દોષની કબુલાત કરે છે તે વંદનીય છે. જે પોતાના પાપોનો ત્યાગ કરનાર છે તે પણ નમનીય છે અને જે પાપનો પાપ તરીકે સ્વીકાર કરે છે તે ય વંદનીય છે. આપણે આ ત્રણની કઇ સ્થિતિમાં, બોલો તો ખરા?

સમ્યક્ સમજની ખૂબ જરૂર છે. સમજ જ્ઞાન સાથે સંકળાયેલ છે. જ્ઞાનની ત્રણ ભૂમિકા સમજીએ.

**૧) જ્ઞાન ઉત્સાહ લાવે છે.** જે કાંઇ ભણીએ એનાથી ઉત્સાહમાં વધારો થાય છે. જ્ઞાની કષ્ટ કર્મ નિર્જરામાં પલટાવે. દુઃખી ન બને. પોલીસ ટ્રાફિક રોડ પર ચાર રસ્તે ઉભો હોય, એક ગાડી જાય કે ૧૦૦ ગાડી જાય એને શું ડીસ્ટર્બન્સ. કાંઇ નહિ. એ એવી જગ્યાએ ઉભો છે. બસ તેમ જ્ઞાનીના જીવનમાં ઘણાં વાવાઝોડા આવે પણ એ એવા સ્ટેજથી કેળવાયો છે કે તે ડીસ્ટર્બ ન થાય.

અમદાવાદ સેટેલાઇટ શ્યામલ રો હાઉસમાં પૂ.આ.ભ.શ્રી ભદ્રગુપ્તસૂરિજીની શાતા/સ્વસ્થતા પૂછવા વંદન કરવા ગયા. શાંત સુધારસ ભા.૩નું ખૂબ મસ્તીથી લેખન કરી રહ્યા હતા. રોગ ક્યાય માનસમાં નહિ શાંત-પ્રશાંત ઉપશાંત આને કહેવાય મધ્યસ્થતા એ તો એ જ કહે સંયમ જીવનમાં અશાતા હોય જ નહિ.

હાથીની અંબાડીએ બેસનાર સામે કૂતરો ગમે તેટલો ભસે તો શું બેસનાર ડીસ્ટર્બ થાય. જ્ઞાની એટલી ઊંચાઇ ઉપર હોય તેમને કર્મના કૂતરા નડે-ભસે તોય એમની કોઇ પ્રતિ પ્રક્રિયા ન હોય.

**૨) સમ્યગ્જ્ઞાન આવે ને ઉત્સાહ આવે.** જ્ઞાનીનું જીવન ઉજાસમય હોય. જ્ઞાન દીપક સમાન હોય. એના કારણે સમજનું સૌંદર્ય ઝગારા મારતું રહે છે. ગુલાબનું ફૂલ આસપાસથી આવે કે જાય પણ સુવાસ પ્રસરાવે તેમ જ્ઞાનીના જીવનમાં કોઇ આવે કે જાય. મુખરેખા ન પલટાય.

- એકવાર સોક્રેટીસને એની પત્નીએ પૂછ્યું 'આ તમે નોકર રાખ્યો છે ગુંડો? સોક્રેટીસે જવાબ આપ્યો. તું કહે ને ૧૮/૧૫ દિવસ પછી એના નોકરે સોક્રેટીસને કહ્યું કે તમારી પત્ની પત્ની છે કે ડાકણ? એણે જવાબ આપ્યો કે તું કહે તે. બન્નેએ સોક્રેટીસના જવાબ સાંભળી લીધા. બન્ને જણા ભેગા થઇ સોક્રેટીસને પૂછે છે 'તમે માણસ છો કે ગાંડા? નાના નાની બાબતો દિમાગ પર લાવ્યા જ કરશો તો ક્યાંય આગળ નહીં વધો. ઉલ્લાસ કાયમ રાખો ૧૦૦% ઉત્સાહ કાયમ ટકાવો. જીવનમાં ઉલ્લાસ દેખાતો નથી માટે ઉજાસ દેખાતો નથી. આખી જિંદગી આપણી મારામારી સાચા બનવા કાજેની છે કે સારા બનવા માટે? ક્યારેક કોઇ કહે સાહેબ! મેં કોઇનુંય બગાડ્યું નથી છતાં બધા મારું ખરાબ કેમ કરે છે? ભગવાને કોઇનું બગાડ્યું ન હોતું છતાં એમના પર ઉપસર્ગ શા માટે આવ્યા? આવો વિચાર આવે ત્યારે યાદ રાખજો મારા વર્તમાન જીવનના તીવ્ર જાલીમ દુઃખો, ગત જન્મોના તીવ્ર પાપોની જાહેરાત છે. ચીકણા કર્મોનું બેકિંગ છે. ઉત્સાહ જોઇશે, ઉજાસ જોઇશે.

**૩) અને ઉમંગ પણ જોઇશે.** ઉમંગી આત્મામાં હતાશા આવતી નથી. આખા

વીતેલા વર્ષોમાં કોના માટે તમે કર્યું? શું શું કર્યું? ક્યાં સુધી કર્યું? વિચારજો. ભગવાન કહે છે તે અડધો રસ્તો તો કાપી લીધો છે. હવે અડધો જ બાકી છે? ૧૩મા ગુણ સ્થાનકે કેવળજ્ઞાન છટ્ઠે ગુણ સ્થાનકે દીક્ષા અડધો રસ્તો તો કપાઇ ગયો છે. આ પ્રશ્ન રોજ પાંચ વખત અંતઃકરણને પૂછતા રહો.

ઘણા કહે દુકાન શરૂ કરી વાસ્તુપૂજા ભણાવી, સ્નાત્ર કર્યું પણ દુકાન જામતી નથી. સુખ આવતું નથી સુખની વ્યાખ્યા તમારી કેવી છે ?

જ્યાં સુધી દેહ વળગેલો છે ત્યાં સુધી મૃત્યુનો ભય છે. અને જ્યાં સુધી દોષો વળગેલા છે ત્યાં સુધી દુર્ગતિનો ભય છે. મોતને અટકાવી ન શકો પણ દોષને તો અટકાવી શકોને? આટલી બધી સાધના કરી તે દોષ અટકાવવા કે દુર્ગતિ ન આવી જાય માટે કરી?

જગતના તમામ સુખો તંદુરસ્ત દેહને બંધાયેલા છે. ભગવાનના તમામ સુખો આત્માથી બંધાયેલા છે.

**સુખ દેહ કેન્દ્રિત છે.**

**ગુણ માત્ર આત્મકેન્દ્રિત છે.**

સરોવરમાં કેદ થયેલું પાણી નદીને મળતું નથી. પાણી નદીને મળવા માંગતું નથી કે દિવાલોના કારણે મળતું નથી? પાણી ઊંચાઇને નહિ પહોળાઇને માને છે. આપણું અંતઃકરણ પરમાત્માને મળવા માંગે છે પણ અહંકારની દિવાલ પ્રતિબંધક બને છે. દિવાલ તોડવી જ પડશે. રોગ નીકળી જાય એ ગમે પણ દોષ નીકળી જાય એ ગમતું કેમ નથી?

- શ્રી રામે સીતાજીને જંગલમાં મૂક્યા. સમેત શિખરજીના જંગલમાં સારથી કૃતાંતવદનને મોકલ્યો. પ્રથમ સારથી ઉતર્યો. સીતા ઘટનાનો પાર પામી ગયા. સારથી રડે છે. સીતા પૂછે છે હે કૃતાંતવદન શા માટે રડો છો? સ્વામિએ આપને જંગલમાં મૂકવાનો આદેશ આપ્યો છે. સીતા કહે છે સ્વામિને કહે જે 'લોકોના કહેવાથી સીતાનો ત્યાગ કર્યો તો જગતમાં સીતા કરતા સવાઇ સીતા તમને મળી રહેશે મોક્ષ અટકવાનો નથી પણ લોકોના કહેવાથી ધર્મ ન છોડી દે નહિંતર મોક્ષ અટકી જશે? આવો સંદેશ શ્રીરામને કહેવડાવે છે.

**ધર્મની પ્રાપ્તિ સમ્યક્દર્શનથી છે. પણ ધર્મની બુદ્ધિ સમ્યક્જ્ઞાનથી છે.** દીવો જેમ દીવાસળીથી પ્રગટે અને તેલથી ટકે તેમ જીવનમાં ધર્મ સમ્યગ્દર્શનથી પ્રગટે અને સમ્યગ્જ્ઞાનથી ટકે છે. પરમાત્માના વારસા માટે આપણી પાસે ૧૫ મિનિટ પણ ખરી? ઘરમાં ૧૦૦ વર્ષ જૂના કપ હોય તો કહીએ કે પિતાજીના દાદા આમાં ચાય પીતા હતા પણ પ્રભુવીરના પ્રથમ ગણધર ગૌતમ સ્વામીએ મૂકેલી દ્વાદશાંગી પ્રિય

નહિ? આટલું સાંભળ્યા પછીય આપણે ઠેકાણે આવતા નથી. આશાતનાઓ ચિક્કાર છે. બૂટ, મોઝા, ચપ્પલ, વસ્ત્રો, ચોકલેટ, બિસ્કીટ, ગોળીઓ, કાંડા ઘડીયાળ, કાગળ ડીશો, છાપામાં ખાવાનું આ બધે જ્ઞાનની કેવી આશાતના છે. પ્રવચનો સાંભળ્યા પછીય ઠેકાણું પડતું નથી. આ બધામાં પરિવર્તન આવતું નથી.

- ઠલ્લે જતા ઘડીયાળ કાઢો?
- પાકીટમાં રૂા/કાગળ હોય તો પાકીટ બહાર રાખો? આ બધામાં આશાતના છે તે સ્વીકારશો?
- ફટાકડા ફોડે તેમાં આંખને અને કાનને જ આનંદ આવે?
- ફોડવામાં આનંદ કે જોવામાં?
- ફટાકડા સળગાવનારને ડર કે જોનારને ડર?
- ફટાકડાની લૂમ સળગાવી ભાગે તેનું મોઢું જોયું છે?
- ફટાકડાનો અવાજ એકલાને આવે કે બધાને?

શા માટે ફટાકડા ખરીદવા જોઇએ?

ઘરમાં બધા જ ઘડીયાળ ન રાખે તો ન ચાલે? એક વાત ધ્યાનમાં રાખો, જમવા બેસીએ ત્યારે બધું કાઢીને બેસશું. આજે આટલી બોણી કરાવશો. મોક્ષમાં પહોંચી જવાનો ભલે હાલ ભરોસો નથી પણ સંસાર લાંબો નહીં ચાલે તે નક્કી છે.

સમ્યક્ સમજણના ત્રણ સ્ટેજ જાણી લો.

૧) **સમ્યક્ સમજણ દુર્લભ છે.** અત્યંત કષ્ટ કર્યા પછી જે મળે તે દુર્લભ. આ જગત આવું છે એવી સમજણ કેટલા પાસે? કર્મની સ્થિતિ તૂટે નહિ ત્યાં સુધી આ સમજ સ્પર્શે નહિ. અત્યારે જે સમજ લાભ-ગેરલાભ બતાવે એમાં અટવાયા છીએ.

૨) **સમ્યક્ સમજણ દુર્ગમ છે.** સમ્યક્ સમજણના આધારે આચરણ કરવું બહુ અઘરું છે. ચારિત્ર લીધા પછીય આચરણે પ્રમાદ અને શિથિલતા આવી જ જાય છે. સાધના માટે સમ્યક્ આચારો જીવનમાં લાવવા પડે છે. સમાધિ માટે મનને સમ્યક્ સમજથી યુક્ત બનાવવું પડે છે. ભવ તો અનંતા મળ્યા પણ અનંત ભવે દર્શન થાય છે ખરું? કષ્ટથી ડરતા હો તો ઘણાં ક્ષેત્રોમાં કષ્ટો વેઠો છો. દુર્ગમ કેમ લાગતું નથી? શરીર-મન અનાદિકાળથી સાચવ્યા છે. **શરીર તુષ્ટ અન્નથી થાય છે. મન તુષ્ટ વિચારથી થાય છે. આત્મા તુષ્ટ પ્રભુની કૃપાથી થાય છે.**

સારા વિચારો મળશે, સારું અન્ન પણ મળશે પણ આત્મિક પુષ્ટિ સહેલાઇથી નહિ મળે.

૩) **સમ્યક્ સમજણ દુર્ગ છે.** મોટા કિલ્લા જેવું છે. શરૂ કરો પણ અંત નહીં મેળવતા વર્ષો વીતી જાય. બાલિશતા, ઈર્ષ્યા, આસક્તિ, ખોટી પકડ, નકારાત્મક વલણ આ બધા તત્વો સમજણના ખંડમાં પેસવા દેતા નથી. શરમ અને શરણનો ખંડ અત્યંત જરૂરી છે.

૧) સમજણનો અભાવ દર્શન માટે બાધક છે - દુર્લભ બને છે.

૨) સમજણની અભાવતા ચારિત્ર માટે દુર્લભ છે - દુર્ગમ છે.

૩) સાચી સમજણની કચાશ વીતરાગતા માટે બાધક છે - દુર્ગ છે.

મીણનાં દાંતે ચણા ચાવવા જેવો માર્ગ છે પણ સમ્યક્જ્ઞાનનું ભાથુ જેની પાસે છે તેની પાસે ઉલ્લાસ ઉજાસ અને ઉમંગ છે તેને વાંધો નથી. મોત વખતે તમને આચાર બચાવશે કે સમ્યક્જ્ઞાન?

સાધના માટે આચાર જોઈશે.

સમાધિ માટે જ્ઞાન જોઈશે.

કરોડોના મંદિરો બાંધી શકાય છે પણ જ્ઞાન સાચવવાની ભૂમિકા નથી. સંપૂર્ણ સાધુપણાની તાકાત જ્ઞાનમાં છે. સંસાર, મા-બાપ, મિત્રો છોડ્યા તેની યાદ નથી આવતી કારણ જ્ઞાન છે માટે. એક વાત સમજો. શાંત દરિયાએ કુશળ નાવિકને જેમ તૈયાર કર્યો નથી તેમ પ્રચંડ પુણ્યના ઉદયકાળે સાધક પેદા નથી થયા.

- અમેરિકાના એન.આર.આઇ. કહે 'અહીં ઝુંપડપટ્ટીવાળા જીવવા ઇચ્છે છે અને અમારે ત્યાં અબજોપતિ આપઘાત કરે છે તો આનું કારણ શું?

  હોકીની સ્ટીક હોય તેને માથું હોય પણ મગજ ન હોય. હાથમાં પકડે ને મારવા દોડે. ઇન્ડિયામાં ગટર પાસે રહે તોય મજામાં રહે. ત્યાં ગાર્ડન પાસે બેસીને પણ મરે, અહીં તો લોકલ ટ્રેનમાં લટકીને જીવે. અહીં કોઇ ૧૫ કપડા લઇને ઘરમાં આવે. દરેક ખીંટીઓ ભરેલી હોય તો એ ખીંટી પર બીજા કપડા આરામથી લટકાવી ટકી જાય. નાસીપાસ ન થાય.

  અહીં ધંધામાં ખોટ જાય તો ભગવાનને જે મંજૂર છે એમ માની પાછો મસ્ત થઇને ફરે. સમાધિ ટકે જ્યારે વિદેશમાં સફળ ન જાય તો ડીપ્રેશનમાં આવી તૂટી જાય. તમો જીવનમાં તૂટો છો કારણ બોજા લઇને ફરો છો. હળવા થાઓ. બધા બોજોઓ ખીંટીએ લટકાવી દો. શું વાંધો આવે? તીર્થંકરોએ આ જ કહ્યું છે નાની જિંદગી મળી છે. બોજારૂપ ન બનાવો.

- સૌરાષ્ટ્રમાં હળવદ પાસે સાંજે ખેડૂતનો ભેટો થયો. સતત ત્રીજો દુષ્કાળ હતો. વૈશાખ મહીનો લગભગ વીતવા આવ્યો હતો. થોડી સાંત્વના આપી. દુષ્કાળ ખરાબ છે કહેતા એણે જે જવાબ આપ્યો તે સાંભળી ગદ્ગદિત બન્યો. એ કહે

ગુરુદેવ! ખેતી કરતા એટલા પાપો કર્યા છે. ૩૩ વર્ષથી આ પાપોની શ્રુંખલા છે તે આટલી જલ્દી ધોતા જાય? વરસાદ પડશે તો ઢોરોના પુણ્યે પડશે. અમારા પુણ્યે નહિ? જો જીવનમાં સાચી ખીંટીની સમજણ હશે તો ધાબળા પણ ડીસ્ટર્બ નહિ કરે નહીંતર રૂમાલ પણ અસ્વસ્થ કરશે. સમ્યક્ સમજણના ઘરમાં રહો ઘણી ગેરસમજથી બચાશે. કોઇ દાગીનામાં લખાણ ખરું? ઘરના થાળી-વાટકા નામ વગરના ખરા? એક પુસ્તકમાં વાંચવામાં આવેલ કે ૩૦/૩૫ જણાનાં સંયુક્ત કુટુંબમાં કોઇનો જન્મ થાય તો ઘરના વડીલ પ્રાર્થના કરે. આ ઘરમાં મારા કરતા મોડા આવનાર વહેલા ન જાય એવી ૨૪ કલાક ઝંખના કરે. સમજની બલિહારી છે.

- વાસણો પર માત્ર નિશાની કરો નામ ન લખાવશો.
- દવા પર અક્ષરો મિટાવી પછી વાપરજો.

જ્ઞાનની આશાતના ટાળો.

અને જ્ઞાનીની આરાધના કરો.

સંસાર
પરિભ્રમણ
કર્મ બંધને આભારી
નથી પરંતુ કર્મના અનુબંધને
આભારી છે.
પ્રવૃત્તિ બંધનું કારણ
બને જ્યારે પક્ષપાત
અનુબંધનું કારણ બને છે.

## પાત્રતા, પ્રેમ, પુરુષાર્થને હાથવગા કરીએ...

- દોષની કબુલાત આપણે વાસ્તવિકતાના સ્તરે કદાચ કરી છે પણ એમાં અકળામણ ભળી નથી અને એટલે જ આપણે દોષ મુક્ત બન્યા નથી.
- પરમાત્માના અનંત ગુણો કદાચ શ્રદ્ધાના વિષયો હશે પણ આપણા અનંત દોષો તો અનુભવના જ વિષય છે. અને છતાં કરુણતા એ છે કે એની આપણને અકળામણ નથી.
- જેની નજર સામે કાયમ માટે અન્યના દોષો જ રહે છે એની દોષમુક્ત બનવાની સંભાવના ખલાસ થઇ જાય છે.
- સાધનાને સફળ બનાવવાના ત્રણ પગથીયા છે. પ્રથમ પગથીયું છે 'પાત્રતા' *દોષોની સખત અકળામણ* એ છે પાત્રતાનું લક્ષણ.
- બીજું પગથીયું છે પ્રેમ. જે પણ પરિબળોમાં આપણને દોષમુક્ત બનાવવાની તાકાત છે એ તમામ તારક પરિબળો પ્રત્યે દિલનો ભારોભાર પ્રેમ.
- ત્રીજું પગથીયું છે પુરુષાર્થ. ઉપકારી દેવ-ગુરુની આજ્ઞા પ્રમાણેનો સમ્યક્ પુરુષાર્થ.
- પ્રેમમાં પાત્રતાને વિકસાવવાની અને પુરુષાર્થ માટેના સત્વને પેદા કરવાની તાકાત પડી છે.

**જ્યાં સુધી મન પારકા દોષ જોવાથી મુક્ત બને અને ગુણોને ગ્રહણ કરવામાં પ્રવર્તે નહી ત્યાં સુધી મધ્યસ્થ પુરુષે આત્મધ્યાનમાં મનને આસકત કરવું શ્રેષ્ઠ છે.**

અનંત ઉપકારી, જ્ઞાની, કરુણાના ભંડાર શાસ્ત્રકાર ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજાએ 'જ્ઞાનસાર' ગ્રંથમાં માધ્યસ્થ ગુણની વિવેચના કરતા કહે છે સતત બીજાના દોષો જોયા કરશો તો જાતને દોષ મુક્ત કરવાનું મુશ્કેલ બનશે. પોતાના દોષો ભયંકર લાગે તેને તેની સાધનાને નિષ્ફળ ન બનાવે. **દોષ બીજાના દેખાય છે અને દુઃખ પોતાના દેખાય છે.** સાધના કરતા ત્રણ પરિબળોમાં કમજોર બન્યા. આ ત્રણેય સ્ટેજ સમજી લો.

**૧) આપણામાં પાત્રતા જોઇએ.** પરમાત્માની દેશના અભવીને નિષ્ફળ જાય. દરિયાની રેતીથી ક્યારેય ઘડો થાય? વાંઝિયા વૃક્ષે ફળ આવે? પાત્રતા જ નથી. મારામાં ધર્મ પામવાની પાત્રતા છે તેની અનુભૂતિ કેવી રીતે થાય? પાત્ર હોવું અને પાત્રતા હોવી એ બન્ને અલગ છે. જે ઘડામાં દારૂ ભર્યો હોય એ ઘડામાં દૂધ ભરવાને લાયક નથી. જેનામાં ગ્રહણ કરવાની તાકાત હોય પણ તેનામાં પચાવવાની તાકાત હોય તે પાત્રતા. બે વાતો ધ્યાનમાં જરૂરથી લેજો.

૧) મારા દોષ મને દેખાય.

૨) મારા દોષ મને અકળાવે.

બીજાના દોષ દર્શનની વૃત્તિથી આપણી પાત્રતા ખલાસ થાય છે. આ જીવ ભવિ છે અભવિ ખબર શી રીતે પડે? અભવિએ પાત્રતા ગુમાવી બેઠેલો આત્મા છે.

મોઢામાં દૂધપાક ખાવો તે પાત્ર અને દૂધપાક પચાવવો તે પાત્રતા. ખોરાક કેવો ખાઓ છે તે મહત્વનું નથી પણ તે ખોરાક પચાવવો તે પાત્રતા છે.

'ધર્મમાં પ્રવેશ કરનારની પ્રથમ પાત્રતા જોઇએ. એક માણસ નદી કિનારે જઇ નદીને કહે છે તારામાં આ છીંછરાપણું છે એ સારું નથી. દરિયા કિનારે જઇ એને ફરિયાદ કરી' તારામાં ખારાશ સારી નથી. ગુલાબના પુષ્પો પાસે જઇને કહે તારી સુગંધ સારી રહેલા કાંટા સારા નથી. ચંદ્રને જોઇને કહે 'તારામાં તો ડાઘ છે. માટે સારો નથી. ત્યારે બધાએ એને જવાબ આપ્યો 'માણસ! તારી આ દોષ દૃષ્ટિ ખરાબ છે. હોસ્પિટલનો કયો દર્દી બીજાના રોગની ચિંતા કરે? એ તો પોતાની જ કરે. એક વાતનો હૃદયથી જવાબ આપો તમે તમારા દોષોની કબુલાત અકળામણથી કરો છો કે વાસ્તવિકતાથી? દા.ત. મને માથું ચડ્યું છે? વાસ્તવિક કે અકળામણ? દોષોની સખત અકળામણ એ છે પાત્રતાનું લક્ષણ. દોષો કાઢવાની વૃત્તિ હોવી જોઇએ. સેંકડો માણસો એવા મળ્યા જેઓ દોષોની કબુલાત કરે પણ દોષ કાઢવાની વાત ન કરે. મનથી માની બેઠા છીએ કે દોષોની કબુલાત અહં પુષ્ટિનું કારણ બની શકે. અત્યાર સુધી જાળવી રાખેલી ઇમેજ ખરાબ બને. સખત માયાના વલણમાં રમીએ છીએ.

- બે સાધક સન્યાસીના આશ્રમમાં ગયા. બન્ને એ પાપ સરખું કર્યું છે. બન્નેએ વ્યભિચાર સેવન કર્યું હતું. એકની આંખમાંથી આંસુ ઝરે છે. અને બીજાએ કહ્યું હા, મેં વ્યભિચાર કર્યો છે. ગુરુએ બન્નેને બહાર મોકલી કહ્યું તમને તમારું પાપ જેટલું લાગે એટલો પથ્થર લઇ આવો. પહેલો સાધક પર્વત પર જઇ મોટો પથરો લઇ આવ્યો. બીજો સાધક ૧૦ મિનિટમાં બહારથી કાંકરી લઇ આવ્યો. કહે 'ગુરુદેવ! દુનિયામાં તો ઘણાં પાપો છે પણ આ તો મેં એક જ પાપ કર્યું છે. પહેલા સાધક કહે ગુરુદેવ! મારા પાપ સમાન નીચે કોઇ પત્થર ન દેખ્યો એટલે પર્વત પરથી લઇ આવ્યો છું. મને મારું પાપ આટલું સમજાય છે.

ગુરુએ પ્રથમ સાધકને કહ્યું 'તારા પાપને પ્રાયશ્ચિતની જરૂર નથી ફક્ત અંતઃકરણથી મિચ્છામી દુક્કડ્મ દઇ દે. બીજાને કહ્યું 'તારા પાપનું પ્રાયશ્ચિત અપાય તેમ નથી કારણ તને પાપ પાપરૂપ લાગતું નથી.

અમને સંસાર અસાર લાગ્યો. નીકળી પડ્યા.

તમને સંસાર અસાર લાગ્યો?

દોષોની કબુલાત સમયે હૃદયમાં વેદના લાઓ.

અકળામણના સ્તરે જો કબુલાત થશે તો દોષ મુક્તિ શક્ય બનશે. આપણને દરિદ્રની દરિદ્રતા હેરાન કરે છે કે અકળાવે છે?

૨) **આપણને આપણામાં પ્રેમ હોય.** આપણામાં દોષોને કાઢવાની તાકાત છે પણ જે પરિબળોમાં દોષમુક્ત બનાવવાની તાકાત છે એ તમામ તારક તત્વો પ્રત્યે દિલનો ભારોભાર પ્રેમ લાવો. દેવ-ગુરુ-ધર્મ અને ધર્મના સાધન પર ભારોભાર પ્રેમ. ભગવાન મને ખૂબ ગમે છે. ગુરુ મને ખૂબ પ્રિય છે તેમના પ્રત્યે આવી ભાવના આવી? દા.ત. તમે કો'કને પૈસા આપ્યા સંબંધના કારણે કે પ્રેમ ઉભરાયા માટે આપ્યા? દા.ત. ડોક્ટરને ઇલાજના પૈસા આપો ભારોભાર ઉપકાર માનો? ડોક્ટરને દર્દી પ્રત્યે પૈસાનો સંબંધ હોય જ્યારે દર્દીને ડોક્ટર પ્રત્યે ઉપકારીનો સંબંધ હોય. મરતા પહેલા ઇન્વેસ્ટીગેશન કરો ક્યાં તૂટ્યા પાત્રતામાં કે પ્રેમમાં?

દેવચંદ્રજી મહારાજે ધનપાલ કવિના ભગવાન પ્રત્યેના પ્રેમને સ્તવનમાં રજૂ કર્યો છે. કહે છે હે ભગવાન તારી ભક્તિ કરતા હું ભગવાન બની જઇશ એ દિવસને યાદ કરતા કંપારી છૂટે છે. વેદના છે. કેમ કે અત્યારે ૨૪ કલાક તારા ચરણોમાં ઝુકવાનો આનંદ છે. તે ખલાસ થઇ જશે ભગવાનપણું કે મોક્ષ ન મળે તો ચાલશે ભક્તિના ભોગે મોક્ષ નથી જોઇતો. આ છે ભગવાન પરના પ્રેમની પરાકાષ્ટા.

**પ્રેમમાં પાત્રતાને ખેંચી લાવવાની તાકાત છે.** પણ પાત્રતામાં પ્રેમને ખેંચી લાવવાની તાકાત ખબર નથી. દા.ત. ગૌતમસ્વામીને પ્રેમના કારણે પાત્રતા આવી. તમને કોઇ કેવળજ્ઞાની કહે 'આ પચાસ લાખ તમને ગત જન્મના ૫૦ હજારના દાનના કારણે મળ્યા છે તો આ ૫૦ લાખ તમે સત્કાર્યોમાં વાપરી નાખોને?

- સંપ્રતિ મહારાજાને ખબર પડી કે આ રાજ્ય મને ગત જન્મની ભક્તિરૂપે મળ્યું છે. તો એ તરત રાજગાદી ભગવાનને/ગુરુને સોંપવા તૈયાર થઇ ગયા. અધ્યાત્મસારમાં લખ્યું છે કે દીક્ષા લેતી વખતે જેની આગળ ચારિત્રના પરિણામ નહોતા ફક્ત કપડાં બદલાવ્યા પણ ગુરુ પ્રત્યે ભારોભાર પ્રેમના કારણે દીક્ષા લીધી તેવા અનંત આત્માઓના મોક્ષ થઇ ગયા.

દેવ-ગુરુ-ધર્મની આજ્ઞા પ્રમાણેને પુરુષાર્થ જરૂરી છે. 'અન્યથા શરણં નાસ્તિ' પ્રભુ મને તારા વિના કોઇનું શરણ નથી. 'ચરણ શરણ સુખદાઇ...' માત્ર તારું સમર્પણ આ છે પુરુષાર્થ.

મહાભારતમાં અર્જુનને શ્રીકૃષ્ણે કહ્યું, 'મારે શરણે આવી જા પછી બધી જવાબદારી મારી.'

- અર્જુનમાં પાત્રતા દેખાઇ માટે કહ્યું.

- અર્જુન દોડ્યો - પ્રેમના કારણે.
- અર્જુને કહ્યું 'તમો જેમ કહેશો તેમ કરીશ' પુરુષાર્થે વિજય મેળવ્યો. પાત્રતા-પ્રેમ અને પુરુષાર્થના કારણે.

  રથ પરથી ભગવાન પહેલા ઉતરે કે સારથી? અર્જુનને અહંકાર નડી ગયો. અર્જુન રથથી ઉતરે છે પણ વિલંબે. શ્રીકૃષ્ણે કહ્યું અર્જુન તું પહેલો ઉતર પછી હું ઉતરીશ. શ્રીકૃષ્ણ જ્યાં નીચે ઉતર્યા રથ સળગી ગયો. શ્રીકૃષ્ણે અર્જુનને બચાવી લીધો. ભગવાને કહેલી આજ્ઞાથી જ આપણું ઠેકાણું પડશે. રોજ પ્રભુને કહો, 'મને આપના પર ખૂબ પ્રેમ છે. પ્રભુ કહે છે મારા ચરણમાં તારણહાર કહી બેસી ન રહેવાય. પ્રભુ માર્ગ બતાવે પુરુષાર્થ તો પોતે જ કરવાનો છે. દેવ-ગુરુ-ધર્મ બોર્ડ છે આપણને એ બાજુ જવાનું માર્ગદર્શન આપે છે. આપણે આ પરિબળોમાં કાચા પુરવાર થયા છીએ. પ્રથમ અને વચલાને મજબુત કરો આગળ આપોઆપ વધાશે. પ્રેમ પાત્રતાને વિકસાવે. પાત્રતા પુરુષાર્થના સત્વને પેદા કરવાની તાકાત લાવે. આપણી ભૂમિકા-મનોદશા કેવી સાહેબ આપ કહો છો તે સારું છે પણ થશે તો કરીશ' આમાં ઠેકાણે કેમ પડે બોલો? અનંતગુણના માલિક પ્રત્યે પ્રીતિ વધારો ન્યાલ થઇ જશો.

  તમને મારા પર પ્રેમ છે, તમને મારા પર શ્રદ્ધા છે એની ખબર કેમ પડે? પ્રેમ શ્રદ્ધાથી કાયમ કે શ્રદ્ધા પ્રેમથી કાયમ? પ્રેમ પછી શ્રદ્ધા ન હોય તો પ્રેમ ખલાસ થવાની શક્યતા છે. અપેક્ષા ન ફળે તો પ્રેમ કરો પણ અપેક્ષા તૂટી જાય માટે શ્રદ્ધા જોઇએ. **પ્રેમને પજેશનમાં રસ છે જ્યારે શ્રદ્ધા સાર્વજનિક છે.**

  દા.ત. તમે ને તમારા દોસ્ત સાથે મારી પાસે આવ્યા. પ્રેમ હોય તો તમે મને માનો, મને જ કેન્દ્રમાં રાખો. શ્રદ્ધા હોય તો માનો ભલે ગુરુદેવ! બીજા સાથે બોલે છે પણ મારા ગુરુદેવ છે. ભૂલેચૂકે ડીસ્ટર્બ ન થાય ખ્યાલ કરજો કારણથી ઉભો થતો પ્રેમ કારણની ગેરહાજરીમાં તૂટી જાય છે. જ્યારે તમારી સાથે વાત કરું તો તમને પ્રેમ ઉભરાય. પણ ભાવ ન દર્શાવું તો પ્રેમ તૂટી જાય. **વિરોધમાં હજી પ્રેમ ટકશે પણ ઉપેક્ષામાં પ્રેમની બહુ કસોટી થશે.**

- ભાવનગરનો અતુલ નવો જોડાયેલ. ઉપાશ્રયે ઘડીયાળ બગડી ગયેલી. ઇશારો કર્યો. પેઢીમાં જઇ કહે જરા બદલાવે. અડધા-પોણા કલાકે પાછો આવ્યો. નવી ઘડીયાળ લગાડી. અરે અતુલ નવી કેમ લાવ્યો? ઓ ગુરુદેવ! આજે પહેલીવાર કામ સોંપ્યું છે. મારામાં એટલી અક્કલ તો છે. પેઢીમાં કહું થઇ તો જાય પણ સાહેબ! સંઘ-ઉપાશ્રય મારા છે. મનેય લાભ મળેને? જે પણ સમય પ્રમાણે આરાધના થશે તેઓ મનેય લાભ મળશે.

*આ છે પ્રેમની ભૂમિકા. પાત્રતાની ચિંતા ન કરો. પુરુષાર્થ વધારી દો. ભલે કાંદા*

બટાટા ખાય પણ એને અહીં આવવાનું શરૂ કરાવો. બદલાયા વગર નહિ રહે.

**ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો ઔર ન ચાહું રે કંત...**
**કપટ રહિત થઈ આતમ અરપણાં, આનંદઘન પદ રેહ.**

પરમાત્માની સાથે જેને પ્રેમ છે તો સરળ બની અર્પણ કરો. તમે ના પાડવાની ભૂમિકામાં હો તો ના પાડો. શક્તિ ન હોય તો સ્પષ્ટ ના પાડો. પણ કપટ વગર. સાહેબ! શક્તિ છે પણ હાલ ભાવ નથી. કહો કપટ વગર ના પાડવાની ના નથી પણ માયા ન જોઈએ. તમારી ભક્તિ અભય-અદ્વેષ-અખેદ કરો.

- તમારી ભક્તિ કરવા પ્રથમ નિર્ભય બનું.
- તારી ભક્તિ કરતા પ્રથમ દ્વેષ વગરનો બનું.
- પ્રભુની ભક્તિ કરતા પ્રથમ ખેદ વગરનો બનું. ઉપમિતિમાં લખ્યું છે 'ભિખારી પર રાજાની નજર પડે તો એનુંય કામ થઈ જાય બસ તેમ આપણા પણ પ્રભુની નજર પડી જાય તો આપણુંય કામ થઈ જશે.

પ્રભુ કહે છે, **ફરિયાદ તમારા દોષની કરો.**
**દુઃખ લગાડો બીજાના દુઃખનું.**

ભગવાનના અનંત ગુણો કદાચ આપણી શ્રદ્ધાના વિષયો હશે પણ આપણા દોષો તો અનંતભવના અનુભવના જ વિષયો છે છતાં કોઈ અકળામણ નથી છે ને કરુણતા? દોષો કાઢવા પ્રભુ પર શ્રદ્ધા વધારો...

શરીર અને મન જ
કેન્દ્ર સ્થાને
ગોઠવાય તે છે
પ્રેય
અને આત્મા કેન્દ્ર સાથે
ગોઠવાય એ છે
શ્રેય!

# १७ निर्भयाष्टकम्

यस्य नास्ति परापेक्षा, स्वभावाऽद्वैतगामिनः ।
तस्य किं न भयभ्रान्ति-क्लान्तिसन्तानतानवम् ।।१।।

(१) स्वभाव-अद्वैत-गामिनः-સ્વભાવની એકતાને પામેલા यस्य-જેને पर अपेक्षा-બીજાની અપેક્ષા नास्ति-નથી तस्य-તેને भय-भ्रान्ति-क्लान्ति-सन्तान-तानवम्- ભયની ભ્રાન્તિથી થયેલ ખેદની પરંપરાનું અલ્પપણું किं-શું न?-ન હોય?

(૧) કેવળ આત્મસ્વભાવમાં રમનારા અને પરની (દેવલોકાદિ સુખની) અપેક્ષાથી રહિતને ભયની ભ્રાન્તિથી થતા ખેદની પરંપરા પાતળી બની જાય છે.

આવા મુનિઓ સાત પ્રકારના[1] ભયથી રહિત હોવાથી ભયથી થતા દુઃખોથી રહિત હોય છે. જગતના મૂઢ જીવોને હાય! ધન જતું રહેશે તો? હાય આપણે લૂંટાઇ જઇશું તો? આવી આવી અનેક જાતની ભ્રાન્તિ=શંકા થાય છે, અર્થાત્ ભય આવવાની શંકા રહ્યા કરે છે. ભયની શંકાના કારણે ખેદ=ચિંતા અનુભવે છે. એક ભયની શંકા થઇ.

૧. ઇહલોક (=મનુષ્યને મનુષ્યથી ભય...), પરલોક (=મનુષ્યને દેવાદિથી ભય), આદાન (=કોઇ મારું ધન વગેરે લઇ લેશે એવો ભય), અકસ્માત્ (=ધરતી કંપ વગેરે), આજીવિકા (=જીવન-નિર્વાહ), અપજશ અને મરણ એમ સાત પ્રકારે ભય છે.

મન ચિંતાતુર બન્યું. આ ભયની શંકા દૂર થઇ ન થઇ ત્યાં તો બીજી ભયશંકા ઊભી થઇ અને મન ચિંતામાં પડ્યું. જેમ તેમ કરીને એ ચિંતા ગઇ ત્યાં તો વળી ત્રીજી ભયશંકા ઉત્પન્ન થઇ અને મનમાં ચિંતા ઊભી થઇ. આમ મૂઢજીવોને ભયશંકાથી થતા ખેદની ચિંતાની પરંપરા=પ્રવાહ ચાલ્યા કરે છે. આનું કારણ પરની અપેક્ષાથી પરભાવમાં રમણતા છે. મુનિઓ પરની અપેક્ષાથી રહિત બની આત્મસ્વભાવમાં રમનારા હોવાથી એમને ભયભ્રાન્તિથી થતો ખેદ=ચિંતા ન હોય.

भवसौख्येन किं भूरि-भयज्वलनभस्मना? ।
सदा भयोज्झितज्ञान-सुखमेव विशिष्यते ।।२।।

(२) भूरि-भय-ज्वलन-भस्मना- ઘણા ભયરૂપ અગ્નિની રાખ જેવા भव-सौख्येन-સંસારના સુખથી किं?-શું? सदा-હમેશાં भय-उज्झित-ज्ञान-सुखम्-ભયરહિત જ્ઞાન સુખ एव-જ विशिष्यते-સર્વાધિક છે.

(૨) બહુ ભય રૂપ અગ્નિની રાખ સમાન સંસાર સુખોથી શું? અર્થાત્ સંસારસુખ ભયરૂપ અગ્નિથી બળી ગયેલું હોવાથી નકામું છે. સદા ભયથી રહિત જ્ઞાનસુખ જ સર્વસુખોથી ઉત્તમ છે.

न गोप्यं क्वापि नारोप्यं, हेयं देयं च न क्वचित् ।
क्व भयेन मुनेः स्थेयं, ज्ञेयं ज्ञानेन पश्यतः? ।।३।।

(३) ज्ञेयं-જાણવા યોગ્યને ज्ञानेन-જ્ઞાનથી पश्यतः-જોતા मुनेः-મુનિને क्व-ક્યાંય अपि-પણ गोप्यं-છુપાવવા યોગ્ય न-નથી आरोप्यं-મૂકવા યોગ્ય न-નથી क्वचित्-ક્યાય हेयं-છોડવા યોગ્ય च-અને देयं-આપવા યોગ્ય न-નથી. આથી મુનિમાં भयेन-ભય क्व-ક્યાં स्थेयं-રહે?

(૩) જાણવા યોગ્ય વસ્તુને જ્ઞાનથી જાણતા મુનિને ક્યાય છુપાવવા જેવું નથી, તેની પાસે ક્યાય રાખી મૂકવા જેવું નથી, ક્યાંય છોડવા જેવું નથી, અને ક્યાંય આપવા જેવું નથી. આથી મુનિને ક્યાય ભય હોતો નથી.

एकं ब्रह्मास्त्रमादाय, निघ्नन् मोहचमूं मुनिः ।
बिभेति नैव संग्राम-शीर्षस्थ इव नागराट् ।।४।।

(४) एकं-એક ब्रह्म-अस्त्रम्-આત્મજ્ઞાન રૂપ શસ્ત્રને आदाय-લઈને मोहचमूं-મોહની સેનાને निघ्नन्-હણતો मुनिः-મુનિ संग्राम-शीर्षस्थः-સંગ્રામના મોખરે રહેલા नागराट्-ઉત્તમ હાથીની इव-જેમ बिभेति-ભય પામતો एव-જ न-નથી.

(૪) શુદ્ધજ્ઞાન રૂપ શસ્ત્ર પકડીને મોહની સેનાના ચૂરેચૂરા કરતા મુનિ યુદ્ધના મોખરે રહેલા શ્રેષ્ઠ હાથીની જેમ ભય પામતા જ નથી.

मयुरी ज्ञानदृष्टिश्चेत्, प्रसर्पति मनोवने ।
वेष्टनं भयसर्पाणां, न तदानन्दचन्दने ।।५।।

(५) चेद्-જો ज्ञानदृष्टिः-જ્ઞાનદષ્ટિ રૂપ मयूरी-ઢેલ मनोवने-મનરૂપવનમાં प्रसर्पति-વિચરે છે तदा-તો आनन्दचन्दने-આત્માનંદ રૂપ ચંદન વૃક્ષમાં भयसर्पाणां-ભયરૂપ સાપોનું वेष्टनं-વીંટાવું न-થતું નથી.

(૫) જો મન રૂપ વનમાં મોરલી જેવી જ્ઞાનદષ્ટિ ફરતી હોય તો આનંદ રૂપ ચંદનવૃક્ષમાં ભય રૂપ સર્પો ન વીંટાય.

कृतमोहास्त्रवैफल्यं, ज्ञानवर्म बिभर्ति यः ।
क्व भीस्तस्य क्व वा भङ्गः, कर्मसङ्गरकेलिषु? ।।६।।

(६) कृत-मोह-अस्त्र-वैफल्यं-કર્યું છે મોહરૂપ શસ્ત્રનું નિષ્ફળપણું જેણે એવું ज्ञान-वर्म- જ્ઞાનરૂપ બખ્તર यः-જે बिभर्ति-ધારણ કરે છે तस्य-તેને कर्म-सङ्गर-केलिषु-કર્મના સંગ્રામની ક્રીડામાં भीः-ભય क्वः?-ક્યાંથી (હોય)? वा-અથવા भङ्गः-પરાજય क्व?-ક્યાંથી (હોય)?

(૬) મોહના શસ્ત્રને નિષ્ફળ કરનાર જ્ઞાન બખ્તરને જે પહેરે છે તેને કર્મના યુદ્ધની ક્રીડામાં ન ભય હોય અને ન તો પરાજય હોય.

तूलवल्लघवो मूढा, भ्रमन्त्यभ्रे भयानिलैः ।
नैकं रोमापि तैर्ज्ञान-गरिष्ठानां तु कम्पते ।।७।।

(૭) तूलवत्-આકડાની રૂની જેમ लघवः-હલકા मूढाः-અવિવેકી જનો भय-अनिलैः-ભયરૂપ વાયુથી अभ्रे-આકાશમાં भ्रमन्ति-ભમે છે. तु-પણ ज्ञानगरिष्ठानां-જ્ઞાનથી અત્યંત ભારે પુરુષોનું एकं-એક रोम-રૂવાડું अपि-પણ कम्पते-ફરકતું ન-નથી.

(૭) આકડાની રૂની જેમ હલકા[૧] મૂઢ જીવો ભય રૂપ પવનથી આકાશમાં (લોકાકાશમાં) ભમે છે. જ્ઞાનથી ભારે બનેલા મુનિઓનું તેનાથી (ભય રૂપ પવનથી) એક રૂંવાડું પણ ફરકતું નથી.

चित्ते परिणतं यस्य, चारित्रमकुतोभयम् ।
अखण्डज्ञानराज्यस्य, तस्य साधोः कुतो भयम् ।।८।।

(૮) यस्य-જેના चित्ते-ચિત્તમાં अकुतोभयम्-જેમાં કોઇથી ભય નથી એવું चारित्रम्-ચારિત્ર परिणतं-પરિણમેલું છે, तस्य-તે अखण्ड-ज्ञान-राज्यस्य-અખંડ જ્ઞાનરૂપ રાજ્યવાળા साधोः-સાધુને कुतः-ક્યાંથી भयं?-ભય હોય?

(૮) જેમાં કોઇથી ભય નથી એવું ચારિત્ર જેના ચિત્તમાં પરિણમ્યું છે અને અખંડિત જ્ઞાનરૂપ સામ્રાજ્ય જેને પ્રાપ્ત થયું છે તે સાધુને ભય ક્યાંથી હોય?

૧. હલકા કેમ છે તે જણાવવા મૂઢ વિશેષણ મૂક્યું છે. તત્ત્વજ્ઞાન રહિત હોવાથી હલકા છે.

અધ્યાત્મ જગતમાં અટકાવનાર
બે પરિબળો છે.
૧. શરમ હીનતા
૨. સંવેદન હીનતા

- સુખ માટે અન્ય તરફથી દૃષ્ટિ એજ તમારા તમામ દુઃખનું મૂળ છે.
- 'પદાર્થમાં સુખ છે' એ ભ્રાન્તિ પદાર્થ હાથમાંથી ચાલ્યો ન જાય એનો ત્રાસ એ છે ભય. અને પદાર્થ મેળવવા-સાચવવા માટે થતી દોડધામ છે કલાન્તિ.
- જે પણ આત્મા પોતાના સ્વભાવનો ઉઘાડ કરવા પ્રયત્નશીલ બને છે એ આત્મા આ ભ્રાન્તિ-ભય અને કલાન્તિનો શિકાર બનતો નથી.
- જે પદાર્થની સન્મુખ છે તે ભોગી છે. પદાર્થોથી વિમુખ છે ત્યાગી છે. પણ પદાર્થોને વિમુખ બનાવી જે પરમાત્મા સાથે જોડાઇ ગયો છે એ યોગી છે.
- ત્યાગ જો યોગમાં રૂપાંતર નહીં થાય તો એને ભોગમાં આવી જતા વાર નહીં લાગે.
- અજગર હાથીને ગળી જવામાં સફળ બને તો લોભી પદાર્થોના સંગ્રહ દ્વારા સુખી થવામાં સફળ બને.
- કેવળ ત્યાગ કષ્ટદાયક અને અલ્પજીવી બને એ શક્ય છે. પણ યોગમય બની ચૂકેલો ત્યાગ તો આનંદદાયક અને ચિરંજીવી બન્યા વગર ન રહે.

**જેને બીજાની અપેક્ષા નથી અને સ્વભાવની એકતાને પ્રાપ્ત થનાર છે તેને ભયની ભ્રાન્તિથી થયેલ ખેદની પરંપરા અલ્પપણાની હોય.**

મહાન તાર્કિક શિરોમણી વર્તમાન જીવનશૈલીમાં સૌભાગ્યના નૂર પૂરનારા ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજા 'નિર્ભયતાના અષ્ટક'નું માર્ગદર્શન આપી ભયના ભયસ્થાનો અને નિર્ભયતાના પરમ તત્વોનું બોધ કરાવી રહ્યા છે. બધા જ પાપ અને દુઃખનું મૂળ સુખ માટે બીજા પર નજર. આવું મળે એ અપેક્ષાના કારણે માણસ સતત ભયમાં જીવે છે, આજે ત્રણ વાતો સમજો.

૧) **પદાર્થમાં સુખ છે એ ભ્રાન્તિ છે.** જે પદાર્થ જ્યાં છે જ નહિ છતાં તેમાં તેનું દર્શન ભ્રાન્તિ છે માટે ભય છે. દા.ત. દોરડામાં સાપનું દર્શન.

૨) પદાર્થ હાથમાંથી ચાલ્યો ન જાય એનો ત્રાસ એ છે ભય. ભયના મૂળમાં તો ભ્રાન્તિ જ છે.

૩) કલાન્તિ : થાક અથવા ખેદ. પદાર્થો મેળવવા-સાચવવા થતી દોડધામ.

નાનકડો જશવંત ૭/૮ વર્ષે દીક્ષા લઇ યશોવિજયજી બને છે આજે તેઓ આપણું સચોટ નિદાન આપણને દર્શાવી રહ્યા છે. ભય દૂર કરવા જેટલા સાધન લાવો ને નવો ભય ઉભો જ થતો જશે. દા.ત. શંખેશ્વર જવા ઉપડ્યા. સેવાપૂજા માટે ચાંદીના

બધા જ ઉપકરણ લીધા. આખા રસ્તે એ સાચવવાનો ભય રહ્યા જ કરશે ખરુંને? સંપત્તિ આવે તો બધા ભય ટળે પણ સંપત્તિ આવ્યા પછી એની ચોરી ન થાય, ઇન્કમટેક્ષની રેટ ન પડે માટે એને ગોઠવવાનો કેટલો ભય? પ્રયત્નોમાં વિષયો બદલાય છે.

- માણસ નોકરીએ ગયો. રસ્તામાં સ્મશાન આવે. બહુ ભય લાગે, બાવો વચ્ચે મળ્યો. બાવાને વાત કરતા બાવાએ માદળીયું આપ્યું હવે તને ડર નહિ લાગે. ૩/૪ દિવસે નિર્ભય તો બન્યો. પણ પંદરમા દિવસે પુનઃ બાવા પાસે આવ્યો કહે બહુ ડર લાગે છે કેમ? આ માદળીયું ક્યાંક ખોવાઇ જશે તો? અચાનક જાણ બહાર ક્યાંક પડી જશે તો? પહેલાં તો સ્મશાન પાસેથી નીકળતો એટલો સમય ભય લાગતો પણ હવે તો સમયે સમયે આ ખોવાઇ જશે તો શું થશે? એનો ભય લાગે છે. જ્યાં સુધી મોક્ષ નથી થયો ત્યાં સુધી ભ્રાન્તિમાં જ જીવીએ છીએ. ભય=કલાન્તિ રહ્યા જ કરે છે.

  જેલની વિશિષ્ટતા ખ્યાલમાં છે? દીર્ઘદૃષ્ટિથી દરેક રૂમમાં બહારથી જ આગડીયા હોય. અંદર સ્ટોપર પણ નથી હોતી. કેદી અંદરથી રૂમ બંધ ન કરી શકે. બહાર નીકળવાનો કે અંદર રહેવાનો નિર્ણય બહારવાળા જ કરે. ઘરની અંદર સ્ટોપર છે કારણ કે બહારવાળાને અટકાવી શકો. તમારા કંટ્રોલમાં બહારનું પરિબળ છે તો સમજજો ઘરમાં છે દરવાજા બંધ કરી દે. પરિબળો સામે ટકવાની ખૂબ કચાશ છે.

- હોટેલની કોઇ ઓફર કરી મન લલચાયું કોમ્પલીમેન્ટરી પાપ. પાપના પ્રવેશને પ્રવેશ કરવા માટે મનનો દરવાજો બંધ કરવો હોય તો તમે ઘરમાં છો.

  સાધુ સુખી કેમ? હજાર જાતના પરિબળોને મર્દાનગીપૂર્વક ના પાડી શકે છે પાછો ત્યાગી છે.

  ૧. કનિષ્ટની ભૂમિકા ભોગીની છે. ભોગની વૃત્તિમાં પડેલી છે.

  ૨. મધ્યમ ભૂમિકા ત્યાગીની છે. તક મળે અને ત્યાગ કરતો જાય.

  ૩. ઉત્કૃષ્ટ ભૂમિકા યોગીની છે.

  ભોગના પદાર્થમાં વ્યસ્ત છો. ત્યાગના પદાર્થમાં પૂર્ણ વિરામ રૂપે છો. ભોગ સન્મુખ છો ત્યાગ વિમુખ છો, યોગ પદાર્થ સાથે સંબંધ નથી. ઉપવાસ કરો ત્યારે ત્યાગ પણ બીજા દિવસે ભોગ. ભોગી ભોગવે, ત્યાગી છોડે. યોગી ભગવાન સાથે જોડાઇ જાય.

  ઝાડૂ છોડે તે ત્યાગી કે ઝવેરાત છોડે તે ત્યાગી? અમો મોત વખતે જે છોડવાનું હતું તે વહેલું છોડ્યું તો અમે ત્યાગી. અમો પરમાત્મા આગળ પૈસા છોડ્યા તમો પૈસા ખાતર પરમાત્મા છોડ્યા. સાધુએ સ્ત્રી છોડી તે વિશેષ નથી પણ પરમાત્માને

પકડ્યા તેની વિશેષતા છે. પદાર્થોના ત્યાગી જગતમાં ઘણા છે પણ ભગવાન સાથે જોડાઇ જનારા યોગી ઓછા છે. ભગવાનનું શાસન ત્યાગીઓ દ્વારા યોગીઓની ભૂમિકા સુધી પહોંચાડે છે. યોગી યોગની સ્પર્શના કરે કે ન કરે પણ તે ત્યાગી તો હોય. જમવા બેસો ત્યારે લુખ્ખા રોટલા પીરસનાર આવે પાછળ તરત ગુલાબજાંબુવાળો આવે તો રોટલા આપોઆપ ઘટી જાય ને! ઉકરડો છોડો, બગીચાનું આકર્ષણ લાવો. 'વિષ અમૃત થઇ પરિણમે' આ છે યોગની ભૂમિકા.

કપડામાં ગજ મોટો કે તાકો?

તાકો ગમે તેટલો લાંબો હોય તે રવાનો થાય પણ ગજ રહી જાય.

લોભ - પુણ્યકર્મથી મળે પણ તાકા જેવું.

ગજ - સંસારમાં અડીખમ ઉભો રહે.

સંસારમાં સુખ નથી તે સ્વીકારો છો?

- પાંચ કરોડવાળો ય દુઃખી છે એ જાણીને પૈસા પાછળ દોડવાની ભાવના ઓછી કેમ નથી થતી. આયંબિલ કર્યું આજે વિગઇ છોડી છે તેમ વિચારશો તો નહિ ફાવો પણ મારા પ્રભુની આજ્ઞા છે કે રસ ત્યાગ કરી હું અણાહારી પદ પામી ભગવાન સાથે જોડાઇ જઇશ. ઘણા લુખ્ખુ ખાય છે પણ આવી ભાવનામાં જોડાય તો કામ થાય. આજે ત્યાગની ધાક પડી છે. એટલે બહુ થતું નથી. તરત વિચારો છો આ વખતે ઘણું થઇ ગયું. યોગમાં થાક નથી ને ધાક પણ નથી. અમો જન્મોજનમ ભગવાન મળે એ રીતે જીવન વ્યવહાર ગોઠવ્યા. તમો તો સ્હેજ વરસાદે પાણી ભરાય, શરીરે સુસ્ત જરા વર્તાય તો દર્શન પણ બંધ. અમે ઝવેરાત જેટલું છોડ્યું તમારાથી ઝાડુ છૂટતું નથી.

ક્યાંક વાંચવામાં આવેલું 'લોભી જેવો કોઇ ત્યાગી નથી ને દાનેશ્વરી જેવો લોભી નથી' દાનેશ્વરી દાન કરે છે તે આવતા જનમમાં મેળવવાનું બુકીંગ કરે છે. લોભી વાપરતો નથી એટલે મરણ થતાં બધું જ અહીયાં છોડી જાય છે.

ભગવાન સાથે જોડાઇ જવાની ખાતરી આ ત્રણથી થાય.

૧) ભગવાન અનંત જીવો સાથે છે, પણ પુણ્યના અભાવે મળ્યા નથી.

૨) ભગવાન આપણને મળ્યા છે, આપણને ગમ્યા નથી.

૩) ભગવાન મળ્યા છે તો આપણને ફળ્યા નથી.

- શ્રેણિક ભગવાનની દિશામાં સોનાના જવલાથી સાથીઆ કરતા.
- એક ભાઇ રોજ અષ્ટપ્રકારી પૂજા કરે. પ્રથમ બરાસ લગાડે તેના પર ચાંદીનો વરખ પછી સોનાનો વરખ પછી તેના પર ચાંદીનો બાદલો તેના પર સોનાનો બાદલો.

સ્વાભાવિક વેપારી બુદ્ધિવાળો આવું ન કરે સીધો સોનાનો વરખ જ લગાડે તો ચાલે. ભગવાન ક્યાં માંગે છે. કાંઇ ન લગાડીએ તોય ચાલે. એનો જવાબ આપણને ગદ્‌ગદ્‌ કરી દે તેવો છે. સાહેબ! આપણે ઉપર ખમીસ પહેરીઓ અંદર બનિયાન-ગંજી પહેરીએ. પુણ્યના ઉદયથી મળ્યું છે. ને ભગવાનને જેટલું સોપીએ એટલું સાર્થક છે. બાકી બધુ તો વેડફાય છે. આ ત્યાગભાવ છે.

લગ્ન કરતી સ્ત્રી સાસરે આવે છે તે મા-બાપનો ત્યાગ કરીને આવે છે પતિ સાથે જોડાવાના ભાવથી. એક પતિ સાથેના એટેચમેન્ટના કારણે બાળપણ-યૌવન છોડે પતિ સાથેના પ્રેમના કારણે પીયર છોડવાનું દુઃખ હોતુ નથી. આનંદઘનજી મહારાજે કહ્યું છે. પરમાત્મા સાથે જોડાઇ જાઓ તો સંસાર છોડવાનું દુઃખ થતું નથી. કેવળ ત્યાગ કષ્ટદાયક અને અલ્પજીવી બને એ શક્ય છે પણ યોગમય બની ચૂકેલો ત્યાગ તો આનંદદાયક અને ચિરંજીવી બન્યા સિવાય રહેતો નથી. સંસારમાં જેમાં મજા માનો છો. તે દારૂ પીધેલ જેવી, મોહનીય કર્મની મદિરા પીધા જેવી છે. દારૂડીયાને ગમે ત્યાં મૂકો એ સદા ઘેનમાં જ હોય. જ્ઞાનાવરણીય કર્મ આંખે પાટા જેવું છે. દારૂ બે કામ કરે.

- સ્વસ્વરૂપનો ખ્યાલ ગુમાવે.

  ‘તું કોણ?’ એમ પૂછો ત્યાંજ ભૂલે.

  આપણી બધી જ ઓળખાણ ભૂલ ભરેલી છે. વીઝીટીંગ કાર્ડ જેવી. મારા ગુરુએ નામ પાડ્યું આસક્તિ થાય એ માટે નહિ પણ વ્યવસ્થા સાચવવા માટે. પ્રથમ ૨૫ વર્ષ માણસ રૂપમાં પાગલ હોય છે. પછી ૭૫ વર્ષ નામમાં પાગલ. ‘આપણું નામ રહેવું જોઇએ’ એ ધૂન.

- ચક્રવર્તિઓના કોટિશિલા પર નામ લખવાની પ્રણાલી છે. ઋષભકૂટ પર ભરત ચક્રવર્તિ પોતાનું નામ લખવા ગયા. ત્યાં આખી શિલા ભરેલી હતી. આટલા બધા ચક્રવર્તિઓ છે ત્યાં હવે મારું નામ ક્યાં લખું? દેવતાએ જવાબ આપ્યો કોઇ એક નામ ભૂંસી નાખો. એના પર તમારું નામ લખો. ભરત રડવા બેઠા. આજે હું કોઇનું ભૂંસીશ તો કાલે બીજા કોઇ ચક્રવર્તિ મારું નામ ભૂંસી નાખશે. તેમને અરિસા ભુવનમાં કેવળજ્ઞાન થયું. આત્મનિરીક્ષણ સતત થયું માટે આપણા નામો વ્યવસ્થા માટે જરૂરી પણ આસક્તિ થાય માટે નથી. આત્માના અનંત ગુણોમાંથી કોઇ એક ગુણ યાદ આવે.

‘અજિત જિણંદ શું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ,<br>
માલતી ફૂલે મોહિયો, કિમ બેસે હો બાવળ તરૂ ભ્રુગ કે...’

પ્રભુની પ્રીતિ માલતીના ફૂલ જેવી છે. તેની સુગંધ જેવી પ્રીતિ, સંસાર તો આખો બાવળીયા જેવો છે. ભગવાને બે પગથિયા દર્શાવ્યા છે.

- ભગવાન નિરાકાર સ્થિતિમાં છે. છતાં સેંકડોને ઉપર ચડાવે છે. એ પ્લસ પોઇન્ટ છે.
- માઇનસ પોઇન્ટ એ છે તેને પામી ઉપર ગયા તે ત્યાં જ ઉભા છે. ભગવાન ઘરમાં પધારે ને મનમાં એમની પ્રતિષ્ઠા થાય તે માટે ગૃહમંદિર બનાવવું જોઇએ.

ભય-ભ્રમણા-કલાન્તિ દૂર કરો થાક રહેશે નહીં.

સાચા નિર્ભય બનશો. જે પણ આત્મા પોતાના સ્વભાવના ઉઘાડ માટે પ્રયત્નશીલ બને છે એ આત્મા ભય-ભ્રાન્તિ-ક્લાન્તિના શિકાર બનતા નથી.

## જ્ઞાનસાર વચનામૃત

- સત્ય જોવાના વિકલ્પ છોડી દેવા જોઈએ તેનાથી સમાધિ ટકતી નથી. સ્નેહદર્શન મનની સમાધિને ટકાવી રાખે છે. જીવો પ્રત્યે સદ્ભાવ ઊભો રાખવા વધુ તાકાત આપે છે.
- જગતમાં જેટલી ખોટી માન્યતા જેટલી કોઈ ગરીબી નથી. ઝુંપડપટ્ટીની ગરીબીથી હજી પહોંચાય પણ આ ગરીબી તો આ ભવમાં ન પોસાય.
- પ્રીતિ અનુષ્ઠાન
  સ્મૃતિ અનુષ્ઠાન
  પ્રવૃત્તિ અનુષ્ઠાન
  અનુમોદના અનુષ્ઠાન
  સતત કરતા રહો.

## સથવારાનું જંગલ ઓછું કરો

- આ સંસારના સર્વ સુખો ભયરૂપી અગ્નિ પર ગોઠવાયેલી રાખ જેવા છે.
- સરોવરમાં પડતી કાંકરીને તળિયે બેસતા વાર નથી લાગતી પણ એના તરંગો લાંબા સમય સુધી ચાલે છે. બસ એજ રીતે સંસારમાં નિમિત્તોને દૂર થતા વાર નથી લાગતી પણ એનાથી ઉભી થતી અસર લાંબા સમય સુધી રહે છે.
- વિજ્ઞાનનું સત્ય હસ્તાંરિત થઇ શકે છે પણ ધર્મનું સત્ય તો અહસ્તાંરિત છે.
- અનેકની પાછળ દોડતા રહ્યા સિવાય સંસારનું સુખ મળતું નથી તો અનેકોને છોડતા રહેવાની હિંમત કેળવ્યા વિના આત્માનું સુખ અનુભવાતું નથી.
- જગતના સર્વ જીવો પ્રત્યે જેને અપાર લાગણી છે અને છતાં કોઇનીય પાસે જે લાગણીની ભીખ માંગતો નથી એ પરમાત્માના શાસનનો સાધુ છે.
- પદાર્થના સંયોગથી અનુભવાતું સુખ આખરે તો મારામાંથી જ પેદા થાય છે આ સમજણ આત્મસાત કરી જ લેજો.
- સામી વ્યક્તિ ગાળ દે છે માટે આપણા મનમાં કષાય થતો નથી આપણે સામે ગાળ દઇએ છીએ માટે આપણું મન કષાયાવિષ્ટ બને છે.

**ઘણા ભયરૂપ અગ્નિથી ભસ્મીભૂત થયેલા સંસારના સુખથી શું? હમેશા ભયરહિત જ્ઞાનસુખ સર્વાધિક છે.**

પરમ હિતકારી ઉપાધ્યાયજી 'નિર્ભયતા' અષ્ટક દ્વારા આપણી ભય દશાનું ઉચ્ચાટન અને અભયદશાનું ઉદ્‌ઘાટન કરાવી રહ્યા છે. આ જગતના તમામ સુખોને લાગેલું કલંક ભય છે. સંસારનું તમામ સુખ રાખ છે. એક માત્ર જ્ઞાનસુખ જ એવું છે એને લયની આગ સ્પર્શી શકતી નથી.

સંયોગમાં વિયોગનો ભય છે.

સંપત્તિમાં વિયોગનો ભય.

જ્ઞાન સુખમાં ભય નથી. વૈરાગ્ય છે. જે પદાર્થ છૂટી જતો હોય અને છોડતા ત્રાસ થાય નહીં તેમાં વૈરાગ્ય માનવો.

સંયમી દૂધપાક વાપરે પણ રાગ વગર.

ગમે તેવા પદાર્થોનો સંયોગો થાય સાથે છોડવાની પણ તત્પરતા/તૈયારી જ હોય, માલિકીભાવનો રસ ન હોય એ વૈરાગ્ય તરફનું વલણ છે. ઘણાં પૂજા કરે. કોઇ એક ભગવાન પર માલિકી ભાવ રાખે. આ ભગવાન મારા છે. હું જ કરું. કોલસા પર સુખોની રાખ લાગેલી છે. રાખના દર્શને ગરમી અનુભવાતી નથી. પદાર્થના સંયોગથી

અનુભવાતું સુખ હકીકતમાં તમારામાંથી જ ઉત્પન્ન થાય છે.

દા.ત. પેંડો ખાધો, મીઠાસ મુખમાંથી પ્રગટી. એ પેંડો છ ડીગ્રી તાવમાં નહી ભાવે, મીઠાસ મુખની લાળમાં ટપકે છે. તમને પદાર્થમાં સુખ લાગે છે. પણ એ તો તમોએ આરોપેલું સુખ છે.

પ્રથમ એક વાત હૃદયસ્થ કરો. સમ્યક્દર્શનનું સુખ પણ મારામાં જ છે. ભૂખ્યા માણસને ઠંડો રોટલોય મીઠો લાગે છે ને? હોજરી બેકાર હોય તો ભોજનમાંથી લોહી બનતું નથી. બાલદી મૂક્યા પછી પાણી આવે છે કે નળમાં પાણી છે માટે આવે છે એમ તમારી અંદર સુખ ન હોત તો ગમે તે કરત પણ સુખનો અનુભવ ન થાત.

**પદાર્થમાં સુખ માનવું એ મહામિથ્યાત્વ છે.**

પ્રભુના દર્શને તમને આનંદ થાય છે તે દર્શનનું કારણ. પ્રવચને મજા આવી એ મજા ક્યાંથી આવી? દુઃખમાંય તમારી જ જવાબદારી છે. દુઃખ પણ ઉત્પન્ન કરવાવાળા તમે જ છો. આનંદ આસક્તિથી પેદા થાય. એ આસક્તિ ન પોષાય તો દુઃખ. પરમાત્માની પ્રતિમા બિંબ છે, બાકી પ્રભુ પ્રતિમાઓ તો આપણા હૃદયમાં છે. ક્રોધ કરો છો ત્યારે નિમિત્ત પકડો છો. બાકી ક્રોધ તો અંદર છે. ૮૦ ફૂટ ઊંડા કૂવામાં બાલદી નાખો છો પાણી મળે છે. કૂવામાં પાણી છે માટે. કોઇએ ગાળ દીધી. ગુસ્સો આવ્યો. ગાળનું નિમિત્ત હતું પણ અંદર એ કષાય તો હતો. કેવળજ્ઞાનીઓને કોઇ ગાળો આપે. એમની પાસે કષાયોનું પાણી નથી. એટલે પ્રતિક્રિયા થતી જ નથી.

- ગુરુ અને શિષ્ય રસ્તે પસાર થતા હતા. ચાર જણા આમને જોઇને બોલ્યાઃ આ લોકોને મજા છે, કાંઇ કરવાનું નહીં ને બેઠા બેઠા ખાય છે. આ વાત શિષ્યે સાંભળી લીધી. ગુરુને કહે : આ લોકોને બતાવી દઉં. ગુરુ કહે સાધના માટે સમય ઓછો છે. આવું પકડીને રહીશું તો ક્યારે આત્મકલ્યાણ થાશે. ત્યાં સુધી યજમાન આવી જઇ ઘરે લઇ જઇ જમાડવા બેસાડ્યા. વાપરી ઉભા થયા. યજમાને કહ્યું આપના પગલા થયા બહુ સારું લાગ્યું. ત્યાં શિષ્ય બોલ્યો રસ્તામાં પેલા ચાર માણસોએ નિંદા કરી તેનું શું? સરોવરે કાંકરી પડે તેને તળિયે જતાં વાર લાગતી નથી પણ એના તરંગો લાંબા સમય સુધી ચાલે છે. એ જ રીતે સંસારમાં નિમિત્તોને દૂર થતાં વાર લાગતી નથી પણ એનાથી ઉભી થતી અસર લાંબા સમય સુધી રહે છે. આપણું ચિત્ત કષાયાવિષ્ટ છે. માટે પ્રતિક્રિયાઓ અટકતી નથી.

**તાત્કાલિક પેદા થાય છે ક્રોધ.**

**સ્ટડી થયા પછી પેદા થાય છે તે વેર.** ક્રોધને સ્મૃતિમાં નાંખો તો વેર ઉત્પન્ન થાય છે. યજમાનના ઘરે મીઠાઇ અને ફરસાણ હતા. આપણે ન લીધાં. પડ્યા રહ્યા. શું થાય? કોઇએ ગાળો દીધી આપણે ન લીધી શું થાય? ભગવાનની ભક્તિ વધારો. મોક્ષ નજીક પહોંચાડશે. કોઇ હલકાએ કાદવ તમારા પર ઉછાળ્યો તમે સહી

લીધું. આ દશા પણ મોક્ષ તરફ પહોંચાડશે ખ્યાલ રાખો.

નાનો બાબો ચાલતા પડી ગયો, ખુરશી વાગી, બાબો રડ્યો પપ્પા કહે ખુરશીને મારું? શા માટે બાબાને ખુશ કરવાને? જ્ઞાનીઓ કહે છે નિમિત્તોના કારણે વાગે છે. ભૂલોની કબુલાત કરતા જાઓ. સમજણને મજબુત બનાવો. વિજ્ઞાને શોધેલું સત્ય યુનિવર્સલ બની શકે પણ ધર્મે શોધેલું સત્ય ઇન્ડીવિજ્યુઅલ જ હોય. મહાવીરે મેળવેલું કેવળજ્ઞાન ગૌતમને કામ ન લાગે. એડીસને બલ્બની શોધ કરી. બધાને કામ આવે. બધાએ શોધ કરવાની જરૂર નથી. સાધના માર્ગે તો જાતે જ જાત તૈયાર કરવી પડે છે. સુખના સથવારા ઓછા કરો.

- વિસામો હોટેલના માલિક સુરેન્દ્રભાઇ. વર્તમાનપત્ર છાપું વાંચતા નથી, ઘરમાં ટેલીફોન રાખ્યો નથી. કહે બને એટલા અધિકરણોથી દૂર રહું છું.

**સુખ મેળવવા અનેકને ભેગા કરે તે સંસાર ધર્મ.**

**સુખ મેળવવા અનેકને છોડવા પડે તે વૈરાગ્ય ધર્મ.**

અનેકની પાછળ દોડ્યા રહ્યા. જન્મને સાર્થક કરવાનું રહી ગયું. અનેકને છોડતા રહેવાની હિંમત કેળવો.

- શાલિભદ્ર પોતાના સંસારી ઘરે વહોરવા ગયા. તેમને કોઇ ઓળખી શકતું નથી કે આ આપણા મહારાજ છે. તપ કરીને કાયાનો કસ કાઢ્યો છે. કાયા કાળી કરી સૂકવી નાખી છે. પાછા ફર્યા. રસ્તામાં દહીંવાળી બાઇ મળી. બાઇએ વહોરાવવાની વિનંતી કરી. શાલિભદ્રે દહીં વહોરાવ્યું. ભરવાડણે વહોરાવવાનો લાભ લીધો. ભગવાને કહેલું આજે તમારી માતા વહોરાવશે પણ આ તો ભરવાડણ. ગત જન્મની માતા હતી. ગુરુની રજા લઇ વૈભારગિરિ પર પાદપોગમન અણસણની રજા લીધી. પાદપોગમ એટલે વૃક્ષની જેમ ઊભા રહેવું તે અણસણ. આ બાજુ ભદ્રામાતા ઘરમાં પૂછે છે કે આપણા મહારાજ આવ્યા. સહુએ ના પાડી. ભદ્રામાતા પ્રભુ પાસે દોડ્યા. પ્રભુને પૂછે છે મહારાજ ક્યાં? પ્રભુએ કહ્યું શાલિભદ્ર મુનિ તમારા ઘરે આવ્યા. કોઇએ ઓળખ્યા નહીં. હવે એ વૈભારગિરિ પર પાદપોગમ અણસણ કરવા ગયા છે. ભદ્રા શાલિભદ્ર મુનિને કહે છે 'બે શબ્દ તો બોલો - માત્ર ધર્મલાભ તો કહો. તમારી મા વિનંતી કરે છે. પણ શાલિભદ્ર નજર મેળવવા ય તૈયાર નથી. શ્રેણિક રાજા ત્યાં પધાર્યા અને કલ્પાન્ત કરતી માંને સમજાવે છે. જગતમાં એક પુત્ર તો લાવ જેણે આવા પુત્રને જન્મ આપ્યો હોય. ભદ્રા કહે છે ધન્ય તો ગત જન્મની માં ભરવાડણ છે જેણે છેલ્લું ભોજન કરાવ્યું. મારા જેવી પ્રેમાળ ગણાતી મા સામે જોવાય તૈયાર ન હોય તો ભગવાનને કહો અમને બધાને સંયમ આપી દે.

**અનેકને છોડવાની વાત વૈરાગ્યમાં આવશે.**

અનેકનું આકર્ષણ સંસારનું બુકીંગ.

વ્યક્તિગત લેવલે સથવારા ઓછા કરતા જાઓ. વસ્તુ-વ્યક્તિ સહુના સંપર્ક ઓછા. બે જોડી કપડા હોય તો ત્રીજી જોડ નહી. સદ્ગતિ-પરમગતિના બીજ એમાં જ છે. પૈસા વધે તેમ કર્મ વધવાના ધંધા વધે. ભોજનમાં દ્રવ્યો પણ ઘટાડો. ઓછા દ્રવ્ય ધારી ૨/૪થી ચાલતું હોય તો અથાણાં-ચટણી-રાયતા-કચુંબરો-મુખવાસોના પાપો ન કરો. શ્રીમંતને પસંદગીની મુશ્કેલી હોય કયો ડ્રેસ પહેરું? જ્યારે ગરીબને મુશ્કેલી હોય કે લાજ ઢાંકવા શું પહેરું? માણસની ભૂખ મટાડવા મુશ્કેલી છે શું કરું?

- ૧૦ હજારની કેન્સરની દવા કોઇ મફતમાં આપે તો ખાઓ?
- તમારા નવ નંબરના મોજડા હોય અને કોઇ ૭ નંબરના મફતમાં આપે તો લો. ન લેવાય તેમ પાત્રતા વગર ગમે તેટલું આવે તો ન લેવાય. ઉપયોગી જે ચીજ ન હોય તે માળીયે રાખો છો. ઘણી બિનજરૂરી ભરતી કરી માળિયાનેય હાઉસફૂલ કર્યું છે. નકામી ચીજો અને નકામા વિચારોથી મનનું માળિયું ય ભરવા જેવું નથી. આવતા જનમમાં એ સંગ્રહી રાખેલા હલકા વિચારો મારી નાખશે. ગોબા પડેલા વાસણો ઘરમાં શા માટે રાખો? કબાટોમાં મૂકેલા ભલે ન કાઢો પણ માળિયા તો ખાલી કરો. કચરામાંય આપણને પ્રેમ છે. એમાંય આસક્તિ છે. સાહેબ! આ રાજકારણીઓને તો એક એક ગોળીએ ઠાર કરવા જેવા છે? આવું શા માટે બોલો? આવું શા માટે વિચારો? મનના આંગણે વિચારો આવે પણ મનમાં *નિમંત્રણ આપી દાખલ ન કરાય.* આવા વિચારો અંદર રહી તો નથી જતાને? તમારો દોષ એજ છે **એ છે સંગ્રહવૃત્તિના સંસ્કારો**. અનંતકાળથી ચાલ્યા આવે છે.

એક કામ કરશો. બહારથી આવેલા મહેમાનોને પ્રથમ ઘરનું માળિયું બતાવશો.

- કોઇમ્બતુર ચાતુર્માસ પરિવર્તન નાહટા પરિવારને બંગલે. નવું જ વાસ્તુ હતું. એના સંડાસો, પાણીના હોજ, નાના થિયેટરની રચના, ઇન્ટીરીયર વગેરે જોઇ લોકોએ તો પ્રશંસાના પુષ્પો વેર્યા. અમો છ મુનિવરોએ જોઇ એને કહ્યું આટલું શા માટે? કોના માટે? જરૂરીયાત કેટલી. આ સગવડોના સથવારે વૈરાગ્ય ક્યાં? ક્યારે? જગતના સર્વ જીવો પ્રત્યે જેને સ્નેહનું પરિણામ છે છતાં લાગણીની ભીખ માંગવાની ભૂમિકા નથી તેને વૈરાગ્ય કહેવાય.
- ઝાંઝરીયા મુનિવરે તપ કરી કાયા સૂકવી દીધી છે. ચામડા ઉતારવાનું સામેથી કહે છે. 'હું કઇ રીતે ઉભો રહું તો તમને સુગમતા રહે. આ કક્ષા છે લાગણીની. સથવારો પણ છોડવો છે મર્દાનગીથી ખરુને?

- એક ભંગાર ખરીદવાવાળો માણસ બિલ્ડીંગમાં નીચેથી બૂમો પાડે છે. એક બેન ગેલેરીમાં બહાર આવ્યા. ભંગારવાળાને કહે છે એમ કર 'એ' બહાર ગયા છે. ૧૦ વાગ્યે આવજો. આપણાથી ભંગાર ક્યાં જલ્દી છૂટે છે?

  નીતિશાસ્ત્રનું વાક્ય છે 'જીવનમાં બિનજરૂરી ચીજોને લાવવા પૈસા ખર્ચે છે એના જીવનમાં એક દિવસ એવો આવશે કે એને ત્યાં એ બીનજરૂરીની ખરીદી માટે પૈસા રહેશે નહીં.'

  **લિમીટ રાખો ૧૦૦% ફાવશો.**

  સંસારના સુખોમાં જ્યાં પવનના દર્શન ત્યાં યાદ રાખજો કે પવનના સુખમાં નથી હોતી સ્થિરતા કે નથી હોતી શાંતિ. અશાંતિ જ છે.

  જગત દર્શન કરાવવાનો ઉપકાર અરિહંતનો છે. બગીચાનું સર્જન માળી કરે છે. અરિહંતના બગીચાનો રસ્તો બતાવે છે સદ્ગુરુ. ધર્મ જેણે આપ્યો હોય એનો ઉપકાર જીવનભર ભૂલતા નહીં.

  નિર્ભય બનવું છે. આપણાથી સહુને ભય રહિત બનાવવાના પ્રયત્નો કરી સફળ બનો એ જ ભાવના.

## વાચના પ્રસાદી

### ત્રણ ચીજોમાં ધ્યાન રાખજો.

* આત્માને નિર્મળ બનાવજો.
  મનની પ્રસન્નતા ટકાવી રાખજો.
  શરીરની સ્વસ્થતા પ્રત્યે બેદરકારી ન દાખવશો.
* જીવનમાં આવશ્યકનો અનાદર કરશો નહિ અને મનની બધી ઇચ્છાઓને તાબે થશો નહિ.
* સ્વાદ, સુખ અને સૌંદર્ય એ વસ્તુથી પ્રાપ્ત નથી થતા, કર્માનુસાર ફળ છે.
* સંસાર દુઃખોનું ઘર તો શરીર રોગોનું ઘર છે એ ન ભૂલતા.

## १८ अनात्मप्रशंसाष्टकम्

गुणैर्यदि न पूर्णोऽसि, कृतमात्मप्रशंसया ।
गुणैरेवासि पूर्णश्चेत्, कृतमात्मप्रशंसया ।।१।।

(१) यदि-જો गुणै:-કેવળજ્ઞાનાદિ ગુણોથી पूर्ण:-પરિપૂર્ણ ન असि-નથી, (तो) आत्मप्रशंसया-પોતાની પ્રશંસાથી कृतम्-સર્યું. चेत्-જો गुणै:-ગુણોથી पूर्ण:-પૂર્ણ एव-જ असि-છે (तो) आत्मप्रशंसया-પોતાની પ્રશંસાથી कृतम्-સર્યું.

(૧) મહાનુભાવ! જો તું કેવળ આદિ ગુણોથી પૂર્ણ નથી તો જાત પ્રશંસા નકામી છે. જો તું ગુણોથી પૂર્ણ છે તો પણ જાત પ્રશંસાની જરૂર નથી.

જે ગુણોથી અપૂર્ણ છે તેને આત્મપ્રશંસા કરવી યોગ્ય નથી. કારણ કે તેનાથી ફોગટ ફુલાવાનું થાય છે. જે ગુણોથી પૂર્ણ છે તેને આત્મ પ્રશંસા કરવાની જરૂર જ રહેતી નથી. કારણ કે એના ગુણો ગુલાબપુષ્પની સુવાસની જેમ સ્વતઃ ચોતરફ ફેલાય છે. आचार: कुलमाख्याति આચરણ જ કુળને કહે છે એ ન્યાયે સ્વયમેવ ગુણો પ્રગટ થાય છે.

श्रेयोद्रुमस्य मूलानि, स्वोत्कर्षाम्भ: प्रवाहत: ।
पुण्यानि प्रकटीकुर्वन्, फलं किं समवाप्स्यसि ।।२।।

(२) श्रेय:-द्रुमस्य-કલ્યાણરૂપ વૃક્ષના पुण्यानि-પુણ્યરૂપ मूलानि-મૂળીયાંઓને स्व-उत्कर्ष-अम्भ-प्रवाहत:-પોતાના ઉત્કર્ષવાદ રૂપ પાણીના પ્રવાહથી प्रकटीकुर्वन्-પ્રગટ કરતો फलं-ફળ किं-શું समवाप्स्यसि?-પામીશ?

(૨) સ્વોત્કર્ષ રૂપ પાણીના પ્રવાહથી કલ્યાણ રૂપ વૃક્ષનાં મૂળિયાં જેવાં સુકૃતોને પ્રગટ કરતો તું ફળ નહિ પામે. જે વૃક્ષનાં મૂળિયાં પ્રગટ થઇ જાય તે વૃક્ષમાં ફળ ન આવે.૧

आलम्बिता हिताय स्यु:, परै: स्वगुणरश्मय: ।
अहो स्वयं गृहीतास्तु, पातयन्ति भवोदधौ ।।३।।

(३) अहो!-આશ્ચર્ય છે કે परै:-બીજાઓએ आलम्बिता:-ગ્રહણ કરેલા स्वगुण-रश्मय:-પોતાના ગુણ રૂપ દોરડાં हिताय-હિત માટે स्यु:-થાય છે, स्वयं-પોતે गृहीता-ગ્રહણ કર્યાં હોય तु-તો भव-उदधौ-સંસાર સમુદ્રમાં पातयन्ति-પાડે છે.

(૩) બીજાઓએ (સ્તુતિ આદિથી) ગ્રહણ કરેલાં સ્વગુણ રૂપ દોરડાં હિત માટે થાય=ભવ રૂપ કૂવામાંથી બહાર કાઢે, પણ જો સ્વયં ગ્રહણ કર્યાં હોય તો ભવ રૂપ સમુદ્રમાં પાડે છે.

उच्चत्वदृष्टिदोषोत्थ-स्वोत्कर्षज्वरशान्तिकम् ।
पूर्वपुरुषसिंहेभ्यो, भृशं नीचत्वभावनम् ।।४।।

(૪) पूर्वपुरुषसिंहेभ्यः-પૂર્વે થયેલા મહાપુરુષો રૂપ સિંહોથી भृशं-અત્યંત नीचत्वभावनम्-ન્યૂનપણાની ભાવના उच्चत्व-दृष्टि-दोष-उत्थ-स्व-उत्कर्ष-ज्वर-शान्तिकम्-ઉચ્ચપણાની દૃષ્ટિના દોષથી ઉત્પન્ન થયેલ સ્વાભિમાન રૂપ જ્વરની શાંતિ કરનાર છે.

(૪) પૂર્વે થઇ ગયેલા મહાપુરુષો રૂપ સિંહોથી અતિશય હીનપણાની ભાવના ઉચ્ચપણાની દૃષ્ટિ રૂપ દોષથી ઉત્પન્ન થયેલ સ્વાભિમાનના ભાવ રૂપ જ્વરને મટાડે છે.

જ્ઞાનાદિગુણોથી ભરેલા ગૌતમસ્વામી વગેરે પૂર્વના મહાપુરુષો ક્યાં? અને નિર્ગુણ હું ક્યાં? એ મહાપુરુષોની અપેક્ષાએ મારામાં કંઇ જ નથી એમ વિચારવાથી અહંકાર ઘટે છે. અહંકાર ઘટવાથી સ્વોત્કર્ષ પણ ઘટે છે. જેમ કફ આદિ દોષથી તાવ આવે છે તેમ હું કંઇક છું એવી ઉચ્ચપણાની દૃષ્ટિ રૂપ દોષથી અહંકાર થાય છે. એટલે જેમ કફ વગેરે દોષ દૂર થતાં તાવ દૂર થાય છે તેમ ઉક્ત ભાવનાથી અહંકાર દોષ દૂર થાય છે.

शरीररूपलावण्य-ग्रामारामधनादिभिः ।
उत्कर्षः परपर्यायैश्चिदानन्दघनस्य कः ? ।।५।।

(૫) चिदानन्दघनस्य-જ્ઞાન અને આનંદથી ભરપૂર આત્માને शरीर-रूप-लावण्य-ग्राम-आराम-धन-आदिभिः-શરીર-રૂપ-સૌંદર્ય-ગામ-બગીચા અને ધન આદિ રૂપ परपर्यायैः-પરદ્રવ્યના ધર્મોથી उत्कर्षः-અભિમાન कः?-શું?

(૫) ચિદાનંદથી પૂર્ણને શરીર, રૂપ, લાવણ્ય, ગામ, બગીચો, ધન આદિ પરદ્રવ્યના ધર્મોથી અતિશય અભિમાન શું? અર્થાત્ શરીર આદિથી અભિમાન કરવું એ ચિદાનંદથી પૂર્ણ માટે ઠીક ન ગણાય.

ઉત્તમ પુરુષ પારકા ધનથી પોતાને ધનવાન ન માને, કારણ કે તેનાથી એને કોઇ લાભ થતો નથી, આથી તે પારકા ધનથી અભિમાન ન કરે. તે પ્રમાણે વિવેકી આત્મા શરીર આદિ પરપર્યાયોથી પોતાને ગુણવાન ન માને. કારણ કે એનાથી પોતાને કોઇ લાભ થતો નથી. આથી તે શરીર આદિથી અભિમાન ન કરે.

शुद्धाः प्रत्यात्मसाम्येन, पर्यायाः परिभाविताः ।
अशुद्धाश्चापकृष्टत्वान्नोत्कर्षाय महामुनेः ।।६।।

(૬) परिभाविताः- (શુદ્ધ નયની દૃષ્ટિથી) વિચારેલા शुद्धाः-શુદ્ધ पर्यायाः-પર્યાયો प्रति-आत्म-साम्येन-દરેક આત્મામાં સમાનપણે હોવાથી च-અને अशुद्धाः-વિભાવ પર્યાયો अपकृष्टत्वात्-તુચ્છ હોવાથી महामुनेः-મહામુનિને उत्कर्षाय-અભિમાન માટે થતા न-નથી.

(૬) શુદ્ધનયથી વિચારતાં સહજ શુદ્ધ પર્યાયો દરેક આત્મામાં (એકેંદ્રિયાદિમાં પણ) તુલ્ય હોવાથી અને અશુદ્ધનયથી વિચારતાં વિભાવ પર્યાયો તુચ્છ હોવાથી સર્વનયોમાં

પરિણત સાધુને તે (શુદ્ધ અને અશુદ્ધ) પર્યાયો અભિમાન માટે થતા નથી.

શુદ્ધપર્યાયો દરેક આત્મામાં સમાન હોવાથી અમુક જીવ ઉચ્ચ છે, અમુક જીવ નીચ છે, અમુક જીવ નાનો છે, અમુક જીવ મોટો છે, એવો ભેદ ન રહેવાથી હું અમુક જીવથી ઉચ્ચ છું, મારામાં અમુક જીવથી અમુક વિશેષતા છે એમ અભિમાન કરવાનો પ્રસંગ જ રહેતો નથી. શરીર, ધન, રાજ્ય વગેરે પુદ્ગલ પર્યાયો તો સદા સાથે રહેતા ન હોવાથી તથા અન્ય જીવોએ પણ ભોગવેલા હોવાથી (એંઠા અન્નની જેમ) તુચ્છ છે. તુચ્છ વસ્તુઓનું અભિમાન શું? આમ, મહામુનિ બંને પ્રકારના પર્યાયોથી અભિમાન કરતા નથી.

क्षोभं गच्छन् समुद्रोऽपि, स्वोत्कर्षपयनेरितः ।
गुणौघान बुद्बुदीकृत्य, विनाशयसि किं मुधा ।।७।।

(૭) स-मुद्रः-મર્યાદા સહિત હોવા છતાં अपि-પણ स्व-उत्कर्ष-पवन-इरितः-પોતાના અભિમાન રૂપ પવનથી પ્રેરાયેલો क्षोभं-વ્યાકુલતાને गच्छन्-પામતો गुण-ओघान्-ગુણના સમુદાયને बुद्बुदीकृत्य-પરપોટારૂપ કરીને मुधा-ફોગટ किं-કેમ विनाशयसि?-વિનાશ કરે છે?

(૭) મહાનુભાવ! સમુદ્ર (=સ મુદ્ર) સાધુવેશની મર્યાદા સહિત હોવા છતાં, સ્વોત્કર્ષ રૂપ પવનથી પ્રેરાઇને ક્ષોભ પામતો તું જ્ઞાનાદિગુણોના પુંજને પરપોટા રૂપે કરીને ફોગટ શા માટે વિનાશ કરે છે? જેમ સમુદ્રને પવનના બળે પાણીને પરપોટા રૂપે કરીને વિનાશ કરવો યોગ્ય નથી, તેમ ઉત્તમ પુરુષને ઉત્કર્ષથી પોતાના ગુણોનો વિનાશ કરવો યોગ્ય નથી.

निरपेक्षानवच्छिन्ना-ऽनन्तचिन्मात्रमूर्तयः ।
योगिनो गलितोत्कर्षा-ऽपकर्षानल्पकल्पना ।।८।।

(૮) गलित-ગળી ગયેલી છે उत्कर्ष-અધિકતા અને अपकर्ष-હીનતાની अनल्प-ઘણી कल्पनाः-કલ્પનાઓ જેમની એવા योगिनः-યોગીઓ निरपेक्ष-અપેક્ષા રહિત अनवच्छिन्न-દેશની મર્યાદા રહિત अनन्त-કાળની મર્યાદા રહિત चिन्मात्रमूर्तयः-જ્ઞાનમાત્ર શરીર છે જેમનું એવા બને છે. (निरपेक्ष વગેરે ત્રણ વિશેષણો चिद्‌ના છે.)

(૮) ઉત્કર્ષ-અપકર્ષની ઘણી કલ્પનાઓથી રહિત યોગીઓને અપેક્ષા (૧) દેશમાન અને કાલમાનથી રહિત જ્ઞાનમાત્ર શરીર રહે છે. અર્થાત્ મુક્તિની પ્રાપ્તિ થાય છે. મુક્તિમાં ઔદારિકાદિ શરીર ન હોય કિંતુ કેવળજ્ઞાન રૂપ શરીર હોય.

## દોષથી દૂર રહીએ ગુણોને આત્મસાત કરીએ

- દોષ દૃષ્ટિના નાશમાં સફળ બન્યા વિના દોષ નાશમાં સફળ બની શકાય તેવી કોઇ શક્યતા નથી.
- ગુણ દૃષ્ટિના વિકાસમાં સફળ બન્યા વિના ગુણવિકાસમાં સફળતા મળે એવી કોઇ સંભાવના નથી.
- દોષ દર્શન પછીય સદ્ભાવ ટકાવી રાખવા જેવું સત્વ ન હોય તો વ્યક્તિની નજીક જશો નહીં.
- ભેગા થતા બે વાંદરાઓ એકબીજાને ખણ્યા કરે છે તો ભેગા થતા બે માણસો એકબીજાને ખોદ્યા કરે છે.
- બુદ્ધિ જો બગડેલી હશે તો કેવળજ્ઞાનીનાય દોષો શોધવાનું કામ થયા કરશે.
- અન્યના ગુણોની પ્રશંસા આપણા માટે પુણ્યનું કામ કરે છે, જ્યારે અન્યના ગુણની નિંદા આપણા માટે દિવાલનું કામ કરે છે.
- શ્રીમંત બનવા ઇચ્છનારો માણસ આંખ સામે એ દરિદ્રનું આલંબન રાખતો નથી તો ગુણવાન બનવા ઇચ્છનારો આંખ સામે દોષિતને ન રાખે.
- કેવી દુઃખદ સ્થિતિ છે આપણી? ખોટી પણ પ્રશંસા આપણને ગમે છે. સાચી પણ ટીકાથી આપણે ત્રાસી જઇએ છીએ.
- જેની જીભ તોતડી છે એના પર આપણને આદરભાવ ટકી રહે છે તો જેની જીભ તોછડી છે એના પર સદ્ભાવ કેમ ટકતું નથી.

**જો તું ગુણો વડે પૂર્ણ નથી તો પોતાની પ્રશંસાથી સર્યું,**

**જો તું ગુણો વડે પૂર્ણ છે તો પણ પ્રશંસાથી સર્યું.**

જ્ઞાનસારના સાગરથી આપણને બોધ આપનારા ઉપાધ્યાયજી 'અનાત્મપ્રશંસા' અષ્ટક દ્વારા આપણને સમજાવી રહ્યા છે. અનાત્મપ્રશંસા એટલે આપણી પોતાની આત્મપ્રશંસા ન કરવી. જો સાચા ગુણથી સભર નથી તો પ્રશંસા અયોગ્ય છે. ગુણથી પૂર્ણ છે તેને પ્રશંસાની જરૂર નથી.

ગુણ પ્રાપ્તિ માટે ત્રણ ચીજ જોઇએ.

૧. દોષ ન જોઇએ

૨. દોષ નાશ કરતા પહેલાં દોષ દૃષ્ટિ ન જોઇએ.

૩. ગુણવિકાસ કરવાને બદલે ગુણદૃષ્ટિનો વિકાસ કરતા રહો.

દૃષ્ટિની વાત આવતા વ્યક્તિ નજર સામે આવે. તરત ગુણદોષ નિર્માણ થાય. ગુણવાને દોષિત સામે ન આવવું. દોષિત દૃષ્ટિ જ આપણા અપૂર્વકરણને રોકે છે. ગમે તેવા અનાદિના સંસ્કારો છે. પણ મારે દોષ મુક્ત થવું જ આ સત્વનો સત્કાર કરો.

દુનિયામાં બે પ્રકારના માણસો છે.

- એકલો ઊભો હોય તોય મોટો અને ક્યારેક મોટાઇ પુરવાર કરવા બાજુમાં ૨-૪ ને ઉભા રાખવા પડે.
- કેવળી જંગલમાં, ઝૂપડામાં, શહેરમાં, સર્વ જગ્યાએ મોટા જ હોય.
- કેટલાકને મોટાઇ પુરવાર કરવા નાનાને બાજુમાં લાવવા પડે છે. બે વાંદરા ભેગા થાય તે એકબીજાને ખણ્યા કરે પણ બે માણસો ભેગા થાય તો એકબીજાની ખોદ્યા કરે. તમારી પાસે શસ્ત્ર ન હોય તો પશુ કરતાંય કમજોર છો.

ત્રણ તબક્કાની વાત જાણી લો.

- સામી વ્યક્તિ અપૂર્ણ જણાય તો માત્ર તેના પર તમારો રાગ છે.
- સામી વ્યક્તિ અપૂર્ણ જણાય છતાં દોડે તો પ્રેમ છે.
- અપૂર્ણતા દેખાય અને પૂર્ણ બનાવવામાં પ્રયત્નો કરે તે કરુણા છે.

ડુંગર દૂરથી રળિયામણા જ લાગે. નજીકથી વાસ્તવિક દર્શન દૂરથી ઉપરનો નજારો કાંઇક જુદો જ હોય. નજીક આવ્યા પછી માણસ દૂર થાય છે દોષ દર્શનની વૃત્તિને કારણે. ફોરેનમાં ચોપાટી, વાલકેશ્વરના ફોટા મોકલે અને તે અહીં ઝૂપડપટ્ટી જુએ ત્યારે શું થાય? નજીક આવ્યા પછી મુંબઇય ગોબરૂ લાગે છે. મુંબઇ ખરાબ છે કે કલ્પના ચિત્ર તૂટે છે માટે લાગે છે! નિકટ આવ્યા પછી ગુણદર્શન થાય તો ફાવી જશો.

પ્રવચન સાંભળી આકર્ષાઇ જાઓ પછી નજીક જવાનું થાય ને દોષ દેખાય. ગુરુમાં બે વિશેષણો છે.

૧) ગુરુ છદ્મસ્થ પણ છે, ૨) ગુરુ તારક પણ છે.

- ચંડરુદ્રાચાર્ય દીક્ષાર્થીનો લોચ કરી નાખ્યો. મશ્કરી કરનારાનું મસ્તક મૂંડી નાખ્યું. આ પ્રતિપાતી જ્ઞાનથી રસ્તો દેખાય છે. લોહીથી સ્નાન કર્યુ હોય એવું શિષ્યનું માથું/શરીર છે. આ સ્થિતિમાં શિષ્યે કયો એંગલ પકડ્યો? છદ્મસ્તાનો કે તારકતાનો? બન્ને હતા છતાં પકડ્યો તારકતાનો.

તમારી દુકાનમાં જે પાર્ટનર છે, સાત વ્યવસનવાળો છે પણ ૫૦ લાખનો નફો કરાવે છે. તો શું ધ્યાનમાં રાખો? સાહેબ! અમો કોઇના અંગત વ્યવહાર જોતા નથી. ગુરુની છદ્મસ્થમાં ઉછળી પડીએ છીએ. છાપે ચડાવો છો એક વાત બીજાના દોષો જોવા છતાં સદ્ભાવ ટકાવવાની પાત્રતા ન હોય તો નજીક જવાનું, મળવાનું

રાખશો નહીં. તમો પણ મારી નજીક આવો તમારી ઇન્ટરલાઇફ દેખાય તો મને થઇ જાય આવી વ્યક્તિ? તમારી જેમ મારે તમારું પિષ્ટપેષણ કર્યા કરું. તમારો ફોકસ બદલો. સંવેગરંગ શાળા કહે છે : છદ્મસ્થ ગુરુના દોષ જોનારો શિષ્ય અનંત સંસારી છે. ઉપકારો જોવાને બદલે તમારી નજર દોષ તરફ કેમ ગઇ?

- ચકોર પક્ષી હંમેશા ચંદ્રને જુએ નીચે ન જુએ.
- ઉપર છીએ ને મરેલી-સડેલી ગંધાતી સમડીને જોઇએ તો પ્રતિનિધિ ચેન? ધંધામાં દાખલ થનારને પૈસા સિવાય કોઇ એટેચમેન્ટ રાખતો નથી. તમો ગુરુ સાથે માત્ર ગુણોનું એટેચમેન્ટ રાખો. ઉપકારીમાં દોષ દેખાય ત્યારે એનાથી બચવાનો ઉપાય દેખાડું.
- તમારામાં જે છે એ એમનામાં હોય તો ન જોવું. પણ તમારામાં જે નથી એ એમનામાં જોશો.
- અનંતકાળે કેવળજ્ઞાની ગુરુ કેટલા મળશે? છદ્મસ્થ ગુરુ જ મળશે. સ્વીકારો-સત્કારો-સન્માનો.

જમાલિને પોતાના સસરા ત્રણ લોકના નાથમાંય દોષો દેખાયા! દોષ દૃષ્ટિના કારણે કે દોષ અંદર હતા તેથી દોષ દેખાયા.

**'નિંદક નીયરે રાખીએ, ઘર આંગણે સોહાય'**

તમારી તરફ ચારે બાજુ નિંદક રાખો ફાવી જશો. તમારા જીવનમાં રહેલા દોષોની તમને ખબર નહીં હોય એટલી ખબર તમારા નિંદકને હશે. તમારા જીવનની બે વ્યાખ્યા છે **ઝંખ્યા કરો ને ઝૂર્યા કરો.**

તમે જેને ગુસ્સો કરવા માંગો છો તે ગુસ્સે ન થાય તો તમને ડબ્બલ ગુસ્સો આવે.

- પ્રેમ પાતળો પડે ને ભૂલો ઘટ્ટ થાય. બીજાના દોષ જોવા પોતાના દોષોની તૈયારી રાખવી પડે છે.
- છોકરાનું લગ્ન થયું. વહુ ઘરે આવી. એક વરસ પછી કોઇએ સાસુને પૂછ્યું 'વહુ કેવી?' ધરમનું પૂછ્યું છે. સાત વાગે ઉઠે, દેરાસર જાય, રસોડામાં રસોયો છે. દૂધ તો કેસરવાળુ પીએ, પૂજા કરી બપોરે ૧૨ વાગ્યે આવે. વ્યાખ્યાન સાંભળી આવે જમીને સૂઇ જાય. ઉઠીને સામાયિક કરે. ચોવિહાર કરે અવાજનો રણકો કહેવાનો પણ રણકામાં કટાક્ષ ભળેલો.

બે વર્ષ પછી દીકરી સાસરે વળાવી એક વર્ષ બાદ પૂછ્યું દીકરીને કેમ છે? અરે એવી સુખી છે, સાત વાગ્યા સુધી સૂઇ રહે છે. કેસરીયા તો દૂધ પીએ. જમવામાં રોજ મિઠાઇ. કહેવાના ઢંગમાં લાગણીનો સંબંધ આવી જાય.

**જેના માટે આગ્રહ છે તેના દોષ દેખાયા નથી.**

જેના માટે પૂર્વગ્રહ છે તેના ગુણ દેખાયા નથી.

લગ્ન પહેલાં પાડોશીની કોઇ છોકરી ઘરમાં આવતી જતી જાય ત્યારે ગુણવાન-શીલવાન લાગે અને એજ છોકરી પરણીને ઘરમાં આવે ત્યારે એની વ્યાખ્યા બદલાઇ જાય.

અરિહંતનું શાસન પ્રેમનું શાસન છે.

પ્રેમ દેખાડો કે દોષ દેખાય નહિ.

કોઇ પણ નદી પાસે જાઓ ત્યારે કાદવ ન જુએ પણ પાણી જુએ. ગુલાબ ચૂંટનાર માણસ કાંટા ન જુએ પણ જુએ ગુલાબ.

- એક વખત શિષ્ય પાસે ગુરુ ઉભો રહ્યો. વાળ વિખરાયેલા અને શરીર પર થાક હતો કહે, 'મને શિષ્ય બનાવો, ૬ વર્ષથી ગુરુ માટે રખડું છું. મારે પૂર્ણ ગુરુ જોઇતા હતા. આપ પાસે આવ્યો. પૂર્ણતા દેખાઇ, ગુરુ કહે છે ભાઇ! હું પણ પૂર્ણ શિષ્યની શોધમાં છું.

તમો કોઇને પત્ર લખો દેવ-ગુરુ-ધર્મ ભક્તિકારક સુશ્રાવક લખું તો તો મને જવાબ શું લખવાનો છે. તમોએ જે ગુણો મારામાં નથી તે ગુણો લખ્યા છે. એ જ પ્રમાણે કોઇ ૪૨૦ લખે તો સ્વીકારી જ લો ને? ખોટી પણ પ્રશંસા આપણને ગમે છે. સાચી પણ ટીકાથી આપણે ત્રાસી જઇએ છીએ. આપણી થયેલી નિંદાઓ ભવ બગાડ્યા છે. તેના કરતાં આપણી છેલ્લી પ્રશંસાએ વધુ ભવ બગાડ્યા છે. લોકોત્તર દૃષ્ટિએ ચંડકૌશિક દોષી હતો પણ ભગવાનની દૃષ્ટિ ચંદ્રદૃષ્ટિ કરુણાવંત હતો. ન મારા પ્રેમમાં તમો સમાવવા માંગતા હોય તો મારા પ્રેમમાં સમાવાય કે નહિ? પ્રેક્ટીકલ વિકલ્પ બતાડો. અલ્પ પરિભાષા એ છે કે વ્યક્તિના પ્રેમનું વર્તુળ નાનું છે. વર્તુળ મોટુ હોય તો ધર્મ પ્રવેશી શકે. બધાને સમાવી શકે. સાધના માટે આગળ વધતા જીવ પોતાના તો દોષો ઠીક અન્યના દોષો પણ ન જુઓ. દોષ એટલે બગાડો નહિ અપૂર્ણતા. ઘરમાં રસોઇમાં મીઠું વધારે નખાયું તો તે રસોઇ બગડશે પણ મીઠું જ નાખ્યુ હોય તે અર્પણતા.

તોતડી જીભ પર આપણને આદરભાવ-સદ્ભાવ ટકી રહેશે તો તોછડી જીભવાળા માટે આપણને કરુણા કેમ નથી આવતી. જેલમાં દાખલ થનારની પસંદગી હોતી નથી. સંસારમાં ઉઠેલા આપણને આપણી પસંદગી ડીકલેર કરવાનો રાઇટ નથી આપણે બધા જ એક જ કુટુંબની કર્મની જેલમાં છે.

- પાગલ માણસ પ્રેમના અભાવે થઇ પાગલખાને જાય છે. ગુનેગાર ગુનો કરી કેદખાનામાં પ્રેમથી જાય છે. દહીં ખાનારા બિમાર પડે અને દવાખાને પ્રેમના અભાવે જ જાય છે. આ ત્રણેય જગ્યાએ વધતી સંખ્યા એ પોતાની ઓછા પ્રેમની

જાહેરાત છે.

માગ્યા સમી સામે મળે જગતમાં ચીજ એક તો પ્રીત માગ્યે કદી જ ન મળે જગતના જેમ ચીજ પ્રીતિ, જડ પદાર્થોમાં દોષો જોવાનું શરૂ કરો પણ જીવ પદાર્થોમાં ગુણ જોવાનું છે. ટ્રેડીસ પેપરની લાક્ષણિકતા શું? તેની શાહી સૂકાય નહીં ઢળી જાય.

ડ્રોઇંગ પેપર પર શાહી પડે તેની જ તેમ જ રહી જાય અને દોષો ટ્રેસીંગ પેપર જેવા રાખજો આવ્યા નથી ને ગયા નથી.

ગુણ દેખાય તો બ્લોટીંગ પેપર જેવા બનજો તરત ગ્રહણ કરી લે. બીજાના દોષની પ્રપંચા દિવાલનું કામ કરે છે. સમ્યગદર્શનના બીજની પ્રશંસા કરવી. બીજાના ગુણની પ્રશંસા ગુણના પુલનો કામ છે.

- દર્પણમાં જાડુ દેખાય એટલે છદ્મસ્થ દર્શન.
- એક્સ-રે માં પાતળું દેખાય એટલે સમકિતનું દર્શન.
- કાર્ડીયોગ્રામમાં સૂક્ષ્મ દેખાય એટલે કેવળજ્ઞાનનું દર્શન છે.

આત્મ પ્રશંસા બીજનો નાશ.

અનાત્મ પ્રશંસા સમકિત વેલનું વિસ્તાર. આજેય ગંભીર, પરિણત આદિસ્ય ગુણ-ઔચિત્યસભર સ્વભાવની ભૂમિકામાં પ્રશંસાના બૂંદ ભેળવતા નથી.

✤ ભગવાન ઉમાસ્વાતિજી કહે છે : આત્મ પ્રશંશાથી નીચ ગોત્ર બંધાય છે.

✤ સ્વ પ્રશંશામાં પરનિંદાનું પાપ તો છૂપાયેલું છે.

✤ જ્ઞાન, વિજ્ઞાન, બુદ્ધિ, બળ, કળા, ત્યાગ, વ્રત, તપ ઇત્યાદિ વિષયોમાં ભૂતકાળમાં થયેલા મહાત્માઓની અદ્‌ભુત સિદ્ધિઓનું સ્મરણ અહંકાર જાગવા નહીં દેશે.

## નિર્મળ બનો, પ્રશંસા છોડો

- આરાધનાનો યશ આપણા પુરુષાર્થના બળે એટલે નથી બંધાતો જેટલો સદ્નિમિત્તોના ફાળે જાય છે.
- વિરાધનામાં જવાબદાર કુનિમિત્તો એટલા નથી જેટલો આપણો પોતાનો અવળો પુરુષાર્થ છે.
- કેવી છે આપણી વિચિત્ર મનોવૃત્તિ? એકબાજુ મન ૧૫ સંબંધો ઉભા કરે છે અને બીજી બાજુ ૧૫ સંબંધ પર પૂર્ણવિરામ મૂકી દે છે.
- રેસમાં ઘોડો દોડે પણ ઇનામ જોકી લઇ જાય એ જો કરુણતા છે. જીવનમાં સાધના કરે આત્મા અને ઇનામ મોહ લઇ જાય એય કરુણતા જ છે.
- આજના કાળની આ વિષમતા છે કે ભોજનનાં દ્રવ્યોમાં સાકર ઉમેરાતી જાય છે અને વ્યક્તિ વ્યક્તિ વચ્ચે મીઠાશ ઘટતી જાય છે.
- વાતે વાતે જેને ઓછું લાગ્યા કરે તેને સમાધિ ટકાવી રાખવાનું દુઃશક્ય બનતું જાય છે.
- શરીર ક્ષેત્રે કદાચ પુરુષ બહાદુર છે. પણ સહનશીલતાના ક્ષેત્રે બહાદુરી સ્ત્રી પાસે જ છે.
- લોહીના સંબંધો કરતાંય લાગણીના સંબંધોમાં સંઘર્ષને નામશેષ કરી નાખવાની વધુ પ્રચંડ ક્ષમતા છે.

**શરીર રૂપ લાવણ્ય, ગામ-બગીચા-ધન-પુત્ર-પૌત્રાદિ સમુદ્રરૂપ પરદ્રવ્યના ધર્મ વડે જ્ઞાનાનંદથી ભરપૂર એવા આત્માને શું અભિમાન હોય.**

અનંત ઉપકારી, કરુણાના સાગર ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ 'જ્ઞાનસાર'માં અનાત્મ પ્રશંસા અષ્ટકમાં કહે છે સુખમાં અહંકારથી બચવા ગત જન્મોના સુકૃતોએ આપ્યું છે એમ માનો છો? દા.ત. જન્મેલા દીકરાને બાપ-દાદાનો કરોડોનો વારસો મળે ત્યારે કોઇ પૂછે કરોડપતિ કેવી રીતે બન્યો? પિતાએ આપેલ વારસાથી થયો એમાં અહંકાર કરવાનો ક્યાં આવ્યો? પુણ્યકર્મની મૂડી લાવ્યો અને તેના કારણે સુખ ભળ્યું તેનો અહંકાર કરવાનો હોતો નથી.

મહેનત બાપ-દાદાની હતી, તમારો પુરુષાર્થ ન હતો. વર્તમાનમાં જે કાંઇ સાધના કરો તેમાં અહંકાર ન ભેળવો. અહંકાર ન આવે એના માટે વિચારધારા કેવી રાખવાની? ગુણનો અહંકાર કરીએ તો શું વાંધો? ન કરાય. ગુણોનો નાશ થાય. આંખ આપણી છે ને ભગવાન સામે છે ભાવથી દર્શન કર્યા. આંખમાં નિર્વિકાર ભાવ પેદા થયો તેનું શું કારણ? પુરુષાર્થ ભલે આપણો હતો પણ નિમિત્ત ઉંચુ મળ્યું. થિયેટરમાં જાઓ ત્યાં

પુરુષાર્થ ભલે મારો હતો પણ ખરાબ નિમિત્તે ભાવમાં વિકાર પેદા થાય છે. મીઠા-મરચા વગરનું ખાવામાં ગુણોનો ઉઘાડ નથી પણ અરિહંતનું આયંબિલ કરો એમાં ગુણનો ઉઘાડ થશે. પાલિતાણાની જાત્રા લાકડીના ટેકે ચડી જાય તેમ પરમાત્માની પૂજા કરીએ છતાં ઉપકાર તો પરમાત્માનો જ. દૂધમાં સાકર નાખો તો દૂધ ગળ્યું થાય તમે નાખવાનો પુરુષાર્થ કર્યો તેથી કે સાકરમાં ગળપણ હતી માટે. હાથ હલાવવાની પ્રક્રિયા ભલે તમારી પણ કાર્ય તો સાકરનું ખરુંને? અનંત કાળથી ધર્મના નામે જે કાંઇપણ કરીએ છીએ તે ભગવાનની આજ્ઞા મુજબ નથી બીજા અનેક કારણોથી થયું છે. ડોક્ટરના કહેવાથી ટી.વી. વીડીયો છોડીએ એ જુદી વાત છે કારણ કેન્દ્રમાં જૈન ધર્મ નથી. બ્રહ્મચર્ય અણમોલ વ્રત છે જે આપણને પરમાત્માની નજીક લઇ જાય છે.

જીવનમાં જે બગાડો છે તે આપણો છે. જવાબદારીમાં ગડબડ કરી છે. તેમ જીવનમાં જેટલા પણ ગુણો છે તેને જવાબદાર ધર્મ છે.

**બગાડામાં પોતાનું ઉપાદાન છે.**
**ગુણનો ઉઘાડ નિમિત્ત કારણ છે.**

દા.ત. સુખના કારણે અહંકાર થાય સુકૃતના વારસાના કારણે નહી. હમેશાં મારા સુખમાં પુણ્યની પ્રધાનતા છે. મારા વર્તમાન ગુણમાં નિમિત્ત કારણ અરિહંત પરમાત્માના શાસ્ત્ર વચનો સિદ્ધાર્થ ગણિએ લખ્યું છે કે ‘રસ્તામાં જતાં ભિખારીને ચાર આના આપવાની બુદ્ધિ એ પરમાત્માની કરુણાના કારણે થાય છે. પરમાત્માની કરુણા કામ કરે છે. સર્વ સુકૃતોમાં દેવનો ઉપકાર હોય તો એમાં અહંકાર શું હોય? માણસની પોતાની બાદબાકી થાય તો દુઃખી થવાય. લગ્નમાં જાઓ ચાર જણાને ભાવથી, આગ્રહથી પીરસે તમને ભાવ ન આપે, કોઇ આગ્રહ ન કરે તો હા તમને ત્રાસ થાય છે કેમ? અપમાન પણ આપણને અકળાવે. જે સંબંધને ટકાવવામાં મારામારી કર્યા કરો છો, નામ ખાતર મરી પડવા તેયાર છે. નામ કાજે સરવાળા-બાદબાકી કર્યા કરશો તમે ફક્ત માણસ છો. બીજું કાંઇ નહીં. ભગવાન સાથે જોડાવામાં નામનું સમર્પણ આપી દો.

- તુલસી અને રામ - રામે તુલસીને દોરડાથી કચકચાવીને બાંધી. તુલસી પોતે પાન ખેરવી સંકોચાઇ ગઇ અને દોરડાના બંધન ઢીલા કરી દીધા.

  તમારી આગળ કોઇપણ પ્રકારના બંધન ત્યારે જ છે જો તમે મોટા છો. નાનાને બંધન નડતા નથી. આ સંસારમાં વિશ્વાસ નહીં દેખાય તો વૈરાગ્ય પેદા નહીં કરવો પડે, થઇ જશે. પત્ની, પૈસા, શરીર પેટા વિભાગ છે. પણ હેડ ઓફિસ આપણું પુણ્ય છે. પુણ્યના દગાએ બધું જાય છે. કાળા ચોર પર તમારો વિશ્વાસ છે.

- એક સંન્યાસી લંગોટ પહેરી બાર વર્ષથી સૂતા નથી એવું રાજાએ સાંભળ્યું. એ રાજા એમને મળવા ગયો. રાજા વિચારે છે કે રાજાને રાજકારણમાં કે સંપત્તિ માટે જાગવું પડે તે સમજાય છે પણ સંન્યાસીને શું કામ જાગવું પડે. તેમણે સાધુને

પૂછ્યું ને રાજાએ આખી રાત જોયું વાત સત્ય જ હતી. વિશ્વાસ જીવનનો શ્વાસ હોવો જોઇએ.

- અકબરના મનની શ્રદ્ધા કેવી? ગંધારમાં બેઠેલા ગુરુ ચંપા શ્રાવિકા પર છ મહિનાના ઉપવાસની તાકાત આપવા જેટલી કૃપા મોકલી શકે તો મારી બાજુમાં બેઠા હોય તો મારો બેડો પાર થઇ જાય. ગંધારના રામજી શ્રાવકને હીરસૂરિ મહારાજના ખબર મળ્યા પછી અભિગ્રહ કર્યો. જ્યાં સુધી દર્શન ન થાય ત્યાં સુધી છ વિગઇનો ત્યાગ કર્યો. છતાં રામજી શ્રાવક ડીસ્ટર્બ નથી. અબજોનો વહીવટ કરનારા રામજી શ્રાવકનો ઉત્સાહ પરાકાષ્ટાનો છે. હીરસૂરિ મહારાજ અભિગ્રહ સાંભળી પોતાનો વિહાર લંબાવ્યો. વચ્ચે ત્રણ ચોમાસા થયા પણ રામજીનું સત્વ ઓસર્યું નહોતું. રામજી શ્રાવક ૫૦૦ વખાર લઇને બેઠેલા ને સમાચાર દેનારને સામે ચાવીનો ઝૂડો ફેંકે છે ને કહે છે જે ચાવી જોઇએ તે પસંદ કરી લે તેમાં રહેલ માલ તારો.

અનંત ઉપકાર તમારી પર કરે તેના પર તમારી શંકા? દરિયો ગમે તેટલો મોટો હોય પણ તમારી પાસે ટબુડી હોય તો તેમાં ટબુડી જેટલું જ પાણી મળે. સમાધિ માટેનું સૂત્ર એ છે કે આપણો પરિવાર આપણી લાગણી, પ્રેમ, પુરુષાર્થની ઉપેક્ષા કરે ત્યારે વિચારજો આપણે અનંત તીર્થંકર-સિદ્ધના પ્રેમને-પુરુષાર્થની પૂર્વમાં આપણે કદર કરી નથી. તેમની લાગણીઓ તોડી છે માટે આમ થાય છે. ભગવાન સાથે મેં વિશ્વાસ ઘાત કર્યો છે પણ પ્રભુએ તો સતત કરુણા જ વહાવી છે. તમારી ચીજ કોઇને આપતા પૂછવું પડે તો એ ગુલામી છે.

અવિશ્વાસનું સ્થળ એટલે સંસાર.
વિશ્વાસ નથી ત્યાં વિશ્રામ પણ નથી.

૧૨ વ્રતની પૂજામાં કવિ વીરવિજયજી મહારાજે કહ્યું છે :

નૈગમે એક નારી લુંટી પણ ગેબર ભૂખ ન ભાંગી;
જમી જમાઇ પાછો વળિયો, જ્ઞાન દશા તબ જાગી.

બધા કરે છે ને આપણે કરવા જેવું નથી. એટલે તો અમે સંસાર છોડ્યો અને ચારિત્રના માર્ગે ચાલ્યા.

રામજી શ્રાવકે હીરસૂરિ મ. પધાર્યા ત્યારે મંગલાચરણ સાંભળવા ગયા ત્યારે સોનાની ગીનીની પ્રભાવના કરી. જીવનના મકાનને ઉભુ રાખવા વડીલ સમાન થાંભલા દૂર રહીને સાચવે. બધા ભેગા થઇ જાય તો મકાન તૂટી જાય. બે થાંભલા દૂર ઉભા છે માટે મકાન સચવાય. બન્ને એક જગ્યાએ ભેગા થઇ જાય તો...કકડભૂસ. પૈસા દૂરથી જીવન ચલાવે પણ પૈસા સાથે એક થાઓ તો આસક્તિના કારણે

ખલાસ થઇ જાવ. જગતમાં તમામ પ્રસંગોમાંથી અધ્યાત્મ પેદા કરે તે સાધક છે. બધી નદી સાગરને મળે સાગર હમેંશા નીચે હોય, હમેશા નદીઓ બધી ઉંચી. સાગર નીચે છે માટે બધી નદીઓંને સમાવી લે છે. જગતના તમામ જીવોને હૃદયમાં સમાવી શકો જો તમે નીચે હો તો - અહંકાર રહિત થવું જરૂરી છે. કોઇપણ ખેડુત અબજોપતિ થાય તે બિયારણના કારણે કે જમીનના કારણે. જમીને બિયારણ સ્વીકાર્ય માટે.

નિમિત્તો સારા મળ્યા. બધી સંપત્તિ સ્વીકારી તોહ સુકૃત સર્જાયું. હું હસું તો અહંકાર થાય, નિમિત્તના કારણે હસું તો તેમાં અહંકાર નાશ થાય. અહં પોસાય એવા રસ્તાઓ પકડતા નહીં. રેસકોર્સમાં ઘોડો દોડે પણ ઇનામ જોકી લઇ જાય. જીવનમાં સાધના કરે આત્મા અને ઇનામ મોહ લઇ જાય.

અરિહંતનું શાસન મળ્યું સમાધિભાવ ખૂબ ટકાવી લેજો. ખુમારી રાખજો શાંતિ પામશો. ભોજનમાં સાકર વધવી જોઇએ તેમ વ્યક્તિઓ સાથેના સંબંધમાં મીઠાશ વધે, ઘટવી ન જોઇએ. એક ભાઇ બાવન માણસનું કુટુંબ ચલાવે. મતભેદ હોય પણ મનભેદ ન હોય. એમનો જવાબ : ગત જન્મના પુણ્યના કારણે અને ઘરના વડીલ પાસે વિવેક છે એટલે ચાર દીકરા-ચાર વહુ, તેમના સંતાનો બધા માટે સરખું લાવવાનું વડીલ પાસે વિવેક છે અને નાનાઓ પાસે સહિષ્ણુતા છે. સભ્યો કોઇ અન્યાય ને આંખ સામે લાવતા નથી. કોઇ વાત બને તો ચલાવી લેવાની. શરીર ચાલે છે, શ્વાસથી ઘર ચાલે છે, વિશ્વાસથી કોઇ સ્કૂટર માંગે ત્યાં દાદાની વાત હોય ત્યાં ગાડી આપવાની વાત હોય, ત્યાં નવકારશીની બદલે અઠ્ઠાઇ થઇ જાય. વડીલોને શિખામણો આપો. વિવેક રાખો કહો એમાં માર ખાઓ છો. વડીલોને ઘણા ટેન્શન હોય તેમાં કદાચ વિવેક ચૂકી પણ જાય. નાનાએ સમતા રાખવી. સમાધિના નિયમોનું પાલન તમે નથી કરતા તેનું દુઃખ નથી પણ સમાધિ જાળવવાના નિયમોની જ તમને જાણકારી નથી. અમને જાણકારી છે પણ આચરી શકતા નથી જે દિવસે શક્તિ મળશે તો પાછા નહીં પડીએ. દેરાસરની વિધિ પૂછો છો પણ ઘરમાં રહેવાની રીતની ખબર નથી. જંગલને ઉપવનમાં કન્વર્ટ કરવાનું કેળવવું પડે છે. પોતાની વૃત્તિઓ પર કાપ મૂકવો જ પડશે. માણસ ક્યાંક રોપે અને ક્યાંક કાપ તો જંગલ ઉપવન કેમ બને? માણસે જીવનને વૃંદાવન બનાવવા કુસંસ્કારો પર કાપ મૂકવો પડે છે.

- લગ્નની કથા વાંચી શ્લોકોના અર્થમાં અદ્‌ભુત વાતો મૂકી છે. પતિને પત્ની કહે 'ઘરમાં રહેવાના સમય કરતા બહાર રહેવાનો સમય ઘણો વીત્યો છે. બહાર ઘરાક પર ગુસ્સો કરશો તો ઘરાક ગુમાવશો. આવા ૨૦ પરિબળો જીવન સમાધાન માટે દર્શાવ્યા છે. દરેક સાથે નાતો પડશે. મિત્ર પર ગુસ્સો કરશો તો મિત્ર ગુમાવશો.

વેપારી ગુસ્સાથી સંબંધ ન તોડે તે જોજો. ગમે તેટલા પ્રસંગ આવે પણ બીજા પર ગુસ્સો ન ઉતારતા ઘરે આવી મારા પર ઉતારશો. કારણ કે મારો તમારો પ્રેમનો સંબંધ છે. હું તમને સમજી શકીશ.' આવું સામે ચડીને કહે.

- શરીરના ક્ષેત્ર કદાચ પુરુષ બળવાન હશે પણ સહનશીલતાના ક્ષેત્રે તો બહાદુર સ્ત્રી જ છે. દીકરો મોટી ઉંમરે આંસુ પડાવે તોય મા કહેશે 'મારો દીકરો છે' પણ પિતા એમ નહીં બોલે.

  તમો એક લોહીના સંબંધે એક ઘરમાં જ્યારે અમો માત્ર લાગણીના સંબંધે એક ગચ્છ/સમુદાયમાં સમાધિની મસ્તીની તમને ખબર નથી. અનુકૂળતાની મસ્તીની ખબર છે. કોમ્પ્રોમાઇઝ તમે માનતા જ નથી. સમાધાનની કળા જેની પાસે હાથવગી છે તેને સમાધિ દુષ્કર નથી.

- એક શિબિરમાં યુવાનોને માતા-પિતાને પગે લાગવાનો નિયમ અપાયો. ત્યાં એક કાકા રડતા ઉભા થઇ ગયા. એ કહે સાહેબ ! આ નિયમમાંથી મને બાદ આપો. મારા દીકરાના નમસ્કાર લેવાની મારામાં પાત્રતા નથી. આ ભવે જે પરિવાર તમને મળ્યો છે એ જ પરિવાર આવતા ભવે મળે તે ગમે? તમને ઘરમાંથી છૂટા થવાની ઇચ્છા થાય? આજે એટલું કહો ભગવાન મને તમારી સાથે પ્રેમ છે. જનમોજનમ ટકાવી રાખજે.

  'હું તારો છું.'

  'તું મારો છે.'

  આ પ્રેમની સગાઇ દીર્ઘકાલિન કરજે.

## પોતાના ગુણોની પ્રશંસા કરવાથી....

૧. ગુણોની વૃદ્ધિ સ્થગિત થાય.
૨. પોતાના દોષો પ્રત્યે ઉપેક્ષા થાય.
૩. બીજાના ગુણો જોવાનું બંધ થાય.
૪. બીજાના ગુણો સાંભળી દ્વેષ થાય.
૫. ગાઢ કર્મબંધ થાય.

## સંસ્કારો અને સંયોગોની એન્ટ્રી

- સુખની આધારશિલા જો પૂર્વજન્મના સુકૃતોથી ઊભું થયેલું પુણ્ય છે. તો ગુણોની આધારશિલા વર્તમાન જીવનમાં આદરેલા સુકૃતો અંગેનો પુરુષાર્થ છે.
- સુખ જાય છે પુણ્યની અલ્પતાના કારણે અને ગુણ જાય છે પુરુષાર્થની અલ્પતાના કારણે.
- જેની નજર અન્ય તરફ જ છે એ કદાચ સુખી બની શકે પણ ધર્મી બનવું એના માટે મુશ્કેલ છે.
- પુણ્ય પરનો વિશ્વાસ ઘટ્યો છે એના કારણે અસમાધિ વધી છે.
- બેદરકારી છતાંય સુખ ટકાવવામાં કોઇ વાંધો નથી પણ જાગૃતિ વિના ગુણ ટકી ન રહે એવી કોઇ શક્યતા નથી.
- પાપનો ઉદયકાળ એવો વિચિત્ર કાળ છે. એમાં શરીર થાકે છે અને મન કંટાળે છે.
- પુરુષાર્થના વૃક્ષ પર સફળતાના ફળો ન લાગતા હોય તો એનો અર્થ એટલો જ છે કે પુણ્યના મૂળીયા કાં તો સુકાઇ ગયા છે કાં તો કમજોર બની ગયા છે.
- જ્ઞાનીઓ ખૂનીઓને પામીનેય પોતાનું આત્મકલ્યાણ સાધી ગયા તો આપણે કમસે કમ મુનિઓને પામીને આત્મકલ્યાણ અકબંધ કરી લઇએ.

**બીજાએ ગ્રહણ કરેલા પોતાના ગુણરૂપ દોરડાઓ હિત માટે થાય છે. આશ્ચર્ય છે કે તે પોતે ગ્રહણ કરેલા હોય તો ભવસમુદ્રમાં પડે છે.**

અનંત કલ્યાણકારી, હિતકારી ઉપાધ્યાયજી 'અનાત્મ પ્રશંસા' અષ્ટકમાં અનાદિ ડાળની નબળી કડીઓની વાત કરે છે. તારા ગુણની પ્રશંસા કરી લોકો તરી જશે પણ તું જ તારી પ્રશંસા કરીશ તો ડૂબી જઇશ.

અહંકારના બે સ્થાન છે.

સુખનું સ્થાન અને ગુણનું સ્થાન હોય તો અહંકાર કરે. વર્તમાનનું સુખ ગત જન્મના સુકૃતનું ફળ છે. માટે અહંકાર કરવાનું કોઇ કારણ નથી. ગત જન્મે પરમાત્માની ભક્તિ થઇ તેના કારણે આ સુખ છે. હવે ભૂતકાળ છે નહિ તેથી અહંકાર કરવાનું કારણ નથી. જ્યાં અહં પેદા થાય તે અર્હંની એન્ટ્રી પાડી દે.

પુરુષાર્થ અત્યારે તમે કર્યો છે પણ ફળ આપવાનું કાર્ય ગત જન્મના સુકૃતે કર્યું છે. આ જગતમાં વિજયના નાથ બનવા બધા તૈયાર છે પણ પરાજય તો અનાથ છે. સુખમાં યશ લેવું દુઃખનો પણ ઉપકાર માનવો જરૂરી છે. સુખનો સંબંધ ભૂતકાળના

સુકૃતની જાહેરાત છે. અને ગુણનો સંબંધ વર્તમાનના સુકૃત સાથે છે.

સુખનાં અહંકાર કરતા ગુણનો અહંકાર વધારે ખતરનાક છે. વર્તમાનમાં તમે સુકૃત કરી શક્યા તેના ત્રણ કારણો છે.

૧. ગત જન્મના થોડા સારા **'સંસ્કારો'** છે.

૨. વર્તમાન કાળમાં મળી જતા થોડા સારા **'સંયોગ'** છે.

૩. તમારું પોતાનું **સત્વ.**

ગત જન્મના સંસ્કાર એટલે **ઈલેક્ટ્રીસીટીનો પ્રવાહ ચાલુ છે. વર્તમાન સંયોગ એટલે સ્વીચ તૈયાર છે. સત્વ એટલે સ્વીચ તરફ લંબાયેલો હાથ.**

પરમાત્માનું મંદિર મળ્યું તે ગત જન્મના સંસ્કારના કારણે. ઘરેથી દેરાસર જવા નીકળ્યા તે સંયોગ અનુકૂળ. પરમાત્માને જોતા જ એટેચ થઇ ગયા તે સત્વ.

મહત્વનો ફાળો સત્વનો છે. કારણ કે ગમે તેટલી લાઇટો-સ્વીચો હોવા છતાં સ્વીચો ઓન કરવાનો પુરુષાર્થ કરે તે સત્વનો ફાળો વિશેષ છે.

ગમે તેટલા પ્રમાદી બનશો તો સુખ ટકી રહેશે પણ ગુણ નહી ટકે માટે જ મહાવીરે ગૌતમને કહ્યું હતું કે 'એક મિનીટનો પ્રમાદ ન કરીશ. સુખ માટે પુરુષાર્થ કરવાની જરૂર નથી. ગુણો કમાવા માટે પુરુષાર્થ સતત કરો.

પુરુષાર્થમાં કદાચ ક્યાંય કચાશ નથી છતાં સફળતા મળતી નથી. કારણ કે સુખમાં સફળતાનો માત્ર ૧% અને બાકી પુરુષાર્થથી થશે. ચૌદપૂર્વીઓ દુર્ગતિમાં ગયા. સારામાં સારા ત્યાગી નરકમાં ગયા.

તમો વર્તમાનમાંબે પરિબળોથી દુઃખી છો.

**કંટાળા અને થાકથી.**

નબળા પુણ્યથી થાકીને કંટાળી જાય છે.

વર્તમાનમાં તમે એમ માનો કે સર્વ મને ગત જન્મના પુણ્ય કર્મના કારણે છે તો થાક અને કંટાળો ગાયબ થઇ જાય છે. ઝાડ પર ફળ ઓછા આવે ત્યારે માળી મેહનત ક્યાં કરે? ઝાડના મૂળ તેમ બહારની દુનિયામાં સફળતા ન મળે ત્યારે પુણ્યનું/ધર્મનું મૂળ મજબુત બનાવો. ધર્મની શ્રદ્ધા બાજુ પર રાખો પણ પુણ્ય પરની શ્રદ્ધા કેટલી? કેવળજ્ઞાની અને તીર્થંકરની દેશનામાં શું ફરક? કેવળજ્ઞાનીને સમજણ હોય પણ આદેય નામકર્મ એટલું નથી હોતું, તીર્થંકરની દેશનામાં જનમેદની ખૂબ સાથે આદેય નામકર્મ પણ જોરદાર. પ્રવચનમાં લોકો આવે એ આદેય નામકર્મના કારણે. સમાન વાક્યો બધા બોલે પણ તમે સમાન અર્થમાં લેતા નથી. રાજા કહે તેનું બધા જ માને, મંત્રીનું થોડું ઓછું માને. આપણને મોક્ષમાં જવા પુણ્ય જરૂરી નથી પણ બીજાને મોક્ષમાં મોકલવા

પુણ્ય વગર ચાલે તેમ નથી. તીર્થંકરો પુણ્ય હોય તો જ તીર્થની સ્થાપના કરે. ઉપેક્ષાથી સુખ ન ઝૂંટવાય. પણ કોઇ ઉપેક્ષા કરે તો ગુણ ન સચવાય. પ્રોડક્શન ન કરતી મશીન ચાલુ રાખો છોને? તેમ ભાવ ન જાગે તોય ક્રિયા-આરાધના-દેરાસર જવાનું ચાલુ રાખો. તાળામાં ચાવી નાખો. સાચું તાળુને સાચી ચાવી હોય તો તરત તાળુ ખૂલે છે. કાટના કારણે ખોલતા વાર લાગે. કાટ લોખંડમાંથી પેદા થાય તેમ લોખંડ સમાન દુઃખ હોય, દુઃખ પણ આપણામાંથી જ પેદા થાય છે. ક્ષાયિક સમકિત શ્રેણિકને રોજ ૧૦૦ ફટકા ખાવા પડે છે. તમારો દીકરો તમને પપ્પા કહે એમાં તમારું પુણ્ય છે. દીકરાઓ આડા ફાટે ત્યારે માનજો કે મારા પુણ્યની કચાશ છે. ભગવાને સમસરણમાં જે તત્વજ્ઞાન મને સમજાવી ન શક્યા તે રોજ ૧૦૦ ફટકા મારી તું મને સમજાવી રહ્યો છે. પ્રભુની ભક્તિ એને જેલમાં કામ આવી. ૧૦૮ જવલાનો સાથિયો કર્યો તેણે મને બચાવ્યો તેમ ન વિચારતા કર્મ મારા સાફ થઇ રહ્યા છે આજ વિચારધારા શ્રેણિકની છે. શ્રેણિક પુરુષાર્થ કરે મળે પુણ્યને કારણે.

વર્તમાનમાં આપણી પરિસ્થિતિએ સમાધિ નથી તોડી પણ પુણ્ય પરના અવિશ્વાસના કારણે સમાધિ તોડી છે. ઘરમાં બધા જ તમારું માને એ તમારા પુણ્યને કારણે. પુણ્ય નબળું પડ્યું કોઇ નથી સાંભળતું.

પુણ્યના કારણે જે મકાન ટકતું હતું તે પુણ્યના કારણે કાચુ પડ્યું. એકવીસમાં 'કર્મ વિપાક' અષ્ટકમાં આ વાતો મૂકી છે, જેની આંખના ઇશારે પર્વતો ધ્રુજી ઉઠતા હતા તેને રોટલા માટે ફાંફા મારવા પડે છે.

મેવાડનો રાજા મહારાણા પ્રતાપ અકબરના કારણે ભાગતો-ફરતો હતો. જંગલમાં ભિખારી પાસે રોટલાનો ટુકડો માંગવો પડ્યો. જ્યાં ઝાડ નીચે બેસીને ખાવા જાય છે ત્યાં ઉપરથી કાગડો આવી રોટલાનો ટુકડો ઉપાડી ગયો. મહારાણા પ્રતાપ ચોંધાર આંસુએ રડી પડ્યો. પુણ્ય ઓછું પડ્યું. બે કામ કરો.

૧) આરાધના વધારવાની છે.

૨) સમાધિ ટકાવવાની છે.

વાતાવરણ તો હંમેશા પ્રતિકૂળ જ રહેવાનું છે. તેમાં જ સમાધિ ટકાવી રાખવાની છે. એવોર્ડ નિગ્લેટ કરી શકો પણ સજા તો ભોગવવી પડે પુણ્યને છોડી શકો પણ પાપનો ઉદય તો ભોગવવો જ પડે છે.

જે વાતાવરણને ફેરફાર કરવાની તાકાત ન હોય તો તેને સ્વીકારતા થઇ જાઓ સમજો કે પુણ્ય ઓછું પડ્યું છે. દીકરાને આજ્ઞા કરવા છતાં ન માને તો આજ્ઞા કરવાનું બંધ કરો. લેક્ચર ન આપો. દીકરાને સમજાવવાની જગ્યાએ મનની માવજત કરો.

- વડોદરામાં એક ભાઇ, ત્રણ દીકરા અને બે દીકરી જન્મથી કોઇએ રાતના ખાધુ

નથી. દીકરો ૧૮ વર્ષનો થયો કહ્યું હવે મારે ખાવું પડશે તો ઘરમાંથી કહે દરવાજો બંધ કરો. દીકરાએ પણ ઘર છોડવાની તૈયારી કરી. પિતાએ કડક પનીશમેન્ટ કરી જ્યારે દીકરાને મિત્રો સારા લાગે છે. બાકી બાપ દુશ્મન લાગે છે. દીકરાની મા રડે છે. પત્નીને કહે છે તમે કેમ રોકતા નથી. પત્ની કહે છે તમારે જવું હોય તો જાઓ પણ આ ઘરમાં રાત્રિ ભોજન નહીં થાય. ૩/૪ દિવસે દીકરો પાછો આવી ઘરમાં ગોઠવાઇ ગયો. તમો તમારા ઘરમાં નિયમોમાં કેવા મજબુત.

- રાજાવાડી ગિરીશભાઇના જિનાલયના દરવાજે લખેલ હતું આ ઘરમાં રાત્રિ ભોજન થયુ નથી. આવી સત્વશીલતા લાવો. એપરિન્ટેશન રોગમાં સુગર કોટેડ દવા આપનાર ગુન્હેગાર છે. જ્યાં સુધી પુણ્યનો ઉદય ત્યાં સુધી પુણ્યબંધની શક્યતા ઘણી છે બાકી પાપના ઉદયકાળમાં સમાધિ ટકાવી કર્મ નિર્જરા કરો. પાપનો ઉદયકાળ સમાધિએ બંધાયેલો છે. પુણ્યનો ઉદયકાળ પુણ્યબંધમાં રહેલ છે. કોઇ મહાપુરુષની અંતકાળની સમાધિને જોઇ તમને લાગશે આવી સમાધિ આપણે શી રીતે ટકાવીશું. કર્મસત્તા ઉદયમાં આવે એને ખબર નથી કે તમો રડશો કે હસશો. ટપાલ આવે છે તે વાંચીને રડવું કે હસવું તમારા હાથમાં વાત છે. ગમે તેટલી સ્વીચો દાબો છો પણ સાચો પુરુષાર્થ થતો નથી કારણ પુણ્યનો પ્રવાહ જોઇએ. સ્વીચ દેખાય, પ્રકાશ દેખાય, પણ કન્સીલ વાયરીંગ જેવું કર્મ ન દેખાય. બધે જશ ખાટવો છે. ધર્મબિન્દુ ગ્રંથમાં લખ્યું છે : શરીર રાફડા જેવું છે. કયા ભાગમાંથી કયો રોગ ભયંકર બહાર નીકળશે તે નક્કી નથી માટે ગમે ત્યારે આવશે. ધર્મનો સંબંધ શક્તિ સાથે જોડ્યો સગવડ સાથે નહિ. શક્તિ હોય તો તમો પણ કરી લેશો. દાન માટે બે કરોડની શક્તિ હોય પણ જીભનો પેરેલિસીસ હોય તો બોલીને ન કરી શકો. બોલો તો બાજુવાળા ન સમજી શકે. કરોડોનું સુકૃત કરવા માંગો છો પણ થતું નથી. શક્તિ જાય તો પ્રેક્ટીકલની પણ તાકાત જાય છે. બીજી મૂડી સાચવી રાખશો અને શરીરની મૂડી ન સચવાઇ તો? શરીર જેવો ઇમાનદાર કોઇ નહીં અને મન જેવો બેવફા કોઇ નહીં. શરીરને ઓછું લાગતું નથી અને મન ધરાતું નથી. મન જે ધર્મની ના પાડે ત્યાં ડબલ ફોર્સથી કૂદી પડો. તમારું મન જુદું, અંતઃકરણ જુદુ છે. બુદ્ધિ પણ જુદી છે. શરીર હજી ઇમાનદાર છે પણ મન તો બેવફા જ છે.

કોઇપણ વસ્તુ મારક બનાવવી કે તારક બનાવવી એ તમારા હાથમાં છે. ભગવાન પણ મારક નથી બનતા અને ખૂની તારક નથી બનતા બધુ આપણે કયા એંગલથી લઇએ તેના માટે છે. ડોક્ટરે લગાડેલું ઇન્જેકશન બરોબર વાગ્યું તેને પુણ્યનું કારણ માનો? બહારના જગત પર એક છત્રી કર્મસત્તાની છે. અંદરના જગત પર એક છત્રી ધર્મસત્તાની છે. બહાર ગમે તેવા પરિબળો હોય ભવિષ્ય ન બગાડવું એ આપણા હાથમાં છે.

- મુંબઇમાં એક છોકરો મળ્યો કહે મારા બાપુજીનો સ્વભાવ અતિ ખરાબ છે. આટલી હદે કોઇનો ખરાબ ન હોય. ૨૪ કલાક ખરાબ બોલ્યા કરે છે. એ દીકરાને પૂછ્યું આટલી હદે ખરાબ બોલનારને તમે સાચવો છો? સાહેબ તેમને સાચવવાનું મન થાય છે. કારણ તેમની પાસે ગત જન્મનું પુણ્ય લઇ આવ્યા છે. આ જન્મમાં સુખી કોણ? જેના જીવનમાં ફરિયાદ ઓછી છે તે. જેની નજર બીજી તરફ છે તે કદાચ સુખી બની શકતો હશે પણ ધર્મી ન બની શકે. ધર્મી બનવા શરત છે. બીજેથી નજર ઉઠાવો દૃષ્ટિ પોતા પર રાખો. સંસારમાં સાચો સાધક એ છે કે સંસારમાં રહેવા છતાં સંસાર સાથે મનમેળ ન રાખે તે સાધક છે.

  પ્રશંસાથી પર થઇ

  પુરુષાર્થથી યુક્ત બની

  પરિણતિને આત્મસાત

  કરવાની ભૂમિકા 'અનાત્મ પ્રશંસા' દ્વારા લાવો.

✪ મારું સત્કાર્ય બીજાઓ જાણે... મારા ગુણો બીજા જાણે, મને સજ્જન સમજે આવી ઇચ્છા, અભિલાષા સ્વપ્રશંશા માટે મનુષ્યને પ્રેરે છે.

ભૂલ સમજાતી નથી. મહામહેનતે ગુણો આત્મામાં પ્રગટે છે. તેનું સંરક્ષણ ન કરાય તો સમજવું કે ગુણોનું મૂલ્યાંકન ભૂલી ગયા છીએ. અભિમાનનો વાયુ ગુણોનો નાશ કરે છે. જમાલિ કેમ ભવમાં ભટક્યો? દંભ ન કરો. સહજ બનો.

## વિશ્વાસ એ જ શ્વાસ

- નાકને સાચવવાના પ્રયત્નો તો અનંતકાળમાં અનંતીવાર કર્યા છે. હવે નાથને સાચવી લેવાના પ્રયત્નો શરૂ કરીએ, બેડો પાર છે.
- મનની દુષ્ટ વૃત્તિઓના પ્રદર્શનથી આપણે ત્રસ્ત છીએ પણ એના અસ્તિત્વથી ત્રસ્ત નથી એ જ આપણા જીવનની કરુણતા છે.
- દુઃખને પરમાત્માએ ખરાબ માન્યું નથી અને દોષને પરમાત્માએ સારો માન્યો નથી.
- કાળ એટલો ભયંકર છે કે એ આકર્ષણમાં આકર્ષક ચીજ પ્રત્યેના મનના રસને તોડીને સાફ કરી નાખે છે.
- કોઇના પર અને ક્યાંય વિશ્વાસ રાખી શકાય તેમ નથી તેનું નામ સંસાર.
- ભારેકર્મી આત્માનો રાગ સમય જતાં દ્વેષમાં પલટાઇ જાય છે. જ્યારે હળુકર્મી આત્માનો રાગ સમય જતાં વૈરાગ્યમાં પલટાઇ જાય છે.
- બર્હિદષ્ટિમાં આત્માના ભાવ પ્રાણોની કતલ છે. જ્યારે તત્વદષ્ટિમાં આત્માના ભાવ પ્રાણોની સુરક્ષા છે.

**બાહ્ય દષ્ટિએ સ્ત્રી અમૃતના સાર વડે ઘડેલી ભાસે છે. તત્વદષ્ટિએ તે સ્ત્રી પ્રત્યક્ષ વિષ્ટા અને મૂત્રની હાંડલી જેવા ઉદરવાળી છે.**

અનંત જ્ઞાની, ઉપકારી શ્રી ઉપાધ્યાયજી મહારાજે જ્ઞાનસારમાં બે દષ્ટિની વાત કરી છે. બાહ્યદષ્ટિ અને તત્વદષ્ટિ, બાહ્યદષ્ટિએ તમે વિશ્વનું દર્શન કરી રહ્યા છો. હજી અંતરદષ્ટિ ઉઘડી નથી. સંસારમાં બર્હિદશા આપણને રખડાવનાર છે. બહાર નીકળવા જ ન દે. ઉધઇથી ખવાઇ ગયેલા મકાનમાં સારું ફર્નિચર જેમ નકામું લાગે છે? શરીરમાં પેદા થયેલા રોગને દૂર કરવા નિદાન માટે મનને પૂછો કે શરીરને? સંસારની તમામ સમસ્યા મનથી દૂર થાય. મનની સમસ્યા આત્માથી દૂર થાય અને આત્માની સમસ્યા પરમાત્માથી દૂર થાય. નોકર શેઠનો ગુલાબ હોય તે ચાલે પણ શેઠ નોકરનો ગુલામ બને તે કેમ ચાલે? નાકને સાચવવાના પ્રયત્નો કર્યા પણ નાથને સાચવશો તો ન્યાલ થઇ જશો. આ છે તત્વદષ્ટિ.

કોઇપણ કાર્ય કરતી વખતે પહેલાં વિચાર કરતા પહેલાં, બોલતાં પહેલા ક્યારેય પરમાત્માને પૂછ્યું કે તમારો ઓપીનીયન શું? દુષ્ટ પ્રવૃત્તિના પ્રદર્શનમાં કાળજી કરી પણ દુષ્ટ વૃત્તિની ઉત્પત્તિમાં કાળજી કેટલી કરી? ઘરમાં કચરો ન રહે કે ન દેખાય તેની કાળજી કરી. જે અભિગમ ઘરને માટે છે તે મનના ક્ષેત્રે આવે તો બેડો પાર છે. કચરો આવે જ નહીં તો કાઢવાની ચિંતા ક્યાં રહે? દોષોનું અસ્તિત્વ જ ન રહે તો સદ્‌ગતિ

નક્કી અને પરલોક સુધરી જશે.

- ચાર ભાગીદાર હતા. કપાસના ગોડાઉન હતા. દરેક ભાગીદારમાં અંતર પડ્યું. સંસારમાં ક્યાંય વિશ્વાસ નથી. ગમે ત્યારે દગો થાય, **જ્યાં વિશ્વાસ નથી ત્યાં વિશ્રામ નથી.** ધર્મ પરનો વિશ્વાસ વિશ્રામમાં લઇ ગયા વગર ન રહે. સંસાર ખરાબ કેમ છે? કારણ સંસારમાં વિશ્વાસ નથી. અમે રાતના સંથારા પોરસી ભણાવીને સૂઇએ. સૌથી નશ્વર ગણાતા શરીરનો ભરોસો શું? સંસારના ભરોસે બેઠા છો. પાછો એ વિશ્વાસ અડીખમ કર્યો છે. તમો પોતે કેટલાના વિશ્વાસ તોડ્યા ને તમારા કેટલા તૂટ્યાં? ઉત્તરાધ્યયન સૂત્રમાં સાધના ક્ષેત્રે ત્રણ કલંક મૂક્યા.

  ૧) કાળ ભયંકર છે.

  ૨) આયુષ્ય અસંસ્કાર્ય છે.

  ૩) શરીર ઘસાતું જાય છે.

  કાળ ભયંકર એટલે આજે જે ચીજ પર બહુ રાગ હોય તે ચીજમાં સમય જતાં અણગમો થાય છે. તમામ પદાર્થના આકર્ષણને તોડવાનું કામ કાળ કરે છે. અણગમો પેદા કરવાનું કામ પણ કાળ કરે છે. કાળનું કામ? કાળ રસ ચૂસી લે છે અને આકર્ષણ ખતમ કરે છે. **સમય નહીં પણ સમયનું કાર્ય ભયંકર છે.** વીતરાગતા તરફ લઇ જાય તે વૈરાગ્ય અને દ્વેષ તરફ લઇ જાય તે તિરસ્કાર. પત્ની ખાતર મા-બાપ છોડવા તે જુદું અને પરમાત્માની ખાતર મા-બાપ છોડવા તે જુદું. શત્રુંજય તીર્થે પ્રસંગે ઘણા સાધુ ભગવંતો પધાર્યા. સ્વાભાવિક પૂછ્યું આ આખો સંસાર છોડવાનું મન કેમ થયું? તમે તો પસ્તી, ઘઉંની ગુણી, તેલ-ઘી ડબ્બો પણ એમને એમ છોડતા નથી. મુનિવરે જવાબ આપ્યો. જે ગામે જવાનું નથી તેનું નામ લેવું નહીં. દીક્ષા લીધા પછી ઘર યાદ આવે? હા રોજ દરેક ક્રિયામાં યાદ આવે. કારણ? ચારિત્રના માર્ગે ચાલી નીકળનાર આત્મા મા-બાપને વિશ્વાસ આપે છે કે આ જન્મનો તારો ઉપકાર ચૂકવી શકાય તેમ નથી પણ જન્મોજનમ જેનો માર્ગ મારા ઉપર ઉપકાર છે તેની સેવા માટે જઇએ છીએ માટે રજા આપો. ઉપાધ્યાયજી મહારાજ લખે છે દીક્ષા લેતી વખતે મા-બાપને આપેલું વચન દીક્ષા લીધા પછી મા-બાપ કરતાં વધુ સેવા ગુરુની, શાસનની ન કરે તો તે દ્રોહી છે. તેને વિશ્વાસઘાતનું પાપ લાગે છે. સિંહ મારી મારીને કેટલાને મારે? પોલિસ ફાયરીંગ કરે એકને મારે તો તમો બધા ભાગો કારણ એ એકમાં બધાની પોતાની જાત મૂકી છે.

  હું તો ઠાર નહીં થઉં ને?

  **આખા સંસારમાં વિશ્વાસ પેદા નહીં થાય તો વૈરાગ્ય પેદા નહીં થાય. ઓછા વધારે સંસારમાં દગો કરનાર કોણ? પત્ની, પૈસા, શરીર એ તો પેટા વિભાગ છે પણ હેડ ઓફિસ આપણું પુણ્ય છે. પુણ્યના દગાએ જ વધુ જાય છે.**

- એક સન્યાસી લંગોટ પહેરી ૧૨ વર્ષથી સૂતા નથી. એવું રાજાએ સાંભળ્યું એમને મળવા ગયો. રાજા વિચારે છે કે રાજાને રાજકારભારની કે સંપત્તિની કાજે જાગવું પડે પણ સંન્યાસીને શું કામ જાગવું પડે. તેમણે સાધુને પૂછ્યું. રાજાએ આખી રાત જાગીને જોયું. વિશ્વાસ જાગ્યો. વિશ્વાસ અહોભાવ લઇ આવે છે.
- અકબરના મનની શ્રદ્ધા કેવી? ગંધારમાં બેઠેલા ગુરુ ચંપા શ્રાવિકા પર છ મહિનાના ઉપવાસની તાકાત આપવા જેટલી કૃપા મોકલી શકે તો મારી બાજુમાં બેઠા હોય તો મારો બેડો પાર થઇ જાય.
- ગંધારના રામજી શ્રાવકને હીરસૂરિ મ.ના સમાચાર મળ્યા તે મનમાં અભિગ્રહ ધારણ કર્યો જ્યાં સુધી દર્શન ન થાય ત્યાં સુધી છ વિગઇનો ત્યાગ કર્યો. હીરસૂરિ મ. સાંભળીને વિહાર લંબાવ્યો ત્રણ ચોમાસા વચ્ચે થઇ ગયા. છતાં રામજી ડીસ્ટર્બ નથી થયો. કેવો વિશ્વાસ! આજ રામજી શ્રાવક ૫૦૦ વખારો લઇને બેઠા છે. અબજોનો વહીવટ લઇને બેઠા છે છતાં ઉત્સાહ પરાકાષ્ટાનો! હીરસૂરિ મ. પધારી રહ્યાના સમાચાર લાવનારની સામે ચાવીનો ઝૂડો ફેંકે છે અને કહે છે જે ચાવી જોઇએ તે પસંદ કરી લે. તેમાં રહેલ માલ તારો. અનંત ઉપકારો જેણે તમારી પર કર્યા તેના પર તમારી શંકા? દરિયો ગમે તેટલો મોટો હોય પણ તમારા હાથમાં ટબુડી હોય તો ટબુડી જેટલું જ પાણી મળે.

  સમાધિ ટકાવી રાખવી હોય તો આ યાદ રાખજો. આપણો પરિવાર આપણી લાગણી-પ્રેમ અને પુરુષાર્થની ઉપેક્ષા કરે ત્યારે વિચારજો કે આપણે અનંત તીર્થંકર, સિદ્ધના પ્રેમને, પુરુષાર્થની પૂર્વમાં કદર કરી નથી. તેમની લાગણીઓ તોડી છે માટે આમ થાય છે. ભગવાન સાથે વિશ્વાસઘાત કર્યો છે પણ તેઓએ સદા મારા પર વિશ્વાસ રાખ્યો છે.

  બધા કરે તે આપણે કરવા જેવું નથી. સંસારમાં વિશ્વાસ જેવું કાંઇ જ નથી માટે તો અમોએ સંસાર છોડ્યો અને ચારિત્રના માર્ગે ચાલ્યા. રામજી શ્રાવકે હીરસૂરિ મ. ગંધાર પધાર્યા ત્યારે મંગલાચરણ સંભળાવ્યું ત્યારે સોનાની ગીનીની પ્રભાવના કરી. તીર્થના વાઇબ્રેશન હોય છે. નિર્મળ થઇ સંકલ્પ કરો તો અસર થાય. ગુરુ પણ તીર્થરૂપ છે. હીરસૂરિએ અકબર પાસે ૨૦ તીર્થંકરોની નિર્વાણ ભૂમિ માંગી. અકબરે એ તીર્થરૂપ ગુરુના વચને ફરમાન કાઢ્યું આ વિષમ કાળમાં પ્રભુની વાણી સત્યરૂપે પરિણમી રહી છે. પ્રભુએ કહ્યું કે સિંહ કાગડાની સેવા કરશે, આપણી કમજોરી, આપના પુણ્ય કાચા પડ્યા, કમજોરી ઘણી આવી ગઇ છે.
- તારંગા તીર્થ અજયપાળના ફરમાનથી તોડવાનું નક્કી થયું, મહાજન વિચારે છે કે હવે શું કરવું? રામલાલ બારોટે મંદિર તોડતું અટકાવવાની જવાબદારી લીધી. કુમારપાળ જેટલા દેરાસરો બંધાવતો જાય એટલા અજયપાળ તોડતો જાય. બારોટ

સૈનિક બની અજયપાળ પાસે કુરનીશ બજાવી ઉભો રહ્યો. તમે આને નહીં ઓળખો પણ તે નાટક બહુ સારું કરે છે, રાજા થાકયા પણ હતા. પણ પોતાની તાકાત પર રામલાને ભરોસો હતો એટલે નાટકની હા પાડી. અજયપાળ પાસેથી રામલાએ લખાવ્યું નાટક ગમે તેવું હોય મને કે મારા પરિવારને સજા કરવાની નહીં. નાટક ચાલું થયું. ચિક્કાર જનમેદની. પ્રથમ અંક જિનમંદિરની પ્રતિષ્ઠાનું હતું. રાજા ગુસ્સે ભરાયો. બીજા અંકમાં બાપા મરવા પડ્યા છે. ત્રણેય દીકરાઓ પાસે છેલ્લી ઇચ્છા કહે છે. આક્રમણ આવે તો તોડનારા ઘણા મળે પણ હાથમાં પાણી લઇને કહો મારા મંદિરની રક્ષા કરીશ. આ જોઇ અજયપાળ ગુસ્સામાં ઉભો થઇ ગયો. બારોટે બેસી જવા કહ્યું તમે વચન આપ્યું છે. કાંઇ નહીં કરી શકો. બીજા દીકરાએ પાણી લીધું. ત્રીજા અંકમાં મોટાએ પ્રતિજ્ઞા લીધી. બાપાએ નાનાને બોલાવી કહ્યું તું નાનો છે. તું સાચવી લેજે. નાનો અજયપાળની ભૂમિકા ભજવે છે. મંદિરને લાકડીથી તોડે છે. બાપ ઉભો થઇ ગયો મરણ પથારીએ પડ્યો. અજયપાળ આ દશ્ય જોતો રહી ગયો. બાપા કહે તારા કરતાં તો અજયપાળ સારો કે બાપના ગયા પછી મંદિર તોડશે તું તો મારી સામે તોડે છે? અજયપાળ સમજી ગયો. તેણે મંદિરો ન તોડવાની પ્રતિજ્ઞા લઇ લીધી. પરમાત્માના શાસનમાં નાટકની પણ આ તાકાત છે. આવા રામલાલો ઘણા પેદા થયા ત્યારે તીર્થ રક્ષા થઇ છે. આપણી પાસે દાઝ નથી કે ખુમારી નથી. શત્રુંજયના પૂજારીઓ સુરક્ષા ગાર્ડે ગમે તેમ હળતાડો પાડી દે. સંઘની શ્રદ્ધાને મલિન કરે, ગમે ત્યાં થૂકે, ગમે ત્યાં વિષ્ટા કરે અને મોતીશા શેઠના બહારના વરંડામાં ખાય અને તીર્થના શિખરો સામે પગ રાખી સૂઇ જાય. પરિસ્થિતિથી સમેતશિખરની પણ એ જ છે. એ લોકોની બહાદુરીથીએ જીતતા નથી પણ આપણી કમજોરીથી એ લોકો જીતે છે. અષ્ટાપદ પાસે આવી ભરત વિનંતી કરે છે :

તાતનું નિર્વાણ સાંભળી રે, ભરતજી શોક ધરાય,<br>
આવ્યો અષ્ટાપદ ગિરે, પરિવાર લઇ સમુદાય,<br>
દીયો દર્શન મહારાજ... વાંદી થૂભ ને પ્રભુના પગલા.. બેસે નેહને તીર<br>
વિનંતી કરો, ઉપકાર સાંભળો, નયણે ઝરતે નીર પ્રભુજી દીયો દર્શન... મહાજનોની તાકાત તૂટી કુસંપ-ક્લેષ-મમ્-ઇર્ષ્યાઓ વધી ગઇ.

**હાર્યા લડાઇ પણ યુદ્ધ હારી ગયા.** અમે તો આજે તમને એટલું કહીએ છીએ કે તમારું અમને જોઇતું નથી પણ અમારું અમારી પાસે રહેવા દો.

- મારું એ તારું છે એ તાત્વિક ગુણ છે.
- તારું એ મારું છે એ રાજસિક ગુણ છે.
- તારું એ તારું છે એ સાત્વિક ગુણ છે.

# ११ तत्त्वदृष्ट्यष्टकम्

**रूपे रूपवती दृष्टि-र्दृष्ट्वा रूपं विमुह्यति ।**
**मज्जत्यात्मनि नीरूपे, तत्त्वदृष्टिस्त्वरूपिणी ।।१।।**

(१) રૂપવતી-રૂપવાળી દૃષ્ટિ:-દૃષ્ટિ રૂપં-રૂપને દૃષ્ટ્વા-જોઇને રૂપે-રૂપમાં વિમુહ્યતિ-મોહ પામે છે અરૂપિણી-રૂપ રહિત તત્વદૃષ્ટિ:-તત્ત્વની દૃષ્ટિ તુ-તો નીરૂપે-રૂપ રહિત આત્મનિ-આત્મામાં મજ્જતિ-મગ્ન થાય છે.

(૧) પૌદ્‌ગલિક દૃષ્ટિ (રૂપવાળી હોવાથી રૂપ જોઇને તેમાં મોહ પામે છે. જ્યારે તત્ત્વદૃષ્ટિ (રૂપ રહિત હોવાથી) રૂપ રહિત આત્મામાં મગ્ન થાય છે.૧

૧. મતિ આદિ જ્ઞાનમાં ઇન્દ્રિયો વગેરેની અપેક્ષા રહે છે. જ્યારે કેવલજ્ઞાનમાં તેની અપેક્ષા રહેતી નથી. મતિ આદિ જ્ઞાન નિયત ક્ષેત્ર સુધી જ થતું હોવાથી દેશમાનથી સહિત છે, જ્યારે કેવલજ્ઞાન તેનાથી રહિત છે. મતિ આદિ જ્ઞાનમાં કાળની પણ મર્યાદા હોય છે. જ્યારે કેવલજ્ઞાન કાળની મર્યાદાથી રહિત છે. અહીં નિરપેક્ષ આદિ ત્રણે વિશેષણો જ્ઞાનના છે.

**भ्रमवाटी बहिर्दृष्टि-र्भ्रमच्छाया तदीक्षणम् ।**
**अभ्रान्तरतत्त्वदृष्टिस्तु, नास्यां शेते सुखाशया ।।२।।**

(૨) बहि:-બાહ્ય दृष्टिं:-દૃષ્ટિ भ्रमवाटी-ભ્રાન્તિની વાડી છે. तद्-ईक्षणम्-બાહ્ય દૃષ્ટિનો પ્રકાશ भ्रमच्छाया-ભ્રાન્તિની છાયા છે. तु-પરંતુ अभ्रान्त:-ભ્રાન્તિરહિત तत्त्वदृष्टि:-તત્ત્વની દૃષ્ટિવાળો अस्यां-ભ્રમની છાયામાં सुख-आशया-સુખની ઇચ્છાથી शेते-સૂતો न-નથી.

(૨) બાહ્યદૃષ્ટિ ભ્રાન્તિની વાડી છે. બાહ્ય દ્રષ્ટિનો પ્રકાશ ભ્રાન્તિની છાયા છે. ભ્રાન્તિથી રહિત તત્ત્વદૃષ્ટિવાળો આત્મા સુખની ઇચ્છાથી ભ્રાન્તિની છાયામાં શયન કરતો નથી.

પૌદ્‌ગલિક વસ્તુઓમાં સુખ છે એવી બુદ્ધિ એ બાહ્યદૃષ્ટિ છે. આવી બુદ્ધિ (=બાહ્યદૃષ્ટિ) ભ્રાન્તિથી=વિપરીત જ્ઞાનથી થાય છે. આથી અહીં બાહ્યદૃષ્ટિને ભ્રાન્તિની વાડી કહી છે. બાહ્યદૃષ્ટિનો પ્રકાશ એટલે કે બાહ્યદૃષ્ટિથી જોવું એ ભ્રાન્તિની (વાડીમાં રહેલા ભ્રાન્તિરૂપ વૃક્ષોની) છાયા છે. જેમ વિષવૃક્ષની છાયા વિષ રૂપ હોય છે, તેમ ભ્રાન્તિની (ભ્રાન્તિની વાડીમાં રહેલા ભ્રાન્તિ રૂપ વૃક્ષોની) છાયા પણ ભ્રાન્તિ રૂપ હોય છે. મોહાધીન જીવો એ છાયામાં સુખની ઇચ્છાથી શયન કરે છે, અર્થાત્ સુખની ઇચ્છાથી વિષયોમાં પ્રવૃત્તિ કરે છે. પણ તત્ત્વદૃષ્ટિ જીવો વિષયોમાં સુખ નથી એમ સમજતા હોવાથી સુખની ઇચ્છાથી એ છાયામાં શયન કરતા નથી=વિષયમાં પ્રવૃત્તિ કરતા નથી. તત્ત્વદૃષ્ટિ આત્મા વિષયમાં પ્રવૃત્તિ કરે નહિ અને કરે તો પણ સુખની આશાથી તો ન જ કરે.

ग्रामारामादि मोहाय, यद् दृष्टं बाह्यया दशा ।
तत्त्वदृष्ट्या तदेवान्त-र्नीतं वैराग्यसंपदे ।।३।।

(३) बाह्यया-બાહ્ય दृशा-દૃષ્ટિથી दृष्टं-જોયેલા यद्-જે ग्राम-आराम-आदि-ગામ-ઉદ્યાન વગેરે मोहाय-મોહ માટે થાય છે तत्त्वदृष्ट्या-તત્ત્વ-દૃષ્ટિથી अन्तर्नीतं-આત્મામાં ઉતારેલા तदेव-તે જ ગામ-ઉદ્યાન વગેરે वैराग्यसंपदे-વૈરાગ્યની સંપત્તિ માટે થાય છે.

(૩) બાહ્યદૃષ્ટિથી જોયેલા ગામ-ઉદ્યાન વગેરે પદાર્થો મોહ માટે થાય છે, તે જ પદાર્થો તત્ત્વદૃષ્ટિથી જોયા હોય તો વૈરાગ્યની સંપત્તિ માટે થાય છે.

અહીં બાહ્યદૃષ્ટિ અને તત્ત્વદૃષ્ટિમાં કેટલો ભેદ છે તે બતાવ્યું છે. એક જ ક્રિયા દૃષ્ટિના ભેદથી ભિન્ન ભિન્ન પરિણામ આપનારી બને છે. બાહ્યદૃષ્ટિથી જોતાં જે વસ્તુ મોહ વધારે છે, તે જ વસ્તુ તત્ત્વદૃષ્ટિથી જોતાં મોહનો નાશ કરે છે.[१]

बाह्यदृष्टेः सुधासार-घटिता भाति सुन्दरी ।
तत्त्वदृष्टेस्तु सा साक्षाद्, विण्मूत्रपिठरोदरी ।।४।।

(४) बाह्यदृष्टेः-બાહ્યદૃષ્ટિને सुन्दरी-રૂપાળી સ્ત્રી सुधा-सार-घटिता-અમૃતના સારથી ઘડેલી भाति-ભાસે છે, तत्त्वदृष्टेः-તત્ત્વ દૃષ્ટિને तु-તો सा-તે સ્ત્રી साक्षात्-પ્રત્યક્ષ विण्-मूत्र-पिठर-उदरी-વિષ્ઠા અને મૂત્રની હાંડલી જેવા ઉદરવાળી (લાગે છે).

(૪) બાહ્યદૃષ્ટિને રૂપાળી સ્ત્રી અમૃતના સારથી ઘડેલી ભાસે છે. તત્ત્વદૃષ્ટિને તો તેનું ઉદર પ્રત્યક્ષ વિષ્ઠા-મૂત્રથી ભરેલી હાંડલી ભાસે છે.

लावण्यलहरीपुण्यं, वपुः पश्यति बाह्यदृग् ।
तत्त्वदृष्टिः श्वकाकानां, भक्ष्यं कृमिकुलाकुलम् ।।५।।

(५) बाह्यदृग्-બાહ્યદૃષ્ટિ वपुः-શરીરને लावण्य-लहरी-पुण्यं-સૌંદર્યના તરંગોથી પવિત્ર पश्यति-જુએ છે तत्त्वदृष्टिः-તત્ત્વદૃષ્ટિ श्व-काकानां-કૂતરા અને કાગડાઓને भक्ष्यं-ખાવા યોગ્ય (અને) कृमि-कुल-आकुलम्-કૃમિના સમૂહથી ભરેલું (જુએ છે.)

(૫) બાહ્યદૃષ્ટિ શરીરને સૌંદર્યની લહરીઓથી પવિત્ર જુએ છે. તત્ત્વદૃષ્ટિ તેને કૂતરા-કાગડાઓને ભક્ષણ કરવા યોગ્ય અને કૃમિઓના સમુહથી ભરેલું જુએ છે.

गजाश्वैर्भूपभवनं, विस्मयाय बहिर्दृशः ।
तत्राऽश्वेभवनात्कोऽपि, भेदस्तत्त्वदृशस्तु न ।।६।।

(६) बहिर्दृशः-બાહ્યદૃષ્ટિને गज-अश्वैः-હાથી અને ઘોડાઓથી સહિત भूपभवनं-રાજમંદિર विस्मयाय-વિસ્મય માટે (થાય છે.) तत्त्वदृशः-તત્ત્વદૃષ્ટિને तु-તો तत्र-ત્યાં રાજમંદિરમાં अश्व-इभ-वनात्-ઘોડા અને હાથીઓના વનથી कोऽपि-કંઇ પણ भेदः-અંતર न-નથી.

(૬) બાહ્યદષ્ટિને હાથી-ઘોડાઓથી શોભતું રાજમંદિર આશ્ચર્ય માટે થાય છે. પણ તત્ત્વદષ્ટિને તો આવું રાજ મંદિર અશ્વ-હાથીઓનું વન જ લાગે છે.

भस्मना केशलोचेन, वपुर्धृतमलेन वा ।
महान्तं बाह्यदृग्वेत्ति, चित्साम्राज्येन तत्त्ववित् ॥७॥

(૭) बाह्यदृग्-બાહ્યદષ્ટિ પુરુષ भस्मना-રાખ ચોળવાથી केशलोचेन-કેશનો લોચ કરવાથી वा-અથવા वपुर्धृतमलेन-શરીર ઉપર મેલ ધારણ કરવાથી महान्तं-આ મહાન (છે એમ) वेत्ति-જાણે છે. तत्त्ववित्-તત્ત્વજ્ઞાની चित्साम्राज्येन-જ્ઞાનની પ્રભુતાથી (આ મહાન છે એમ જાણે છે.)

(૭) બાહ્યદષ્ટિ શરીરે રાખ ચોળવાથી, મસ્તકે મુંડન કરવાથી અને શરીર ઉપર મેલ ધારણ કરવાથી 'આ મહાત્મા છે' એમ જાણે છે, માને છે. પણ તત્ત્વજ્ઞાની જ્ઞાનની પ્રભુતાથી મહાન માને છે.[૧]

न विकराय विश्वस्योपकारायैव निर्मिताः ।
स्फुरत्कारुण्यपीयूष-वृष्टयस्तत्त्वदृष्टयः ॥८॥

(૮) स्फुरत्-कारुण्य-पीयूष-वृष्टयः-સ્ફુરાયમાન કરુણારૂપ અમૃતની વૃષ્ટિ છે જેઓથી એવા तत्त्वदृष्टयः-તત્ત્વની દષ્ટિવાળા પુરુષો विकाराय-વિકાર માટે न-નહિ (પણ) विश्वस्य-જગતના उपकाराय-ઉપકાર માટે एव-જ निर्मिताः-ઉત્પન્ન કરાયેલા છે.

(૮) વિકાસ પામતી કરુણા રૂપ અમૃતની વૃષ્ટિ કરનારા તત્ત્વદષ્ટિ પુરુષોનું નિર્માણ (=જન્મ) વિકાર માટે નહિ, કિંતુ વિશ્વના ઉપકાર માટે છે.

## તત્વદષ્ટિ

- જ્ઞાનીનો અને આપણો તફાવત આંખનો નથી પણ દષ્ટિનો છે.
- પરમાત્મા પરના રાગ વિના ભક્ત બની શકાતું નથી અને છેવટના તબક્કે એ રાગ છોડ્યા વિના ભગવાન બની શકાતું નથી.
- આપણને જાણવામાં જેટલો રસ છે એટલો રસ જાણકારને સમર્પિત બનાવ્યો નથી.
- દોષિતને સુધરવું સરળ છે. પણ દંભીને સુધરવું અશક્ય છે.
- સ્પષ્ટ દર્શનમાં અને સત્યદર્શનમાં દષ્ટિની મર્યાદા જેટલી બાધક બને છે. એના કરતાં અનેકગણી બાધક દષ્ટિની મલિનતા છે.
- કર્મબંધનોથી બચવાની વાત પછી કરજો પહેલાં અશુભ કર્મબંધથી જાતને બચાવો.
- ગોળ-કારેલાની તાકાત તોડી નાખે છે તો યતના પાપક્રિયાની તાકાતને તોડી નાખે છે.
- ભાવનો બગાડો ભવ બગડશે અને બગડી ગયેલો ભવ આગળ જતાં ભવની અને ભાવોની પરંપરા બગાડી નાખશે.

**રૂપવાળી દષ્ટિ રૂપને જોઈને રૂપમાં મોહ પામે છે. રૂપ રહિત તત્વની દષ્ટિ રૂપ રહિત આત્મામાં મગ્ન થાય છે.**

અનંત ઉપકારી, પરમ માર્ગદર્શનકારી 'તત્વદષ્ટિ' અષ્ટકમાં આપણને તત્વ સાથે જીવનદષ્ટિની વાત કરી રહ્યા છે. તત્વદષ્ટિ એટલે તમામ વાસનાઓને નિર્મૂળ કરવાની ઇષ્ટ. આપણી અને જ્ઞાનીની દષ્ટિ જુદી છે. બન્નેમાં ભેદ છે. બે પ્રકારની દષ્ટિ સમજાવે છે. બાહ્યદષ્ટિ અને તત્વદષ્ટિ.

**બાહ્યદષ્ટિ :** ડગલે પગલે સંસારમાં બાહ્યદષ્ટિ રખડાવે છે. બહિર્ભાવમાંથી નીકળવા જ ન દે. જ્ઞાનીની દષ્ટિ સમ્યક્ છે. સમ્યગ્દષ્ટિ પર પરમાત્મા પાસે છે. સમકિત વિના તપ પણ પરિણામદાયક બનતો નથી. ૧૦૦ માઇલ દોડો પણ દિશા ગલત હોય તો શું? ગલત દિશાના કારણે બધી દષ્ટિ ફેલ જાય. ભગવાનની આજ્ઞા પ્રમાણે ચાલે તો જ સમ્યક્દષ્ટિ પ્રાપ્ત થાય.

પુદ્ગલોને છોડવા તે વ્યવહાર ધર્મ જ્યારે પદાર્થને હૃદયથી છોડવા એ નિશ્ચય ધર્મ છે.

ઘર છોડવું એ અલગ વાત અને હૃદયથી ઘરને ભૂલવું.

નિર્મમતા અને નિરગ્રંથતા એ તત્વદૃષ્ટિ છે.

છોડવાના વિચારો નીકળી જાય. સહજ ભૂલાઇ જવું જોઇએ. સામાયિકમાં સર્વ પદાર્થ ભાવો વિસરાય તો સમ્યકત્વ ભાવ આવે. નિશ્ચય ધર્મ પણ સરળ નથી. જે છોડીએ છીએ તેની સ્મૃતિ ભૂલવી જરૂરી છે. દીક્ષા લીધા પછી ઘર-સ્વજન ભૂલવા જ જોઇએ. આયંબિલ કરવું છે. છ વિગઇ છોડવી છે? પરમાત્માનું શાસન અદ્‌ભુત અને અલૌકિક છે.

અધિકરણ છોડો, ઉપકરણ પકડો. ઉપકરણ છોડી છેલ્લે અંતઃકરણ પકડો અંતે તો અંતઃકરણ છોડી વિતરાગ ભાવમાં આવો. ભગવાનના ભક્ત બનવા આ જ જરૂરી છે. વીતરાગ બનવા રાગ છોડવો જ પડે. દેવ ગુરુને એટલા માટે પકડયા છે કે વીતરાગ બનીએ. છેક છેલ્લે તો એને પણ છોડવાનું છે. ગુણસ્થાનકનો વિકાસ વ્યવહારધર્મની સ્થાપનાથી શરૂ થાય છે. ચાર પ્રકારનો ધર્મ છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ.

- એક ભાઇની ચાર દુકાન - શાકભાજીની દુકાન ન જામે તો કરિયાણાની દુકાન જામે એ ન જામે તો કાપડની દુકાન જામી જશે. છેવટે કાપડની ન જામી તો જ્વેલરીની દુકાનમાં કમાણી થશે. શાકની ખોટ કરિયાણાની દુકાન પૂરી કરે એની ખોટ કાપડની દુકાન ભરે, કાપડની ખોટ જવેરાતની દુકાન ભરે. સમ્યક્‌દર્શન જ્વેલરીની દુકાન જેવું છે. બધી ખોટ ભરપાઇ કરી દે. ચારિત્ર-તપ-જ્ઞાન ઘણીવાર કર્યા. સમ્યક્‌દર્શન પામવાની મહેનત કેટલી?

બધું ભલે જાય પણ સમકિતને ન જવા દેજો. દર્શન વિનાના ચારિત્રની કિંમત કેટલી? જાણવામાં આપણને રસ છે તેટલો જાણી ચૂક્યા છે તેને સમર્પિત થવામાં છે? સમર્પણ નથી તેથી થાપ ખાઇ ગયા છીએ. મનને ગમે અને કાનને ગમે તેવાં સાંભળનારા ઘણાં પણ અંતઃકરણથી ટચ થાય તેવું સાંભળનારા ઓછા. આપણી પાસે તત્વદૃષ્ટિ નથી ચામડીની દૃષ્ટિ છે. જે દૃષ્ટિથી આત્મા પર અનુરાગ થાય તત્વનો બોધ થયો છે એની દૃષ્ટિથી આપણે જોઇએ તે તત્વદૃષ્ટિ અને જે દૃષ્ટિથી જડ-પુદ્‌ગલ પર અનુરાગ થાય તે ચામડાની દૃષ્ટિ.

કોઇપણ નાનો બાળક અગ્નિ પાસે જતાં કોની દૃષ્ટિથી બચે? શરીરનો વિકાસ મા-બાપની દૃષ્ટિથી થાય છે જ્યારે જીવનનો વિકાસ ગુરુની દૃષ્ટિના કારણે થાય છે. આપણી પાસે દૃષ્ટિ જેવું કંઇ રહ્યું છે? ન જાણવા છતાં જાણવાનો ઢોંગ કરવો તે દંભક છે. મોટા દોષોથી ભરેલા હોઇએ તો ક્યારેય કોઇના લાઇન વગરના દોષોની ચર્ચા ન કરવી. દૃષ્ટિ સિમીત છે. પદાર્થનું સમ્યક્‌દર્શન અટકાવનારા બે પરિબળો છે.

૧) ઇષ્ટની મલિનતા

૨) દૃષ્ટિની મર્યાદા

બન્નેમાંથી વધુ ભયંકર કોણ?

દૃષ્ટિની મલિનતા વધારે ખતરનાક છે. મલિનતા વધારે ગલત દર્શન કરાવે છે. મર્યાદા દર્શન થવા જ ન દે. જ્ઞાનીની દૃષ્ટિના સમ્યક્દર્શનમાં મર્યાદા હોય કેવળજ્ઞાનીથી પમાયેલું દર્શન ફીટ પણ મિથ્યાત્વી માટે તો મલિનતા. સ્પષ્ટ દર્શન અને સત્યદર્શનમાં દૃષ્ટિની મર્યાદા જેટલી બાધક નથી બનતી તેટલી બાધકની મલિનતાથી આવે છે.

પહેલે ગુણસ્થાનકે મલિનતા છે જ્યારે ચોથે ગુણસ્થાનકે મર્યાદા છે. ચોથા ગુણસ્થાનકની નજીક આવો કે સ્પષ્ટ દેખાય. માલકૌંશ સહિત ૬૪૦૦ રાગમાં દેશના ચાલતી હોય વાઘ-સિંહ બધા બેઠા હોય દેશના સાંભળે અને સમજે ૫૬૩ પાખંડી સમવસરણની નજીક હોય તોય તેને લેવા દેવા નહિ. ભગવાન સાથે એટેચ્ચ થતા મલિનતા રોકે છે. અનિતી માટે જ્ઞાનીની દૃષ્ટિ શું? જીવનના નિર્ણયો તમારી દૃષ્ટિએ કે જ્ઞાનની દૃષ્ટિએ? રાત્રિ ભોજન તમારી દૃષ્ટિએ કરો કે જ્ઞાનીની દૃષ્ટિએ? અનીતિના આવેલા પૈસા ભવાંતરમાં દરિદ્રતાનું રીઝર્વેશન છે. ચાર મહિનાની ગોળ ખાવાની વાત કરી પણ સાથે ચાર માસ માત્ર કારેલા ખાવાની વાત હોય તો? ગોળ કારેલાની તાકાત તોડી નાખે છે. તો યતના પાપક્રિયાની તાકાતને તોડી નાખે છે. ગોળની વાત આવી ચાલો ખાઇ લઇએની ભાવના આવે. આખી જિંદગી આખી સમજવામાં પૂરી થઇ તો આચરવાનું ક્યારે? જે બુદ્ધિએ તમને બગાડ્યા છે તે હજી એજ બુદ્ધિએ તમો ચાલવા માંગો છો? એને જ જજ બનાવી બેઠા છો. જેમ ડોક્ટરની દવા છતાં રોગ ન મટે તો દવા બદલવી પડે પણ ડોક્ટર બદલ્યા કરો તો? ભગવાનને સમર્પિત થવામાં રોકે છે કોણ? બુદ્ધિએ આંખ જ્ઞાનીની નથી માંગી, દૃષ્ટિ જ્ઞાનીની છે.

આંધળાને પણ કેવળજ્ઞાન પણ જો દૃષ્ટિનો ઉઘાડ હોય તો, કષાય કરવાની બુદ્ધિ સાધુને જાગે તો તેમાં મોતનું દર્શન કરવું કષાયને અગ્નિ તરીકે જોજે. અમે ચારિત્ર લીધું અમારી દૃષ્ટિથી કે જ્ઞાનીની તત્વ દૃષ્ટિથી અનુભવ્યું.

સમ્યક્દર્શન અને તત્વદૃષ્ટિ પેરેલલ ચાલે છે.

સિદ્ધચક્ર પૂજનમાં પણ તત્વદૃષ્ટિરુપાયની વાત છે ને? ચાલવાથી, પડવાથી, બોલવાથી, ખાવાથી થતાં પાપકર્મના બંધથી બચવાની વાત પહેલાં. બંધની વાત પછી. દશવૈકાલિકમાં પણ આજ માર્ગદર્શન છે. તેરમે ગુણસ્થાને પણ પાપ થયા કરશે, પાપના બંધ ત્યાં સુધી મોક્ષમાં નહીં જવા દે.

દરેક ક્રિયા, બોલો જયણાપૂર્વક, ચાલજો યતનાપૂર્વક, સૂવામાં કર્મબંધ ન થાય તે રીતે.

- સોમચંદ્રસૂરિજીને વિહારમાં સાપ કરડ્યો. શરીર લીલુંછમ થઇ ગયું. જાણકાર

શિષ્યો દોડ્યા. એક જાણીતી વનસ્પતિનું એક પાન તોડી લાવ્યા. વાટીને તેનો રસ સાપ જ્યાં કરડ્યો હતો એ જગ્યા પર લગાડ્યું. ઝેર ત્યાં જમા થઇ ગયું તરત ચૂસીને ઝેર કાઢી નાખ્યું. ગુરુ જાગૃત બન્યા. પૂછ્યું તમો બધા કેમ ભેગા થયા છો? મુખ્ય શિષ્યે બધી વાત કરી કયો ઉપચાર કર્યો? શિષ્યે બધી વાત કરી. ગુરુએ પૂછ્યું પાંદડુ નીચે પડેલું કે ઝાડ ઉપરથી તોડ્યું? ઉપરથી તોડ્યું, જવાબ આપ્યો, ગુરુએ ૫૦૦ શિષ્યો વચ્ચે પ્રત્યુત્તર આપતા કહ્યું. તમોએ મારા જીવનદાન માટે પુણ્યનું ઉપાર્જન કર્યું જ છે. પણ એક પાંદડાની વિરાધના કરી માટે હવે આજીવન છ  વિગઇનો ત્યાગ કરું છું. તમોએ જાવજીવના પચ્ચખ્ખાણ તોડ્યા તેના માટે હું જાવજ્જીવ છ વિગઇ ત્યાગું છું. સંસારમાંથી બચાવનાર એક માત્ર યતના/જયણા છે. દરેક ક્રિયા કારેલા જેવી છે. યતના ગોળ જેવી છે.

- વડીલ દીકરીના કહેવાથી વ્યાખ્યાનમાં ગયા. વ્યાખ્યાનમાં પૂજ્યશ્રીએ પૂંજણીનો મહત્વ બતાવ્યો. બધાએ નિયમ લીધો. રોજ સવારે ચૂલો/ગેસ પૂંજીને પછી ચાલુ કરવો. એ વડિલે કહ્યું સાહેબ! પૂંજણીનો નિયમ લીધો હતો. સવારની ગાડી પકડવી હતી પત્નીને કહ્યું ચા બનાવી આપ. તેણે કહ્યું આજે ઠીક નથી તમો જરા બનાવી લો. બધુ ગોઠવ્યું ચૂલો સળગાવવા ગયો ત્યાં નિયમ યાદ આવ્યો. પૂંજણી લઇ પૂંજવા ગયો. ત્યાં ૪૦૦ થી ૬૦૦ કીડીઓ બહાર આવી. પત્નીને પૂછ્યું આમ કેમ? ત્યારે તેણે જવાબ આપ્યો કે ગઇકાલે મહેમાન આવેલા. ચા બનાવી હતી ઉભરાઇ ગઇ એ ચામાં રહેલી મીઠાશના કારણે કીડીઓ આવી ગઇ એક પૂંજણીથી આટલા જીવ બચી ગયા. પૂંજણીની તાકાત કેટલી? તમારાથી કમજોર જીવોને બચાવવા સમય અને સાવધગિરી નહીં હોય તો ભવાંતરમાં તેમને કતલખાને જતા કોણ બચાવશે?

જીવનનો એક વ્યવહાર અને એક ક્ષેત્ર એવું બનાવો જેમાં ૧૦૦ ટકા ભગવાનની આજ્ઞા ચાલતી હોય.

બાથરૂમમાં સાબુના ક્ષારમાં ષટકાય શસ્ત્ર છે. પાણીના જીવો મરે ઉપરથી ઠંડુ પાણી રેડતા.

પાણીના જીવો પાણીથી મરે તે સ્વકાય શસ્ત્ર.

પાણીના જીવો બીજાથી મરે તે પરકાય શસ્ત્ર.

સાબુના ક્ષારમાં પરકાય શસ્ત્ર છે. તેનાથી પાણીના જીવો મરે છે. કોઇને એક્સીડેન્ટના ઘાવ પર ક્ષાર છાંટવામાં આવે તો કેવી વેદના થાય. પહેલા સાબુ ઓછા કરો પછી કાઢજો. સામાન્ય ધર્મ છોડી વિશેષ ધર્મ પકડવા જાય તેના વિશેષ ધર્મનો કોઇ અર્થ નથી. એમ હરિભદ્રસૂરિ કહે છે.

સવારની યાતના પછી યતના પ્રથમ કરજો. સવારના સંડાસ ધોવાય ત્યારે પાણીની

થતી વિરાધનામાં બધો જ ધર્મ ધોવાઇ જાય છે. પાણીના અસંખ્ય ટીપામાં અસંખ્ય જીવો નહીં પણ પોતાની જાત દેખાવી જોઇએ. ભવાંતરમાં જો ત્યાં ઉત્પન્ન થવાનું આવશે તો આપણું શું થશે? અનંતકાળમાં ભમવું ન હોય તો નાનામાં નાના જીવને બચાવો. મારી આંખ પર મારો ભરાસો નથી. કરેલા પાપો માર ખાય કે ભોગવવા પડે? ભોગવવા પડે. ભોગવવા પડે છે એના કરતા નવા ચિક્કાર બંધાય છે. હોટેલમાં જવાથી થયેલા પાપ આયંબિલ કરવાથી છૂટે તેનો અર્થ શું? નવા ન બંધાય? નવા ન બંધાય તો જૂનાનું શું? જિંદગીભર વાસનામાં પાપ કર્યા પછી જીવનભરના બ્રહ્મચર્યના પચ્ચખ્ખાણનો અર્થ સરે છે? વર્તમાનમાં કરેલા પાપો છોડવા અને ભવાંતરમાં નવા ન બંધાય તે રેશ્યો કેમ તૂટવાનો? કમ્મપયડી સૂત્રમાં કહ્યું છે. જિન શાસનની અદ્ભુત પ્રસાદી છે. ચીકણામાં ચીકણું કર્મ બાંધ્યા પછી ઉદયમાં આવતા પહેલા અબાધાકાળ આવે. આ અબાધાકાળ એટલે પીડા ન કરી શકે તે તેમાં આયંબિલ કરવાની તક મળી તે. અત્યારે અનંતકાળના અનંત કર્મો સુષુપ્ત અવસ્થામાં પડ્યા છે, તો આ અબાધાકાળમાં તેની સાધના કરી-આરાધના વધારી તોડી નાખો. માટે વર્તમાનકાળનો ધર્મ અબાધાકાળમાં લાભ ઉઠાવવા મનુષ્ય ભવ મળ્યો છે તેમાં ધર્મ કરી લેવા જેવો છે.

સ્ત્રીને જોઇને થયેલા વિકારને તોડવાની તાકાત પ્રભુ દર્શનમાં  છે. ચીકણામાં ચીકણા કર્મો સ્ટોકમાં પડ્યા જ છે. તેમાં પાપો ચાલુ રાખવા છે કે ધર્મ કરી પાપો છોડવા છે? તે નક્કી કરી લેજો. કર્મ તો છે જ એને ઉદયમાં આવતા ભોગવવાની તાકાત નથી આપણે શું કરી રહ્યા છીએ? અંધાપો આવે તે પહેલા મળેલી આંખોથી પરમાત્માના દર્શન કરી લેજો. **પાપક્રિયા અને પાપોના ભાવ બન્ને જુદા છે.** તંદુલિયા મત્સ્યનો પાપનો ભાવ નિરંતર ચાલ્યા કરે છે. તેને ગતિ નિરંતર દુઃખવાળી મળે. ગરોળી જુઓ તેની લેશ્યા કેવી? સ્ટેડી રહે પણ મુખ કેવું? કોઇ જીવને જોયો નથી અને તરાપ મારી નથી. ૨૪ કલાક તેના ભાવ ખરાબ. ખરાબ ક્રિયા માફ કરી દઇએ પણ ખરાબ ભાવ માફ ન કરાય. બિલાડીના ભવમાં મા એવી ટ્રેનીંગ આપે છે કે ઉંદર કેવી રીતે મારી શકાય.

ભાવનો બગાડો ભવ બગાડે. અને બગડી ગયેલો ભવ આગળ જતા ભવની અને ભાવની પરંપરા બગાડી નાખે છે. ભવાંતર તો બગડે જ છે જ. પાપ કરવા પડે તે ઠીક પણ પાપના વિચારોમાં રમતા નહીં. છ ખંડનું સામ્રાજ્ય ચક્રવર્તીને આપ્યુ. જ્યારે અઢી ફૂટનું રજોહરણ ગુરુએ આપ્યું એના આનંદનું વર્ણન કરી શકાય તેમ નથી. અબાધાકાળનો લાભ ઉઠાવી લો. મન મૂકીને પરમાત્માના દર્શન-વંદન-પૂજન-ગુણગાન કરો. સદ્ગતિ મળશે જ. હમણાં જેટલો સમય મળ્યો છે તે ખૂબ મહત્વનો છે. બે ઘડીથી સીત્તેર કોડાકોડી ભવનો. આજે બાંધેલું કર્મ બે ઘડીથી લઇ ૭૦૦૦ વર્ષમાં જ ઉદયમાં આવે. આજે જે અંગોપાંગ સ્વસ્થ છે. સંપૂર્ણ

મનુષ્ય જીવન અબાધાકાળનો મળેલો સમય છે. આપણે સાધના કરવાની છે. અનંત ગુણો સત્તામાં પડેલા છે. સાવધગિરી રાખવાની છે. કારણ કે અનંતદોષો પણ સત્તામાં પડેલા છે. સાવધગિરી કરવાની છે કે દોષો બહાર આવે નહીં. ભગવાનને જે રોકડે છે. આપણે ચોપડે છે. ચોપડામાં આવેલી ચીજ રોકડામાં આવી જાય તે માટે ભગવાનની ભક્તિ કરી ન્યાલ થઇ જઇએ.

- જ્ઞાનવિમલસૂરિ મહારાજાનું છેલ્લું ચોમાસું રાંદેર (સુરત) હતું. પાટ પર બેસી ન શકાય તેવી પરિસ્થિતિ હતી છતાં અભિગ્રહ કર્યો રોજ સવારના સિદ્ધગિરીનું એક સ્તવન ન રચાય ત્યાં સુધી મોઢામાં પાણી-નવકારશી ન કરવી. છેલ્લે તેમણે ૯૩૩ સ્તવન બનાવ્યા. મુંબઇ ઘાટકોપરથી કોઇક ભાવિકે એના સ્તવનોની બુક પ્રકાશન કરી છે.

અબાંધાકાળનો સદ્ઉપયોગ કરો.

સદ્ગતિ રીઝર્વ કરો.

**અત્યારના કાળે ચાર કલંક લાગેલા છે.**

૧. વૈરાગ્યની કચાશ.

૨. વિનયની કચાશ.

૩. વિવેકની કચાશ.

૪. શ્રદ્ધા-પુરુષાર્થની કચાશ.

વિતરાગી, વૈરાગી અને ગુણ નામનો
છોડ રૂપવાન, સંપત્તિવાન અને
સત્તાવાનના નાદે ચઢવા જેવું નથી.

# २० सर्वसमृद्ध्यष्टकम्

बाह्यदृष्टिप्रचारेषु, मुद्रितेषु महात्मनः ।
अन्तरेवावभासन्ते, स्फुटाः सर्वाः समृद्धयः ।।१।।

(१) बाह्य दृष्टिप्रचारेषु-વિષયસેવન આદિ બાહ્ય દૃષ્ટિનો પ્રચાર मुद्रितेषु-બંધ થતાં महात्मनः-મહાત્માને अन्तः-આત્મામાં एव-જ सर्वाः-સર્વ समृद्धयः-સમૃદ્ધિઓ स्फुटाः-સ્પષ્ટ अवभासन्ते-ભાસે છે.

(૧) વિષયસેવન આદિ બાહ્ય પ્રવૃત્તિ રોકવાથી મહાત્માઓને આત્મામાં જ સર્વ ઋદ્ધિઓ સ્વાનુભાવથી સ્પષ્ટ દેખાય છે.[1]

હું સ્વરૂપે આનંદમય છું, નિર્મળ, અખંડ અને સર્વ પ્રકાશક જ્ઞાનવાળો છું, ઇંદ્રાદિ સંપત્તિઓ ઔપચારિક છે, હું અવિનાશી છું, ઇંદ્રાદિ સંપત્તિ વિનાશી છે, આવા પ્રકારના આત્મસ્વરૂપના જ્ઞાનવાળા મહાત્માને પોતાના આત્મામાં જ સર્વ સંપત્તિઓ ભાસે છે. પણ, ઇંદ્રિયોની વિષયોમાં થતી પ્રવૃત્તિ રોકવી જોઇએ. આત્મજ્ઞાન થવા છતાં જો ઇંદ્રિયોની વિષયોમાં પ્રવૃત્તિ ચાલુ રહે તો આત્મામાં રહેલી સંપત્તિનો અનુભવ ન થાય.

समाधिर्नन्दनं धैर्यं, दम्भोलिः समता शची ।
ज्ञानं महाविमानं च, वासवश्रीरियं मुनेः ।।२।।

(२) समाधिः-સમાધિરૂપ नन्दनं-નંદનવન धैर्यं-ધીરતા રૂપ दम्भोलिः-વજ્ર समता-સમતા રૂપ शची-ઇન્દ્રાણી, ज्ञानं-महाविमानं-સ્વરૂપના અવબોધરૂપ મોટું વિમાન इयंवासवश्रीः-ઇન્દ્રની આ લક્ષ્મી मुनेः-મુનિને (છે.)

(૨) ઇંદ્રની ઋદ્ધિ મુનિમાં પણ ઘટે છે. મુનિને સમાધિ (-ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની એકતા) રૂપ નંદનવન, ધૈર્ય રૂપ વજ્ર, [1]સમતા રૂપ ઇંદ્રાણી, સ્વરૂપબોધ રૂપ મહાન વિમાન હોય છે.

विस्तारितक्रियाज्ञान-चर्मच्छत्रो निवारयन् ।
मोहम्लेच्छमहावृष्टिं, चक्रवर्ती न किं मुनिः? ।।३।।

(३) विस्तारित-क्रिया-ज्ञान-चर्म-छत्रः-વિસ્તારેલા છે ક્રિયા અને જ્ઞાનરૂપ ચર્મરત્ન અને છત્રરત્ન જેણે એવા (અને) मोह-म्लेच्छ-महावृष्टिं-મોહરૂપ મ્લેચ્છોએ કરેલી મહાવૃષ્ટિને निवारयन्-નિવારતા मुनिः-સાધુ किं-શું चक्रवर्ती-ચક્રવર્તી न?-નથી?

(૩) ક્રિયારૂપ ચર્મરત્ન અને જ્ઞાનરૂપ છત્રરત્નને વિસ્તારીને મોહરૂપ મ્લેચ્છોની (વાસનારૂપ) વૃષ્ટિને રોકતા મુનિ શું ચક્રવર્તી નથી?

ભરત ચક્રવર્તી દક્ષિણ ભરતને સાધીને ઉત્તર ભરતમાં આવ્યા ત્યારે ત્યાંના પરાક્રમી મ્લેચ્છોએ ચક્રવર્તીના સૈન્યો ઉપર હુમલો કર્યો. તેમાં નહિ ફાવવાથી અઠ્ઠમ તપ કરી પોતાના કુળદેવ મેઘમુખ દેવની આરાધના કરી. પ્રગટ થયેલા દેવે ચક્રવર્તીના સૈન્યને હેરાન કરવા મૂશળધાર વર્ષાદ વરસાવ્યો. આથી ચક્રીએ ચર્મરત્નનો સ્પર્શ કર્યો એટલે તે ભૂમિમાં બાર યોજન વિસ્તાર પામ્યું. તેના ઉપર સઘળું સૈન્ય રહ્યું. ચક્રીના સ્પર્શથી છત્ર રત્ન પણ બાર યોજન વિસ્તૃત બનીને ઉપરના ભાગમાં છવાઇ ગયું. ચર્મરત્નના બરોબર મધ્યભાગમાં મણિરત્ન રાખવાથી સર્વત્ર પ્રકાશ ફેલાઇ ગયો. સાત રાત પછી વૃષ્ટિ બંધ થઇ ગઇ. આ પ્રમાણે ભરત ચક્રવર્તીએ ચર્મરત્ન અને છત્રરત્નના વિસ્તારથી સૈન્યનું રક્ષણ કર્યું. આ ઘટનાને અહીં ગ્રંથકાર મહાત્માએ આધ્યાત્મિક દૃષ્ટિએ મુનિમાં ઘટાવી છે.

नवब्रह्मसुधाकुण्ड-निष्ठाधिष्ठायको मुनिः ।
नागलोकेशवद्भाति, क्षमां रक्षन् प्रयत्नतः ।।૪।।

(૪) नव-ब्रह्म-सुधाकुण्ड-निष्ठा-अधिष्ठायकः-નવ પ્રકારના બ્રહ્મચર્યરૂપ અમૃતકુંડની સ્થિતિના સ્વામી (અને) प्रयत्नतः-કાળજીથી क्षमा-સહિષ્ણુતાને (પૃથ્વીને) रक्षन्-રાખતા मुनिः-સાધુ नागलोक-ईशवत्-નાગલોકના સ્વામી (શેષનાગ)ની જેમ भाति-શોભે છે.

(૪) નવપ્રકારના બ્રહ્મચર્ય રૂપ અમૃત કુંડોની સ્થિતિના સ્વામી અને પ્રયત્નથી ક્ષમાનું પાલન કરતા મુનિ નાગલોકના સ્વામી શેષનાગની જેમ શોભે છે.

શેષનાગ નવ અમૃત કુંડોનો અધિષ્ઠાતા છે અને ક્ષમાને=પૃથ્વીને ધારણ કરે છે એવી લોકોક્તિ છે. આ લોકોક્તિને અહીં મુનિની સાથે ઘટાવવામાં આવી છે. બ્રહ્મચર્યની નવ વાડોનું પાલન કરવામાં સમર્થ હોવાથી મુનિને તેના સ્વામી કહ્યા છે.

मुनिरध्यात्मकैलासे, विवेकवृषभस्थितः ।
शोभते विरतिज्ञप्ति-गङ्गागौरीयुतः शिवः ।।૫।।

(૫) अध्यात्म-कैलासे-અધ્યાત્મરૂપ કૈલાસમાં विवेक-वृषभ-स्थितः-વિવેકરૂપ વૃષભ ઉપર બેઠેલા विरतिज्ञप्ति-गङ्गागौरीयुतः-(=विरति-गंगा, ज्ञप्ति-गौरी-युतः) ચારિત્ર રૂપ ગંગા અને જ્ઞાનરૂપ પાર્વતીથી સહિત मुनिः-મુનિરૂપ शिवः-મહાદેવ शोभते-શોભે છે.

(૫) અધ્યાત્મ રૂપ કૈલાસ પર્વતમાં વિવેક (=સત્યાસત્યનો નિર્ણય) રૂપ વૃષભ ઉપર બેઠેલા અને વિરતિરૂપ ગંગા અને જ્ઞાનરૂપ ગૌરીની સાથે રહેતા મુનિરૂપ મહાદેવ શોભે છે.

મહાદેવ સ્ફટિકમય કૈલાસપર્વતમાં વાસ કરે છે. વૃષભ તેનું વાહન છે. ગૌરી

(=પાર્વતી) અને ગંગા તેની પત્નીઓ છે. આવી લોકોકિત છે.

ज्ञानदर्शनचन्द्रार्क-नेत्रस्य नरकच्छिदः ।
सुखसागरमग्नस्य, किं न्यूनं योगिनो हरेः ।।६।।

(६) ज्ञान-दर्शन-चन्द्र-अर्क-नेत्रस्य-(જ્ઞાનનો સંબંધ ચન્દ્ર સાથે અને દર્શનનો સંબંધ સૂર્ય સાથે કરવાથી) જ્ઞાનરૂપ ચંદ્ર અને દર્શન રૂપ સૂર્ય જેમનાં નેત્રો છે એવા नरकच्छिदः-નરકગતિનો (નરક-અસુરનો) નાશ કરનારા (અને) सुख-सागर-मग्नस्य-સુખ રૂપ સાગરમાં મગ્ન થયેલા योगिनः-યોગીને हरेः-કૃષ્ણથી किं न्यूनं-શું ઓછું છે.

(૬) જ્ઞાન-દર્શન (=વિશેષ અને સામાન્ય બોધ) રૂપ ચંદ્ર-સૂર્ય જેનાં નેત્રો છે એવા, નરકગતિનો નાશ કરનારા અને સુખરૂપ સમુદ્રમાં લીન થયેલા યોગીને કૃષ્ણથી જરાય ઓછું નથી.

કૃષ્ણનાં ચંદ્ર અને સૂર્ય એ બે નેત્રો છે. તે નરકાસુરનો નાશ કરે છે. તે અષાઢ સુદ અગિયારસથી ક્ષીરસમુદ્રમાં શેષનાગની શય્યામાં પોઢી જાય છે અને કારતક સુદ અગિયારસે જાગે છે એવું શિવધર્મના અનુયાયીઓ માને છે.

सा सृष्टिर्ब्रह्मणो बाह्या, बाह्यापेक्षावलम्बिनी ।
मुनेः परानपेक्षान्त-र्गुणसृष्टिस्ततोऽधिका ।।७।।

(७) ब्रह्मणः-બ્રહ્માની बाह्य-अपेक्षा-अवलम्बिनी-બાહ્ય કારણની અપેક્ષા રાખનાર या-જે बाह्या-બાહ્ય सृष्टिः-જગતરૂપ સૃષ્ટિ છે, ततः-તેનાથી (બ્રહ્માની બાહ્ય સૃષ્ટિથી) मुनेः-મુનિની पर-अपनेक्षा-अन्तः-गुण-सृष्टिः-બીજાની અપેક્ષાથી રહિત અંતરંગ ગુણની સૃષ્ટિ अधिका-અધિક છે.

(૭) બ્રહ્માની બાહ્ય સૃષ્ટિ (=વિશ્વનિર્માણ)થી મુનિની આંતરિક ગુણસૃષ્ટિ (=આત્મગુણોનું પ્રકટીકરણ) ઉત્કૃષ્ટ છે. કારણ કે બ્રહ્માની બાહ્યસૃષ્ટિ બાહ્ય કારણની અપેક્ષા રાખે છે, જ્યારે મુનિની આંતરિક ગુણસૃષ્ટિ પરની અપેક્ષાથી રહિત છે.

रत्नैस्त्रिभिः पवित्रा या, स्रोतोभिरिव जाह्नवी ।
सिद्धयोगस्य साप्यर्हत्पदवी न दवीयसी ।।८।।

(८) स्रोतोभिः-(ત્રણ) પ્રવાહોથી जाह्नवी-ગંગાની इव-જેમ या-જે त्रिभिः-જ્ઞાનાદિ ત્રણ रत्नैः-રત્નોથી પવિત્ર છે, सा=તે अर्हत्पदवी-તીર્થંકર પદવી अपि-પણ सिद्धयोगस्य-સિદ્ધયોગવાળાને दवीसयी-બહુ દૂર न-નથી.

(૮) ત્રણ પ્રવાહોથી પવિત્ર ગંગાનદીની જેમ સમ્યગ્દર્શનાદિ ત્રણ રત્નોથી પવિત્ર અરિહંત પદવી પણ સિદ્ધયોગ સાધુને દૂર નથી.

સિદ્ધયોગીને સમાપત્તિ આદિ ધ્યાનથી તીર્થંકરના[૧] દર્શન થાય છે. ગંગા પાતાલ, મનુષ્ય અને સ્વર્ગ લોકમાં વહે છે. આથી તેના ત્રણ પ્રવાહ છે.

## સંસ્કારો અને સંયોગોની એન્ટ્રી

- અશુભ કર્મના ક્ષયની ચિંતા પછી કરજો પહેલાં અશુભ કર્મનો બંધ ન થાય એ લક્ષ રાખો.
- ઢગલાબંધ પાપ પ્રવૃત્તિઓ કદાચ ચિક્કાર કર્મો બંધાવે છે. પણ તીવ્ર રસપૂર્વક નાનકડી પણ પાપ પ્રવૃત્તિ ચીકણાં કર્મો બંધાવે છે.
- પદાર્થ તરફની દૃષ્ટિ આત્માને આક્રમણમાં ખેંચી જાય છે જ્યારે પરમાત્મા તરફની દૃષ્ટિ પ્રતિક્રમણ તરફ વળી જાય છે.
- ગુણસ્થાનકોની વિશુદ્ધિ ધર્મ પ્રવૃત્તિને એટલી નથી બંધાયેલી પણ પાપનિવૃત્તિને બંધાય છે.
- અર્થદંડના પાપો કરતાય અનર્થદંડના પાપો આત્મા માટે વધારે ખતરનાક છે.
- ચાર ક્ષેત્રના ધર્મની ખાલી જગ્યા પૂરતા રહો અને વિરાધના ક્ષેત્રે દરવાજા બંધ કરતા રહો.
- ધર્મ ક્રિયાઓમાં આપણું મન સ્થિર નથી એ આપણી સમસ્યા નથી પણ પાપ ક્રિયાઓમાં મન સ્થિર છે એ આપણી સમસ્યા છે.

**બાહ્ય દૃષ્ટિની પ્રવૃત્તિ બંધ પડતા જ મહાત્માઓને અંતરથી પ્રગટ થયેલી સર્વ સમૃદ્ધિઓ ભાસે છે.**

અનંત શાસ્ત્રકાર, પરમ ઉપકારી ઉપાધ્યાયજી મહારાજ જ્ઞાનસારમાં સર્વ સમૃદ્ધિ અષ્ટકમાં જણાવે છે. બહારના પરિબળોને બંધ કર્યા સિવાય અંતરની સમૃદ્ધિ સુધી પહોંચી શકાતુ નથી. મારી અને તમારી પાસે અનંત લબ્ધિઓ છે, એ પ્રલોભનોમાં પણ ફસાવવા જેવું નથી. બહારની ધૂળ ઉડતી દેખાય અને તે અંદર ન આવે તેનો વિકલ્પ એ છે કે બારી-બારણા બંધ કરીએ. બાંધેલા કર્મ તોડવા એ સારી વાત છે પણ નવા કર્મ ન બંધાય એની કાળજી રાખજે. **પાપકર્મ, પાપવૃત્તિ પાપ પ્રવૃત્તિ, પાપના સાધનો, અને પાપ પ્રત્યેનો પક્ષપાત પણ ઓછો નથી.** સથવારા અને સંપર્ક ઘટાડો. પાપકર્મના ઉદયકાળમાં, કર્મ બાંધતી વખતે ચિત્તમાં ધ્યાન રાખજે. સાવધ રહેજો. અને પાપ ભોગવતા હસતા રહેજો. આનંદઘનજી મહારાજે કહ્યું છે કે- **'ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યાં પછી કોઇ ન બાંધે કર્મ'** મૃત્યુ આવે એ પોષાય પણ નવા કર્મ ન જોઇએ. પાપ કરવાવાળો દુર્ગતિમાં જાય પણ દુર્ગતિની ગતિવાળો પાપ કરીને ક્યાં જાય? જેટલી સંપત્તિની મૂડી વધારે એટલા સદ્ગતિના દરવાજા બંધ થાય છે. હિતમાં અપ્રવૃત્તિ કરતા અહિતમાં પ્રવૃત્તિ સંસાર પરિભ્રમણનું કારણ છે. પ્રભુના દર્શન જામતા નથી, કારણ હૃદયના દરવાજા બંધ કરી દીધા છે. દર્શન નિર્મળ, મુદિતેષ હોવું જોઇએ. સંસારની

રખડપટ્ટીનું કારણ આરાધના ઓછી કરી છે તે નથી પણ વિરાધના બંધ કરતા જ નથી. લંગોટ પહેરેલ સાધુએ રાજાને કહ્યું તમારી ઊંઘ અલગ છે, અમારી ઊંઘ અમને પરમાત્માથી જોડે છે. અમને પ્રમાદ કરવો ન પરવડે. ૫૦ રૂા.નું દેવું ચૂકવો સામે ૫૦૦ રૂા.નું નવું ઉભું કરો. વિશુદ્ધ પુણ્ય ઉભું ય કરો સામે મલિન પુણ્ય પણ બાંધતા જાઓ છો. તમારે ત્યાં પુણ્ય બંધ છે અમારે ત્યાં કર્મ નિર્જરા છે. **નગરની રક્ષા માટે કિલ્લો હોય પણ ઢોરની રક્ષા માટે ખીલો જ હોય.** ખીલે બંધાયેલ ઢોર સલામત અને નગર કિલ્લાથી સલામત. વર્તમાન કાળે પાપના બે નિમિત્તો છે.

- પાપ પ્રવૃત્તિ ખૂબ કરો ત્યારે ચિક્કાર કર્મો બાંધો છો.
- પાપ પ્રવૃત્તિ રસપૂર્વક કરે ચીકણા કર્મનો પ્રવેશ બંધ થાય છે, પ્રવેશ બંધ અને પ્રદેશ બંધને સમજી લો. કર્મદર્શનની ભૂમિકા છે જે ગમે તે મળે અથવા તેમાં ઉત્પન્ન થાઓ. કોઇની સમૃદ્ધિ જુઓ ભલે પણ એના મોહમાં ખેંચાઇ ન જાઓ. દેવશર્માને પત્ની પર ખૂબ રાગ, ગૌતમ સ્વામીએ પ્રતિબોધતા ન બોધ પામ્યા. પત્નીના રાગના કારણે પત્નીનાં માથામાં જૂ તરીકે ઉત્પન્ન થયા. જેને ભગવાન ગમે તેને ભવાંતરમાં ભગવાન મળે અથવા સ્વયં ભગવાન બની જાય. અનેક દેવતાઓ છેલ્લે વનસ્પતિકાય, ત્રસકાય તરીકે ઉત્પન્ન થાય છે. ફરવા ખાતર પણ બહાર આંટો માર્યો તો ખલાસ. કર્મના બંધનો આધાર વિશાળ ક્ષેત્ર છે. તે તમે ખુલ્લા રાખ્યા છે.
- કુમારપાળે ચાતુર્માસમાં ત્રણ ક્ષેત્ર ખુલ્લા રાખેલા. દેરાસર, ઉપાશ્રય અને ઘર. તે સિવાયના બધા જ ક્ષેત્ર બંધ.
- કચ્છ મોટા આસંબીયાના શ્રેષ્ઠિરત્ન શ્રી શામજીભાઇના આ ત્રણ ક્ષેત્ર ખુલ્લા ગામની ગલીઓ પણ વોસિરે! તમો ઘરથી બહાર નીકળો ત્યારે જે ચીજ તમારા ઉપયોગની નથી એની સામે જોવું નથી.
- મુ. શ્રી નયપ્રભસાગરજી, મુ. શ્રી કંચનસાગરજી બન્ને જે જોઇતું નથી એને જોવું શું કામ? વહોરાવવા આકર્ષક આઇટમો આવે પણ જોઇએ તો પ્રલોભન થાય ‘ન દેખવું - ન દાજવું’ અમો ત્રણ પ્લસ પોઇન્ટથી ઘણા પાપોથી બચી ગયા. ૧) ગલત શ્રવણ, ૨) ગલત સ્મરણ ૩) ગલત દર્શન.

  બૃહત્કલ્પ-ઓઘ નિર્યુક્તિમાં લખ્યું છે કે ‘કોઇપણ કારણ વગર સાધુ ઉભો થાય તો તેને પ્રાયશ્ચિત આવે છે. કાયગુપ્તિની સજ્ઝાયમાં સાધુ બહાર ક્યારે જાય એના કારણો દર્શાવ્યા છે. ૧) પરમાત્મામાં દર્શન કરવા ૨) વિહાર સમયે ૩) આહાર-ગોચરી માટે, ૪ ) વિહાર-કુદરતી શંકા માટે બહાર જાય એના સિવાય બહાર ન જાય. બાકી સાધના માટે માનસિક તૈયારી કરીને જાય. એક-બે-ત્રણ ઓછા ગુણસ્થાનકમાં ધર્મ પ્રવૃત્તિ થાય. વધે તો ઉપલા ગુણસ્થાનકે વધે નહીં તો પાપ

નિવૃત્તિ વધે, પાપ ઓછા થાય. ગુણસ્થાનકનો વિકાસ થાય. બાહ્યદૃષ્ટિ છોડવાની આપણી તૈયારી કેટલી? કામસિવાય બહાર જવું નહીં અને ધંધા સિવાય બહાર જવું નહીં. કબીરના વચનો યાદ કરો 'મન જાએ તો જાને દો મત જાને દો શરીર' ચિનગારીને પેટ્રોલ મળે તે પ્રજ્વળે અને ચિનગારીને પેટ્રોલ ન મળે તો ઝળહળે નહીં. તેમ આચારનું બળ ન મળે તો ધીમે ધીમે જાય. ઘણાને ટ્રેનમાં બારી પાસે બેસવાનું ગમે? કારણ હવાખાવાનું. પણ પ્લેનમાં બારી પાસે બેસવાનું કારણ? અંદરની સમૃદ્ધિ જોવા બહારના દરવાજા બંધ કરો. અંતરની સમૃદ્ધિના દર્શન નહીં થાય પણ જેની પાસે પુષ્કળ આશ્રવોના સ્થાન ખુલ્લા છે એને અંતરની સમૃદ્ધિનો વિચાર સુદ્ધા નહીં આવે. માંસાહાર વિષેની વાતો પણ ગમતી નથી. એમાંથી જાતની બાદબાકી કરો છો ને? તેમ જીવનમાં પાપના ક્ષેત્રો છોડવાની તૈયારી કેટલી? અર્થદંડના પાપો કરતા અનર્થદંડના પાપો ભયંકર છે. અર્થદંડના પાપ કરતા અનર્થદંડથી બચો. જે પાપોની પાછળ તે અનર્થદંડ. કારણથી દંડાય તે અર્થદંડ અને કારણ વિના દંડાય તે અનર્થદંડ કહેવાય. આનંદઘનજી મહારાજના શબ્દો યાદ રાખો 'મૂલડો થોડો ને વ્યાજડો ઘણો' માત્ર બે મિનિટની શ્રેણિક રાજાની આનંદની સજા કેટલી? નરકે મોકલી દીધાને? તીર્થંકરના સમ્યકત્વને તોડવાની તાકાત ચીકણાં કર્મોમાં છે. આરાધના ક્ષેત્રે ખાલી જગ્યાઓ પૂરો અને વિરાધના ક્ષેત્રોના દરવાજા બંધ કરો. તમારી આરાધના જે ભાવથી જામતી નથી તે ભાવ ઉમેરી દો. જામી જશે. તમો સંસારથી કેટલા દિવસ અલિપ્ત રહી શકો? એક સમુદાયના વેષમાં પર્યાયવાળા સાધુનો ૭૦ વર્ષી જુવાન દીકરો મૃત્યુ પામ્યો. સમાચાર સાંભળ્યા. બીજા સાધુએ પૂછ્યું તો કહે રોજ લાખો દીકરાઓ મૃત્યુ પામે છે. મારું છે તે જતું નથી. જાય છે તે મારું નથી પ્રભુ એને સદ્‌બુદ્ધિ આપે એમ કહી પુનઃ સ્વાધ્યાયમાં લાગી ગયા. સાધુ તો સુખિયા ભલા... નું કારણ બહારના દરવાજા બંધ થઇ ગયા. લગ્નમાં જાઓ તો અલિપ્ત રહી શકો? શ્રીકૃષ્ણ પરણનાર દીકરીઓને પ્રશ્ન પૂછતા 'રાણી થવું છે કે દાસી? લગ્ન કરીને પતિના ઘરે જાય તે દાસી તો બને છે. પણ રાણી બનવું કહેનારને નેમનાથ ભગવાનના ચરણોમાં મોકલવાની હિતશિક્ષા આપી અનેકને સંયમ પંથે વાળ્યા. બાહ્યદૃષ્ટિ પણ ચારિત્ર તરફ હતી. આપણી તો ફરિયાદ જુદી છે ને વૃત્તિ જુદી છે.

દર્શન ન જામ્યા પણ થિયેટર જામી ગયા. સામાયિક જામતી નથી એના કરતા ગપ્પા વધારે જામ્યા.

'કરેમિ ભંતે' જામ્યું કે 'સામાઇય વયજુત્તો' જામ્યું? રસ શેમાં? એક સામાયિકમાં ૧૪ રાજલોકના જીવોને શાતા સમાધિ મળે. જેવું સામાયિક પાળો એટલે જીવ હિંસા ચાલુ.

'છલ કરી છકાયની તુજ વાણી વિણશી રે
હું તો છું અનાડી અનાદિનો, હું તો મોટો મેવાસી રે

મુજ સરીખા મેવાસીને તારો... આ આત્મારામજી મ.ના શબ્દો છે. વિરતિ વિનાનો શ્રાવક તપેલા લોખંડની લોઢી જેવો છે. જ્યાં ત્યાં હિંસા કરે. પહેલા અંતરને પૂછો પછી ભગવાન બનવાની વાત કરજો.

'રાતનો ભૂલ્યો માનવી, દિવસે માર્ગે જાય, પણ દિવસે ભૂલ્યો માનવી ફિર ફિર ગોથા ખાય' ત્રણ ગતિમાં ભૂલો પડેલો મનુષ્યગતિમાં આવે છે અને મનુષ્ય ગતિમાં ભૂલો પડેલો પણ જો ગોથા ખાય તો સદ્ગતિ બહુ મુશ્કેલ બને છે. શ્રાવકને કસાઇની દુકાન પાસે જવાની ના પાડી છે. કારણ કે રોજ નજર સામે કપાતા જીવો જોતા મનના પરિણામો કઠોર થશે. પ્રભુ શાસનની અદ્ભુત વાતો છે. એક લાકડાના થાંભલામાં ખીલી પણ લગાડતા દાંત કચકચાવવાની મનાઇ છે. લાકડાને તકલીફ નથી પણ જડ પ્રત્યે કઠોર થતાં વખત જતાં જીવ પ્રત્યે કઠોર થવાની શક્યતા છે.

'પ્રીતિ અનાદિની દુઃખભરી પર થકી જે તોડે તે પરમાત્મા સાથે જોડે.' દરજી કપડામાં થી શર્ટ બનાવતા પહેલા પ્રથમ કાપે પછી સીવે છે. સોયનું ગૌરવ કેમ વધ્યું? સાંધે છે માટે. સોય સાંધે કે પહેલા કાણા પાડે. જગતમાં કાણા પાડવાની તાકાત એનામાં જ હોય જેમાં સાંધવાની તાકાત હોય. કપડાના ચીંથરા અને રોટલાના ટુકડા ભલભલાને ભૂલાવી દે છે. જેટલું જાણો એટલું જુઓ. જેટલું જુઓ એટલા મરો. ગુરુભક્તિ-સાધર્મિક ભક્તિ સાધ્યભક્તિ છે. કેળવવાની વાત છે. બાહ્યદૃષ્ટિ પણ કેળવ્યા વિના અંતરદૃષ્ટિ ખૂલી શકતી નથી. બહાર રખડતો આત્મા પોતાના ઘરમાં એનો પગ ન ટકે. ભગવાને ચારિત્રનો માર્ગ બતાવી વિરાધનાના કેટલા દરવાજા બંધ કરાવ્યા. અમારે આત્મા સિવાય શેની ચિંતા? તમારે તો ખાવા-પીવા-રહેવાની-પહેરવાની ચિંતા જ ચિંતા. અધ્યાત્મ કલ્પદ્રૂમમાં મુનિસુંદરસૂરિ મહારાજે કહ્યું છે, હે સાધુ, તારી બધી ચિંતા કરનાર સંઘમાં તું આત્માની ચિંતા નહીં કરે તો શ્રાવક કરતાંય પણ તું નીચે ઉતરી જઇશ. જૈન કુળમાં જન્મ થવાથી ઘણા દરવાજા બંધ થઇ જાય છે. બાકી જે ખુલા હોય તે બંધ કરો. બહાર કચરો છે અંદરમાં ગુણો છે. આજે બધાને બહાર જોવું છે. એના કારણે પુણ્યના દરવાજા પણ બંધ થયા. એક શ્લોક સંસારથી વિમુખ થવા માટે પૂરતો છે. કસાઇના ઘરમાં જે બકરો તગડો થાય ને પહેલા હલાલ થાય. મળી ગયેલા માન-સન્માન કસાઇના ઘરમાં રહેલ તગડો બોકડા બરાબર છે. આપણું લક્ષ શું છે? શું હોવું જોઇએ? લક્ષ્ય વિનાની રમત નકામી છે, ચિત્તની શુદ્ધિ કરો અને આત્માની ઉન્નતિ કરો. ચિત્તની મલીનતામાં રાગ-દ્વેષ, મારું-તારું, રીસ છે ઇર્ષ્યા છે. આ મલિન તત્વોથી ગંધાવાનું નથી. કોઇપણ ઉપાયે આરાધક બનીએ. માનવ જન્મને સફળ કરીએ.

- દરેક શબ્દ અને દરેક વિચાર શુભ ભાવમાં રૂપાંતરિત થાય એ માટે પ્રયત્નશીલ બનજો.
- રાગ જાગ્યા વિના ભક્ત બની શકાતું નથી અને રાગ છોડ્યા વિના ભગવાન બની શકાતું નથી.
- જેની પાસે જ્ઞાનાદિ ત્રણ રત્નો નથી એની મુક્તિની કોઇ શક્યતા નથી.
- પદાર્થ ગમે છે તેની ના નથી પણ પદાર્થ કરતા પરમાત્મા વધુ ગમે છે એટલું આપણે કહી શકીએ તેમ છીએ ખરા?
- ભેંસને બાંધવા માટેનો ખીલો ભેંસ કરતા મજબૂત જોઇએ બસ એજ ન્યાયે મનને વશમાં રાખવા શ્રદ્ધા આપણા મન કરતાં તાકાતવાન જોઇએ.
- પ્રભુ ગમે તે રાગભક્તિ છે... પરમાત્માની સાધના ગમે તે યોગ ભક્તિ છે અને પ્રભુની વિતરાગતા ગમે એ ગુણભક્તિ છે.
- સંસારથી આત્માનો છૂટકારો ત્યારે જ શક્ય બને છે જ્યારે આપણને સંસારથી કંટાળો કાયમી આવે તો.

**જેમ ત્રણ પ્રવાહો વડે ગંગા પવિત્ર છે તેમ ત્રણ રત્નો વડે પવિત્ર તે તીર્થંકર પદવી પણ સિદ્ધયોગવાળા સાધુને અતિ દૂર નથી.**

અનંત જ્ઞાની, કરુણાવંત પરમ ઉપકારી ઉપાધ્યાયજી મહારાજ 'સર્વ સમૃદ્ધિ' અષ્ટકમાં જણાવી રહ્યા છે કે આ જગતમાં મોક્ષની પદવી કોને દૂર છે? જેમની પાસે રત્નત્રયી નથી. જ્ઞાન-દર્શન-ચારિત્ર નથી, તેને માટે દૂર છે. અનંતકાળે ઘણું બધુ ગમ્યું છે. પણ આ ત્રણ ચીજો ગમાડી નથી. પરમાત્માની ભક્તિ કરવા છતાં ઠેકાણું પડતું નથી. એનું આ જ કારણ છે. પ્રભુ પ્રીતિ થાય, એના ગુણોની સ્મૃતિ થવી જોઇએ, એના માર્ગમાં પ્રવૃત્તિ થાય તો કાંઇક અંતરમાં પરિણતિના અંકુશ ઉગે. પરમાત્માની ભક્તિ ત્રણ પ્રકારે કરવાનો પ્રયત્ન કરો.

**૧) રાગભક્તિ :** પ્રભુની વાતો સાંભળો, મન મૂકીને પૂજા કરો. સ્તુતિ-સ્તવન-સ્તોત્ર દ્વારા ઉપાસના કરો. જપ યોગનો પ્રારંભ કરો. પ્રણિધાનના ઠેકાણા નથી. સંકલ્પની ખબર નથી ફક્ત ભગવાન ગમે છે. આપણી આંખ બાહ્ય આકારને ચાહે છે. 'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો ઔર ન ચાહું કંત' રાગ વિના ધર્મની શરૂઆત થાય નહીં. રાગ વિના મિથ્યાત્વ તોડી ન શકાય. રાગ તોડ્યા વિના વૈરાગ્ય પ્રાપ્ત ન થાય. આપણામાં રાગભક્તિ છે કે નહિ તે શંકા છે?

- મુંબઇમાં એક પપ્પા સાથે એનો બાબલો ઉપાશ્રયે બિરાજમાન ગુરુ ભગવંતને

વંદન કરવા ગયા. પૂજ્યશ્રીએ બાબલાને પૂછ્યું. પૂજા કરી? દર્શન કર્યા? 'હા' કેવી રીતે? દર્શન 'નમો જિણાણં' કહી દર્શન કર્યા. પૂજ્યશ્રીએ કહ્યું જો એમ ન પતાવાય. દરેક ભગવાનની પ્રાઇવેટ મુલાકાત લઇ 'નમો જિણાણં' દરેક ભગવાનને કહેવું. અઠવાડીયે પાછા વંદનાર્થે આવ્યા ત્યારે એના પપ્પા કહે આ બાબલાને તમો ચડાવો નહીં. રોજ કેટલી વાર લગાડી દે છે. ચોવિશી સામે ઉભો રહે. બીજા ભગવાનને નમો જિણાણં, ત્રીજા-ચોથા એમ બધાની ગણતરી કરતો જાય છે. નાનકડા બાબાને રાગભક્તિ સમજાઇ એને અમલમાં ઉતારો. હરિભદ્રસૂરિ કહે છે પ્રભુ તારા પર આટલા તર્કો લગાવ્યા તેના ફળરૂપે મને તારું શાસન મળ્યું. હવે એક ચીજ જોઇએ છે કે મને એવા ભાવો જાગો કે તારા પ્રત્યે અવિહડ પ્રેમ ઉભો થઇ જાય. 'તેષાં પરિણતિ ફલં ચારિત્ર રુચિ' કોઇપણ રીતે મનમાં શુભ ભાવના વિચાર પ્રગટો. અનેક પ્રવચનો સાંભળ્યા પછી શુભભાવ પેદા થાય તો માનજો કે શાસનમાં રુચિ છે. કોઇપણ શબ્દને ભાવને શુભભાવમાં બદલો. દીકરો ગમે તેટલું તોતડું કે કાલુઘેલું બોલે તોય તેની માં ને ગમે છે.! જે દૃષ્ટિ પ્રભુ દર્શન કરે તે દૃષ્ટિ ને પણ ધન્ય છે..' આ રાગ ભક્તિ પ્રથમ છે. તેમાં પ્રણિધાન કે કોઇ વિધિ નથી.

૨) **યોગ ભક્તિ** – મન-વચન અને કાયાના યોગને એકાગ્ર બનાવવા પડે તેવી ભક્તિ. ભગવાન ગમે પણ ભગવાન જેટલું કોઇ ન ગમે તે રાગ ભક્તિ 'ઔર ન ચાહું કંત' સ્ત્રીને પતિ સાથે સંતાનો કુટુંબીજનો પણ ગમતા હોય છતાં પતિ જેટલું કોઇ ન ગમે. ભગવાન ગમે અને તેમના સિવાય તમામ જીવો પણ ગમે.

'અભિનંદન જિન દર્શન તરસીએ...' દર્શન કરતા યોગની ઝંખના કરી. જગતના તમામ પદાર્થો કરતા જિનવચનનો રાગ વધારી દો.

- કુમારપાળ મહારાજાના ગુરુ હેમચંદ્રાચાર્ય મ. જ્યારે કાળ પામ્યા ત્યારે પણ કુમારપાળ પ્રભુને વિનંતી કરે છે હે પ્રભુ! સાડા ત્રણ કરોડ શ્લોકના રચયિતા ગુરુ મળ્યા. હે નાથ! તારા વચન ઉપરનો રાગ વધતો જાય એ જે ભાવ ફળરૂપે મળે તે ઇચ્છું છું.

રાગ ભક્તિ પણ કેવી?

- શ્રેણિકને ચેલ્લણા નહોતી ગમતી એવું નથી પણ ચેલ્લણાં કરતા મહાવીર વધુ ગમતા હતા. પ્રભુ વીરને શ્રેણિકે પૂછ્યું ચેલ્લણા કેવી? પ્રભુએ જવાબ આપ્યો 'મહાસતી' છે. તેણે રત્નકંબલ માંગી પણ ન આપી કારણ કે મહાવીર જેવી ભક્તિ ન હતી. રાગભક્તિથી આવતી ચોવિશીના પ્રથમ તીર્થંકરની ભૂમિકા બાંધી.
- ગુજરાતના શહેરમાં એક યુવાનને ચારિત્રની ઝંખના હતી. માતાની પ્રેરણા હતી પણ પિતાજીનો અંતરાય હતો. મન મૂકી પ્રભુની ભક્તિ કરે. યોગ એવા એકાકાર

બનાવે. હાથમાં પકડેલી અગરબત્તી દ્વારા ધૂપ પૂજામાં ખોવાઇ જાય. અગરબત્તી પૂરી થઇ જાય. આંગડીઓ દાઝે ત્યાં સુધી ખ્યાલ ન હોતો આવતો.

- આજેય મુંબઇ-ઘાટકોપરમાં અંબરીષભાઇ છે. પ્રભુની આંગી પ્રક્ષાલે એવા એકાકાર બની જાય. ફાગણ તેરસની ફેરી પૂર્વે દાદાની આંગી સજાવવા પહોંચી જાય. કલાકો ખોવાઇ જાય.

પ્રભુના ગુણ સ્વરૂપમાં ખોવાઇ જાઓ.

૩) **ગુણભક્તિ :** ભગવાનની વીતરાગતા ગમવી જોઇએ. મન-વચન-કાયાના યોગ નહીં જામે તો ચિત્ત જામશે નહિ. કેન્સરની વેદનામાં યોગભક્તિ ન જામે પણ ગુણભક્તિ જામી જશે. જિનપ્રભસૂરિ મહારાજે સંસ્કૃત સ્તોત્રો દ્વારા ગુણ ભક્તિ જમાવી. આજે એમના દ્વારા રચાયેલા ઘણા સ્તોત્રો ઉપલબ્ધ છે. અદ્‌ભૂત સર્જન છે. ભગવાન ભલે ગમે પણ તેમની વીતરાગતા ગમવી જોઇએ. અમે ગમીએ કે અમારા ગુણો ગમે? તમને સાધુ યાદ ક્યાં આવે? સ્નાન કરતા સાધુ યાદ આવે? વાળ કપાવતા? એસીમાં બેસો ત્યારે? વૈભવી કારોમાં દોડતાં? ગુણો સ્પર્શવા જોઇએ.

- એક હોસ્પિટલમાં માંગલિક સંભળાવવા મહાત્માને લઇ ગયા. ૨૮ વર્ષનો છોકરો હતો. કપાળે તિલક હતું. મહાત્મા માંગલિક સંભળાવવાની શરૂઆત કરી નમો લોએ સવ્વસાહૂણં પર પહોંચ્યા ત્યાં બહારથી તેમના કોઇ સ્વજન આવી બોલવા લાગ્યા. અત્યારથી શું સંભળાવો છો? હજી તો કાંઇ એની ઉંમર છે? હવે બોલો, આવી સ્થિતિનું ઠેકાણું ક્યારે પડે?

તુમ ગુણ ગંગાજળે, ઝીલીને નિર્મલ થાઉં છું...
અવર ન ધંધો આદરું નિશદિન તોરા ગુણ ગાઉં રે...'

પહેલા ચરણે રાગભક્તિ, પછી યોગ ભક્તિ અને વચ્ચે ગુણભક્તિ. બધા દોષોના ત્યાગવાળું જીવન મળે તો ગુણભક્તિ ટકે. રોજ દર્શને જાઓ તો રાગ પ્રગટે પણ ક્યારેક જાઓ તો લુખ્ખા દર્શન થાય. ભગવાન તો કહે છે તું મને રાગનું બુંદ આપી દે તો હું એને એનલાર્જ કરી દઇશ. ગૌતમસ્વામી ગુણિયાજીના રસ્તા પર કેવળજ્ઞાન પામી ગયા. સાધના કરતા જે ગૌતમ મેળવી ના શક્યા તે વિલાપે મેળવી આપ્યું. સાધુ ગમે તે ભૂમિકા પર છોડે કે તેમનો વૈરાગ્ય ગમે તે ભૂમિકા પર છો? વૈરાગ્ય ગમશે તો હાલના બધા સંઘર્ષો શમી જશે. રાગ-દ્વેષ બધાજ દોષો વૈરાગ્યની કચાશના કારણે છે. ત્રણ કચાશથી બચો. ૧) પુણ્યની કચાશ ૨) વૈરાગ્યની કચાશ ૩) પરિણતિની કચાશ. આ બધામાં ચોથું પરિબળ છે પુરુષાર્થની કચાશ.

- સુરત ગોપીપુરા નેમુભાઇની વાડીના પાઠશાળાના માસ્તર સુરતના બાળકોને ગોવા ફરવા લઇ ગયા. પણ એક કાયદો કર્યો બે ટાઇમ ઉભયટંક પ્રતિક્રમણ કરવાનું. ગોવા જેવા સ્થળે જઇને બન્ને ટાઇમ પ્રતિક્રમણ કરવાનું એ આશ્ચર્ય નથી?
- ધીરૂભાઇ લંડનના એરપોર્ટમાં વેઇટીંગ રૂમમાં સામાયિક કરી લે આ ભૂમિકા છે આપણી કે ગામ-પરગામ છૂટની ભૂમિકા.

ચારિત્રના માર્ગે જવું મુશ્કેલ છે પણ ચારિત્રના માર્ગે જનારને રજા આપવી ને તેનાથીય મુશ્કેલ છે. આત્મસાત કરેલો વૈરાગ્યનો ભાવ ચારિત્ર ગ્રહણ કરવા અને રજા આપવાની ઇચ્છા કરાવશે. પાનખર ઋતુમાં વૃક્ષ પર પાંદડા ન હોય છતાં એ માળી વૃક્ષને ત્યાગતો નથી. તમો તો ખાલી ઘાસતેલનો ડબ્બો ય છોડવા તૈયાર નથી. તેવા કાળમાં ભર્યાભાદર્યા લીલાછમ સંસાર છોડી દીક્ષાઓ થઇ રહી છે. અચ્છા અચ્છા ભણેલા ગણેલા નીકળી રહ્યા છે.

- સુરપાલ - છ વર્ષની ઉંમરે ઘરેથી ભાગી ગયો. રસ્તામાં આચાર્ય ભગવંત મળ્યા. તેનું કપાળ જોઇ છોકરો તાકાતવાળો લાગ્યો. આને ચારિત્ર આપું એવી ઇચ્છા થઇ. ત્યાં મા-બાપ શોધવા આવ્યા. આચાર્ય મહારાજે મા-બાપ પાસે વાત મૂકી 'આ બાળક અમને સોંપી દો' મા-બાપે એક શરતે હા પાડી એ બાળકના નામમાં અમારું નામ રહેવું જોઇએ. ૭ વર્ષની ઉંમરે દીક્ષા થઇ ' બપ્પભટ્ટી' નામ પડ્યું. રોજની ૧૦૦૦ ગાથા કંઠસ્થ કરે. બાર વર્ષે આચાર્ય પદવી થઇ. ૪૦૦૦ સાધુ-સાધ્વીઓ, રાજા-મહારાજા, રાજવી માણસો, શ્રેષ્ઠિઓ એમની પદવીમાં હાજર હતા. આચાર્ય બપ્પભટ્ટીસૂરિએ ગુરુના મુખ પર ચિંતા જોઇ કારણ પૂછતા ગુરુ ભગવંતે કહ્યું 'તમારા મુખ પર જવાની ફૂટી રહી છે અને તમારી પાછળ ભક્તો પાગલ છે. આ સાંભળી બપ્પભટ્ટસૂરિ ઊભા થઇ પચ્ચખ્ખાણ કરે છે. જાવજીવ છ વિગઇનો ત્યાગ કર્યો અને ભક્તોના ઘરની ગોચરી ન વાપરવી. જો કોઇ તારી નજરે ચડી આવે, કારજ તેહના સફળ કર્યા આ થવું જોઇએ. દુ:ખી ન થાઓ સાથે દોષિત પણ ન બનો. ગુણોના બગીચામાં લઇ જાય તે ભગવાન અને બગીચાનો રસ્તો બતાડે તે ગુરુ છે. ભગવાન આપણી રક્ષા કરે છે. શાસનની, સંઘની, દેવ-ગુરુ-ધર્મની સેવા કરો. રાગભક્તિ અને યોગભક્તિ એ વ્યવહાર માર્ગ છે. ગુણભક્તિ એ પહોંચીએ ત્યારે નિશ્ચય ભક્તિનો માર્ગ શરૂ થાય છે.

ત્રણ રત્નોની સમૃદ્ધિ પ્રાપ્ત કરવા પૂર્વ તૈયારી
૧) ભાવના ૨) આરાધના!
(છેલ્લા ૧૨ અષ્ટકો અવસરે પ્રકાશિત)

આ છે ખારૂઆ ગામનું વૃંદાવન
સુકૃત ગાથાનું સર્જાયું છે
માનસરોવર





ભોજનાલય

આવજો ખારૂઆ ગામ
રળિયામણો છે
નેમિજિન પ્રાસાદ
રહેવાની જમવાની સુવિધા છે
તમામ અમારા વડિલોને
માનભરી સલામ.




વિવિધ સંકુલ



અતિથિગૃહ



ઉપાશ્રય



સંઘની પેઢી

જ્ઞાનસાર ગ્રંથ આગમની છાયા છે.
જીવનનો માર્ગ છે. પંથનો રાહબર છે.
ભવપંથકનો ઉપદેશક છે.
આખા ભવચકનું ભાથુ બંધાય છે.

- ક્રિયામાં પરિવર્તન
- વાણી પરિવર્તન
- વિચાર પરિવર્તનનું આ સૌંદર્ય છે.

જીવનની ઢળતી સંધ્યાએ
બુજાતા દીવાની છેલ્લી જયોતિ છે.
આમાં પણ ૧૦ અષ્ટકોના
પ્રવચનોનું આચમન છે, ચરણોદક છે.
આત્માની સમજનું સૌંદર્ય
ઇનામરૂપે મળશે એ ચોક્કસ છે.
વાંચો, અનુપેક્ષા કરો.